
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

વર્ષ : ૩૯મું
સપ્ટેમ્બર - ૨૦૧૪
અંક : ૪૩૬
મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૯૮)


શ્રી કચ્છી જૈન સેવા સમાજ





સોમનાથ મંદિર


મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org


તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા












# નવનીત એજ્યુકેશન લિમિટેડ

## દ્વારા પ્રકાશિત
## શ્રેષ્ઠ
# જીવનચરિત્ર શ્રેણી


દીવાથી દીવો પ્રગટે એમ, આ શ્રેણી જીવનને જીવનથી જોડતો સેતુ બની રહેશે. આ શ્રેણીમાં એવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો છે, જેમણે સમાજ કે રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું છે. તેમનું જીવન સ્વયં એક સંદેશ છે.


### આ શ્રેણીનાં પુસ્તકો ...


1. ગૌતમ બુદ્ધ
2. મહાત્મા ગાંધી
3. રવીન્દ્રનાથ ટાગોર
4. વલ્લભભાઈ પટેલ
5. સ્વામી વિવેકાનંદ
6. સુભાષચંદ્ર બોઝ
7. ઈન્દિરા ગાંધી
8. રાણા પ્રતાપ
9. લાલબહાદુર શાસ્ત્રી
10. જવાહરલાલ નેહરુ
11. ડૉ. બાબાસાહેબ આંબેડકર
12. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
13. રાજા રામમોહન રાય
14. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
15. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
16. છત્રપતિ શિવાજી
17. મધર ટેરેસા
18. કલ્પના ચાવલા
19. સુનિતા વિલિયમ્સ
20. ડૉ. વિક્રમ સારાભાઈ


**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**


P06CLOGO.EPS












Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240

BHARAT B. GALA

NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju ENTERPRISE

RE - ROLLING / S. S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

નવભારત સાહિત્ય મંદિર

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?

આપને મનગમતાં
કોઈ પણ
પુસ્તક માટે સંપર્ક કરો
તથા
અમારા બે સેન્ટ્રલ
એ.સી. શો-રૂમની
મુલાકાત લો.

TOYCRA
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્‌ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઈમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ સ્ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

અમદાવાદના સૌથી ટોય્ઝના સૌપ્રથમ આવા
વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?

વિશ્વની જાણીતી
બ્રાન્ડનાં
ટોય્ઝ, ગેઈમ્સ મેળવવા
અમારા વિશાળ
એ.સી. શો-રૂમની
આજે જ
મુલાકાત લો.





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા ક્તલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૮૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬



GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :

ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

BLUE STAR INDUSTRIES

www.shilpaworld.com

Chandrakant K. Gada
+91 - 9825069290

STAINLESS STEEL RE-ROLLERS

Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૫૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* *પાના નં.*

**તંત્રી લેખ :**

- ભારતભરના શહેરોની અંદરનો રોડ ટ્રાફિક ...... **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ...... ૧૦
- વિદાય લેતા પ્રમુખની કલમે ...... **અશોક મહેતા** .... ૧૧

**લેખ વિભાગ**

**કચ્છ એક અલગ રાજ્ય : તેના ફાયદા તથા ગેરફાયદા**

- અલગ કચ્છ રાજ્ય : એક અભ્યાસ ...... **સુરેશચંદ્ર મહેતા** .... ૨૨
  **પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

**સંસાર ચક્ર**

- માનભર્યું મૃત્યુ : મનુષ્યનો જન્મસિધ્ધ હક્ક ...... **પ્રવીણભાઈ શાહ** .... ૩૧

**વિચાર વિમર્શ**

- લાલ લાલ ચુંદડી ...... **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૩૪
- આસમાની આફતો... સુલતાની સીતમો...
  અને ઈન્સાની અરાજકતાઓ ...... **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** .... ૩૬

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૯
  લગ્ન : ભાવનાત્મક જીવનની ગાંઠ ...... **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૩૭
- તું અને હું – આ દાસ્તાન સનાતન (૫) ...... **માવજી કે. સાવલા** .... ૩૯
- થેંક્યુ ડૉ. વેણુગોપાલ ...... **ગિરીશ ગણાત્રા** .... ૪૦

**અર્થશાસ્ત્ર**

- ભારતમાં પ્રાદેશિક ભિન્નતા અને શહેરી વસવાટ ...... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ, પૂર્વ પ્રાધ્યાપક** .... ૪૩

**કચ્છ**

- પુરાતત્ત્વીય ખજાનો : ભદ્રેશ્વર ...... **નરેશ પી. અંતાણી** .... ૪૪

**પ્રજાતંત્ર**

- સખાવતી નાણાંમાંથીય તંત્રની નફાખોરી? ...... **શશીકાંત ઠક્કર, એડવોકેટ** .... ૪૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૬૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૬૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## વાર્તા


- તો ? .......... **હરેશ ધોળકિયા** .... ૪૮
- ગુલમહોર .......... **ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી** ..... ૫૧
- મારી લાગણી એ જ મારા માટે અભિશાપ .......... **ડૉ. ઊર્મિલા શાહ** .... ૫૩


## તંદુરસ્તી


- મહિલાઓમાં બાયપાસ .......... **ડૉ. ધીરેન શાહ**
  **કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન - સીમ્સ હોસ્પિટલ** ..... ૫૫


## સંસ્થા / વ્યક્તિ વિશેષ


- વટામણમાં આચાર્ય અમૃતભાઈ ચાંપાનેરીની .......... **કિરણ ચાંપાનેરી 'સેતુ'**
  નિવૃત્તિમાં ગ્રંથાલયની નિજાનંદ પ્રવૃત્તિ **ફ્રીલાન્સ પત્રકાર** .... ૫૭


## આત્મવિશ્વાસ


- શુભ કાર્ય મહાન છે - મુહૂર્ત નહીં .......... **શાંતિલાલ સંઘવી** .... ૫૮
  અંધશ્રધ્ધાઓમાંથી મુક્ત થાઓ, પરંપરાથી દૂર રહી આત્મવિશ્વાસ કેળવો


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું .......... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૯


## નિયમિત વિભાગો


- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૬૧
- સાર સમાચાર .......... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૬૪
- 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ .......... ૬૫
- જાણવા જેવું .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૬
- શબ્દ રમત-૯૭ .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૭
- *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૩) .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૯
- વલોવતન .......... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૭૨
- સમાજ દર્પણ .......... ૭૭
- સંસ્થા સમાચાર .......... ૭૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .......... ૮૯
- ઊડતી નજરે .......... ૯૨


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ભારતભરના શહેરોની અંદરનો રોડ ટ્રાફિક

***– અશોક મહેતા***

**"ચાલ હટ, મને પહેલા જવા દે, મારે બહુ ઉતાવળ છે."** બસ, આજ ધોરણે ભારતભરના કોઈ પણ શહેરના રસ્તાઓ પર વાહનો ચાલે છે. પછી ચાહે તે સાઈકલવાળો હોય, સ્કુટરવાળો હોય, બાઈકવાળો હોય, રીક્ષાવાળો હોય કે ગાડીવાળો હોય. બધાને પોતાના ડેસ્ટીનેશન પર પહોંચવાની ઉતાવળ છે. કોઈને ધીરજ નથી - શાંતિ નથી - બધાને ભાગાભાગ પહોંચવું છે. ટ્રાફિકના કોઈ નિયમ પાળવા નથી, તેની દરકાર પણ નથી. અન્ય વેહીકલ ચલાવનાર પર કોઈ આદરની લાગણી નથી. પોતાનું વ્હીકલ ગમે તેમ કરીને આગળ લેવું છે, ડાબે કે જમણેની પરવા નથી, ખોટી રીતે ઓવરટેઈક કરવાની પરવા નથી. સિગ્નલ હોય કે ના હોય - ગાડી અટકાવવી નથી. ચાર રસ્તા પર સિગ્નલ ન હોવાના કારણે ગાડી અટકેલ હોય અને એ લાઈનમાં પોતાનો નંબર છેલ્લો હોય ત્યારે પણ જેવો સિગ્નલ ગ્રીન થયો અને લાઈનનું પ્રથમ વ્હીકલ આગળ વધે ત્યાં તો લાઈનની છેલ્લી ગાડીવાળા દ્વારા હોર્ન પર હોર્ન માર્યા વગર રહેવાતું નથી. જાણે કે આગળની ગાડીવાળા નવરાધૂપ હોય અને અહીં માત્ર ઊભા રહેવા જ આવ્યા હોય. બાઈક અને રીક્ષાવાળા અને કેટલીક ગાડીવાળા પણ વગર કારણે, વગર જરૂરિયાતે બિનજરૂરી હોર્ન પર હોર્ન વગાડી નોઈઝ પોલ્યુશન પેદા કરતા હોય તેની કોઈને દરકાર નથી. વાહન હંકારવામાં શિસ્તબદ્ધતા નથી. અન્ય વાહનચાલકો પ્રત્યેનો આદરભાવ નથી. વાહન હંકારવા અંગેની વૈજ્ઞાનિક સમજ નથી. બસ, આ જ પરિસ્થિતિ ભારતભરમાં પ્રવર્તે છે. અને આ પ્રવર્તમાન પરિસ્થિતિમાં શિસ્તબદ્ધતા લાવવાની સરકારની કે આર.ટી.ઓ.ની કોઈ ઈચ્છા દેખાતી નથી. પછી પ્રતિબદ્ધતા દેખાવાનો તો સવાલ જ પેદા થતો નથી. આર.ટી.ઓ. તંત્ર આ બાબતે સંપૂર્ણપણે ખાડે ગયું હોય તેવું દેખાય છે. તેની ઓફિસના કર્મચારી કે ટ્રાફિકમાં ઊભી રહેલ પોલીસની મથરાવટીની મલીનતાના દર્શન તેની સાથે પનારો પાડનાર દરેક વ્યક્તિને થતો જ હોય છે. સરવાળે અન્ય દેશોમાં ભારતને આ ક્ષેત્રે બદનામી જ મળતી રહે છે.

સિગ્નલ ચાર રસ્તા પર આપણે ક્યારે પણ અને કોઈને પણ નિયમ પ્રમાણે ઝિબ્રા લાઈનની અંદર ઊભા રહેલ જોતા જ નથી. તેઓની લાઈનનું સિગ્નલ ન હોવા છતાં શાંતિથી ઊભા રહેવાના બદલે ધીરે ધીરે આગળ વધતા નિહાળીએ છીએ. ધીરે ધીરે તેઓ એટલા આગળ વધેલ દેખાય કે ક્રોસ લાઈન માટે પસાર થવા અડધો રસ્તો બંધ થઈ જાય, માત્ર સીંગલ રસ્તો જ ચાલુ રહે, તેટલી નફફટાઈથી પોતાનું વ્હીકલ આગળ લાવીને અડચણ ઊભી થાય એ રીતે ધીરે ધીરે આગળ વધારતા જાય અને તેની પાછળ પણ ખોટી રીતે આગળ વધતા વ્હીકલોની લાઈન આવી જાય. આ પ્રજાની ગેરશિસ્ત માનસિકતાના દર્શન કરાવે છે. સામા પક્ષે ટ્રાફિક પોલીસ પણ તેટલી જ બેદરકાર રહે છે. આ પ્રશ્ન સાથે તેને કંઈ લેવા દેવા ન હોય તે રીતે મૂકપણે જોતી રહે છે અથવા તો વાહન ચલાવનારના આ વર્તનને સાહજિક ગણી લે છે અને તેની સામે કોઈ પણ પ્રકારના પગલાંજ લેતી નથી. પરિણામે દિન-બ-દિન અશિસ્તતા વધતી જ રહે છે. શિસ્તબદ્ધ અને ડિસીપ્લીનવાળા ટ્રાફિક માટે પ્રથમ તો ભારતભરની આર.ટી.ઓ.ની ટ્રાફિક પોલીસને શિસ્તતાના લેશન ભણાવવા જરૂરી છે અથવા તો તેઓને લેશન ભણાવવામાં આવેલ હોય છતાં પણ બેદરકારી દાખવતા હોય તો પ્રથમ સ્વરૂપે તો તે પોલીસ પર જ ડિસીપ્લીનરી એક્શન લેવા જરૂરી છે. ત્યારબાદ તેટલા જ એક્શન વાહન ચલાવનાર પર લેવા જરૂરી છે. આ બધી બાબતો એવી છે કે જેમાં કોઈ પણ પ્રકારનો ખર્ચ થતો નથી, છતાં લોકોનું જીવન ક્રમબદ્ધ કરી શકાય છે. તેના માટે જરૂરી છે માત્ર નિષ્ઠાની - નિષ્ઠાવાન ઓફિસરોની જમાતની.

**"વાહનનું સ્ટીઅરિંગ ફેરવતા આવડી ગયું એટલે વાહન ચલાવતા આવડી ગયું."** બસ, આજ સિદ્ધાંત પર દેશભરની આર.ટી.ઓ. ઓફિસો કામ કરતી આવી છે. ખરેખર આ પ્રક્રિયા જ ગલત છે અને અશિસ્તભર્યા ટ્રાફિકની અશિસ્તતા અહીંથી જ શરૂ થાય છે. ખરેખર તો રોડ ટ્રાફિકના પૂરેપૂરા નિયમો — ક્રમસર ગાડી ચલાવવી, બિનજરૂરી હોર્ન ન મારવા, પોતાને જવાનું

*કાર્યને વાવશો તો સ્વભાવને લણશો, સ્વભાવને વાવશો તો ચારિત્ર્યને લણશો અને ચારિત્ર્યને વાવશો તો ભાગ્યને લણશો.*

### ટ્રાફિક ડિસીપ્લીનમાં ન રહી શકવાના નીચે મુજબના કારણો પર પણ વિચારણા કરવી જોઈએ

*રોડ ટ્રાફિક ડિસીપ્લીનમાં ન રહી શકવાના અનેક કારણોમાંનું એક કારણ છે – રોડ પરના ટ્રાફિકની વિવિધતા. સાઈકલ, સ્કુટર, રીક્ષા, બાઈક, નાની કાર, ઈનોવા ટાઈપની ગાડી વગેરે બધા જ વ્હીકલો એકસાથે શહેરના ટ્રાફિકવાળા કે બિનટ્રાફિક રોડ પરથી પસાર થાય છે.*

*સાઈકલ માનવ શક્તિથી ચલાવવી પડતી હોવાથી તેના મોટા વ્હીલ હોવા છતાં તે ધીમી ચાલે છે. સ્કુટર કે રીક્ષાના વ્હીલ નાના હોય છે પરિણામે તેની ઝડપ મોટા વ્હીલવાળી બાઈકની ઝડપના પ્રમાણમાં ખૂબ જ ઓછી હોય છે. ૪૦ની સ્પીડમાં સ્કુટર કે રીક્ષા ફુલ ઝડપથી ચાલતી હોય તેવો આભાસ થાય છે કે જેની સામે ૬૦ની સ્પીડે ચાલતી બાઈક નોર્મલ ઝડપથી ચાલતી હોય તેવો ભાસ થાય છે. બાઈક ખૂબ ધીમી ચલાવી શકાતી નથી. તેથી તેને સ્કુટર કે રીક્ષાને ઓવરટેક કરવાની ફરજ પડે છે. તેથી તેના ચાલક હોર્ન પર હોર્ન વગાડ્યા કરે છે.*

*એ જ રીતે નાની ગાડી અને ઈનોવા ટાઈપની ગાડીમાં બને છે. મોટી ગાડીને પણ તેની ગતિએ ચલાવવા તેના ચાલકને આગળના વ્હીકલની સાઈડ કાપવા હોર્ન પર હોર્ન વગાડવાની જરૂરત ઊભી થાય છે.*

*આ કારણના નિરાકરણ માટે અને રોડ ટ્રાફિકના ડિસીપ્લીન માટે જે તે ઓથોરિટીએ આ દૃષ્ટિકોણથી પણ વિચારણા કરવી જરૂરી છે.*

હોય એ લાઈનમાં ગાડી રાખવી, ખોટી રીતે ઓવરટેઈક ના કરવો, ઓવરટેઈક કરવાના સમયે આગળનો વ્હીકલ પરવાનગી આપે તો જ ઓવરટેઈક કરવું, વગેરે વગેરેનું વાહન હંકારનાર પૂરેપૂરો પાલન કરતો થાય, ત્યારબાદ જ લાઈસન્સ અપાય. એ અગાઉ લાઈસન્સ અપાવા જ ના જોઈએ. આર.ટી.ઓ.ને જાતે જ અહીંથી સુધરવાની જરૂર છે અને ત્યારબાદ નિયમ બહાર વ્હીકલ ચલાવનારને સુધારવાની જરૂરત છે.

એક અન્ય વાત. આપણે અનેક શહેરોમાં ખખડધજ થઈ ગયેલ અથવા તો સારું એવું રીપેરિંગ માંગતી રીક્ષાઓને રોડ પર જોઈએ છીએ. તેમના સાઈલેન્સરમાંથી નીકળતા વધુ પડતા અવાજ, લિમિટથી બહાર વાતાવરણમાં છોડવામાં આવતા કાર્બન ડાયોક્સાઈડ વાયુ, ખખડધજ થઈ ગયેલ રીક્ષાઓ, બિનજરૂરી હોર્ન વગાડતા રીક્ષા ડ્રાઈવરો વગેરે પ્રકારના પ્રદૂષણથી રીક્ષાની અંદર બેઠેલ કોઈ પણ નાગરિક માનસિક અને શારીરિક રીતે પણ અસ્વસ્થ થઈ જાય છે. **સરવાળે તેની અસર માનવ વસાહતના જાહેર જીવન પર અને અંદર બેસનાર નાગરિકના જીવન પર પણ પડે છે.** તેનાથી સરવાળે માનવ જીવનની લંબાઈ ટૂંકાય છે.

પ્રજા જાતે ડિસીપ્લીનમાં આવી શકે તેવી શક્યતા નહિવત છે. તેથી આર.ટી.ઓ. ડિપાર્ટમેન્ટે જ દરેક પગલાનો સખ્તાઈથી અમલ કરવો જરૂરી છે અને અન્ય દેશના ટ્રાફિકનો ધડો લઈ આપણે ત્યાંના શહેરોની અંદરનો રોડ ટ્રાફિક શિસ્તબદ્ધ કરવા પ્રયાસ કરવો જોઈએ.

આ લેખ વાચનાર દરેક નાગરિક વાહન ચલાવે ત્યારે જાતે શિસ્તબદ્ધ બનવા કોશિષ કરશે તો તેની અસર અન્ય વાહન ચલાવનાર પર પણ લાંબે ગાળે પડ્યા વગર રહેશે નહીં.

આપણે જાતે આ માટે શરૂઆત કરી શકશું?

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૨૮-૯-૨૦૧૪ રાત્રે ૮.૦૦ થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | નવરાત્ર મહોત્સવ (ચોથું નવરાત્ર) શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ. |
| • બુધવાર, તા. ૮-૧૦-૨૦૧૪ રાત્રે ૮.૦૦ થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | શરદ પૂનમોત્સવ. શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ. |

*કોઈ પણ કાર્ય માટે સૌપ્રથમ હૃદય નિર્ણય કરે છે, મન યોજના ઘડે છે અને હાથ અમલ કરે છે.*

# વિદાય લેતા પ્રમુખની કલમે....

*– અશોક મહેતા*

ઓલિમ્પિકની પ્રજ્વલિત મશાલ જે રમતવીર પાસે આવે, તે રમતવીર આ મશાલની જ્યોતિ રેલાવતા રેલાવતા નિયત કરેલ અંતર સુધી દોડતો જાય - ભાઈચારાની જ્યોત ફેલાવતો જાય. ત્યારબાદ અન્ય રમતવીરને આ મશાલ સુપ્રત કરવામાં આવે. તે પણ ચારેતરફ મશાલની જ્યોત ફેલાવતા અને ભાઈચારાની સુગંધ રેલાવતા આગળ વધે અને આ કાર્ય આગળ ધપાવવા ત્રીજા રમતવીરને સુપ્રત કરવામાં આવે. આ રીતે દરેક સ્થળે જ્યોતિ ફેલાતી જાય અને વાતાવરણ તેજોમય બનતું જાય. રમતોત્સવ પ્રત્યે જાગૃતતા વધતી જાય. લોકો વિવિધ રમતોમાં જોડાતા જાય, અનેક વિક્રમો સર્જાતા જાય. ઇતિહાસ રચાતો જાય, અનહોનીની હોની બનતી જાય.

સામાજિક ક્ષેત્રના અગ્રણીનું કાર્ય પણ કંઈક આ પ્રકારનું રહેવા પામે છે. એક અગ્રણી સમાજસેવાની પ્રજ્વલિત મશાલ લઈને આગળ ને આગળ ધપ્યા કરે. પોતાનો સમયગાળો પૂરો થતાં આ પ્રજ્વલિત મશાલ અન્ય અગ્રણીને સોંપે. ત્યારબાદ એ અન્ય અગ્રણીની સેવા તરફની દોટ શરૂ થાય. બીજા અગ્રણીનો સમયગાળો પૂરો થતા ત્રીજા અને ત્યારબાદ ચોથા અને એ રીતે નિરંતર સમાજસેવાની જ્યોત પ્રજ્વલિત રહેતી જાય. સામાજિક કાર્યો આગળ ને આગળ ધપતા રહે. દરેક અગ્રણી પોતાના સમયગાળામાં સમાજને આગેકદમ કરતા રહે. સમાજ દિન બ દિન શાણો, સંગઠિત, સુસંસ્કૃત અને સમૃધ્ધ બનતો જાય અને તેમ છતાં દરેક સમયે વિકાસકૂચ જારી રહે. નીત નવી મંઝીલ તરફ પ્રયાણ કરવાનું ચાલુ રહે. પ્રગતિ તરફની દોટ વણથંભી આગળ ને આગળ વધતી રહે.

ભારતભરના દરેક સમાજનો આ ઇતિહાસ છે. સમાજ એટલે એક નાનું જૂથ. આવા તો કેટલાયે જૂથો ભારતભરમાં કાર્યરત છે. દરેક જૂથ દિન બ દિન પ્રગતિ તરફ પોતાની મંજીલ હંકારતો રહે. સરવાળે ભારત દેશ પ્રગતિના રાહે ચાલતો રહે.

આપણે એક નાના સમાજની વાત કરીએ – શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત કરીએ. જ્યારે તેના અમદાવાદમાં પગરણ મંડાયા ત્યારે ૧૦૦ ઘરનો પણ તે સમાજ ન હતો. પરંતુ તેના અગ્રણીઓ પાસે સેવાની ભાવનાના ભંડારો ભરેલા હતા. ૧૯૬૩માં શ્રી કચ્છી વીસા ઓસવાલ મિત્ર મંડળના નામે તેની રચના કરવામાં આવી અને તેની બાગડોર સ્વર્ગીય શ્રી મગનલાલ ધનજી ગડાને સુપ્રત કરવામાં આવી. તેઓશ્રીના અથાગ પ્રયાસોના કારણે સમાજને સ્થિરતા મળી અને વિકાસની વણથંભી નાવ આગળ ધપવા માંડી. સમય જતાં એ બાગડોર સ્વર્ગીય શ્રી કેશવજી ઉકેડા ગોગરીના હાથમાં આવી. વિકાસ સધાતો ગયો. સમાજ સંગઠિત થતો ગયો. ભાઈચારાની લાગણી કેળવાતી ગઈ. ત્યારબાદની જવાબદારી સ્વર્ગીય શ્રી પોપટલાલ નેણશી ધરોડ, સ્વર્ગીય શ્રી ડુંગરશી વેલજી રાંભિયા અને ત્યારબાદ વડીલ શ્રી હીરજી પાસુ શાહે પોતપોતાના સમયમાં તેમના પર આવેલ જવાબદારી પૂરેપૂરી રીતે અદા કરી, સમાજને તો ચાલુ રાખ્યું પરંતુ તેમાં વિશાળતાના બીજ પણ રોપાયા. ઉદારતાની ભાવનાઓ પણ કેળવાઈ.

વડીલ શ્રી હીરજી પાસુ શાહ વર્ષ ૧૯૭૦માં પોતાની ફરજ અદા કરી રહ્યા હતા ત્યારે આ સંસ્થાને વિશાળ વટવૃક્ષમાં ફેરવી કચ્છી વીસા ઓસવાળ મિત્રમંડળમાંથી શ્રી કચ્છી જૈન સમાજ બનાવવામાં આવ્યું. કચ્છી જૈનોના દરેક ફિરકાનો સમાવેશ કરવાની ઉદારતા સમાજના દરેક કુટુંબમાં એ સમયના અગ્રણીઓએ કેળવેલ હતી. સ્વર્ગીય શ્રી ભવાનજી માણેકજી મૈશેરીએ એક વર્ષ લગી જવાબદારી સંભાળ્યા બાદ ફરી શ્રી હીરજીભાઈએ એક અદના અગ્રણી તરીકે જવાબદારીનો સ્વીકાર કરી, વિકાસની કૂચ જારી રાખી. સમાજનું મુખપત્ર "મંગલ મંદિર" આ સમયગાળામાં શરૂ કરવામાં આવ્યું. તે સમયના માનદ્ મંત્રી શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવીની વિશાળ દૃષ્ટિ પણ સમાજને સંગઠિત રાખવામાં ખૂબ જ કામ લાગી. સમયે સમયે બાગડોર વિવિધ અગ્રણીઓના હાથમાંથી પસાર થતી રહી. સ્વર્ગીય શ્રી બાબુભાઈ વીરમ લોડાયા, સ્વર્ગીય શ્રી માવજી ધારશી ફુરિયા, વડીલ શ્રી મુરજી નરશી શાહ, સ્વર્ગીય શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા, ફરી શ્રી હીરજી પાસુ શાહ, સ્વર્ગીય શ્રી માવજી ધારશી ફુરિયા અને ત્યારબાદ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા પોતાના સમયે સમયે સમાજને દોરવતા રહ્યા, સંગઠિત રાખતા ગયા, પ્રગતિના કાર્યો કરતા રહ્યા અને વ્યવસ્થિતપણે વિકાસના કાર્યો કરતા ગયા. આ બધા જ પાયાના પથ્થરો સમાન મહાનુભાવોના કાર્યો આ સંસ્થાના પાયામાં ધરબાયેલ છે કે જેના પર આજની આ ઈમારત આન, બાન અને શાનથી ઊભી થયેલ દેખાય છે.

વર્ષ ૧૯૮૫માં આ સંસ્થાને "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામે ફેરવવામાં આવી. એ સમયે પણ આ સંસ્થાનું સુકાન શ્રી હીરજીભાઈ પાસુ શાહે સંભાળેલ હતું કે જ્યારે આ સંસ્થા માટે પગ મૂકવા અમદાવાદમાં એક સ્થાન બનાવવામાં આવ્યું. આ સ્થાન એટલે ગીતા મંદિર પરનું સેવા ભવન. વર્ષ ૧૯૮૮થી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા આ સંસ્થાના પ્રમુખસ્થાને બિરાજમાન થયા કે જેઓ ૨૦ વર્ષ સુધી સતતપણે આ સંસ્થાને યોગ્ય રાહે દોરવતા રહ્યા. તેઓશ્રીએ સંસ્થાને સ્થિરતા તો બક્ષી પણ સાથે

*ક્રોધ ઉપર પ્રેમથી, પાપ પર પુણ્યથી, લોભ ઉપર દાનથી અને અસત્ય પર સત્યથી જીત મેળવો.*

સાથે વિકાસના અને પ્રગતિના અનેક કાર્યો પાર પાડી બતાવ્યા કે જેમાં પાલડી પરનું "શ્રી કચ્છી જૈન ભવન", તેના ત્રીજા માળે આવેલ "મેડિકલ સેન્ટર" અને શાહીબાગમાં સ્થાપિત કરવામાં આવેલ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" મુખ્યત્વે રહેવા પામેલ હતા. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ સમયની આ સંસ્થાની કાર્યશૈલી બેનમૂન રહેવા પામેલ હતી.

વર્ષ ૧૯૭૫-૭૬માં સ્થાપિત કરવામાં આવેલ સંસ્થાના મુખપત્ર "મંગલ મંદિર"ની પ્રત્યક્ષ અને પરોક્ષ અસર આ સમાજને એક તાંતણે બાંધી રાખવામાં વિશેષ કારણભૂત નીવડી. શરૂઆતના બે વર્ષ લગી તેના પ્રકાશનની જવાબદારી શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી, ત્યારબાદના છ વર્ષ સુધી સ્વર્ગીય પ્રમીલાબેન ઉમરશી કુરૂવા અને ત્યારબાદના રેકોર્ડ સમાન સતતપણે બાવીસ વર્ષ સુધી આ જવાબદારી શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાએ અદા કરેલ હતી. છેલ્લા આઠ-નવ વર્ષથી આ જવાબદારી આ લેખના લેખકશ્રી પર મૂકવામાં આવેલ છે.

ઉપરોક્ત બધા જ પુરોગામીઓએ ઈમારતના પાયામાં સીંચેલ પાણીથી વટવૃક્ષ બનેલ આ સંસ્થાની જવાબદારી તા. ૨૦-૭-૨૦૦૮ના આ લેખના લેખકશ્રી પર મૂકવામાં આવી. આ લેખના લેખકશ્રીનું આ સંસ્થામાં આગમન 'ધૂપસળી' નાટકના સમયે ૧૯૭૬ના ફંડ રેઈઝિંગ કાર્યક્રમ દ્વારા થયેલ હતું. ૧૯૭૮માં કારોબારી સમિતિના સભ્ય બન્યા બાદ ૧૯૭૯માં એક વર્ષ સુધી ખજાનચી પદે અને ૧૯૮૦-૮૧માં સહમંત્રી પદે રહેલ. ત્યારબાદ જયારે આ સંસ્થાને 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ'માં પરિવર્તિત કરવામાં આવી, એ સમયે ૧૯૮૫થી ૧૯૯૦ લગી ટ્રસ્ટી પદે, ૧૯૯૦થી ૧૯૯૯ સુધી માનદ્ મંત્રીના પદે, ૧૯૯૯થી ૨૦૦૧ સુધી ફરી માત્ર ટ્રસ્ટી પદે, ૨૦૦૧થી ૨૦૦૮ સુધી પ્રથમ ઉપપ્રમુખપદે અને તા. ૨૦-૭-૨૦૦૮થી તા. ૨૭-૭-૨૦૧૪ સુધી મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રીના પદે રહી, પુરોગામીઓએ સ્થાપેલ કેડીએ અને સંસ્થાને શક્ય પ્રગતિના પંથે લઈ જવા કોશિશ કરેલ છે. આ સમયગાળામાં સહુ પ્રથમ **આવાસ યોજનાનું લોકાર્પણ** કરવામાં આવ્યું. સંસ્થાનું ૫૦મું સારુંયે વર્ષ **સુવર્ણ જયંતી વર્ષ** તરીકે ઉજવવામાં આવ્યું. કે જેમાં વર્ષભર ૬૦ કાર્યક્રમો અને તેમાંયે ૧૨ મહિનાના ૧૨ મુખ્ય કાર્યક્રમો મુંબઈ, ભુજ અને અમદાવાદ ખાતે આપવામાં આવ્યા. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન **કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ અને જલારામ અન્નક્ષેત્ર**ની પણ સ્થાપના કરવામાં આવી. શ્રી કચ્છી જૈન ભવન પરના **મેડિકલ સેન્ટરને રિનોવેટ** કરી તેને કોર્પોરેટ લુક આપવામાં આવ્યું. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે એક અદ્યતન અને ખૂબ જ કિફાયતી ધોરણે ચાલતા **ડાયાલિસિસ સેન્ટર**નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું. ભુજ ખાતે આર્કિટેક્ચરલ કોલેજની સ્થાપના માટે જમીન સંપાદનની પ્રક્રિયા અને મુંબઈ ખાતે અતિથિ ભવનના બાંધકામ અંગેની પ્રક્રિયા લગભગ તેના અંત ભાગમાં આ સમયગાળા દરમ્યાન બની ગયેલ છે. ૧૯૭૫થી ૨૦૧૪ સુધીના ૩૯ વર્ષના સમયગાળા દરમ્યાન આ સમાજને વિવિધ પદ સ્થાનેથી પ્રગતિના પંથે લઈ જવા શક્ય પ્રયાસ કરેલ છે. પરંતુ સતતપણે વિકાસની વણથંભી ચાલના હજુ પણ અનેક મણકાઓ નજર સમક્ષ દૃષ્ટિગોચર થતા રહે છે.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલિસિસ સેન્ટરની પ્રગતિની રફતાર હજુ પણ વધારી શકાય તેમ છે. શ્રી કચ્છી જૈન ભવન તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના અતિથિ ભવનના રૂમોના રીનોવેશનનું કાર્ય હાથ પર લેવાની અધિક જરૂરિયાત છે. મુંબઈના અતિથિ ભવનનું તથા ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કોલેજના બાંધકામની પ્રક્રિયા શરૂ કરવાની છે. અમદાવાદ ખાતે શારીરિક પરીક્ષણના અદ્યતન સાધનો સી.ટી. સ્કેન, એમ.આર.આઈ., મેમોગ્રાફી મશીન વગેરે વસાવીને તેને કાર્યરત કરવાના છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ અનેક કાર્યો કરવાના બાકી રહે છે કે જેમાં વિદ્યાર્થી - વિદ્યાર્થિની હોસ્ટેલનો પણ સમાવેશ થઈ શકે. સમાજના વધુ ને વધુ યુવાધનને હાયર એજ્યુકેશનમાં શિક્ષિત બનાવી, સમાજને સમૃધ્ધિના પંથે લઈ જવા કોશિષ કરવાની છે. આ સંસ્થાને પૂરેપૂરો વિશ્વાસ છે કે હવે પછી આ સંસ્થાની બાગડોર જેમને સોંપવામાં આવેલ છે અને જેઓ છેલ્લા ૪૦ વર્ષથી આ સંસ્થાના વિવિધ સ્થાને રહી આ સંસ્થાને વિશાળ ફલક પર લઈ જવા જેમણે પોતાની અનેરી સેવા બજાવેલ છે તે શ્રી પ્રતાપ નારાણજી દંડ, સેવાની આ જ્યોતને અવિરતપણે પ્રજ્વલિત રાખી આ સંસ્થાની તથા તેની સાથે સંકળાયેલ કુટુંબોને એકજૂટ રાખી પ્રગતિના સોપાનો સર કરતા રહેશે.

જે રીતે રાજકારણમાં વધતી ઉંમરનો કોઈ બાધ નથી, એ રીતે સમાજસેવા, શરીર દુરસ્ત હોય તો અંત સમય સુધી કરી શકાય છે. માત્ર ટ્રસ્ટીના પદે હોવા છતાં જે રીતે વડીલ શ્રી હીરજી પાસુ શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાની સમાજસેવા આજે પણ અવિરતપણે ચાલી રહેલ છે, એ જ કેડીએ ચાલવાની કુદરત શક્તિ આપે એ જ અભ્યર્થના. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર' પ્રકાશનના માધ્યમ દ્વારા સમાજને ઉર્ધ્વગતિ તરફ લઈ જવાના પ્રયાસો જારી રહેલ છે તેનો અનેરો આનંદ છે.

**Pramila Kuruwa Foundation**
Website : www.pramilakuruwafoundation.org
Contact : (079) 27475968, 9327075488, 9913012120
E-mail : chaulakuruwa@gmail.com
E-mail : pramilakfoundation@gmail.com

- ASSISTANCE FOR EDUCATION
- FOOD FOR POOR
- MEDICAL AID TO POOR
- COUNSELLING
- ENVIRONMENT
- JIVDAYA
- AWARENESS PROGRAMMES
- RURAL DEVELOPMENT

ALL DONATIONS WILL GET INCOME TAX BENEFITS....

## શ્રી અશોક મહેતાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખપદ દરમ્યાન

## તા. ૨૦-૭-૨૦૦૮થી તા. ૨૭-૭-૨૦૧૪ના ૬ વર્ષ દરમ્યાનના સમયગાળાના મુખ્ય કાર્યની સિદ્ધિઓ

- **તા. ૨૨-૨-૨૦૦૯ રિનોવેટ કરેલ સાંસ્કૃતિક કેન્દ્રનું લોકાર્પણ**
  શ્રી કચ્છી જૈન ભવન પરના શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્રને અંદાજિત રૂા. ૫૦ લાખના ખર્ચે રિનોવેટ કરી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાના વરદ્ હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું.

- **તા. ૮-૧૧-૨૦૦૯ વિવિધ પારિતોષિક યોજનાઓ**
  ટ્રસ્ટ મંડળની મીટિંગમાં ૩૧ જેટલી પારિતોષિક યોજનાઓને ૫ વર્ષ સુધીની સ્પોન્સરશિપના ધોરણે મંજૂર કરવામાં આવી. ત્યારબાદના સમયગાળામાં બધી જ યોજનાઓના સ્પોન્સરર્સ નક્કી કરી લેવામાં આવેલ હતા. તા. ૨૬-૨-૨૦૧૧ના રોજ સંભારણા હરીફાઈ તથા તા. ૨૬-૬-૨૦૧૧ના રોજ કેરમ હરીફાઈ તથા ચેસ હરીફાઈનો ઉમેરો કરવામાં આવેલ હતો. આ હરીફાઈઓના કારણે યુવા-યુવતીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે.

- **તા. ૨૬-૧-૨૦૧૦ આવાસ યોજનાનું લોકાર્પણ**
  એક બેડ રૂમ હોલ કીચનના ૪૦ ફ્લેટ્સની આવાસ યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ યોજનાની સામે એ સમય દરમ્યાન રૂા. ૨,૩૨,૮૩,૦૦૦/- જેટલા ડોનેશન્સ નોંધાયેલ હતા.

- **તા. ૧૮-૪-૨૦૧૦ ગુજરાત સ્થિત વિવિધ કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન**
  ગુજરાતભરના કચ્છી જૈનોને એકબીજાની નજદીક લાવવાના ઉદ્દેશથી રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦ના શ્રી કચ્છી જૈન ભવન પર ગુજરાતભરની વિવિધ કચ્છી જૈન સંસ્થાઓનું એક દિવસીય સંમેલન યોજવામાં આવેલ હતું કે જયારે આ સંમેલનમાં આણંદ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, વલસાડ, નવસારી, વાપી, રાજકોટ, ભાવનગર વગેરે સ્થળેથી અનેક કચ્છી જૈન પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી. આ રીતે ગુજરાતભરના કચ્છી જૈનો એકબીજાની નજદીક આવી શકેલ હતા.

- **જૂન ૨૦૧૦ ભુજ ખાતેના કચ્છ મ્યુઝિયમના પુરાતન વોલ્યુમની સાચવણી**
  કચ્છ મ્યુઝિયમ - ભુજના સંગ્રહાલયમાં મૂકવામાં આવેલ ૧૮૭૭થી ૧૯૫૫ સુધીના દરેક અંદાજિત ૩૦૦ પાનાના એવા ૫૯ વોલ્યુમ (ગેઝેટ્સ)ને સી.ડી. સ્વરૂપે રૂપાંતરિત કરાવડાવી તેની સાચવણીમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવેલ હતો (ટોટલ અંદાજિત ૧૮,૦૦૦ પાના થયા).

- **તા. ૧-૧૨-૨૦૧૦ જલારામ અન્નક્ષેત્ર**
  શ્રી એલ.ડી. શાહના રૂા. ૧૦/- લાખના દાનથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જલારામ અન્નક્ષેત્રની યોજના શરૂ કરવામાં આવી કે જ્યાં જરૂરિયાતવાળાને ત્રણે સમયે વિનામૂલ્યે ભોજન પીરસવામાં આવે છે. આ યોજના અનેક લોકોને આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે.

- **તા. ૧૪-૪-૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી**
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના ૪૯ વર્ષની કારકિર્દી પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨થી ૫૦મા વર્ષમાં પ્રવેશ પામતું હોવાથી અને તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ તેના ૫૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી, એ આખા વર્ષને **સુવર્ણ જયંતી વર્ષ** તરીકે ઉજવવાનો, તેના ટ્રસ્ટ મંડળે નક્કી કરેલ હોવાથી, સમગ્ર વર્ષ દરમ્યાન કુલ ૬૦થી પણ વધુ કાર્યક્રમો યોજવામાં આવેલ હતા કે જેમાં દર મહિને એકના હિસાબે નીચે મુજબના મુખ્ય કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.

*તા. ૧૪-૪-૨૦૧૨ સુવર્ણ જયંતી વર્ષની શુભ શરૂઆત*

★ સવારના ભાગે ગાંધીનગર ખાતે **"મંજૂલ-હરખ ધામ"** – સિનિયર સીટીઝન હોમનું ઉદ્‌ઘાટન.

★ સવારમાં ૧૦.૩૦ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર **"કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"**નું લોકાર્પણ.

*બળવાન તે નથી જે બીજાઓને નીચે પાડી નાખે. આપણામાં બળવાન તે છે કે જે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે છે.*

★ બપોરના ૩.૦૦ વાગે ટાઉન હોલ ખાતે **સુવર્ણ જયંતી વર્ષ સમારોહ** તથા કલાક્ષેત્રના નામાંકિત કચ્છી કલા-કસબીઓનું સન્માન.

★ રાત્રે ૯.૦૦ વાગે જયશંકર સુંદરી હોલમાં **મનોરંજન કાર્યક્રમ** કે જેમાં "વ્રજવાણીનો ઢોલી" કાર્યક્રમનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો.

*તા. ૧૩-૫-૨૦૧૨* મુંબઈ ખાતે કચ્છના તથા અન્ય **વિવિધ વિષયે સેમિનાર** તથા **કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન.**

*તા. ૨૧-૬-૨૦૧૨* ટાઉન હોલ - અમદાવાદ ખાતે **કચ્છી ડાયરો** તથા **વસતિપત્રક-૨૦૧૨નું વિમોચન.**

*તા. ૨૨-૬-૨૦૧૨* ટાગોર હોલ ખાતે કચ્છ યુવક સંઘ - મુંબઈ નિર્મિત **કચ્છી નાટક 'જિંદગી જલસો ભને વઈ.'**

*તા. ૮-૯-૧૨ અને તા. ૯-૯-૨૦૧૨* શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે **ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા - યુવતીઓનું સંમેલન.** કે જેમાં ગુજરાતભરના શહેરોના ૧૫૦ યુવક-યુવતીઓએ ભાગ લીધેલ હતો.

*તા. ૨૧-૧૦-૨૦૧૨* સપ્તક પાર્ટી પ્લોટ, ૧૩૨ ફુટ રિંગ રોડ ખાતે છઠ્ઠા નવરાત્રિ મહોત્સવે અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના સભ્યોની ઉપસ્થિતિમાં **નવરાત્રિ મહોત્સવ** કે જેમાં ૧૦૦૦ જેટલા રમનારાની ઉપસ્થિતિ સાથે કુલ ૩૦૦૦ વ્યક્તિઓની ઉપસ્થિતિ.

*તા. ૧૪-૧૧-૨૦૧૨* શ્રી કચ્છી જૈન ભવન પર ૫૦૦થી વધુ સભ્યોની ઉપસ્થિતિમાં **નૂતન વર્ષ મિલન સમારોહ.**

*તા. ૨-૧૨-૨૦૧૨* ટાઉન હોલ - અમદાવાદ ખાતે **સમાજના બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ.**

*તા. ૪-૧-૧૩થી તા. ૮-૧-૨૦૧૩* પાંચ દિવસનો **"કચ્છ દર્શન"**નો કાર્યક્રમ કે જેમાં ૪૦ વ્યક્તિએ કાર્યક્રમની મજા માણી હતી અને તેઓએ ધોળાવીરા, સૂવઈ, ભુજ, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, હોડકો, ધોરડો, મુંદ્રા પોર્ટ, માંડવી, ગોધરા તથા ફરી ભુજની મુલાકાત લીધેલ હતી.

*તા. ૬-૧-૨૦૧૩* સુવર્ણ જયંતી વર્ષના ૧૦મા કાર્યક્રમ તરીકે ભુજ ખાતે (૧) **કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ** વિષે સેમિનાર, (૨) નવા ચૂંટાયેલા **કચ્છના ધારાસભ્યશ્રીઓનું સન્માન** તથા (૩) **કચ્છના સર્વાંગી ઇતિહાસના વિમોચન**નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. પરંતુ આ કાર્યક્રમ અનિવાર્ય સંજોગોના કારણે મુલત્વી રાખવામાં આવેલ હતો.

*તા. ૩-૨-૨૦૧૩* કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ પ્રાયોજિત "**કચ્છના સર્વાંગ ઇતિહાસ**"નું ભુજ ખાતે વિમોચન રાખવામાં આવેલ હતું. (ત્યારબાદ તા. ૧૮-૫-૨૦૧૩ના રોજ આ **પુસ્તકના મિમાંસાનો કાર્યક્રમ** શ્રી અશોક મહેતાના અધ્યક્ષપણા હેઠળ લાલભાઈ દલપતભાઈ ગ્રુપ ઓફ ઈન્ડોલોજી - અમદાવાદ ખાતે તે સંસ્થા દ્વારા રાખવામાં આવેલ હતો.)

*તા. ૨૨-૨-૧૩થી તા. ૨૪-૨-૨૦૧૩* સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે ત્રણ દિવસના **કચ્છી મેળા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છી કારીગરોના ૭૦ જેટલા સ્ટોલ, ફોટોગ્રાફી પ્રદર્શન, કચ્છી કલાકારોના સંગીત - વાજીંત્રનો કાર્યક્રમ તથા કચ્છી ફુડ ફેસ્ટીવલનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો. ત્રણ દિવસના અંતે ૨૫,૦૦૦ જેટલા લોકોએ આ મેળાની મુલાકાત લીધેલ હતી. અહીંના શ્રી ક.જૈ.સે.સ. સંચાલિત મેડિકલ સેન્ટરનો લાભ લગભગ ૩૦૦૦ વ્યક્તિઓએ લીધેલ હતો.

*તા. ૧૩-૪-૨૦૧૩* સુવર્ણ જયંતી વર્ષનો **પૂર્ણાહુતિ સમારોહ** 'સરદાર પટેલ સાંસ્કૃતિક કેન્દ્ર - શાહીબાગ' ખાતે યોજવામાં આવેલ હતો કે જેમાં કચ્છમાં સ્થાપિત કેટલાક ઉદ્યોગપતિશ્રીઓ (અદાણી, સાંઘી, કે.પી.ટી., જિંદાલ, ઈફકો, એંકર, રત્નમણિ, મીના તથા કંડલા એનર્જી)નું સન્માન કરવામાં આવેલ હતું.

*તા. ૧૩-૪-૨૦૧૩* સુવર્ણ જયંતી પૂર્ણાહુતિ સમારોહના સમયે "**શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી**"નું લોકાર્પણ કરી ત્યારબાદના સમયમાં તેને કાર્યરત કરવામાં આવેલ હતી.

● **તા. ૨૦-૧૦-૨૦૧૩ રિનોવેટેડ મેડિકલ સેન્ટરનું લોકાર્પણ**

શ્રી કચ્છી જૈન ભવનના ત્રીજા માળ પરના રિનોવેટેડ મેડિકલ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું.

*શિક્ષક મીણબત્તી સમાન છે, જે પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે.*

- **તા. ૧-૧-૨૦૧૪ મેડિકલ સ્ટોરમાંથી ૫૦ ટકાના ભાવે દવાનું વિતરણ**
  અમદાવાદ સ્થિત પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટના સહકારથી શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સ્ટોરના મેડિકલ સ્ટોર્સમાંથી દવાના વિતરણ પર (હાલે કોઈને પણ ૧૦ ટકાનું કન્સેશન તો સમાજ દ્વારા આપવામાં આવે જ છે) જરૂરિયાતવાળા પેશન્ટને ૧૦ ટકા ઉપર બીજા ૫૦ ટકા જેટલું કન્સેશન આપવાની શરૂઆત કરવામાં આવી.

- **તા. ૨૦-૪-૨૦૧૪ ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન**
  શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના રૂા. ૫૧ લાખના મુખ્ય ડોનેશનથી ૯ મશીન સાથેનું ડાયાલિસિસ સેન્ટર અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેનું ઉદ્‌ઘાટન કરી, શરૂ કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ ડાયાલિસિસ સેન્ટર માટે તથા ત્યારબાદ તેના કિફાયતી દરના ભાવની સામે બીજા લગભગ રૂા. ૬૫ લાખના દાનનો પ્રવાહ વહેવડાવી દીધેલ હતો.

- **તા. ૨૦-૪-૨૦૧૪ કચ્છી બિઝનેસ ડિરેક્ટરી**
  અમદાવાદમાં લગભગ ૫૦૦૦ કચ્છી પરિવારોનો વસવાટ છે કે જેની સામે તેઓના ૨૨૦૦ જેટલા ઉદ્યોગગૃહ કે વ્યાપારગૃહ છે. આ કચ્છી પરિવારોની બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન ડાયાલિસિસ સેન્ટરના લોકાર્પણ સમયે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે અનેક કચ્છી ઘટક સમાજના આગેવાનશ્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

## તા. ૨૦-૭-૨૦૦૮થી તા. ૨૭-૭-૨૦૧૪ દરમ્યાન યોજવામા આવેલ કેટલાક અન્ય કાર્યક્રમોની વિગતો

- **તા. ૧૪-૯-૨૦૦૮** સમાજનો **૪૫મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ** ટાઉન હોલ ખાતે યોજવામાં આવેલ હતો કે જયારે ૨૦ વર્ષ સુધી મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રીના હોદ્દા પર રહેલ અને તાજેતરમાં જ સ્વેચ્છાએ નિવૃત્તિ લેનાર ડૉ. ચંદ્રકાંત દેઢિયાનું વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં બહુમાન કરવામાં આવેલ હતું.
- **તા. ૮-૧૧-૨૦૦૮** **રણ ઉત્સવ - ૨૦૦૮**ની માહિતી આપવા અને તેના માટે જરૂરી પર્યટકોની નોંધણી કરવા કચ્છ કલેક્ટર શ્રી આર.આર. વરસાણી તથા ગુજરાત ટુરિઝમના ઓફિસર્સની ઉપસ્થિતિમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી.
- **તા. ૧૪-૧૨-૨૦૦૮** મુંબઈ સ્થિત શ્રી ભૂપેનભાઈ છેડાની ઉપસ્થિતિમાં **આર્થિક ઊંચાઈને આંબવા** અંદાજિત ૮૦ વ્યક્તિની હાજરીવાળું એક સંમેલન શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવેલ હતું.
- **તા. ૧૫-૮-૨૦૦૯** શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાં **એક નાનો હોલ** તૈયાર કરાવડાવી તેનું પદાર્પણ કરવામાં આવેલ હતું.
- **વર્ષ ૨૦૧૦** શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં **ડાયાબિટીસ કલબ** તથા **પેઈન ક્લિનિક**ની સેવાઓ શરૂ કરી દેવામાં આવેલ હતી.
- **તા. ૧૦-૪-૨૦૧૦** શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં અંદાજિત રૂા. ૧૨.૫૦ લાખના ખર્ચે **કલર ડોપ્લર મશીન** તથા અંદાજિત રૂા. ૮.૦૦ લાખના ખર્ચથી પેથોલોજિકલ લેબોરેટરીમાં **ઓટો એનાલાઈઝર** વસાવવામાં આવ્યું.
- **તા. ૧૮-૪-૨૦૧૦** શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ પ્રથમ બેચમાં ૧૦ વિદ્યાર્થીઓના **એપ્ટીટ્યૂડ ટેસ્ટ** કરાવવામાં આવ્યા. ત્યારબાદ ૩ થી ૪ વર્ષ દરમ્યાન સમાજના વિવિધ વિદ્યાર્થીઓના એપ્ટીટ્યૂડ ટેસ્ટ કરાવવામાં આવ્યા. આજ સમિતિના નેજા હેઠળ સતતપણે ૪ વર્ષ સુધી નાનાથી મોટી ઉંમરના એમ દરેક ધોરણના વિદ્યાર્થીઓ માટે **પર્સનાલિટી ડેવલપમેન્ટ** અને તેને અનુરૂપ વિવિધ સેમિનારો યોજવામાં આવ્યા. મોટી ઉંમરની વ્યક્તિઓ માટેના પણ સેમિનારો યોજવામાં આવ્યા. પેરેન્ટ્સ માટેના સેમિનારોના પણ આયોજનો ગોઠવવામાં આવ્યા.
- **વર્ષ ૨૦૦૯-૨૦૧૦** સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના શ્રી જગદીશન તથા અન્ય ઓફિસર્સ સાથે સંપર્કમાં રહી **કચ્છ બ્રાંચ કેનાલના કામો** કે જે ધીમા પડી ગયેલ હતા તેને ઝડપી કાર્યરત કરાવવા પ્રયાસ કરવામાં આવ્યા.

*ક્રોધને જીતવામાં મૌન જેવું બીજું કોઈ સહાયક નથી.*

- **તા. ૨૭-૬-૨૦૧૦** **શ્રી કચ્છી જૈન સમાજ - સુરત**ની સ્થાપનામાં અગ્રીમ ભાગ ભજવી, તેની સ્થાપના કરાવડાવી.
- **જુલાઈ-૨૦૧૦** અમદાવાદ સ્થિત ત્રણે ભવનો પર **સી.સી.ટી.વી. કેમેરા** ચાલુ કરી દેવામાં આવ્યા.
- **તા. ૪-૭-૨૦૧૦** **નવનીત ભવન ફ્લેટ ઓનર્સ એસોસિએશન**ની સ્થાપના કરાવડાવી.
- **તા. ૧૨-૭-૨૦૧૦** આવાસ યોજનાના **રીવાઈઝ્ડ પ્લાન** અ.મ્યુનિ.કો.માં સબમીટ કરાવડાવ્યા.
- **તા. ૧૫-૮-૨૦૧૦** **સરસ્વતી સન્માન**નો કાર્યક્રમ અલગથી યોજવાનું શરૂ કરવામાં આવ્યું. અગાઉ આ પ્રકારનો કાર્યક્રમ પુરસ્કાર સમિતિ દ્વારા વાર્ષિક સ્નેહમિલન સમારંભના સમયે યોજવામાં આવતો હતો.
- **તા. ૨૬-૯-૨૦૧૦** સ્વામિવાત્સલ્યના સમયે **ટેબલ ખુરશીની પ્રથા** ચાલુ કરાવડાવી. આ અગાઉ બુફે દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવતો હતો.
- **તા. ૫-૧૦-૨૦૧૦** **શ્રી દિનેશભાઈ મહેતા**નો 'મંગલ મંદિર'ના તંત્રી મંડળમાં સમાવેશ કરી લેવામાં આવ્યો.
- **ઓક્ટોબર-૨૦૧૦** શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહ ઉદ્યોગના અનુસંધાને **રીટેઈલ કાઉન્ટર** શરૂ કરવા અંગે ટ્રસ્ટ મંડળે નિર્ણય કર્યો.
- **તા. ૩૦-૧૧-૨૦૧૦** નોંધાયેલા દરેક સભ્યના રૂા. ૨.૫૦ લાખના **એક્સિડેન્ટના વીમા** લેવાનો ટ્રસ્ટ મંડળે ઠરાવ કર્યો.
- **તા. ૧-૧-૨૦૧૧** શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ મેડિકલ સેન્ટરમાં અઠવાડિયામાં એક વખત **સાઈકોલોજિસ્ટની સેવા** લેવાનું ચાલુ કરવામાં આવ્યું.
- **તા. ૩-૪-૨૦૧૧** **બહારગામના સભ્યોને પણ** મેડિકલ સેન્ટરની યોજનાઓનો લાભ આપવાનું ટ્રસ્ટ મંડળે ઠરાવ્યું.
- **તા. ૫-૬-૨૦૧૧** ૧૩૫ યુવક - યુવતીઓની ઉપસ્થિતિમાં **ચતુર્થ યુવા પરિચય સંમેલન** યોજવામાં આવ્યું.
- **તા. ૧૭-૭-૨૦૧૧** તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ દરમ્યાન સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાનું પ્રથમ સામાન્ય સભામાં અને ત્યારબાદ ટ્રસ્ટ મંડળમાં નક્કી કરવામાં આવ્યું.
- **તા. ૫-૮-૨૦૧૧** એમ.આર.આઈ., સીટી સ્કેન, ડેક્ષા સ્કેન, મેમોગ્રાફી, ઓ.પી.જી., એક્સ-રે વગેરે માટે ટાઈ-અપ કરી ઓછા દરે આ સેવાઓનો લાભ લેવાનું નક્કી કરાવવામાં આવ્યું.
- **તા. ૨૬-૮-૨૦૧૧** શ્રી કચ્છી જૈન ભવનની બહારની ફુટપાથ પર મંચ બાંધી **અન્ના હજારેના આંદોલનમાં જોડાયા.** ૧૫૦ વ્યક્તિઓએ આ આંદોલનમાં ભાગ લીધેલ હતો.
- **તા. ૫-૯-૨૦૧૧** દરેક સભ્યને મેડિકલ સેન્ટરમાંથી **સ્વાસ્થ્ય અંગેની પોકેટ બુક** મેળવી લેવા માટે 'મંગલ મંદિર' દ્વારા જાહેર કરવામાં આવ્યું.
- **તા. ૧૪-૧૦-૧૧થી તા. ૨૫-૧૦-૨૦૧૧** શ્રી કચ્છી જૈન ભવન પરથી **'આધાર કાર્ડ'** અપાવવાનું શરૂ કર્યું. કે જેનો સમાજના ૬૦૦ સભ્યોએ અને ટોટલ ૧૫૦૦ સભ્યોએ લાભ લીધેલ હતો.
- **તા. ૧૫-૧૦-૧૧થી તા. ૧૮-૧૦-૨૦૧૧** વયસ્ક સમિતિના નેજા હેઠળ ૪ દિવસનો **વિદેશ પ્રવાસ** એટલે કે દુબઈ - અબુધાબીનો પ્રવાસ યોજવામાં આવેલ હતો.
- **તા. ૫-૧-૨૦૧૨** શ્રી પ્રતાપ નારાણજી દંડ દ્વારા **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઇતિહાસના પ્રકરણો** પ્રસારિત કરવાની શરૂઆત કરવામાં આવી.
- **તા. ૨૯-૩-૨૦૧૨** શૈક્ષણિક સહાયના બદલે **શૈક્ષણિક લોન** આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ યોજનાનો અમલ વર્ષ ૨૦૧૨-૧૩થી શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.
- **તા. ૪-૪-૨૦૧૨** 'જીતો' આયોજિત **મહાવીર જન્મ કલ્યાણકના વરઘોડાના સમયે** શ્રી કચ્છી જૈન ભવનની બહારના મંચ પર શેઠશ્રી કસ્તુરભાઈ, જીતોના અનેક અગ્રણીઓ, પાલડી વિભાગના ધારાસભ્યશ્રીઓ તથા ખ્રિસ્તી, પારસી, જગન્નાથ મંદિર તથા મુસ્લિમ ધર્મગુરુઓ એકત્રિત થયેલ હતા કે જે સહુનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી બહુમાન કરવામાં આવેલ હતું.
- **તા. ૧૯-૮-૨૦૧૨** સુવર્ણ જયંતી મહોત્સવના ભાગરૂપે લાઈબ્રેરી સમિતિના નેજા હેઠળ **ઘરે ઘરે લાઈબ્રેરીની બુક્સ** વાંચન અર્થે પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી.

*શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સ્નેહસંબંધ એ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે.*

- **તા. ૧૪-૧૦-૧૨થી તા. ૧૮-૧૦-૨૦૧૨** વયસ્ક સમિતિ આયોજિત **થાઈલેન્ડનો વિદેશ પ્રવાસ** કે જ્યારે તેઓ બેંગકોક, પતાયા, કોરલ આઈલેન્ડ, નૂંગ-ચૂંગ વિલેજ વગેરેની મુલાકાતે ગયેલ હતા.
- **તા. ૧૯-૧૦-૨૦૧૨** શ્રી દલાઈ લામાની પાર્લામેન્ટના ધારાસભ્ય (એમ.પી.) **શ્રી દાવા શેરીંગ** આજરોજ શ્રી કીર્તિભાઈ ખત્રી સાથે શ્રી કચ્છી જૈન ભવનની મુલાકાતે આવેલ હતા કે જ્યારે તેઓશ્રી સાથે તિબેટની વર્તમાન પરિસ્થિતિ વિષે ચર્ચા કરવામાં આવી.
- **તા. ૨૧-૧૦-૨૦૧૨** કચ્છમાં દુષ્કાળની વિષમ પરિસ્થિતિમાં કચ્છમાં શિયાળાની સીઝનમાં **ઘાસચારો** (રંજકો, જુવાર, મકાઈ, ગાજર વગેરે) ઉગાડવા ૨૦૦૦ એકરની અપર લિમિટ રાખીને એક એકરે રૂા. ૫૦૦/-ની સબસીડી આપવાની રજૂઆતને મંજૂરી આપેલ કે જેના અનુસંધાને તા. ૬-૧-૨૦૧૨ના એંકરવાલા અહિંસાધામમાં લગભગ ૧૦૦ જેટલા ખેડૂતોની ઉપસ્થિતિમાં તેઓને સમજાવવામાં આવેલ કે અગર તેઓ ઘાસચારો ઉગાડશે તો કચ્છની કોઈ પણ પાંજરાપોળ (એ સમયે શ્રી વશનજીભાઈની ઉપસ્થિતિમાં સંયુક્તપણે ભાવ નક્કી કરવામાં આવ્યા) બાંધેલા ભાવે ખરીદી લેશે. પરિણામ એ આવ્યું કે કોઈ પણ ખેડૂતોએ સબસીડીના પૈસાની કહ્યાં છતાં ડિમાન્ડ કરી નહીં અને દુષ્કાળની પરિસ્થિતિમાં **ઘાસચારાના ભાવ બાંધેલા ભાવે જ ટકી રહ્યા.**
- **ડિસેમ્બર-૨૦૧૨** સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન સમાજના બાળકોને **ન્યુમોનિયાની (ન્યુમોકોકલ) તથા ઝાડાની (રોટા વાઈરસ) રસી** કે જેની કિંમત સામાન્યપણે રૂા. ૩૫૦૦/- અને રૂા. ૧૦૦૦/- હોય તે વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું.
- **તા. ૧૬-૧૨-૨૦૧૨** **પાંચમો પરિચય મિલન સમારોહ** યોજવામાં આવ્યો કે જેમાં ૮૧ યુવકો તથા ૭૨ યુવતીઓ એમ ટોટલ ૧૫૩ ઉમેદવારોએ ભાગ લીધેલ હતો.
- **તા. ૧૩-૧-૨૦૧૩** શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન તથા શ્રી ક.વી.ઓ. મહાજન - મુંબઈના સોમૈયા ગ્રાઉન્ડ પરના ચતુરંગી કાર્યક્રમમાં લગભગ ૧૦,૦૦૦ની માનવ મેદની વચ્ચે **અતિથિ વિશેષશ્રી** તરીકે ઉપસ્થિત રહેલ.
- **તા. ૨૪-૩-૨૦૧૩** કે.એસ. દેઢિયા મૂકબધિર વિદ્યા મંદિરના રજત જયંતી મહોત્સવમાં ઉપસ્થિત ટ્રસ્ટીઓ વચ્ચે ચર્ચા કરી જાહેરાત કરવામાં આવી કે વિદ્યા મંદિરના **૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને** શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં સમાજના સભ્યોને જે લાભો આપવામાં આવે છે એ જ પ્રકારના લાભો હવે પછી આ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. કે જેને સમાજના ટ્રસ્ટ મંડળે પણ પછીથી મંજૂરી આપેલ હતી.
- **તા. ૧૦-૭-૨૦૧૩** દાદર - મુંબઈના યોગી સભાગૃહમાં સામાજિક સેવાના પ્રદાન સ્વરૂપે કચ્છ શક્તિ સંસ્થા દ્વારા **"કચ્છ શક્તિ એવોર્ડ"** અર્પણ કરવામાં આવ્યો.
- **તા. ૪-૮-૨૦૧૩** શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ જ્ઞાતિ - ભુજના સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં **અતિથિ વિશેષશ્રી** તરીકે ઉપસ્થિત રહેલ.
- **તા. ૧-૯-૨૦૧૩** ટ્રસ્ટ મંડળની મીટિંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર દરેક પરિવારની મુખ્ય વ્યક્તિ અથવા પરિવારે સૂચન કરેલ તે પરિવારની એક વ્યક્તિ (તે જો સમાજના સભ્ય ન હોય તો સમાજના સભ્ય બની જવું જરૂરી છે)નો વીમો લઈ શકાશે. આ **એક્સિડન્ટ વીમાની રકમ** ચાલુ વર્ષથી રૂા. ૨.૫૦ લાખના બદલે **રૂા. ૫.૦૦ લાખ** કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું.
- **તા. ૧-૯-૨૦૧૩** ટ્રસ્ટ મંડળની મીટિંગમાં નીચે મુજબના નિર્ણયો પણ લેવાયેલ હતા.
  - ★ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની અપીલના અનુસંધાને **ઉત્તરાખંડના એક ગામને દત્તક** લેવાનું નક્કી કરવામાં આવ્યું. એટલે કે રૂા. ૫.૦૦ લાખ દાન સ્વરૂપે આપવાનું નક્કી કરવામાં આવ્યું.
  - ★ શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીને તેના શરૂઆતના ખર્ચની સામે **રૂા. ૧.૦૦ લાખનું અનુદાન** આપવાનું નક્કી કરવામાં આવ્યું.
  - ★ સમાજની ૩૦ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિને વર્ષમાં એક વખત **ફૂલ બોડી ચેક-અપ** વિનામૂલ્યે કરાવવાની યોજના નક્કી કરવામાં આવી.
- **તા. ૧૫-૯-૨૦૧૩** જાયન્ટ્સ હોલ - ભુજના સભ્યો વચ્ચે જાયન્ટ હોલ - ભુજ ખાતે **કચ્છના પાણી પ્રશ્ને** લગભગ બે કલાકનું એક વક્તવ્ય આપ્યું.

*રોટલો કેમ રળવો તે નહિ પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેની કેળવણી આપવાનું કામ શિક્ષકનું છે.*

- **તા. ૧૫-૯-૨૦૧૩** કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા ભુજ ખાતે મળેલ હતી કે જ્યારે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.
  - ★ 'કચ્છનો સર્વાંગ ઇતિહાસ'ની **સુધારેલી બીજી આવૃત્તિ** બહાર પાડવી.
  - ★ સુધારેલ આવૃત્તિનું **અંગ્રેજીમાં ટ્રાન્સલેશન** કરાવી તેની **અંગ્રેજી આવૃત્તિ** પણ બહાર પાડવી.
  - ★ કચ્છના વિવિધ વિષયે **પરિચય પુસ્તિકાઓ** બહાર પાડવી.
- **તા. ૧૩-૧૦-૨૦૧૩** પોસ્ટલ ખાતાના નિયમ પ્રમાણે પોસ્ટના કન્સેશનલ દરનો લાભ લેવા માટે હવે કોઈને પણ મંગલ મંદિર વિનામૂલ્યે મોકલવાનું બંધ કરવાનું હોવાથી, આજની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં નક્કી કરવામાં આવ્યું કે હવે પછી સમાજના **દરેક સભ્યોએ પણ લવાજમ ભરીને જ મંગલ મંદિર મંગાવવાનું રહેશે.** આ જાહેરાત મંગલ મંદિરના નવેમ્બર-૨૦૧૩ના અંક દ્વારા પ્રસારિત કરવામાં આવી.
- **તા. ૧૨-૧૧-૨૦૧૩** સરકારશ્રી સાથે યોગ્ય રજૂઆત કરવા સમાજે એક **લાયેઝન ઓફિસર**ની નિમણૂક કરેલ હતી.
- **તા. ૨૯-૧૧-૨૦૧૩** લગ્નોત્સુક યુવક - યુવતીઓની માહિતી માટે એક **ડેટા બેંક** શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો કે જે વિગતને મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ હતી.
- **ડિસેમ્બર-૨૦૧૩** મંગલ મંદિરની લોકપ્રિયતા ચકાસવા નીચે મુજબની એક જાહેરાત કરવામાં આવેલ હતી.
  - ★ જેઓ છેલ્લા **૧૦ વર્ષના બધા જ મંગલ મંદિર** રજૂ કરશે તેમને રૂા. ૧૦,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે.
  - ★ જેઓ છેલ્લા **૫ વર્ષના બધા જ મંગલ મંદિર** રજૂ કરશે તેમને રૂા. ૫,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે.
  - ★ જેઓ છેલ્લા **૩ વર્ષના બધા જ મંગલ મંદિર** રજૂ કરશે તેમને રૂા. ૧,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે.

  ત્યારબાદ ૧૦ વર્ષના અંકો રજૂ કરનાર ૨ વ્યક્તિ, ૫ વર્ષના અંકો રજૂ કરનાર ૪ વ્યક્તિ તથા ૩ વર્ષના અંકો રજૂ કરનાર ૬ વ્યક્તિ પોતાના અંકો રજૂ કરી ગયેલ હતી.
- **તા. ૧-૧-૨૦૧૪** પર્યાવરણની જાળવણીના અનુસંધાને અમ.મ્યુનિ.કો. તરફથી તેમની **૬ મ્યુનિ. શાળાઓમાં વૃક્ષારોપણ** કરવા અંગે આપણને પત્ર મળેલ હતો. તેના અનુસંધાને સ્કાઉટ ભવન - પાલડી ખાતે મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ તથા અન્ય મહાનુભાવો દ્વારા ૫૦ જેટલા રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ અન્ય ૫ શાળામાં પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષોના ઉછેર માટે સમાજ દ્વારા નિયમિતપણે તેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- **તા. ૫-૧-૨૦૧૪** મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૪ના અંકમાં સમાજના ૧૮થી ૩૦ વર્ષની વયજૂથના **૬૩૩ યુવાઓના** અભ્યાસ સહિતની યાદી પ્રસારિત કરવામાં આવેલ હતી.
- **તા. ૨૮-૧૨-૨૦૧૩** શ્રી કે.ડી.ઓ. સમાજના સીટી સ્ક્વેર - ભુજ ખાતેના ૩૫૦ જેટલા યુવા-યુવતીના સંમેલનમાં આજરોજ શ્રી અશોક મહેતાએ **'સમાજસેવા તથા યુવાવર્ગ'** ના વિષયે અડધો કલાકનું પ્રવચન આપેલ હતું.
- **તા. ૮-૧-૨૦૧૪** શ્રી હરખચંદભાઈ સાવલાએ આજરોજ ઑફર રજૂ કરેલ હતી કે અગર સમાજ દર વર્ષે રૂા. ૫૦ લાખના દાન મેળવીને તેટલી રકમ યુવા-યુવતીના **ઉચ્ચ અભ્યાસક્રમ માટે** લોન સ્વરૂપે વાપરશે તો તેમના તરફથી રૂા. ૧૦ લાખ સતતપણે ૧૦ વર્ષ સુધી આ સમાજને ડોનેશન સ્વરૂપે આપવામાં આવશે.
- **તા. ૧૫-૨-૨૦૧૪** **હાયર એજ્યુકેશનની લોન માટે યોગ્ય ફંડ** એકત્રિત કરવાનું આજની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં નક્કી કરવામાં આવેલ હતું.
- **ફેબ્રુઆરી-૨૦૧૪** ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકથી **મંગલ મંદિરને www.asanjokutch.comની વેબસાઈટ પર પણ** મૂકવાનું ચાલુ કરવામાં આવેલ છે.
- **ફેબ્રુઆરી-૨૦૧૪** શ્રી કચ્છી જૈન ભવન પર નિયમિતપણે **યોગાના વર્ગ**ની શરૂઆત કરવામાં આવી.
- **તા. ૮-૫-૨૦૧૪** મુંદ્રા ખાતેના મધુભાઈ માંકડના સ્થાનિક ૭૦૦ ખેડૂતો દ્વારા કરવામાં આવેલ સન્માનના સમારંભમાં **અતિથિ વિશેષશ્રી** તરીકે ઉપસ્થિત રહેલ.

*સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગમાં લઈ આવતો હોય છે.*

- **તા. ૨૭-૫-૨૦૧૪** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પાસે **૩૫AC ના સર્ટીફિકેટ** હોવા માટે આ વિષયના વિવિધ નિષ્ણાતો સાથે ચર્ચા શરૂ કરી દેવામાં આવી.
- **તા. ૮-૬-૧૪થી તા. ૧૯-૬-૨૦૧૪** વયસ્ક સમિતિના નેજા હેઠળ ૯ સભ્યોનું એક ગ્રુપ **બ્રિટન, ફ્રાંસ અને સ્વિટ્ઝરલેન્ડની મુલાકાતે** ગયેલ હતું. (વયસ્ક સમિતિના નેજા હેઠળ આ **ત્રીજો વિદેશ પ્રવાસ** યોજવામાં આવેલ હતો.)
- **તા. ૧૬-૬-૨૦૧૪** ગાંધીનગર ખાતેના સંપર્ક સૂત્રો દ્વારા **વિશ્વાસપાત્ર સમાચાર** મળેલ કે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના ગુજરાત સરકારશ્રીના બજેટમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણી માટે કોઈ પણ પ્રકારની બજેટકીય જોગવાઈ કરવામાં આવશે નહીં. જ્યારે આ જ પ્રકારના સૌરાષ્ટ્રના કાર્યો માટે રૂા. ૩૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે. આ અંગે કચ્છના બધા જ રાજકીય પ્રતિનિધિશ્રીઓને જાણ કરવામાં આવેલ હતી અને તેને મુખ્ય સમાચાર તરીકે તા. ૧૪-૬-૨૦૧૪ના 'કચ્છમિત્ર'માં ચમકાવવામાં આવેલ. ત્યારબાદ તા. ૨૮-૬-૨૦૧૪ના જ્યારે ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫નું બજેટ રજૂ કરવામાં આવ્યું ત્યારે ઉપરોક્ત હકીકત અક્ષરસઃ સાબિત થયેલ હતી.
- **તા. ૧૩-૭-૨૦૧૪** શ્રી ક.જૈ.સે.સ.ના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તથા દરેક સમિતિના કન્વીનરશ્રીઓના **વૈચારિક અભિગમ તથા વર્તણૂક અંગેના અભિગમના** અનુસંધાને સાંજના બે કલાક માટે એક **વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ હતું કે જેના મુખ્ય વક્તા તરીકે શ્રી નંદક પંડ્યા ઉપસ્થિત રહેલ હતા.

## આ સમયગાળા દરમ્યાન ચાલુ કરવામાં આવેલ વિવિધ યોજનાઓ કે જે અનિવાર્ય સંજોગોનુસાર પાળછથી બંધ કરવામાં આવેલ

- **તા. ૨૧-૬-૨૦૦૯** **વિદ્યાર્થિની હોસ્ટેલ**
  સમસ્ત ઝાલાવાડી સઈ સુથાર પરિષદના એસ.જી. હાઈવે પરના મકાનમાં ૪૪ વિદ્યાર્થિનીઓ માટેની હોસ્ટેલ શરૂ કરવામાં આવેલ. પરંતુ પૂરતી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ના આવતાં, એક ટર્મ બાદ તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

- **તા. ૧૦-૧-૨૦૧૦** **સામૂહિક શ્રધ્ધાંજલિ સભા**
  આગળના વર્ષ દરમ્યાન સમાજ પરિવારના અવસાન પામેલ આપ્તજનને સામૂહિક શ્રધ્ધાંજલિ આપવાનો આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. ચાર વર્ષ સુધી ચાલુ રાખવામાં આવેલ આ કાર્યક્રમને બાદમાં કેટલાક સંજોગોનુસાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. (તા. ૧૦-૧-૨૦૧૦, તા. ૯-૧-૨૦૧૧, તા. ૮-૧-૨૦૧૨ તથા તા. ૧૩-૧-૨૦૧૩ દરમ્યાન આ કાર્યક્રમ યોજવામાં આવેલ હતા.)

- **માર્ચ - ૨૦૧૦** **સંગીત વૃંદ**
  પ્રથમ વર્ષની સામૂહિક શ્રધ્ધાંજલિ સભા બાદ, સમાજનું પોતાનું સંગીતવૃંદ સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ. કેટલાક અઠવાડિયાઓની પ્રેક્ટિસ બાદ આ કાર્યક્રમ આગળ ધપાવવાનું સેટ ના થતાં, તેને મુલત્વી રાખવામાં આવેલ.

- **તા. ૨૫-૪-૨૦૧૦** **ગૃહ ઉદ્યોગ**
  સમાજ પરિવાર માટે ગૃહ ઉદ્યોગ સ્થાપવા માટે એક સમિતિની રચના કરી સતતપણે ૩ થી ૪ વર્ષ મહેનત કર્યા બાદ, જોઈએ તેવા પ્રમાણમાં સફળતા ના મળતાં આ કાર્યક્રમનું અમલીકરણ મુલત્વી રાખવામાં આવેલ.

- **તા. ૨૧-૧૦-૨૦૧૦** **કચ્છમાં આર્કિટેક્ચરલ કોલેજ**
  બી.એમ.સી.બી.ના સહકારથી લાખોંદ પાસે ૫,૦૦૦ વારનો પ્લોટ મેળવી, તેના પર આર્કિટેક્ચરલ કૉલેજના પ્લાનિંગ કરી આયોજનો ગોઠવવામાં આવ્યા. પરંતુ કેટલાક ટેકનિકલ કારણસર આ યોજનાનો અમલ ના થઈ શક્યો. ત્યારબાદ ભુજ તાલુકાના ભાટ ગામની હદમાં ૨૦ એકર જેટલી સરકારી પડતર જમીન સંપાદન કરવાના પ્રયાસ જારી છે કે જેનો ઉકેલ સપ્ટેમ્બર-૨૦૧૪માં આવી જવાની ધારણા છે.

*આ જગતમાં સૌથી ઉત્તમ આભૂષણ ચારિત્ર્ય છે.*

- **તા. ૩૦-૧૦-૨૦૧૦ ઉજવો દિપોત્સવી ઉમંગભેર**
  મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ, કેડબરી ચોકલેટ વગેરે આઈટમો જાતે બનાવી અથવા તો સભ્યોને ત્યાં બનાવડાવી દિપોત્સવી દરમ્યાન ખૂબ જ કિફાયતી દરે તેનું વિતરણ કરવાની શરૂઆત કરવામાં આવેલ. ૪ વર્ષ સુધી ચાલુ રાખવામાં આવેલ આ યોજના હાલે મુલત્વી રાખવામાં આવેલ છે.

- **જુલાઈ-૨૦૧૧ બુક બેંક યોજના**
  જુલાઈ-૨૦૧૧ના સત્રથી આ યોજના શરૂ કરવામાં આવી. ૨૫ વિદ્યાર્થીઓ પોતાની જૂની બુક્સ આપી ગયા. એ સામે કેટલીક નવી બુક્સ ખરીદી ૧૧ વિદ્યાર્થીઓને આ બુક્સ આપવામાં આવી.

- **તા. ૧૪-૪-૨૦૧૨ સિનિયર સીટીઝન હોમ - મંજૂલ હરખ ધામ**
  સુવર્ણ જયંતી વર્ષના સહુથી પ્રથમ કાર્યક્રમ સ્વરૂપે ગાંધીનગર સ્થિત શ્રી હરખચંદ કુંવરજી સાવલાના મકાનના ભોંયતળિયે ૨૫ વ્યક્તિની કેપેસિટીવાળું સિનિયર સીટીઝન હોમ શરૂ કરવામાં આવેલ. પરંતુ ૬-૮ મહિના સુધી કોઈ એન્ટ્રી ના આવતા તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

## આ સમયગાળા દરમ્યાન વિચારણાના સ્ટેજથી આગળ ન વધી શકેલ યોજનાઓ

- **વર્ષ ૨૦૦૯-૨૦૧૦ ક્લિનિકલ રિસર્ચ લેબોરેટરી**
  આ સમયગાળા દરમ્યાન ક્લિનિકલ રિસર્ચ ક્ષેત્રે કાર્યાન્વિત થવા માટે અનેક દિવસો સુધી વિચારણા કરવામાં આવી પરંતુ અમલીકરણના ક્ષેત્રે આગળ ના વધી શકાયું.

- **તા. ૨૬-૨-૨૦૧૧ GATEની એન્ટ્રન્સ એક્ઝામિનેશન**
  શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર GATEની એન્ટ્રન્સ એક્ઝામિનેશન માટે ક્લાસીસ શરૂ કરવા “શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ”ને મંજૂરી આપ્યા બાદ કેટલાક કારણોસર આ યોજના શરૂ થઈ શકેલ ન હતી.

- **તા. ૬-૩-૨૦૧૧ યુવતીઓ માટે ૪ વર્ષનો ગ્રેજ્યુએશન અભ્યાસક્રમ**
  પારિવારિક સ્વસ્થતા જળવાઈ રહે તેના અનુસંધાને જાતે સીલેબસ નક્કી કરી, દર શનિવાર - રવિવારના ક્લાસીસ ચલાવી, યુવતીઓ માટે ગ્રેજ્યુએશન કોર્સની ડિગ્રી અને ત્યારબાદ માસ્ટર કોર્સની ડિગ્રી આપવાનું આયોજન શ્રી હરખચંદ કુંવરજી સાવલાના સૂચન અનુસાર વિચારવામાં આવેલ હતું. તેના માટે અનેક ગ્રુપ મીટિંગો યોજવામાં આવેલ. પરંતુ તે યોજના અમલીકરણના સ્ટેજ સુધી પહોંચાડી શકાયેલ નહીં.

- **એપ્રિલ-૨૦૧૧ વિઝન-૨૦૨૦**
  સંસ્થાનું વિઝન-૨૦૨૦ નક્કી કરવા ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ તથા તેના અનુસંધાને રચવામાં આવેલ સમિતિ દ્વારા અનેક મીટિંગો યોજી તેની વિવિધ તબક્કે વિચારણા કરવામાં આવેલ હતી. પરંતુ પાછળથી તેના આયોજન પૂર્ણ કરી શકેલ ન હોવાથી અમલીકરણની દિશામાં તે આગળ વધી શકી નહીં.

- **તા. ૧-૧૦-૨૦૧૨ કિફાયતી દરના ૨૫૦ આવાસોની યોજના**
  સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષના અનુસંધાને અમદાવાદની જરૂરિયાતમંદ જનતાને ખૂબ જ કિફાયતી ધોરણે ૨૫૦ આવાસ બનાવવા, તેના જમીન સંપાદન કાર્ય માટે મેયરશ્રી અસિતભાઈ વોરા તથા મધ્ય ઝોનના સીટી ચીફ એન્જિનિયર શ્રી આનંદભાઈ બી. પટેલની મુલાકાત લેવામાં આવેલ હતી. પરંતુ તેના અનુસંધાને વિનામૂલ્યે જમીન ફાળવવાની પ્રક્રિયા આગળ વધી શકેલ ન હોવાથી આ પ્રોજેક્ટ પડતો મૂકવો પડેલ હતો.

- **મંગલ મંદિર ઓગસ્ટ-૨૦૧૨ : પર્યાવરણના અનુસંધાને પ્લાસ્ટિક બેગના બદલે કાગળની થેલી**
  જરૂરી પસ્તી એકત્રિત કરવા ઝુંબેશ આદરવામાં આવેલ હતી. કેટલીક પસ્તી એકત્રિત કરવામાં પણ આવેલ હતી. પાપા ટ્રસ્ટના પ્રતિનિધિ કાગળની વિવિધ પ્રકારની થેલીઓ કઈ રીતે બનાવવી તેનું ડેમોન્સ્ટ્રેશન પણ આપી ગયેલ. ત્યારબાદ આવી કેટલીક થેલીઓ આપણે ત્યાં બનાવવામાં પણ આવી. પરંતુ ત્યારબાદ આ યોજનામાં આગળ વધી શકાયેલ ન હતું.

*માનવીનું ચારિત્ર્ય એ શું બોલે છે એના પર નહિ પણ નિષ્ફળતા મળ્યા પછીના પ્રયત્નોમાં સમાયેલું છે.*

# 'મંગલ મંદિર' વિશેષાંકો

*આ સમયગાળા દરમ્યાન 'મંગલ મંદિર'ના નીચે મુજબના ધ્યાનાકર્ષક વિશેષાંકો બહાર પાડવામાં આવેલ હતા.*

- **દક્ષિણ ગુજરાત વિશેષાંક (તા. ૧૮-૧-૨૦૦૯) :**
તા. ૧૮-૧-૨૦૦૯ના રોજ યોજવામાં આવેલ શ્રી ક.વી.ઓ. જૈન સમાજ - સુરતના ૧૦મા વાર્ષિક સ્નેહમિલન સમારંભના સમયે ડૉ. રમેશ દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી મનસુખભાઈ છેડાના વરદ્ હસ્તે દક્ષિણ ગુજરાત વિશેષાંકના ભાગ-૧ અને ૨ નું વિમોચન કરવામાં આવેલ હતું. દક્ષિણ ગુજરાત વિષેની માહિતી અને દક્ષિણ ગુજરાતના વિવિધ શહેરોમાં વસવાટ કરતા કચ્છી પરિવારોના વ્યવસાય તથા પારિવારિક માહિતીથી વાકેફગાર થવા આ વિશેષાંક બહાર પાડવામાં આવેલ હતો.
- **૪૦૦મો અંક વિશેષાંક સ્વરૂપે – ઓગસ્ટ ૨૦૧૧ (વિષય : "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ")**
મંગલ મંદિરનો ઓગસ્ટ-૨૦૧૧નો ૪૦૦મો અંક વિશેષાંક તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો. તેનો વિષય હતો "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ". ★ ગઈકાલ એટલે ૧૯૪૭થી ૨૦૦૦ સુધીનો સમય. ★ આજ એટલે ૨૦૦૧ના ધરતીકંપથી ઓગસ્ટ-૨૦૧૧ સુધીનો સમય. ★ આવતીકાલ એટલે ૨૦૧૧ પછીનું ભવિષ્ય.
- **સંભારણા વિશેષાંક - ૧ (ભાગ : ૧ અને ૨) [ઓગસ્ટ/નવેમ્બર-૨૦૧૧ (સળંગ અંક નં.-૪૦૨)]**
મંગલ મંદિરનો ઓક્ટોબર / નવેમ્બર ૨૦૧૧નો અંક સંભારણા વિશેષાંક-૧ (ભાગ-૧ અને ૨) સ્વરૂપે બહાર પાડવામાં આવેલ હતો કે જેમાં મંગલ મંદિરની ૧૯૭૫માં સ્થાપના કરવામાં આવેલ ત્યારથી વર્ષ ૨૦૦૪ એટલે કે ૨૯ વર્ષ દરમ્યાન પ્રસારિત કરવામાં આવેલ સામગ્રીને તારવી, મૂલ્યવાન સામગ્રીને 'સંભારણા' તરીકે ફરીથી પ્રસારિત કરવામાં આવેલ હતી કે જેણે અનેક જૂની વાતો તાજી કરાવી દીધેલ હતી. વર્ષ ૧૯૭૫થી વર્ષ ૨૦૦૪ સુધીના ૨૯ વર્ષના ગાળા દરમ્યાન જે ઉત્તમ સામગ્રી મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવેલ હતી તેનાથી માહિતગાર કરવા તથા જૂની સામગ્રીના યાદ સ્વરૂપે આ વિશેષાંક બહાર પાડવામાં આવ્યો હતો.
- **કચ્છી સંસ્થા વિશેષાંક (તા. ૫-૧-૨૦૧૩)**
કચ્છ, અમદાવાદ અને મુંબઈની વિવિધ ૫૨ (બાવન) જેટલી સંસ્થાઓની વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી.
- **દીપોત્સવી વિશેષાંક (સંભારણા વિશેષાંક : ૨) [વિષય : "કચ્છ અને તેની પાણીની સમસ્યા" (તા. ૫-૧૧-૨૦૧૩)]**
કચ્છ અને તેની પાણીની સમસ્યા વિષે વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધી મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવેલ લેખોનું પુનઃ પ્રસારણ. (બૃહદ્ કચ્છની જનતા કચ્છના આ પ્રાણપ્રશ્ને માહિતગાર થાય એ હેતુથી આ વિશેષાંક બહાર પાડવામાં આવેલ.)
- **અષાઢી બીજ વિશેષાંક (તા. ૫-૭-૨૦૧૪) [વિષય : "કચ્છ એક અલગ રાજ્ય : ફાયદા અને ગેરફાયદા"]**
"કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા"ના વિષય પર તા. ૫-૭-૨૦૧૪નો અંક અષાઢી બીજ વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવેલ હતો. આ વિષયના લેખો દ્વારા લેખકશ્રીઓએ કચ્છ – એક અલગ રાજ્ય હોય તો તેના ફાયદા અને ગેરફાયદા જણાવવાના હતા. કચ્છ એક અલગ રાજ્ય હોવું જોઈએ કે નહીં તેના પર લેખકશ્રીએ અભિપ્રાય આપવાનો ન હતો. આ વિશેષાંકે કચ્છભરમાં અને મુંબઈમાં સારી એવી હલચલ મચાવેલ હતી.

# આ સમયગાળા દરમ્યાન ગુમાવેલ વિભૂતિઓ

- **તા. ૧-૫-૨૦૦૯** આ સંસ્થાના પાયાના પથ્થર સમાન **શ્રી માવજીભાઈ ધારશી કુરિયા**નું નિધન.
- **તા. ૩-૨-૨૦૧૨** કારોબારી સભ્ય **શ્રી રવિલાલ પોપટલાલ પારેખ**નું અવસાન.
- **તા. ૮-૬-૨૦૧૨** મંગલ મંદિર સાથે છેલ્લા ૧૭ વર્ષથી સતતપણે સંકળાયેલા **શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા**નું અવસાન.
- **તા. ૮-૯-૨૦૧૨** છેક ૧૯૬૩થી આ સંસ્થા સાથે સતતપણે સંકળાયેલ અને પાયાના કાર્યકર એવા **શ્રી પોપટલાલ નેણશી ધરોડ**નું અવસાન.
- **તા. ૧૫-૧૧-૨૦૧૩** સંસ્થાના ઉપપ્રમુખ અને કાયમી ટ્રસ્ટી એવા **શ્રી કાંતિલાલ વેલજી સાવલા**નું અવસાન.
- **તા. ૧૯-૧-૨૦૧૪** શ્રી કચ્છી જૈન સમાજના કાર્યકાળ દરમ્યાન સંસ્થાના પ્રમુખપદે રહી ચૂકેલ તેવા સંસ્થાના મોભી **શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા**નું અવસાન. ■

*ચારિત્ર્ય જ મનુષ્યની શ્રેષ્ઠ મૂડી છે.*

# અલગ કચ્છ રાજ્ય : એક અભ્યાસ

● સુરેશચંદ્ર મહેતા ●

"કચ્છ : એક અલગ રાજ્ય – તેના ફાયદા તથા ગેરફાયદા"ના વિષયે અમે અનેક સમર્થ લેખકો પાસેથી તે અંગેના મંતવ્યો મંગાવેલ હતા. શ્રી પી.કે. લહેરી, શ્રી સનત્ મહેતા, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી પ્રભાશંકર ધોળકિયા, કચ્છના મહારાવશ્રી, શ્રી કીર્તિ ખત્રી જેવા અનેક સમર્થ અને અભ્યાસુઓના લેખો અમને સમયસર મળી ગયેલ હોતાં, એ લેખો અમે મંગલ મંદિરના અષાઢી બીજ વિશેષાંક એટલે કે જુલાઈ-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરી શકેલ હતા. શ્રી સુરેશચંદ્ર મહેતા ખૂબ વ્યસ્ત રહેતા હોવાથી એ સમયે તેઓએ તેમના લેખનો માત્ર પ્રથમ ભાગ મોકલેલ હોવાથી તેટલો જ ભાગ અષાઢી બીજ અંકમાં પ્રસારિત કરી શકેલ હતા.

પરંતુ હવે તેઓશ્રીએ તેમનો સંપૂર્ણ લેખ મોકલી આપેલ હોવાથી અને એ લેખ ખૂબ જ અભ્યાસપ્રદ જણાતાં, તેને બે ભાગમાં વાંચવું, એ યોગ્ય ન જણાતાં, પ્રથમ ભાગ પુનરાવર્તિત થતો હોવા છતાં અમે એ લેખને સંપૂર્ણપણે અત્રે પ્રસારિત કરેલ છે.

આ લેખ વાંચ્યા પછી અનેક બૌધ્ધિક લોકો તેના પર વિચાર - મનન કરતા થઈ જશે તે ચોક્કસપણે દેખાય છે. તેના અનુસંધાને અગર કોઈ અભ્યાસપ્રદ વ્યક્તિ મંગલ મંદિર પર અભ્યાસપ્રદ અને વધુ માહિતી મોકલી આપશે તો તે માહિતી પ્રસારિત કરવાનો પણ અમને આનંદ થશે.

કચ્છ – એક અલગ રાજ્યના સમર્થનમાં અને વિરુધ્ધમાં જે લોકોની માન્યતા હશે તેઓ પોતાના સમર્થનમાં વધુને વધુ ઊંડા ઉતરતા જશે તો તેઓના વિચાર મંથનના પરિણામે કચ્છના વિકાસના નિત નવા દ્વાર ખૂલતા જશે તેવું અમને સ્પષ્ટપણે દેખાય છે.

*– તંત્રી મંડળ*

***<u>લેખકશ્રીની નોંધ</u>*** :

*આ અભ્યાસ માત્ર જાણકારી માટે છે. અલગ કચ્છ રાજ્યની માંગણી કરનારા અને તેથી જુદો મત ધરાવતા બંને પક્ષો ખુલ્લા મનથી અને વધારે ઊંડાણથી વિચારીને નિર્ણય લઈ શકે તે હેતુથી આ લેખ તૈયાર કર્યો છે.*

*આ લેખમાંના બેઝિક આંકડાઓ સરકારી અને અધિકૃત (જો તે સાચા હોય તો) છે. તે ઉપરની કસરત મારી છે.*

*મારો અભિપ્રાય બતાવ્યો નથી. સિવાય કે ક્યાંક અછડતા ઉલ્લેખથી તે અભિપ્રેત થઈ જતો હોય.*

### ● કચ્છ એક અલગ રાજ્ય!?

સમગ્ર રાજ્યમાં સૌથી વધારે વિકાસ ક્ષમતા ધરાવતો કચ્છ જિલ્લો જ્યારે રાજ્યની રચનાના ચોપ્પન વર્ષ પછી પણ વિકાસના માર્ગે જવાના બદલે સ્થગિતતાનો ભોગ બનતો જતો હોય તો અસંતોષની લાગણીમાં અલગ રાજ્યની માંગણી સ્વાભાવિક બને.

પરંતુ

અલગ રાજ્યની રચના માત્ર reactive feelingsથી વાજબી ઠરતી નથી. 'સાતત્યપૂર્ણ વિકાસ' એ રાજ્ય માટે પાયાની આવશ્યક્તા છે. જે માત્ર તર્ક અને વાસ્તવિકતાથી જ માપી શકાય. નહિંતર ઉલમાંથી ચુલનો ભોગ બનવું પડે અને જેનો પછી – પસ્તાવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોય.

ઉપર જણાવ્યું તેમ માત્ર વિકાસ ક્ષમતા એ રાજ્યની રચના માટેનું એકમાત્ર વાજબી કે પર્યાપ્ત કારણ બની શકે કે કેમ? તે તપાસવું રહ્યું.

આ સંદર્ભે પણ કચ્છના અલગ રાજ્યનો મુદ્દો તપાસવો રહ્યો.

રાજ્યની રચના માટેના કેટલાક મહત્ત્વના અને જરૂરી પાસાઓ છે. જેમકે

૧. ચોક્કસ ભૌગોલિક વિસ્તાર.
૨. કાયમી વસતિ
૩. નિશ્ચિત થયેલ રાજકીય હકુમત
૪. સરકાર
૫. ક્ષમતા.

રાજ્યની માંગણી અને તેનું વાજબીપણું જેટલા વધારે યથાર્થ, તેટલું માંગણીનું વજન પણ વધારે. એટલે યથાર્થતા દર્શાવતા પરિબળોના કેટલાક જમા ઉધાર પાસાઓને જોઈએ.

રાજ્યની રચનાના કેટલાક મહત્ત્વના પરિબળો અને તેમની યથાર્થતા તપાસીએ તો ઉપર લખેલ પરિબળો વિષે વિગતે વિચારીએ.

### ૧. ચોક્કસ ભૌગોલિક વિસ્તાર :

ચોક્કસ ભૌગોલિક વિસ્તાર એ રાજ્ય માટે પાયાનું અને અતિ જરૂરી અંગ છે. વિસ્તારની ચોક્કસતા રાજ્યની કાયમી શાંતિ અને સલામતીને સ્પર્શતો મુદ્દો હોઈ તેની વાસ્તવિક અને સ્પષ્ટ સીમારેખા જરૂરી છે. જો કે કુદરતી રીતે જ કચ્છની આ મુદ્દે ચોક્કસતા લગભગ નક્કી થયેલ છે. જેની ત્રણ દિશાઓ તો કુદરતે જ નક્કી કરી આપી છે. ચોથી દિશા પણ કાયદાથી સુનિશ્ચિત થઈ ચૂકી છે (જિલ્લા સ્વરૂપે). જેથી આ મુદ્દો કોઈ ખાસ ધ્યાન કેન્દ્રિત કરતો જરૂરી મુદ્દો નથી બનતો.

*ચારિત્ર્યમાં એક થોડો ડાઘ પડવાથી મનુષ્યની તમામ કીર્તિ ઉપર કાળાશ છવાઈ જાય છે.*

*મહદ્ અંશે અક્ષાંસ-રેખાંશની પરિભાષામાં :*

ઉત્તર અક્ષાંસ : ૨૨-૪૪-૧૧થી ૨૪-૪૧-૨૫

અને પૂર્વ રેખાંશ : ૬૮-૦૯-૪૬ થી ૭૧-૫૪-૪૭ સુધીનો વિસ્તાર.

હવે જો કચ્છ જિલ્લાને રાજ્યમાં પરિવર્તિત કરવાનો થાય તો આશરે ૪૫,૬૫૨ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતું રાજ્ય બને. જેનો નંબર દેશમાં ૨૧મો આવે.

**૨. વસતિ :**

વસતિનો મુદ્દો કચ્છ જિલ્લાના સંદર્ભે થોડો વિચાર માંગતો મુદ્દો છેલ્લા દાયકામાં બન્યો છે. છેક ૧૯૦૧થી કચ્છ જિલ્લાની વસતિ જે આશરે ૪ લાખ ૮૮ હજાર જેટલી હતી તે ધીમે ધીમે વધતી ૨૦૦૧માં સૈકાના અંતે વધીને આશરે ૧૫ લાખ જેટલી થઈ. પણ છેલ્લા દાયકામાં આ વસતિમાં સીધો ૫ લાખનો વધારો થઈને તે આજે ૨૦ લાખ ઉપર પહોંચી છે. ૧૯૦૧માં જેટલી વસતિ હતી તેટલો વધારો છેલ્લા એક દાયકામાં થયો તે ટકાવારીની દૃષ્ટિએ સૌથી વધારે ધ્યાન ખેંચતો મુદ્દો બન્યો છે. છેલ્લા દાયકાની કચ્છની વસતિ ૩૨.૦૩ ટકાના દરે વધી છે. છેલ્લા દાયકાનો ભારતનો વસતિનો વૃધ્ધિદર ૧૭.૬૪ ટકાનો, ગુજરાતનો ૧૯.૧૭ ટકાનો અને કચ્છનો ૩૨.૦૩ ટકાનો થયો છે. કચ્છ જો રાજ્ય બને તો તેના વિકાસની પરિભાષા વિચારતી વખતે વસતિના વૃધ્ધિદરની સ્થિરતાનો ખાસ જુદી રીતે વિચાર કરવો પડે કારણકે આ સાથેના ચાર્ટમાં બતાવ્યું છે કે ક્યારેય પણ આટલું મોટું fluctuation જાણવામાં આવ્યું નથી ત્યારે હવે પછી કયા પ્રકારનો વૃધ્ધિદર રહેશે તેની કલ્પના જુદા જુદા સંદર્ભે વિચારીને કરવી પડે.

| ક્રમ | વર્ષ | કુલ વસતિ | દશકાની વસતિનો વધારો (ટકામાં) |
|---|---|---|---|
| ૧. | ૧૯૦૧ | ૪૮૮૦૨૨ | ૦ |
| ૨. | ૧૯૧૧ | ૫૧૩૪૨૯ | ૫.૨૧ |
| ૩. | ૧૯૨૧ | ૪૮૪૫૪૭ | (–) ૫.૬૩ |
| ૪. | ૧૯૩૧ | ૫૨૦૪૯૬ | ૭.૪૨ |
| ૫. | ૧૯૪૧ | ૫૦૭૮૮૦ | (–) ૨.૪૨ |
| ૬. | ૧૯૫૧ | ૫૬૭૬૦૬ | ૧૧.૭૬ |
| ૭. | ૧૯૬૧ | ૬૯૬૪૪૦ | ૨૨.૬૯ |
| ૮. | ૧૯૭૧ | ૮૪૯૭૬૯ | ૨૨.૦૨ |
| ૯. | ૧૯૮૧ | ૧૦૫૦૧૬૧ | ૨૩.૫૮ |
| ૧૦. | ૧૯૯૧ | ૧૨૬૨૫૦૭ | ૨૦.૨૨ |
| ૧૧. | ૨૦૦૧ | ૧૫૮૩૨૨૫ | ૨૫.૪૦ |
| ૧૨. | ૨૦૧૧ | ૨૦૯૦૩૧૩ | ૩૨.૦૩ |

**૩. નિશ્ચિત થયેલ રાજકીય હકુમત :**

ઉપર લખેલ મુદ્દા નં.-૧ માં આ બાબતનો સમાવેશ થઈ ગયેલ છે.

**૪. સરકાર :**

ઉપર વર્ણવેલ બે મુદ્દા કરતાં અત્યારના સંદર્ભે અગત્યનો મુદ્દો સરકાર છે.

નવી થનારી રાજ્યની સરકાર ક્ષમતાવાળી - સમસ્ત વિસ્તારનો સમ્યક વિચાર કરનારી - સાતત્યપૂર્ણ વિકાસનું આયોજન અને અમલીકરણ કરવા માટે સક્ષમ હોય તે અતિ જરૂરી છે અને ભવિષ્યમાં વિકસતું રાજ્ય અન્ય રાજ્યોની હરીફાઈમાં હરણફાળ ભરી શકે તેવું બનાવવાની કલ્પના અને શક્તિ બનાવનારી હોય તો જ નવા રાજ્યની રચના સાર્થક બને. તે સંદર્ભમાં નીતિઓનું ઘડતર અને ઓથોરીટેટીવ અમલીકરણ કરનારી હોય તે જરૂરી છે. તે માટેની ક્ષમતાવાળી માનવ શક્તિ વિના તે સંભવી શકે નહિ. આ માનવશક્તિ અત્યારે તૈયાર મળવાની સંભાવના જ્યારે નહિંવત્ છે ત્યારે નવા રાજ્યની રચના એ માત્ર અસ્તિત્વ ટકાવતું રાજ્ય જ બની રહે. ભવિષ્યના તંદુરસ્ત વિકાસના વિચારનું તો બાળમરણ રચનાના પાયાથી જ થાય.

તેથી રાજ્યના અસ્તિત્વથી પહેલા ઉપર કહ્યા પ્રમાણેની dedicated માનવ શક્તિ માટે યુવાધનને તૈયાર કરવો પડે.

આ માટેની સંસ્થાઓનો સદંતર અભાવ એ એક minus point છે.

**૫. ક્ષમતા :**

રાજ્યની રચનાના વિચાર વખતે સૌથી અગત્યનો મુદ્દો ક્ષમતાનો છે. તેથી તેનો અનેકવિધ રીતે જુદા જુદા પાસાઓથી વિચાર કરવો પડે. મુખ્યત્વે ક્ષમતા બે પાસાઓમાં વહેંચાયેલી છે.

**ક્ષમતા**

| **Resources** | **Political Capacity** |
|---|---|
| કુદરતી સંપદા | કાયદાઓ ઘડીને તેનો કડક અમલ કરવાની |
| આર્થિક | Legislative Capacity to control and supervise |
| સામાજિક | Sustainable economic growth (G.D.P. etc.) |
| માનવ વિકાસ | |
| સાતત્યપૂર્ણ development | |

ઉપર જણાવેલ theoritical કોઠો એ રાજ્યની રચનામાંનો જરૂરી પરિબળો બતાવતો ચાર્ટ છે.

*ચારિત્ર્ય શુદ્ધિ જ સમગ્ર જ્ઞાનપ્રાપ્તિનું ધ્યેય હોવું જોઈએ.*

હવે આ બાબતને કચ્છ જિલ્લા સાથે વાસ્તવિક રીતે ચર્ચવી રહી.

પહેલા અંગ તરીકે કુદરતી સંપદાને તપાસીએ.

- **જમીન (કૃષિ) – Land Agriculture :**

**જમીનનો વિસ્તાર** : જમીન વિસ્તારના મુદ્દે કચ્છ જિલ્લો જબરદસ્ત વિપુલતા ધરાવે છે. જે તેનું મોટું જમાપાસું છે. આટલી બધી મોટી ખેત વિશેષ જમીન આખા દેશમાં જૂજ જિલ્લા પાસે જ છે. જમીનના મુદ્દે જોઈએ તો જિલ્લાના કુલ વિસ્તારમાં કેટલી જમીન સૌથી વધારે મહત્ત્વના એવા ખેત વિસ્તાર એટલે કે ખેડવાલાયક વિસ્તાર ધરાવે છે. આ મુદ્દે નીચેની વિગતો જોઈએ.

જિલ્લાના કુલ ૪૫,૬૫૨ ચો.કિ.મી.માંથી જિલ્લાના રણ વગેરે વિસ્તારને બાદ કરતાં ભૌગોલિક વિસ્તાર ૧૯,૫૭,૬૨૯ હેક્ટર જેટલો છે. જેમાં ખેડવા લાયક વિસ્તાર ૩,૩૯,૦૦૦ હેક્ટર છે જે પડતર છે, અને ૭૫,૬૬૯ હેક્ટર ચાલુ પડતર છે. જિલ્લાનો ચોખ્ખો વાવેતર વિસ્તાર ૬,૭૯,૯૩૬ અને કુલ વાવેતર વિસ્તાર ૭,૨૭,૭૩૩ હેક્ટર જેટલો છે. આમ વાવેતર વિસ્તાર અને પડતર વિસ્તારનો સરવાળો કરીએ તો ૧૦,૯૪,૬૦૫ હેક્ટર જેટલી જમીન ખેત તળે આવે છે. જે રાજ્યની ટોટલ ખેત તળેની જમીન ૯૭,૨૨,૨૦૦ હેક્ટરના આશરે ૧૧ ટકા જેટલી થાય છે. આટલી મોટી પડતર જમીન રાજ્યના અન્ય જિલ્લાઓમાં ક્યાંય નથી અને કચ્છ જિલ્લાનો નંબર તેમાં પ્રથમ આવે છે. આનો અર્થ એ થાય કે જિલ્લો જો રાજ્યમાં પરિણમે તો રાજ્યની ખેત પેદાશ ખૂબ જ ગણનાપાત્ર બને અને રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન (જી.ડી.પી.) Gross Domestic Production જે રાજ્યના વિકાસના માપવાનું માપદંડ છે, તેનો એક અંશ એટલે કે ખેત પેદાશ રૂા. ૩૨૮૩૮૧૫૦૦૦૦ (રૂા. ૩૨૦૦ કરોડ) જેટલું થાય. જે રાજ્યની ખેત પેદાશના જી.ડી.પી.ના ૩.૬૪ ટકા થાય. આ બાબત ત્યારે જ સંભવી શકે જ્યારે ખેડવાલાયક પડતર જમીન જે ઉપર જણાવી છે તે સિંચાઈ હેઠળ આવરી શકાય તો જ, અન્યથા નહિ. કૃષિની સાથે જ સીધું સંલગ્ન તત્ત્વ સિંચાઈ છે. માટે સિંચાઈનો પણ અલગથી આ સાથે વિચાર કરીએ.

- **સિંચાઈ :**

પાણી એ અતિ મહત્ત્વનું અને જિલ્લાના અસ્તિત્વના મૂળમાં જતું એક મહત્ત્વનું પરિબળ છે. મનુષ્ય, પ્રાણી, પશુ-પક્ષી, જીવન, બધું પાણી પર આધારિત છે. વૃક્ષો, જંગલો, ઉદ્યોગો, ધંધા-વેપાર વગેરે તમામ પાણી પર આધારિત છે. પાણી વિના સંસ્કૃતિનું અસ્તિત્વ સંભવી શકતું નથી અને કચ્છ જિલ્લો પાણીની તીવ્ર તંગી અનુભવતો જિલ્લો છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિસોર્સમાં તે જબરું ઉધારપાસું એટલે કે મોટી લાયેબીલીટી છે. અત્યારે ખેતીના પાસાને જ જો પકડીએ તો સિંચાઈ જે કેનાલ, ટેન્ક, કૂવાઓ, પાતાળકૂવાઓ અને અન્ય નાના સોર્સોમાંથી ઉપલબ્ધ છે. જિલ્લામાં અત્યારે જે સિંચાઈ થાય છે તે જિલ્લાની કુલ જમીનના માત્ર ૧૨ ટકા જેટલી જ છે. જ્યારે રાજ્યની પરિસ્થિતિ ૫૨ (બાવન) ટકા જેટલી છે. જે રાજ્યની એવરેજ લેવલ કરતા ખૂબ જ ઓછી છે. તે નોંધવાપાત્ર છે કે આટલી ઓછી ટકાવારી ધરાવતો કચ્છ જિલ્લો એકમાત્ર જિલ્લો છે. અન્ય બધા જ જિલ્લાઓ કચ્છ કરતાં સિંચાઈમાં ઘણાં જ આગળ છે. હવે જો જિલ્લાને રાજ્યમાં પરિવર્તિત કરવું હોય તો પાણીની ઉપલબ્ધિનો પહેલો વિચાર કરવો પડે. રાજ્યનું અસ્તિત્વ જ્યારે પાયાની સુવિધાઓ એટલે કે નેચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રીસોર્સિસ ધરાવતું હોય ત્યારે જ સારી રીતે સંભવી શકે. અન્યથા પરાવલંબિત પરિસ્થિતિ રાજ્યને કાયમ બોજારૂપ થાય. અત્યારે કચ્છ જિલ્લો મહદ્ અંશે ભૂતળના પાણી આધારિત છે. ૮૭ ટકા જેટલું પાણી ભૂતળથી જ મેળવાય છે જેનું તળ ધીમેધીમે નીચે ઉતરતું જાય છે. વરસાદ આધારિત અનિશ્ચિતતાના આધાર ઉપર રાજ્યના વિકાસનો ચોક્કસ પાયો કંડારી શકાય નહિ. ભૂમિ પરનું પાણી સંગ્રહશક્તિ ન હોવાને કારણે વ્યર્થ જાય છે અને પરિણામે નર્મદા ઉપર સંપૂર્ણપણે આજે જિલ્લો પરાવલંબિત છે. નર્મદાના પાણી રાજ્યની રચના થઈ જાય ત્યાં સુધીમાં જો કચ્છમાં વહેતા ન થાય તો એ પાણી પરનો કચ્છનો અધિકાર પણ એક પ્રશ્નાર્થ ચિહ્ન બની જવા સંભવ છે. તેથી નર્મદાના પાણી કચ્છમાં પૂરા વહેતા થઈ જાય ત્યાં સુધી રાજ્યની રચનાનો વિચાર કરવો જોઈએ નહીં તેવું લાગે છે. સિંચાઈના અને પાણીની ઉપલબ્ધિના અન્ય પાસાંઓનો વિચાર અત્યારના પ્રાથમિક અભ્યાસમાં બહુ સુસંગત જણાતો નથી. નર્મદાનું પાણી નિયમિત અને વધારાનું એ બંને જો આયોજન પ્રમાણે સંપૂર્ણપણે ઉપલબ્ધ થઈ જાય તો કચ્છ જિલ્લાની લગભગ સાડા ત્રણ લાખ હેક્ટર કરતાં પણ વધારે ખેતીની સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બને. માત્ર નિયમિત પાણી તો ખૂબ જ ઓછું એટલે કે ૧ લાખ ૧૨ હજાર હેક્ટર પૂરતું આયોજિત છે. જેથી વધારાનું પાણી એ કચ્છ માટે અતિ જરૂરી છે.

તે સિવાય જળસંચયના કાર્યોનો વિકાસ જોઈએ તે પ્રમાણમાં થયેલ નથી. પાણીની કચ્છ જેવા જિલ્લામાં અત્યંત જરૂરિયાત હોવા છતાં ડી-સેલિનેશન પ્લાન્ટ અંગેની વિચારણા પણ હજુ સુધી ગંભીરતાપૂર્વક વિચારાયેલ નથી.

- **પશુપાલન (Live Stock) :**

GDP Sectorialના ત્રણ પાસામાં Primary પાસુ એગ્રીકલ્ચર હોવાથી તે head તળે ખેત ઉત્પાદન પછીનો તબક્કો એ પશુપાલન છે. જોગાનુજોગ જિલ્લાની ઓળખ પણ પશુપાલન સાથે સંકળાયેલી છે. ત્યારે રાજ્યના કુલ પશુધન અને દૂધાળા પશુધન (ગાયો-ભેંસો) અને દૂધ ઉત્પાદનમાં કચ્છ ક્યાં છે તે તપાસીએ.

*નબળા ચારિત્ર્યવાળી વ્યક્તિ નિર્બળ છોડ જેવી છે, જે પવનના પ્રત્યેક સપાટે ઝુકી જાય છે.*

રાજ્યના કુલ પશુધનમાં કચ્છ જિલ્લાના પશુધનનું પ્રમાણ ઘણું ઓછું છે. છતાં વ્યક્તિદીઠ દૂધની સંખ્યા કચ્છ જિલ્લામાં રાજ્ય કરતાં વધારે છે. એક અંદાજ પ્રમાણે અત્યારે વધેલી દૂધ ઉત્પાદન સતર્કતાને નજરમાં લેતાં કચ્છનું અત્યારનું અંદાજે દૂધ ઉત્પાદન વાર્ષિક બેથી અઢી લાખ ટનનું છે. જે રાજ્યના વાર્ષિક દૂધ ઉત્પાદનના ૨.૫ ટકા જેટલું છે.

Agri Sector ના અન્ય પાસાઓમાં ઊન - ઇંડાં ઉત્પાદનને સ્થળ સંકોચના કારણે જણાવ્યા નથી. પરંતુ મત્સ્યોદ્યોગના પાસાને અવગણી શકાય નહિ. દુનિયાના બજારમાં વર્ષે આશરે ૨૫૩૩ કરોડની મત્સ્યોદ્યોગ નિકાસ ધરાવતા રાજ્યમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે કચ્છ જિલ્લો વર્ષે આશરે રૂા. ૪૦૦ કરોડ જેટલું નિકાસ હુંડિયામણ મેળવે છે. જે રાજ્યના ૧૫.૭૯ ટકા જેટલું છે.

- **ખનીજ :**

ખનીજ એ કચ્છની મહામૂલી કુદરતી દેન છે. આ ખનીજ ઘન, પ્રવાહી અને વાયુના સ્વરૂપે કુદરતે છૂટે હાથે કચ્છને બક્ષ્યા છે. કચ્છમાં તે Off-shore અને On-shore બંને પ્રકારે ઉપલબ્ધ છે.

સૌથી અગત્યના અને કચ્છના ભાવિને ઘડનાર અને સમસ્ત ભારતને કચ્છ ઉપર આધારિત કરનાર આ કુદરતી સંપત્તિ, જો પાણી એ ઉધારપાસું છે તો આ સંપત્તિ એ મોટું જમાપાસું છે.

કચ્છની ઘન ખનીજ સંપત્તિ ત્રણ પ્રકારની : બળતણ, ધાતુ અને બિનધાતુ પ્રકારની છે. વ્યવસ્થાની દૃષ્ટિએ તેના મુખ્ય અને ગૌણ ખનીજ (Major and Minor Mineral) એવા પ્રકારે વિભાજિત કરવામાં આવી છે.

Major Mineral એ કેન્દ્રનું અને Minor Mineral એ રાજ્યનું આધિપત્ય ધરાવે છે. પરંતુ તે બંનેની implementing authority રાજ્ય છે.

પ્રથમ આપણે ખનીજવાર જોઈએ તો ગૌણ ખનીજોમાં લાઈમ સ્ટોન, બેન્ટોનાઈટ, જુદા જુદા પ્રકારના ક્લે, મુરમ ઇત્યાદિ છે. જેનું ઉત્પાદન સંયુક્તપણે દોઢ - પોણા બે કરોડ ટનનું છે. અને જેના દ્વારા કચ્છમાંથી ઉત્પન્ન થતી રોયલ્ટીની રકમ આશરે રૂા. ૫૦-૬૦ કરોડ જેટલી છે. જે રાજ્યના ૩ ટકા જેટલી છે.

એ પ્રમાણે મુખ્ય ખનીજ જેવી કે લાઈમસ્ટોન, બેન્ટોનાઈટ, જીપ્સમ, લીગ્નાઈટ, જુદા જુદા પ્રકારની ક્લે ઇત્યાદિ છે. જેનું ઉત્પાદન સંયુક્તપણે સવા બે થી અઢી કરોડ ટન વાર્ષિક છે. જેની રોયલ્ટીની આવક વાર્ષિક રૂા. ૧૧૨થી ૧૧૫ કરોડ આશરેની છે. જે રાજ્યના ૯.૫થી ૧૦ ટકા જેટલી છે.

કચ્છ રાજ્યની રચનાની તરફેણનો સૌથી મોટો મુદ્દો પેટ્રોલિયમ અને કુદરતી વાયુનો છે. જેની અલગથી ચર્ચા હવે પછી કરીશું.

અત્યારના જિલ્લાના સમાજજીવન ઉપર આ ખનીજ ભલે અસરકર્તા ન હોય પરંતુ ભવિષ્યમાં અતિ મહત્ત્વનું વૈશ્વિક પરિબળ બની શકે તેમ છે.

અત્યારના ઉપલબ્ધ ખનીજ ઉપર કચ્છનું અર્થતંત્ર મોટેભાગે જળવાઈ રહ્યું છે, તેવા ખનીજોમાં લાઈમસ્ટોન, બોક્સાઈટ, લીગ્નાઈટ, ચાઈના ક્લે, બેન્ટોનાઈટ ઇત્યાદિ છે.

ખનીજ આધારિત કચ્છનું અર્થતંત્ર મોટેભાગે ખનીજના ટ્રેડિંગ ઉપર અત્યાર સુધી આધારિત રહ્યું છે. તેમાં વેલ્યુએડિશનનો અભાવ એ એક ઉધારપાસું છે કારણકે ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ ઇન મિનરલ સેક્ટર એ કચ્છમાં મહદ્અંશે અવગણાયેલું પાસું છે. મુખ્ય ખનીજોમાં નીચે પ્રમાણેની ઉપરછલ્લી નજર આ મુદ્દાને સ્પષ્ટ કરે છે.

❖ ***લાઈમ સ્ટોન :*** જેનો જથ્થો ૧૨,૦૦૦ મિલિયન મેટ્રિક ટન જેટલો સિધ્ધ થયેલો સંગ્રહ ગુજરાતમાં છે. જેમાંથી કચ્છમાં ૮,૦૦૦ મિલિયન મેટ્રિક ટન જેટલો, જે આશરે ૬૭ ટકા થાય છે. તેનું ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ જોઈએ તેવું થયું નથી.

❖ ***ચાઈના ક્લે :*** ગુજરાતના જથ્થામાં કચ્છનું પ્રમાણ ૭૩ ટકા જેટલું એટલે કે ૧૦૦.૨ મિલિયન મેટ્રિક ટન જેટલું છે. તેની પણ એ જ દશા છે.

❖ ***બોક્સાઈટ :*** રાજ્યમાં જેનો જથ્થો ૧૦૪.૧૮ મિલિયન મેટ્રિક ટન તેના ૪૨ ટકા જેટલો અને દેશના જથ્થાના ૧૭ ટકા જેટલો, આ જ દશાનો અત્યાર સુધી ભોગ બન્યો છે. તેજ પ્રમાણે લીગ્નાઈટ, સિલિકા સેન્ડનું પણ તેવું જ છે.

❖ ***સિલિકા સેન્ડ :*** રાજ્યમાં તેનો જથ્થો ૧૫૫.૫૫ મિલિયન મેટ્રિક ટન જેટલો અંદાજાયો છે. કચ્છમાં તેના ૯૮ ટકા એટલે કે ૧૫૨.૮ મિ.મે.ટન જેટલો છે.

❖ ***બેન્ટોનાઈટ :*** બેન્ટોનાઈટ કચ્છમાં ૬૦ મિલિયન ટન, જે રાજ્યના જથ્થામાં ૫૭ ટકા જેટલો છે.

ઉપરોક્ત ખનીજોના જથ્થા સર્વે દ્વારા વર્ષ ૨૦૦૨ના છે. હજુ તેમાં ઘણો વધારો સંશોધનની નવી ટેકનોલોજીના કારણે શક્ય હોવાનો સંભવ છે.

આખાયે કચ્છમાં સંગ્રહાયેલ ઘન ખનીજ જથ્થાની માત્ર ઉત્પાદન કિંમત રૂા. ૫૦ એક ટનના અંદાજીએ તો પણ દોઢ લાખ કરોડ રૂપિયાની થવા જાય છે. તેના પરનું વેલ્યુએડિશન જુદું.

રોજગારીની દૃષ્ટિએ જોવા જઈએ તો કચ્છમાં ખનીજ આધારિત સીધી રોજગારી આશરે પાંચેક હજાર લોકોની છે. અને આડકતરી રોજગારી પંદર હજાર જેટલી છે. જેની ટકાવારી પ્રમાણમાં ઘણી ઓછી છે.

સમગ્રતયા આ આખું ક્ષેત્ર અત્યારની દૃષ્ટિએ મુખ્ય ખનીજનો અલ્પ ઉપયોગ ધરાવતું ક્ષેત્ર છે, જે સ્થગિતતાનો લગભગ ભોગ

*માણસની મોટામાં મોટી જરૂરિયાત શિક્ષણ નહિ પણ ચારિત્ર્ય છે અને તે જ તેનો રક્ષક છે.*

બન્યું છે.

- **મીઠા ઉદ્યોગ :**

લાંબો દરિયા કિનારો, ઓછો વરસાદ, સૂકી હવા, પ્રમાણમાં હાઈ ટેમ્પરેચર અને પવનની વધુ ઝડપના કારણે મીઠા ઉદ્યોગ કચ્છમાં સારી રીતે ડેવલપ થયો છે. કારણકે ઉપરના કારણો આ ઉદ્યોગને ઘણા જ મદદરૂપ થયા છે. તેથી કચ્છનું મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં મીઠાના ઉત્પાદનના ૭૪ ટકા જેટલું છે. પરંતુ તેમાં પણ વેલ્યુ એડિશનની મોટી ખામી જણાઈ રહી છે. આ હોવા છતાં પણ મીઠાના ઉત્પાદનનો ગ્રોથ રેટ પ્રમાણમાં નોંધનીય છે. જે મોટી વિકાસ ક્ષમતા દર્શાવે છે.

- **ઉદ્યોગો :**

આ એક ખાસ અને મહત્ત્વનો વિષય ખૂબ લાંબી છણાવટ માંગે છે.

કચ્છનો ઔદ્યોગિક વિકાસ જેટલો, જેવો અને જે રીતે થવો જોઈએ તે થયો નથી.

વાઈબ્રન્ટો પછી પણ પરિણામ યોગ્ય મળ્યું નથી.

વિશિષ્ટ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ પણ વિશિષ્ટ અને તે જ રીતે થવો જોઈએ.

ભૂકંપ પછી આવેલું ઔદ્યોગિક મૂડીરોકાણ માત્ર ટેક્ષોના મળતા લાભોને કારણે આવેલું મહદ્અંશે છે જે કાયમી સ્વરૂપનું હોતું નથી. તેની સાથે સ્થાનિક વિશિષ્ટતા પણ જોડાવી જોઈએ, જે પણ દેખાતી નથી. એટલે કચ્છને માટે એક ખાસ ઔદ્યોગિક નીતિ જરૂરી છે, જે Cluster Based બને તે જરૂરી છે.

અત્યારના જિલ્લાના ઔદ્યોગિકીકરણથી અર્થતંત્ર થોડું ઊંચું આવ્યું છે. પરંતુ તે કાયમી પરિબળ નથી. ઉદ્યોગોનો વિકાસ એ સારું જમાપાસું બની શકે તેમ છે, પરંતુ તેનો પાયાથી વિચાર થવો જોઈએ અને જેમાં રોજગારી સર્જકે અને GDP સર્જક ઉદ્યોગની સ્થાપનાનો વિચાર જરૂરી છે. નાના અને અતિ નાના ઉદ્યોગો - ટુરિઝમ - હસ્તકલા કારીગરી આ બધા રોજગારી માટે જરૂરી પાસાં છે અને કચ્છ માટે તે જમા પાસું છે. રાજ્ય હોય તો આ સ્થિતિ સારી રીતે સંભવી શકે. રાજ્યની રચના માટેનું આ પાસું એ એક વ્યાજબી દલીલ છે.

- **બંદરીય વિકાસ :**

રાજ્યની વર્તમાન બંદર નીતિ અને તેનું અમલીકરણ મેરીટાઈમ બોર્ડ દ્વારા જે થાય છે તે કાયદો અને તેને અનુરૂપ અમલ કચ્છ જિલ્લાના દરિયા કિનારા માટે સર્વાંગી રીતે સાનુકૂળ નથી રહ્યા. કચ્છ માટે પ્રમાણમાં નુકસાનકારક રહ્યા છે, જે અસંતોષનું એક કારણ બન્યા છે.

અલગ રાજ્ય હોય તો નવી બંદર નીતિ જે જરૂરી છે તેને જાહેર કરીને અમલી બનાવી શકાય. વર્તમાન પરિસ્થિતિમાં ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લાના દરિયા તટનો વિકાસ લાભકારકને બદલે હાનિકારક નીવડી રહ્યો છે. કચ્છનો દરિયા કિનારો માવજત માંગે છે, જે રાજ્યનું તંત્ર હોય તો જ સંભવિત બને.

- **HUMAN RESOURCE :**

આથી અગાઉ જોયું તેમ જો કૃષિ માટેની જમીનની ઉપલબ્ધિ એ જમા પાસું છે અને જો પાણીની ઉપલબ્ધિ એ ઉધાર પાસું છે તો ઘન ખનીજ એ બીજું જમા પાસું છે. અને તેથી પણ અનેકગણું વિશેષ એ ભૂતળમાંનું પ્રવાહી અને ગેસ સ્વરૂપનું વાયુ ખનીજ એ અદ્વિતીય અને જબરૂ જમા પાસું બની શકે તેમ છે.

રાજ્યને સ્થાપનાર, ચલાવનાર અને વિસર્જિત કરનાર મુખ્ય પરિબળ અંતે તો માનવી જ છે. જેટલી કુશળ આ સંપત્તિ, તેટલું વધારે સારૂં પરિણામ. નવા રાજ્યની રચનામાં વધારે કુશળતા જોઈએ. આ કુશળતા ત્યારે જ ખીલે, જો તેનો પાયો મજબૂત હોય! અને પાયો મજબૂત તો જ બને જો તેના શરૂઆતથી જ પાયાના માપદંડો સુચારુ હોય. આ માનવ સંપદાના પાયાના માપદંડોના વિચારથી પહેલા જો અત્યારની કચ્છની માનવ સંપદાની પરિસ્થિતિ જોઈએ તો પ્રશ્નો ઉઠે છે કે, અત્યારે જો કચ્છનું રાજ્ય મળી જાય તો તેનો સાચા અર્થમાં વિકાસનો પાયો નાખી શકે તેવી અને તેટલી માનવશક્તિ કચ્છ અત્યારે ધરાવે છે ખરું? પ્રવર્તમાન અને સ્થાપિત માનવ વિકાસ સૂચકાંકમાં આપણે ઘણા પાછળ છીએ. કુશળ વહીવટકર્તાઓ, ધારાસભ્યો, મંત્રીઓ, ન્યાયવિદો, ટેકનોલોજિસ્ટો અને અભ્યાસુઓ કે જે સાતત્યપૂર્ણ વિકાસ સાધી શકે તેવું માનવબળ કચ્છ પૂરું પાડી શકે તેમ છે ખરું? અને બહારનું ઉધારી માનવબળ તેવી લગની બતાવી શકે તેવું મળી શકે ખરું? હાલ તુરત તો તેનો જવાબ 'ના' માં છે. પરંતુ સારી કોઠાસુઝ ધરાવતી આ સંપદાને જો વિકસિત કરવામાં આવે તો તેની શક્તિ કદાચ સૌને ટક્કર મારે તેવી બની શકે. તો તેવે વખતે કચ્છનું રાજ્ય ભારતમાં અવ્વલ નંબરનું બને, જે બિલકુલ અશક્ય નથી.

અત્યારે આપણી સ્થિતિ તપાસીએ તો જોવા મળે છે કે, માનવ સંપદાના વિકાસમાં દુનિયાના ૧૮૭ દેશોમાંથી ભારતનો નંબર ૧૩૬મો છે અને ભારતમાં ગુજરાતનો નંબર ૧૧મો છે. અને આખા રાજ્યમાં કચ્છ જિલ્લાનો નંબર ક્યાંય પાછળ છે.

માનવ સંપદાને માપવાના દુનિયાએ અપનાવેલા માપદંડો મુખ્યત્વે પ્રાથમિક ૩ પ્રકારના છે.

૧. શિક્ષણ

૨. આરોગ્ય – તંદુરસ્ત અને દીર્ઘ (જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય)

૩. માથાદીઠ આવક (માનવ જીવનની પાયાની જરૂરિયાતો રોટી, કપડા, મકાન ઇત્યાદિને અનુલક્ષીને)

*ચારિત્ર્યથી બુદ્ધિ આવે છે, બુદ્ધિથી ચારિત્ર્ય નથી આવતું.*

આ ત્રણે માપદંડોને સરખા માર્કસ આપીને ઈન્ડેક્ષ નક્કી કરવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે.

શિક્ષણ : ૩૩%

આરોગ્ય : ૩૩%

માથાદીઠ આવક : ૩૩%

હવે ઉપર બતાવેલા ત્રણ સૂચકાંકોનો વિચાર કરીએ.

- **શિક્ષણ :**

આપણા બંધારણ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ એ રાજ્યની ફરજ અને બાળકોનો અધિકાર છે. રાજ્ય તે માટે બંધાયેલું છે. અત્યારે કચ્છમાં પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોની સંખ્યા આશરે ૨.૪૫ લાખ છે. જે જિલ્લાની વસતિના પ્રમાણમાં ૧૨.૨૫% જેટલી છે, જે પ્રવર્તમાન માપદંડો પ્રમાણે ૨૦% હોવી જોઈએ. તે દૃષ્ટિએ કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોની સંખ્યા ૪ લાખ જેટલી થવી જોઈએ. અલગ રાજ્યની આ જવાબદારી બને કે હજુ દોઢ લાખ બાળકો માટે શિક્ષણનું આયોજન કરવું પડે.

- **આરોગ્ય :**

જાહેર આરોગ્ય ક્ષેત્રે કચ્છ જિલ્લાની સ્થિતિ સારી નથી. ડૉક્ટરો, નર્સો, આયાઓ વગેરે સ્ટાફની ખૂબ જ અછત છે. અત્યારે કચ્છમાં આરોગ્ય ક્ષેત્રની ત્રણ સેવાઓ પ્રાથમિક, દ્વિતીય અને ટર્સરી – આ ત્રણેય પ્રકારોમાં ખૂબ જ ખર્ચ અને માનવ શક્તિની જરૂરિયાત છે. નવી પોસ્ટો ઊભી કરવી પડે અને ખાસ નાણાંકીય વ્યવસ્થા વિચારવી પડે. વિકસિત રાજ્ય કચ્છ તો જ બને જો ટર્સરી પ્રકારની સેવા સગવડો દીર્ઘ જેવી ઊભી કરવી પડે. અત્યારે કચ્છમાં વાસ્તવિક દૃષ્ટિએ કુલ જાહેર ક્ષેત્રના ૧૯ યુનિટો છે, જેની રાજ્યમાં સંખ્યા ૪૦૩ની છે. વસતિની દૃષ્ટિએ આ પાસાનો વિચાર કરવા કરતાં વિસ્તારની દૃષ્ટિએ તેનું આયોજન કરવું પડે.

- **માથાદીઠ આવક :**

માથાદીઠ આવકની બાબતમાં જિલ્લાની માથાદીઠ આવક કાઢવા માટેની કોઈ સ્વીકૃત ફોર્મ્યુલા હજી સુધી સ્થાપિત થઈ નથી. પરંતુ જુદા જુદા ક્ષેત્રોની ગણતરી કરતાં અને કચ્છનું જી.ડી.પી. વાર્ષિક ઘરગથ્થુ ઉત્પાદન જે રૂા. ૧૯,૦૦૦ કરોડનું આશરે થાય છે તેની સરખામણી જો ગુજરાતની અને ભારતની માથાદીઠ આવક અનુક્રમે રૂા. ૯૬,૯૭૬/- અને ૬૭,૮૩૯/- (૨૦૧૨-૨૦૧૩) સાથે કરીએ તો કચ્છની માથાદીઠ આવક ઘણી વધારવી પડે. આ ટેકનિકલ વિષય હોવાથી જિલ્લાની માથાદીઠ આવક હજુ કેટલાક આંકડાઓ સરકારમાંથી મળ્યા નથી તેથી ફાઈનલ ગણતરી થઈ શકી નથી. પરંતુ આ આવક જો અલગ રાજ્ય થાય તો પ્રમાણમાં ઘણી ઓછી નીકળે છે. (ભારતની અને રાજ્યોની માથાદીઠ આવક પધ્ધતિ પ્રમાણે કાઢવામાં આવે છે. પરંતુ જિલ્લાની માથાદીઠ આવક કાઢવાની સિસ્ટમ ન હોવાથી, કચ્છ જિલ્લાની માથાદીઠ આવકના આંકડા ઉપલબ્ધ થઈ શકેલ નથી. પરંતુ અન્ય રીતે ગણના કરીએ તો તે પ્રમાણમાં ખૂબ જ ઓછી હશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.)

- **નાણાંકીય :**

રાજ્યની રચના વખતે ખાસ વિચારવાનું પાસું એ નાણાંકીય સ્થિતિનો વિચાર છે.

રાજ્ય કેવુંક ચાલશે? પ્રગતિ કરશે કે નહીં? અત્યારે છે તેના કરતાં સારી કે વિપરીત પરિસ્થિતિમાં મૂકાશે? આવક અને ખર્ચનાં પાસાનો સુમેળ સધાશે કે નહીં? તેથી આવક અને ખર્ચને જોવા પડે.

*પ્રથમ આવક જોઈએ.*

આ આવક રાજ્યમાં મુખ્ય બે પ્રકારે આવતી હોય છે : મહેસુલના સ્વરૂપે અને મૂડીના સ્વરૂપે. રાજ્યની મહેસુલી આવકમાં કરની આવક અને કર સિવાયની આવક.

**કરની આવકમાં :**

૧. રાજ્ય સરકારના કરવેરા - કેન્દ્રીય કરવેરામાં હિસ્સો.
૨. કર સિવાયની આવક
૩. ગ્રાન્ટો અને કેન્દ્ર તરફથી ફાળો રાજ્યની કરની આવકમાં.

**રાજ્યની કરની આવક :**

૧. **વેચાણવેરો / વેટ**
   (૧) કેન્દ્રીય વેચાણવેરો
   (૨) રાજ્ય વેચાણવેરો
   (૩) વેટ
   (૪) અન્ય
૨. આવક અને ખર્ચ ઉપરનો કર
૩. જમીન મહેસૂલ
૪. સ્ટેમ્પ / નોંધણી
૫. રાજ્યની આબકારી
૬. વાહનો ઉપરનો કર
૭. માલ અને ઉતારાઓ પર કર
૮. વીજળી પર વેરો
૯. મનોરંજન કર
૧૦. અન્ય કરો અને વેરાઓ

**કેન્દ્રીય કરવેરામાં ભાગ :**

૧. નિગમ કર
૨. ઈન્કમટેક્ષ (નિગમ સિવાય)
૩. સંપત્તિવેરો
૪. સીમાકર

*ચારિત્ર્યનું નિર્માણ કરવું અને તેને સુધારવું એ જ માનવનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.*

૫. સેન્ટ્રલ એક્સાઈઝ
૬. સેવા કર (સર્વિસ ટેક્ષ)

આ ઉપરાંત રાજ્ય પોતે વિચારીને નાખી શખે તેવા નવા ટેક્ષો અને જૂના રદ કરે તેવા ટેક્ષો.

- **કર સિવાયની આવક :**

જેમાં ડિવીડંડો - મિલ્કતોના વેચાણો - ભાગીદારીઓ અને નફો - બોન્ડો ઇત્યાદિનો સમાવેશ થાય છે.

ગ્રાન્ટો સહાયક અનુદાનો (સ્કીમ વાઈઝ)

મહેસુલી આવક પછી મૂડી આવકને જોઈએ તો તેમાં

(એ) (૧) દેવું (જાહેર આંતરિક)
(૨) કેન્દ્ર સરકાર તરફથી ખાસ લોન અને પેશગીઓ
(૩) સાધનોપાય પેશગી / ઓવરડ્રાફ્ટ
(બી) આવતી વસુલાતો લોન અને ગ્રાન્ટોમાંથી
(સી) અન્ય મૂડી આવક.

આવકનાં મુખ્ય સ્રોત ઉપર પ્રમાણેનાં રહે છે.

કચ્છ રાજ્યની રચનાના વિચાર વખતે કેટલી આવક થશે તેનો આઈટમવાર વિચાર કરીએ તો ખ્યાલ આવે તે માટે આ અભ્યાસલેખ ઉપરછલ્લો હોવાથી ટૂંકો પડે કારણકે આઈટમવાર લેખાજોખા કરવા પડે તો જ અંદાજ આવે.

મોટા મોટા અંદાજ પ્રમાણે અત્યારના સંજોગોમાં કચ્છ જો રાજ્ય બને તો તેની કુલ આવક અંદાજે રૂા. ૩૫૦૦થી ૪૦૦૦ કરોડ વાર્ષિક થાય.

સૌથી મોટી આવક વેટની બને જે આશરે ૧૩૫૦ કરોડની થાય. જેથી વર્ષનું બજેટ ૪૦૦૦ કરોડનું થાય.

હવે ખર્ચનો વિચાર કરીએ. ખર્ચામાં મૂડી ખર્ચ અને મહેસુલ ખર્ચ બંનેમાં વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી એવા બે ભાગ બને.

- **બિનવિકાસલક્ષી ખર્ચમાં :**

૧. સામાન્ય સેવાઓ (પગારો ઇત્યાદિ)
૨. દેવાઓની ચૂકવણી
૩. સરકાર દ્વારા અપાતી લોન અને ગ્રાન્ટો આવે. જ્યારે તે સિવાયનું બાકીનું દેવું જેવું કે કૃષિ, સિંચાઈ, ગ્રામવિકાસ, ઊર્જા, ઉદ્યોગો, ખનીજ, સામાન્ય આર્થિક સેવાઓ, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સમાજ કલ્યાણ વગેરે લગભગ તમામ બાબતો આવરી લેવાય છે. જેમાં મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચ બંનેનો સમાવેશ થાય છે.

વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચનો અંદાજ ૮૦ : ૨૦નો હોય તો સારૂં ગણાય. ગુજરાતમાં આ અંદાજ ૭૦ : ૩૦નો છે એવું રાજ્ય સરકાર કહે છે, જે ચકાસણી માંગે છે.

કચ્છ નવું રાજ્ય બને તો મૂડી ખર્ચ - બિનવિકાસલક્ષી ખર્ચ ઘણું વધે, જે દેવું જો નજીકના ભવિષ્યમાં ન ભરાય તો કાયમનું દેવાદાર રાજ્ય બની જાય અને Cash Flow તેમજ મહેસુલી ખાધમાંથી ક્યારે પણ ઉગરી શકે નહીં.

૨૦૦૪-૦૫ ગુજરાત રાજ્યની આવી સ્થિતિ દેખાઈ ત્યારે CAG એ અંગે રાજ્યને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો ધ્યાન નહીં આપો તો રાજ્ય કાયમનું દેવાદાર રાજ્ય બનશે. તે વખતનું થોડું દેવું આજે વધીને પોણા બે લાખ કરોડે પહોંચ્યું છે અને હજુ ક્યાં જશે તે નક્કી નથી. માટે દેવાના ભારણનો સિધ્ધાંત એવો જાળવવો જોઈએ કે દેવાનું વાર્ષિક વ્યાજ રાજ્યની કુલ GDP ના ૩% કરતા વધવું ન જોઈએ – કચ્છનું નવું રાજ્ય જો બને તો આ ધોરણ જળવાઈ રહે તે બાબત કઠિન બની જાય.

મૂડી ખર્ચ - બિનવિકાસલક્ષી ખર્ચમાં નવું વહીવટ, નવી જગ્યાઓ, તેના પગારો, નવી નવી ઈમારતો, ન્યાયતંત્ર - સચિવાલય - વિધાનસભા ઇત્યાદિ અનેક (જે અંગે એક પુસ્તક જેટલું લખાણ થાય છે) વિભાગો રાજ્યના બજેટને કદાચ વ્યાજબી ન ઠેરવે અને કચ્છ ગુજરાત જેવું કાયમી દેવાદાર રાજ્ય બની જાય. જેની અસર ગુજરાતની જેમ લાંબાગાળે નહીં, પણ શરૂઆતથી દેખાવા માંડે.

કચ્છનું સંભવિત GDP ઘરગથ્થુ ઉત્પાદન રૂા. ૧૯,૦૦૦ કરોડનું થવા સંભવ છે. જેમાં ૩% એટલે કે રૂા. ૫૭૦ કરોડ જેટલું દેવું રાજ્ય કરે તો વ્યાજબી ઠરી શકે. નવા રાજ્યની રચનામાં આ રકમ ખૂબ જ ઓછી પડે.

- **કચ્છનું સંભવિત બજેટ :**

રાજ્ય બને તો કચ્છની સંભવિત કુલ આવક હાલ રૂા. ૪૦૦૦ કરોડની આસપાસ સંભવી શકે (જેમાં રૂા. ૧૩૦૦ કરોડ વેટની અને અન્ય વેચાણવેરા ઇત્યાદિની આવક રૂા. ૪૪૦ કરોડની મળી વેચાણવેરા અને વેટની કુલ આવક રૂા. ૧૭૪૦ કરોડ જેટલી થાય.)

ઉપર ઉપરથી જોતાં આ પ્રકારની નાણાંકીય સ્થિતિ જો સર્જાય તો, અલગ રાજ્યની રચના વ્યાજબી ઠરી શકે નહિ. જેથી નવા નાણાંકીય સ્રોતોનો વિચાર કરવો પડે. કચ્છના રાજ્ય માટે કચ્છનો દરિયા કિનારો અને ભૂતળમાં રહેલ વાયુ અને પ્રવાહી સ્વરૂપનું ખનીજ આ બંને એટલા બધા મોટા પાસાં છે, કે યોગ્ય સ્વરૂપે આયોજન અને અમલીકરણ થાય તો દેશનાં તમામ રાજ્યો કરતાં પ્રથમ પાંચમાં તે આવીને ઊભું રહે.

- **સલામતી :**

રાજ્યની રચના પછી જેમ જેમ વિકસિત થતું કચ્છ, દુનિયાને દેખાય તેમ તેમ સલામતી એ ચિંતાનો વિષય બને તેમ દેખાય છે. સરહદી સલામતી કચ્છ માટે મોટી ચેલેન્જ બની રહે. દરિયાઈ અને જમીન – આ બંને સરહદોને – કચ્છના અત્યારના વાતાવરણમાં, જે રીતે સામાજિક કે સાંસ્કૃતિક પરિસ્થિતિ છે, તે

*જ્યાં સુધી મનમાં કામ, ક્રોધ, મદ અને લોભ રહે છે ત્યાં સુધી મૂર્ખ અને પંડિતમાં કાંઈ ફરક રહેતો નથી.*

રીતે — સલામતી સ્વરૂપે સરહદી રાજ્ય તરીકે કચ્છ સ્થિતિને કઈ રીતે જાળવી શકે અને આવતી સમૃધ્ધિ ભૌગોલિક સ્થાન જોતાં ઈર્ષ્યાનું કારણ બની, વધુ ચિંતાજનક પરિસ્થિતિ પેદા ન કરે તેનો વિચાર કરીને આગળ વધવું પડે.

● **ધારાકીય :**

કચ્છનું જો રાજ્ય બને તો તે સુરાજ્ય હોવું જોઈએ. એટલું જ નહીં, પણ તે સરહદી રાજ્ય બનતું હોવાને કારણે સલામત રાજ્ય પણ બનવું જોઈએ. રાજ્ય સલામત બનાવવું હોય તો રૂલ ઑફ લૉ નું રાજ્ય હોવું જોઈએ અને તે ઈફેક્ટીવ રૂલ ઑફ લૉ નું રાજ્ય બનવું જોઈએ. એટલે કાયદાઓ વાસ્તવિક કડક, અસરકારક અને વ્યાજબી હોવા જોઈએ. આ પ્રકારનાં કાયદા ઘડવાની રાજ્યને એક તક મળે — જો કાયદા ઘડનારું અંગ અભ્યાસુ અને ડેડીકેટેડ હોય. એનો અર્થ એ થયો કે, કાયદા ઘડવા માટે વિધાનસભા અસરકારક હોવી જોઈએ. આઝાદી પછીના કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓ મહદાંશે વર્ગવિભાજનકારી અને વધારે પડતા ડિસ્ક્રીશનરી ઓથોરીટીઝ પેદા કરનારા રહ્યા છે. જેમકે રાજ્ય અને પ્રજા, શેઠ અને નોકર, મકાન માલિક અને ભાડુઆત, જમીનદાર અને ખેડૂત વગેરે. આ પ્રકારના કાયદાઓને કારણે માનવ સમાજ વિભાજિત થયો દેખાય છે. સરકારના હાથમાં વધારે સત્તાઓના ડિસ્ક્રિશને ભ્રષ્ટાચારને વેગ આપ્યો છે. જેથી અધિકારી વર્ગ અને પ્રજાની વચ્ચે કાયદાકીય સીસ્ટમનો પડદો જરૂરી છે. પ્રજાનો અધિકાર અને રાજ્યની ફરજ બતાવતાં કાયદાઓ પણ જરૂરી છે. આદર્શ રાજ્યની વિધાનસભા આ બધાથી ઉપર ઉઠવાની શક્તિ અને સામર્થ્ય ધરાવતી અને તે પ્રકારનાં કાયદા ઘડતી બને, તો કચ્છ રાજ્યની રચના સાર્થક થાય. અન્યથા તો અત્યારનાં જ્ઞાતિવાદી હરીફાઈના રાજકારણથી ચુંટાયેલા પ્રતિનિધિઓ કચ્છ રાજ્યની વિધાનસભાને ગુજરાતની વિધાનસભા કરતાં વધારે નિમ્ન કક્ષાની બનાવે તેવી સંભાવના દેખાય છે. આ પરિસ્થિતિમાંથી ઉગરવા પોલીટીકલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ્સ (જે પક્ષીય ઢાંચાઓથી અને ચૂંટણીની રાજનીતિથી પર હોય તેવી)ની જરૂરત છે. જો અલગ રાજ્યની ઈચ્છાશક્તિ દ્રઢ હોય તો જરૂર સંભવી શકે. અને તે માટે યુનિવર્સિટીમાં પણ તે પ્રકારનાં શિક્ષણ અને અભ્યાસો જરૂરી બને જેનો આજે સાર્વત્રિક અભાવ દેખાય છે. જો આ શક્ય બને તો દેશને દિશા ચીંધતું રાજ્ય કચ્છ જરૂર બની શકે.

ઉપર મુજબની સમગ્ર પરિસ્થિતિનાં સંદર્ભે જો અલગ રાજ્યની રચના થવી જોઈએ તેવો વિચાર દ્રઢ બને અને ગુણવત્તાની દૃષ્ટિએ વ્યાજબી જ ગણાય તો તેની રચનાની વાસ્તવિક પરિસ્થિતિ બંધારણીય રીતે કઈ પ્રક્રિયાથી સંભવી શકે એમ છે તે પણ જોઈ લઈએ.

બંધારણના આર્ટીકલ-૩ માં નવા રાજ્યની રચનાની જોગવાઈ છે. જે માટેની સત્તા પાર્લામેન્ટને છે, જે કાયદા દ્વારા તે કરી શકે છે. પરંતુ તેથી પહેલાનાં બે તબક્કા વ્યવહારૂ દૃષ્ટિએ ખૂબ અઘરા છે.

એક તો પાર્લામેન્ટમાં આ અંગેનું બીલ તો જ દાખલ થઈ શકે, જો રાષ્ટ્રપતિએ આ અંગે તેની ખાસ ભલામણ કરી હોય અને રાષ્ટ્રપતિ ત્યારે જ ભલામણ કરી શકે જ્યારે તેમણે ગુજરાત વિધાનસભાનું મંતવ્ય તે ખરડો મોકલીને જાણ્યું હોય. ગુજરાત વિધાનસભાનું આવા ખરડા પ્રત્યે મંતવ્ય કેવું રહેવા સંભવ છે તે જાણવું અઘરું નથી. જેથી આ બંને તબક્કાઓ એટલા બધા મુશ્કેલ છે કે અતિશય દબાણ અને વાતાવરણ વિના તે સંભવી શકે એવું જણાતું નથી.

***સમગ્રતયા જોઈએ તો નીચે પ્રમાણેનું ચિત્ર ઉપસે છે :***

**<u>ફાયદા</u> :**

★ કૃષિની જમીનનો ઉપયોગ.
★ ઘરગથ્થુ ઉત્પાદનમાં વધારો.
★ ખનીજ સંપત્તિમાં પેટ્રોલિયમ અને ગેસનું ઉત્પાદન (જે કદાચ કચ્છની કાયાપલટ કરી શકે.)
★ રોજગારીની તકોમાં વધારો.
★ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી લેન્ડ યુઝ મેપ પ્રમાણેનું આયોજન અને અમલીકરણ.
★ ભાવિ પેઢીઓનું કાયમ માટે સુખદ નિર્માણ.
★ બંદરોનો વિકાસ.
★ પાયાની સુવિધાઓમાં જબરો વધારો.

**<u>ગેરફાયદા</u> :**

★ પાણીની ઉપલબ્ધિમાં પરાવલંબિત. (અધિકારનાં બદલે મહેરબાનીથી)
★ શરૂઆતથી જ અણઘડ આવડતવાળો વહીવટ (જે કદાચ કાયમી બાળમાંદગી તરફ લઈ જાય.)
★ મોટા પ્રમાણમાં દેવું, જે રાજ્યને કાયમનું દેવાદાર બનાવે.
★ માંગ માટેનો યોગ્ય સમય અત્યારે નથી.
★ સરહદી રાજ્ય તરીકેની કાયમી જવાબદારી.
★ વર્તમાન પેઢીનું સમર્પણ.

● **ઉપસંહાર :**

સમગ્રતયા જોઈએ તો ઉપરના લખાણમાં ઘણાં મુદ્દાઓ અને પાસાઓ રહી ગયા હશે. હજુ પણ ઊંડા વિચારને અવકાશ છે. પરંતુ વિચાર માટે ઉપરનું લખાણ દિશાસૂચક બની રહેવા સંભવ દેખાય છે. લખાણ જૂના ડેટા આધારિત છે. નવો ડેટા મેળવવો અઘરો પડે છે. આમ છતાં જે કાંઈ મળ્યું તે પરથી આ તૈયાર કર્યું છે. મેં જે તે સમયે જ્યારે જ્યારે મોકો મળ્યો ત્યારે કચ્છનાં વિકાસને માટે કરેલા પ્રયાસો આત્મશ્લાઘા તરફ લઈ જતાં જણાય, તેથી વર્ણવ્યા નથી. અનેક ભૂલો રહી ગઈ હોવા સંભવ છે, જે બદલ ક્ષમાપ્રાર્થી છું. એક પ્રયાસ નિષ્ઠાથી ફરજ સમજીને કરેલ છે. ■

*ગુસ્સાનો આરંભ મૂર્ખાઈથી થાય છે અને અંત પશ્ચાતાપથી આવે છે.*

શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# કુદરતી ઉપચાર કેન્દ્ર



## કુદરતી ઉપચાર, યોગ અને પંચકર્મ કેન્દ્ર

### ફક્ત શુધ્ધ કુદરતી અને આયુર્વેદ નિદાન અને સારવાર પધ્ધતિ

★ નવીન સુવિધા અને નવા બાંધકામ સાથે ફરીથી સુસજ્જ સ્થિતિમાં શરૂ થયેલ નવ એકરમાં વ્યાપેલ કેન્દ્રમાં તમામ પ્રકારના રોગોની, તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ છે. સાથે રહેવાની ઉત્તમ સુવિધા માટે એ.સી. રૂમ, સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ ઉપલબ્ધ છે.

★ કેન્દ્રમાં ઓ.પી.ડી. અને આઈ.પી.ડી. દર્દીઓની વ્યવસ્થા અને સાથે કુદરતી ઉપચાર, યોગ, પંચકર્મ, ફિઝિયોથેરાપી, હેલ્થ સ્પા ફક્ત એક જ સેન્ટરમાં ઉપલબ્ધ.

**રોગોના ઉપચાર**

★ પેટ અને આંતરડાના રોગ
★ જૂની શરદી, એલર્જી
★ વાળ તથા ચામડીના રોગ
★ શ્વસનતંત્રના રોગ
★ પાચનતંત્રના રોગ
★ ઢીંચણનો દુઃખાવો, સોજો
★ મણકાનો ઘસારો
★ કમરનો દુઃખાવો
★ સાંધાનો દુઃખાવો
★ માનસિક તણાવ
★ સ્ત્રી રોગ
★ બ્લડપ્રેશર
★ મેદસ્વિતા
★ આમવાત
★ થાઈરોઈડ
★ હૃદયરોગ
★ પેરાલીસીસ
★ શરીર શુધ્ધિકરણ
★ ડાયાબિટીસ

વગેરે રોગોની સારવાર.....

**હોસ્પિટલની વિશેષ સારવાર**

★ પાણીની ચિકિત્સા
★ આહાર ચિકિત્સા
★ માટીની ચિકિત્સા
★ ચુંબકીય ચિકિત્સા
★ વિવિધ પ્રકારની માલીશ
★ શિરોધાર, નસ્ય, બસ્તી
★ ઔષધીય વરાળ સ્નાન
★ વાળ તથા ચહેરાની ઓર્ગેનિક ચિકિત્સા
★ બાળકોની માલીશ (૩થી ૧૨ વર્ષ)
★ વિવિધ પ્રકારના પેકેજ
★ એક્યુપંક્ચર અને રીફ્લેક્સોલોજી વગેરે

**યોગ ક્લાસ**

સવારે ૭.૦૦ થી ૮.૦૦ (સંયુક્ત ક્લાસ) અને
સાંજે ૫.૦૦ થી ૬.૦૦ (ફક્ત બહેનો માટે)

કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુંદાલા રોડ, મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.
ફોન : (૦૨૮૩૮) ૨૨૨૨૧૯

**ડૉ. પીયુષ આર. પટેલ (મો. ૯૪૨૯૨ ૨૮૪૪૬)**

E-MAIL : info@naturalcarekutch.com Website : www.natraulcarekutch.com

સમય : સોમવારથી શનિવાર સવારે : ૮.૦૦થી ૧.૦૦ અને સાંજે ૩.૦૦થી ૭.૦૦
રવિવારે સવારે : ૮.૦૦થી ૧.૦૦

સંસાર ચક્ર

# માનભર્યું મૃત્યુ : મનુષ્યનો જન્મસિધ્ધ હક્ક

• પ્રવીણચંદ્ર શાહ •

**ભારતની સર્વોચ્ચ અદાલતે ઈચ્છા મૃત્યુ અંગે દેશભરમાં ચર્ચા કરવામાં આવે તેવું સૂચન કરેલ છે. તેના કારણે સમગ્ર દેશના વર્તમાનપત્રો અને સામયિકોમાં એક અનોખી ચર્ચાનો માહોલ ઊભો થયો છે. ઈચ્છા મૃત્યુ એટલે 'યુથાનેશિયા' અથવા 'પેસિવ યુથાનેશિયા' વિષે ગંભીરપણે ચર્ચા કરવામાં આવે છે. કુદરતી નિયમ પ્રમાણે જે રીતે વ્યક્તિને જીવવાનો હક્ક મળે છે એ રીતે તેને મૃત્યુ પામવાનો પણ હક્ક હોવો જોઈએ તેવી સર્વસામાન્ય હકીકત લોકોના મગજમાં વહેતી હોય છે. પરંતુ અગર કોઈ ઈરાદાપૂર્વક મરવા માંગે અથવા આપઘાત કરે તો અત્યારના કાયદા પ્રમાણે તે ગુનેગાર બને છે અને એ ગુનો સજાને પાત્ર હોય છે. મનુષ્ય આપઘાત તો જ કરે કે જ્યારે એ ચારેબાજુથી ઘેરાઈ જાય અને જો આપઘાત કરવાના સમયે તે કોઈ પણ કારણસર બચી જાય તો તે એક વધુ તકલીફમાં – કાયદાના સકંજામાં – ફસાય છે અને આરોપી બને છે. આ તો પડતા પર પાટુ મારવાની વાત થઈ.**

**માનભેર મૃત્યુ વિષય પર મંગલ મંદિર, ઓગસ્ટ-૨૦૧૪ના અંકમાં તંત્રીલેખ લખવામાં આવેલ હતો. તેના અનુસંધાને એક રસપ્રદ આર્ટીકલ મુંબઈથી શ્રી પ્રવીણચંદ્ર શાહે 'મંગલ મંદિર'ના સજાગ વાચકોને કંઈક અંશે ઉપયોગી થાય તે અર્થે લખીને મોકલી આપેલ છે. જે અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે.**

**સુજ્ઞ વાચકો આ અંગે પોતાના અભિપ્રાયો લખીને મોકલી આપશે તો તે પણ પ્રસારિત કરવામાં આવશે.**

***– તંત્રી મંડળ***

'માનભેર મૃત્યુ : સર્વોચ્ચ અદાલત અને કેન્દ્ર સરકાર આમને સામને' ના વિષયની હકીકતી માહિતી આપતો 'મંગલ મંદિર'ના ઓગસ્ટ '૧૪ અંકનો તંત્રીલેખ મેં વાંચ્યો છે. તેમાં જળવાયેલી તટસ્થતા, ગંભીરતા અને માનવીય અભિગમ તરફના અંગૂલીનિર્દેશ માટે 'મંગલ મંદિર' સામયિક અને મુખ્યતંત્રી શ્રી અશોક મહેતા કદર પરસ્તિના હક્કદાર બન્યા છે.

કચ્છ અને કચ્છીઓ કેન્દ્રિત કચ્છમાંથી કે ગુજરાતમાંથી કે મુંબઈથી ૫૦-૬૦ દૈનિકો, પાક્ષિકો કે માસિકો પ્રકાશિત થતાં જણાય છે. આમાંના સરખી સંખ્યાના અખબારો, સામયિકો વાંચવાનું કે કાળજીપૂર્વક નજર કરતા રહેવાનું આ લખનારનું બહુ અરસાથી બનતું રહ્યું છે. સખેદ નોંધ લેવી પડે છે કે કચ્છ-યા-કચ્છીઓ કેન્દ્રિત ન તો કોઈ દૈનિકે યા પાક્ષિક - માસિક સામયિકે આટલા બધા મહત્ત્વની આવી જવલ્લે જ ઘટતી ઘટનાને આવરી છે કે છણી છે. કૂપમંડુક વિષયોની જ ઘાણીમાં પીલાતાં તેલ જેવા માહોલવાળા દૈનિકો - સામયિકોની પત્રકારિક વિકલાંગતા શક્ય ત્વરાથી ઘટે એમ જ ઈચ્છવું રહ્યું.

ઈચ્છા-મૃત્યુ યા માનભેર મૃત્યુ સંબંધે નામદાર સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે આ વિષય પરત્વે સમગ્ર દેશમાં તેની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવાનો આદેશ આપ્યો છે. આવી વિસ્તૃત વિચારણા - વિમર્શમાં સહભાગીદાર બનવાનો આ લેખનો આશય છે.

## • સાંસ્કારિક પરંપરા :

માનભર્યું મૃત્યુ યા ઈચ્છા-મૃત્યુ ભારતીય સાંસ્કારિક પરંપરા માટે કોઈ અજાણી, નવી બાબત નથી. પૌરાણિક કે શાસ્ત્રોક્ત રીતે પણ નવી રસમ નથી. ભારતીય સંસ્કૃતિની રગેરગમાં, DNAમાં વણોટાઈ ચૂકેલી બાબત અને વિષય છે. માત્ર ભારતીય સાંસ્કૃતિક ઈતિહાસમાં જ નહીં, દુનિયાના અન્ય અનેક દેશોની વિકસેલી અને વિલય પામેલી સંસ્કૃતિઓમાં પણ માનભર્યું મૃત્યુ યા ઈચ્છા-મૃત્યુની પ્રચલિતતાના અનેકાનેક નક્કર નિર્દેશો સાંપડતા રહ્યા છે અને સાંપડી રહ્યા છે.

મહાભારતના વિવિધ દસ્તાવેજીકરણોમાં પાંડવો અને દ્રૌપદીએ કરેલાં 'મહા પ્રસ્થાન'ના વૃત્તાંતોમાં રાજપાટ ભોગવ્યા બાદ, સાંસારિક દુનિયાના બધા જ સુખ સાહ્યબી તજીને મહાપ્રસ્થાન, મહાનિર્વાણ, પ્રલંબ મહાયાત્રા એટલે કે સ્વૈચ્છિક ઈચ્છા-મૃત્યુ કે માન-સન્માન સહિતની અંતિમ વિદાય વર્ણવાયેલા છે. મહાભારત પછીની સદીઓ દરમ્યાન કાશી-પ્રયાણ, કાશી-યાત્રા કે કાશી-સંગમ જેવા શબ્દોથી ઈચ્છા-મૃત્યુ કે માનભર્યો દેહવિલય સન્માન અને પવિત્રતા અને આધ્યાત્મિક વીરોચીતતાની ફોરમ સાથે એકરૂપ બની વપરાતો રહ્યો છે.

## • સંથારો :

પ્રમાણમાં ઘણી મર્યાદિત સમૂહ શક્તિવાળો, લઘુમતી વસતિ - વિસ્તારવાળો હોવા છતાંય દેશના જૈન સમાજે તો માનભર્યા મૃત્યુને કે ઈચ્છા-મૃત્યુને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનના એક બુલંદ શિખર સમાન સ્થાપેલું છે અને ઉત્કટ ભક્તિભાવથી લથબથ સન્માનેલું છે. જૈન સમાજ માનભર્યા મૃત્યુને, ઈચ્છા-મૃત્યુને માટે 'સંથારા' નામનો શબ્દપ્રયોગ કરે છે. એટલું જ નહીં તેને અચંબાયુક્ત વૈજ્ઞાનિક, આધ્યાત્મિક શિખર

*ક્રોધ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને અહંકારથી વધે છે.*

સ્થાને આરૂઢ કર્યા છે. જૈનો મૃત્યુને 'અંતિમ શુધ્ધિ' ગણે છે. જૈન તત્ત્વજ્ઞાન - સારાંશમાં મૃત્યુના ૧૭ પ્રકાર વર્ણવાયેલા છે. આમાંના બે પ્રકાર અકામ મરણ અને સકામ મરણ શબ્દોથી પણ ઓળખાય છે. સંથારાના અમલીકરણને પણ 'સાગારી સંથારો' અને 'અણગારી સંથારો' એવા બે વિભાગીકરણમાં વિસ્તારાયા છે. જૈન સંથારા સંબંધે અહીં આટલો નિર્દેશ બસ થશે.

- **મૃત્યુ પ્રકારો :**

માનવ જીવનના આખરી અંતને, મૃત્યુને આધુનિક સાંસ્કૃતિક, કાયદાકીય અને મેડિકલ સાયન્સની પરિભાષામાં મુખ્યત્વે પાંચ પ્રકારોમાં વિભાજિત કરાય છે.

**(૧) આત્મઘાત (અંગ્રેજી શબ્દ : સ્યુસાઈડ) :**

અત્યંત લાગણી કે હતાશા ભરપૂર માનસિક અનહદ સીમાંતક દશામાં ક્ષણિક આવેશની સુનામીની પળે વ્યક્તિ ખુદ પોતાના જીવનનો અંત આણે છે.

**(૨) સ્વૈચ્છિક મૃત્યુ :**

આ મરણ ઊંડા વિચાર વિમર્શ બાદ લાંબી કઠિન વૈદકીય (મેડિકલ) સારવાર પછી પણ જો સ્વયં નિર્ણય લેવાને કાબેલ હોય તો વ્યક્તિ કેમ, ક્યાં અને ક્યારે મૃત્યુ પામવું તે નક્કી કરી તેનો અમલ કરે છે.

**(૩) ડોક્ટરી સહાયથી મૃત્યુ :**

કોઈપણ વ્યક્તિને આત્મહત્યા માટે ડૉક્ટર દ્વારા સલાહ-સૂચન, માર્ગદર્શન અને જરૂરી સાધનોની સવલત પૂરી પાડવામાં આવે છે.

**(૪) એક્ટિવ યુથાનાસીઆ :**

આ પ્રકારમાં ડૉક્ટર દર્દીને એવું ઈંજેક્શન કે જલદ - મારક જીવલેણ દવા આપે છે કે જેથી દર્દીને (કાર્ડિએક એરેસ્ટ) હૃદયાઘાત નીપજવાથી દર્દી મૃત્યુ પામે છે.

**(૫) પેસિવ યુથાનાસીઆ :**

આ પ્રકારમાં દર્દીને આવરાયેલા જીવરક્ષક સાધનો (જેવા કે વેન્ટીલેટર્સ) સમુળગા ખસેડી લેવાય છે જેને પરિણામે દર્દી મરણશરણ થાય છે.

- **જન્મસિધ્ધ અધિકાર :**

બુધવાર, ૧૬ જુલાઈ, ૨૦૧૪ના દિવસની સુપ્રીમ કોર્ટની બંધારણીય, પાંચ ન્યાયમૂર્તિઓવાળી ધરખમ બેંચનો નિર્દેશ 'મંગલ મંદિર' ૫ ઓગસ્ટ, ૨૦૧૪વાળા અંકના તંત્રીલેખમાં સુપેરે કરાયો છે. 'કોમન કૉઝ' (Common cause) નામની જે સેવાભાવી (NGO)ની અરજીની સુનાવણી આ ધરખમ બેંચ સમક્ષ થયેલી ત્યારે અરજદાર સંસ્થા વતીથી અત્યંત સબળ રજૂઆત કરનાર દેશના ભારે ખ્યાતનામ કાયદા નિષ્ણાતોમાંના એક, પ્રશાંત ભૂષણે માનભર્યા મૃત્યુ અંગે કરેલી અનેકવિધ પાસાંઓવાળી ચોટદાર રજૂઆતોમાંની એક 'લીવીંગ વીલ' (Living Will)ની પણ હતી. તેનો સંક્ષિપ્ત સારાંશ એ હતો કે કોઈપણ દવા, ઔષધ કે ઈંજેક્શન કે અમુક પ્રકારની સારવાર જો દર્દી લેવા ન માંગતો (કે માંગતી) હોય તો તેમ કહેવાનો તેનો હક્ક - અધિકાર તો આપણા દેશની સારવાર પ્રક્રિયામાં બેશકપણે સ્વિકારાયેલો જ છે. જો આ હક્ક - અધિકાર સ્વિકારાયેલો જ છે, તો કોઈ પણ વ્યક્તિ - સ્ત્રી કે પુરુષ - માનસિક રીતે બિલકુલ સ્વસ્થ અને સાજો નરવો (કે સાજી નરવી મહિલા) એમ કેમ નક્કી ન કરી શકે કે તેની હયાતી દરમ્યાન જો તે કોઈ અસાધ્ય રોગનો ભોગ બને અને સદંતર, સદંતર મેડિકલ ટ્રીટમેન્ટથી બિલકુલ હતાશ થઈ, વાજ થઈ ચૂક્યો હોય, ફરી તંદુરસ્ત થવાની કોઈ શક્યતા ન જ રહી હોય ત્યારે ડૉક્ટરોએ એને જીવંત રાખવાના પ્રયાસો અને સારવાર ન જ કરવા, તેવી પોતાની ઈચ્છાનું વીલ (ઈચ્છાનામું) કરવાનો તેને હક્ક - અધિકાર હોવો જોઈએ. એટલે કે ભારતીય નાગરિકને જીવવા માટેનો હક્ક - અધિકાર દેશના પવિત્ર બંધારણમાં સ્વીકારાયેલો જ છે. તે જ રીતે તેના ઈચ્છા મૃત્યુનો હક્ક - અધિકાર પણ અબાધિતપણે સ્વિકારાવો જોઈએ.

- **કાયદો અને આપઘાત :**

એક હકીકતી બાબત નોંધવા સરખી છે. આપઘાત દ્વારા પોતાના જીવનનો અંત આણવામાં નિષ્ફલ નીવડેલી વ્યક્તિને ઈન્ડિયન પીનલ કોડની કલમ-૩૦૧ હેઠળ ગુનેગાર ગણવામાં આવે છે, તેની ધરપકડ કરાય છે, તેને તહોમતદાર બનાવી તેની સામે કેસ ચલાવાય છે અને આપઘાત કરવાના ગુના સબબ તેને જેલ યા દંડ યા બંનેની સજા કરવામાં આવે છે.

આપણા દેશમાં પ્રવર્તમાન આ ધારાકીય સ્થિતિ ભારે વિવાદાસ્પદ છે અને દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટની અભ્યાસ અને અભિપ્રાયિક ચિંતન - મનનનું હનન કરનારી છે. તેના અનેક દૃષ્ટાંતોમાંથી ચાર જ ઉપર નજર ફેરવી લેવા ઉપયોગી બને તેમ છે.

**(૧) ૧૯૯૪ :** પી. રથીનમ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (એટલે કે ભારત સરકાર) વાળા કેસના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ઈન્ડિયન પીનલ કોડના (આપઘાત અંગેના) સેક્શન-૩૦૧ હેઠળ આપઘાતને ગુનો ગણનારો કાયદો નિર્દય છે અને અતાર્કિક (ઈરરેશનલ) પ્રમાણભાન-વિહીન છે. આ સેક્શન દેશના નાગરિકને બમણી સજા કરનારૂં છે. અસહ્ય આંતરિક આધિ, વ્યાધિ અને ઉપાધિની અપાર વેદનાથી બચવા વ્યક્તિ આપઘાત કરવા પ્રેરાય છે. તેમાં નિષ્ફળ નીવડતાં સેક્શન-૩૦૧ હેઠળ તકસીરવાર ઠરીને બમણી સજામાં ફંગોળાય છે.

ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

**(૨) ૧૯૯૮ :** કે. ચીત્તિલાપ્પીલી વિરુધ્ધ એરનાકુલમ સબ કોર્ટ (વાળી અપીલમાં) એક વ્યાપારીએ નામદાર સુપ્રીમ કોર્ટ પાસેથી કુદરતી મરણ પામવા માટેની અનુમતિ માંગતી અરજમાં જણાવ્યું હતું કે તેની ૭૦ વર્ષની ઉંમર બાદની હયાતી દરમ્યાન જો તે કોઈ અસાધ્ય રોગનો ભોગ બને તો મારી વૃધ્ધાવસ્થાનું આયોજન હું પોતે જ ખુદ જ કરવા ઈચ્છું છું. જેથી મારા સગાવહાલાઓ પર હું બોજારૂપ ન બનું. મારી રોજિંદી જીવનક્રિયા હું જાતે પોતે આટોપી ન શકું તો હું દયાપાત્ર બની જીવવા માંગતો નથી. પણ શાંતિભર્યું મૃત્યુ પામવા માગું છં અને બીજા કોઈના જ ઉપર ભારરૂપ બનવા માંગતો નથી. મને આવી અનુમતિ મળવાની અરજ છે....'

**(૩) ૧૯૯૭ :** સી.એ. થોમસ માસ્ટર વિરુધ્ધ કેરાલા હાઈકોર્ટ (વાળી સુપ્રીમ કોર્ટ સમક્ષની અપીલમાં) કેરાલાના થિસ્સુર જિલ્લાના પાવરાટ્ટી ગામના રિટાયર્ડ સ્કૂલ શિક્ષકે પોતાની અરજમાં સ્પષ્ટ કર્યું હતું કે ઈચ્છા મૃત્યુ માટેની તેની અરજ નથી, પણ ક્યાં મૃત્યુ પામવું, કયા સમયે મૃત્યુ પામવું અને કઈ રીતે મૃત્યુ પામવું તેના હક્ક - અધિકાર માટેની આ અપીલ છે. મૂળ આ અરજ તેણે કેરાલા હાઈકોર્ટને કરેલી. હાઈકોર્ટે આ અરજ નામંજૂર કરેલી. તે પછી ૪ વર્ષે ૮૬ વર્ષની ઉંમરના આ જૈફ રિટાયર્ડ શિક્ષકે ગળે ફાંસો ખાઈને આપઘાત કરેલો. આપઘાતથી પહેલાં તેણે લખેલી નોંધ - ચિઠ્ઠીમાં જણાવેલું કે 'મૃત્યુ કરતાંય (દુન્યવી) બંધનોનો બોજો અત્યંત અસહ્ય રહ્યો છે. કાશ! કોઈને પણ આવી અસહ્ય યાતનાની જ્વાળામાં જલવું ન પડે.'

● **ગાંધી સિધ્ધાંત :**

ઈચ્છા-મૃત્યુ, દયા - મૃત્યુ, છુટકારા - મૃત્યુ જેવા વિષય અંગેનો ગાંધીજીનો અભિગમ શું હતો?

બનેલું એવું કે અમદાવાદ ખાતેના ગાંધીજીના સાબરમતી આશ્રમમાંના ગાય-ભેંસ-બકરીઓવાળા સમૂહમાંના એક વાછરડાને ગંભીર ઈજા પહોંચી અને લંગડું બની જતાં પારાવાર વેદનાથી સબડવા લાગ્યું. પશુઓના વેટરનરી ડૉક્ટરોએ અનેકાનેક પ્રયાસો - સારવાર કરી પણ બધી નિષ્ફળ નીવડી. વાછરડું અસહ્ય, પારાવાર વેદનાથી અનહદ ત્રસ્ત હતું. છેવટે તેની પારવાર વેદનામાંથી છૂટકારો અપાવવા તેનું મરણ નિપજાવાયું. આ ઘટનાએ ભારે ઉહાપોહ સર્જ્યો અને ગાંધીજી ઉપર રોષ, ક્રોધ, ગંભીર નારાજગીના પત્રોનો વરસાદ વરસ્યો. તે સંબંધે ઓક્ટોબર, ૧૯૨૮ના એમના તંત્રીપદ હેઠળના 'નવજીવન'માં ગાંધીજીએ પોતાની દૃષ્ટિ, અભિગમ અને સૈધ્ધાંતિક પાયાના ખુલાસામાં જણાવ્યું :

"....પેદા થયેલા સંયોગો અને પરિસ્થિતિમાં મને એમ લાગ્યું કે માનવતાની જાળવણી માટે વાછરડાંની પારાવાર અસહ્ય વેદનાનો અંત લાવવા તેના જીવનનો જ અંત લાવ્યા સિવાય કોઈ આરો નથી. આખાય મામલાની રજૂઆત બધા આશ્રમવાસીઓ સમક્ષ મૂકાયેલી. આખરે પૂરેપૂરી વિનમ્રતા અને અત્યંત સ્પષ્ટ વિચારસરણીના નિર્ણયરૂપે, મારી પોતાની હાજરીમાં ડૉક્ટર દ્વારા વેદનાત્રસ્ત વાછરડાંને મારક ઝેરનું ઈન્જેક્શન આપવામાં આવ્યું. બધું ફક્ત બેએક મિનિટમાં જ આટોપાઈ ગયું. વાછરડાં માટે જે સિધ્ધાંત મેં અમલી બનાવ્યો, શું એ જ સિધ્ધાંત હું મનુષ્ય માટે પણ અમલી બનાવું? શું મારા ખુદના પોતા માટે પણ એ જ ઉપાય યોજું, જે વાછરડાં માટે અમલી બનાવેલો? મારો જવાબ છે, હા. હું એ જ કરું, જે વાછરડા માટે કર્યું. દર્દીની પીડા ટાળવા જ્યારે ડૉક્ટર શસ્ત્રક્રિયા કરે છે તે જેમ હિંસા નથી તેમ અનિવાર્ય સંયોગોમાં યાતના ભોગવનાર પીડિતને બચાવવા તેનો જીવનદીપ બુઝાવવો એ જ માત્ર યોગ્ય ઈલાજ છે."

*૭, ડફોડિલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*ટક્કા રોડ, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨*

## આસમાની આફતો... સુલતાની સીતમો....

**(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

જાહેર શાંતિનો ભંગ થાય એ રીતે આરતી કરવાની છૂટ છે. ત્યાં માઈકમાં નમાઝ પઢવામાં આવતી નથી. જાહેર માર્ગો પર વરઘોડા, ધાર્મિક જૂલુસો, કથા-કીર્તન, હોમ-હવન, પોથી યાત્રાઓ કે રેલીઓ... કશું જ નીકળતું નથી. આપણા ધર્માંધ દેશની પ્રજાને જ આવા અબૌદ્ધિક ઉધામા પરવડે છે.

અમેરિકાના હિન્દુમુસ્લિમો નાસ્તિક નથી. સૌ સમયે સમયે તેમની ભક્તિ કરે છે. પણ તે માટે ધર્મને રોડ પર ખેંચી લાવવાની ભૂલ તેઓ કરતા નથી. તેમ કરવા ચાહે તો ય સરકાર કરવા દેતી નથી. ત્યાં પ્રત્યેકને વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ધર્મ સ્વાતંત્ર્ય છે. ઈશ્વરને ભજો કે ના ભજો અથવા આ ધર્મ પાળો કે પેલો ધર્મ પાળો, કોઈ બાધ નથી. સરકાર કેવળ એટલું ઇચ્છે છે કે દેશના કાયદા સૌએ સરખી રીતે પાળવા. ઘર આંગણે ગમે તે ધર્મ પાળો પણ કોઈની ધાર્મિક હરકતોથી ત્યાંની જાહેર શાંતિનો ભંગ ન થવો જોઈએ. સરકાર તે અંગે પૂરી કડકાઈ રાખે છે. બુદ્ધિપૂર્વકના આયોજનને કારણે ત્યાં પ્રગતિ થઈ છે. રામમંદિર કે બાબરી મસ્જિદ જેવા ધાર્મિક દંગલો ત્યાં થતા નથી. દરેક માણસ કામમાં વ્યસ્ત હોય છે. પ્રજા ૨૪ કલાક મહેનત કરે છે. શ્રમયજ્ઞ એ જ પ્રગતિ અને ઉન્નતિ માટેનો સાચો કર્મકાંડ છે એવું ત્યાંની પ્રજાને સમજાઈ ચૂક્યું છે. આપણને એ ક્યારે સમજાશે?

સમજો તો સાવ સહેલું સત્ય એ છે કે સમાજમાં ક્ષુલ્લક પ્રભુભક્તિ કરતાં નક્કર રચનાત્મક કાર્યોનું જ વિશેષ મૂલ્ય છે. સો સજ્જનો સાત દિવસ સુધી એક સ્થળે બેસી રામકથા સાંભળ્યા કરે તેની તુલનામાં કોઈ એક માણસ કેવળ એક દિવસ માટે પણ ભૂકંપ પીડિતોની સહાયમાં લાગે તે વિશેષ ઉપયોગી બાબત લેખાય. જન સેવા એજ પ્રભુસેવા!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો : ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*અત્યંત ક્રોધી સ્વભાવવાળો, આંખ હોવા છતાં પણ આંધળો છે.*

વિચાર વિમર્શ

# લાલ લાલ ચુંદડી

• ડૉ. ગિરીશ વીછીવોરા •

ફરી એકવાર ગુલમહોર રાતાંચોળ થતાં જાય છે. હર દિવસે ઘણાં સમીપે જવાનું થાય છે. લાલાશ દિવસે વધે એના કરતાં રાત્રીએ વધતી ચાલી છે. કોને જોઉં ને કોને ભૂલું? એ બધા તો પોતાનાં નેણમાં નંદલાલને જ આંજી બેઠા છે. નંદલાલે રંગોત્સવ યોજ્યો લાગે છે. લાલચોળ ગુલમહોર તો દૂરથી તરત પરખાઈ જાય. નોખાં તરી રહે. ધ્યાન ત્યાંજ કેન્દ્રિત થાય. નંદલાલજીના એ હેડક્વાર્ટર હોઈ શકે. આટલો બધો વનવહીવટ અને વનવૈભવ નંદલાલ સંભાળે તો એ કંઈ એકલા હાથનો ખેલ હોઈ શકે? વળી નંદલાલ તો નાચતાં નાચતાં જ કોઈના નેણમાં સમાઈ પણ જાય ને કહી બેસે, ઠીક છે, તમે તમારું કામકાજ સંભાળો. મારે તો આ નરવા નેણની નરમાશ માણવી છે એટલે આજ પૂરતો અહીંજ ઉતારો. ને કાલની કોને ચિંતા છે? નંદલાલ એ બધું કહી શકે, કરી શકે. એમને બધું પરવડે. એમનો વહીવટ અને કારભાર એટલો સક્ષમ, આગળ પાછળની જરાપણ ચિંતા નહિ. એમ.બી.એ.ના બધા કેન્દ્રોના રેંકહોલ્ડર એમણે આગળથી જ બુક કરી લીધા હોય છે. આવા રેંકહોલ્ડરો પોતાના હાથ નીચે પણ એવાજ ચુનંદા અમલદારો રાખે એટલે પછી બળ બળને ઠેલે સમુસુતરું ચાલતું રહે ને કાળાડિબાંગ શ્યામ પર જરા પણ ડાઘ ન દેખાય.

લાલ રંગની જ વાત કરવી કે રંગવૈભવમાં રાચવું? સવારમાં ભગવાનના દર્શન કે નામ લેવાની જરૂર મને તો ક્યારેય વરતાઈ નથી. ઘરની આજુબાજુ ભગવાને - રંગવૈભવે ઘેરો જ ઘાલ્યો હોય પછી એનાથી અલિપ્ત કેમ રહી શકાય? પાછી એમની અંદર અંદરની હરીફાઈ જોઈ તાજ્જુબ થઈ જવાય. ઊંચા તાડ જેવા, લીલાંછમ પાંદડાંને મુગટ પીળા પીતાંબર જેવાં ફૂલોનો પિનાકપાણિને પીતાંબર તો રોજ બદલવું જ પડે. નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણને ભક્તનું ભલું કરનાર તરીકે પ્રખ્યાત કર્યા છે, એવી એમની એક બ્રાન્ડ ઊભી કરેલી છે. એટલે વહેલા નાહી-ધોઈ પીતાંબર બદલાવતા હશે તે સવારના આંખો ચોળી જોઈએ તો ઉતારેલ પીતાંબરનાં ઢગના ઢગ ને પૂંજના પૂંજ પગથારની પડખે પડ્યા હોય ને તરુવર હલકાંફૂલ થઈ નવાનક્કોર પીતાંબર ધારી બિભાસ રાગ છોડી બેઠેલા દેખાય.

બળિયાના બે ભાગ કહેવતને સુધારવી પડશે. આ ગોવાળિયો બળિયો તો ખરો, બાહોશ પણ તેવો જ. જુઓને ચુનંદા વેપારીની જેમ બજારમાંથી બધો માલ ઉસરડી, વખાર ભેગો કરી, ખેલો કરે ને મનમાન્યા ભાવ લે. લાલ પીળા તો ખરાજ, બધાં રંગમાં જમાવટ કરી બેઠા છે દેવકીના જાયા. રસ્તા પર ગાડી વહેતી રહે તો ‘જ્યાં જ્યાં મારી નજર ઠરે’ કહેતા કલાપી યાદ આવે. રસ્તાની બન્ને કોરે તો ખરાજ, વચલી ભાગલા પાડતી પગથાર પર પણ અડ્ડો એમનો જ હોય. ક્યાંક શુભ, ધવલ ચાદર ઓઢેલ હરખપદુડુ નાનું નટખટ, નટવર થઈ ઊભેલું કોઈ વૃક્ષ દીસે. કૃષ્ણની બંસીએ ડોલતું દીસે. ક્યાંક ગુલાબી, ક્યાંક ભૂરા, ક્યાંક કિરમજી અને ક્યાંક વાદળી. વળી પાછી એમની વિવિધ ઝાંય. રાગ અને એની રાગીણીઓ. કૃષ્ણને કંઈ કામ ધંધો નહિ હોય! ભાઈસાહેબ, હર છોડ પર, હર વૃક્ષ પર, અરે એની ડાળીને ડાળખી પર લહેરથી લીલા કરતો દેખાય. મન મોહી લે. ઘડીભર થંભી જવાય. બોલાવે પણ ખરો. લાલચ આપે. લાલચુ થવાની નોબત પણ મનમાં વાગી ઊઠે. સાવધ થઈ જવાય. ભઈ એ તો નટખટ, નટવર નાનકડો બાળ! એને ક્યાં દુનિયાદારીની પડી છે. સદાસર્વદા ગોપીઓ સાથે જલસા કરતો રહે છે. એને એ બધુ પોષાય, આપણું કામ નહિ. ક્યારેક આંખ મિંચોલી કરી લે. કહે, આવ તો ખરો, જરા પ્રેમરસ પી તો ખરો! બધું ભૂલાઈ જશે. પાગલ થઈ જશે. ભઈ, પાગલ થવા માટે તો આ જિંદગી મળી છે. ડાહ્યો થા, એનાથી વધુ શું કરું?

આજ સવાર જરા અનોખી રહી. નીચે ઉતર્યો. ગાડીમાં બેસતાં પહેલાં આજુબાજુનાં સર્વ વૃક્ષોને ભેટી લીધું. બધાનાં વદન પરનો મલકાટ ને તરવરાટ માણ્યો. નીકળ્યો તો ખરો, તરુવર મનમાંથી ન નીકળ્યા. સવારનાં પાંખા ટ્રાફિકમાં ગાડી ભાગતી રહી અને અહીં તહીં લુસલુસ નજર ખાતી રહી. વાડિયા હોસ્પિટલ યુગ્મ આવ્યું ને જમણે આવી કોલેજ અને હોસ્ટેલ. રાઈટમેં અંદર લે લો. ચમકેલા ડ્રાઈવરે ગાડી અંદર લઈ લીધી. અંદરની સુમસામ શાંતિ વચ્ચે શોરબકોર મચી ગયો. કોને ભૂલું? મારા હૈયાના શોરબકોરને કે કોલેજના પ્રાંગણમાં ઊભેલી પીઢ ઠાવકી ઠરેલ વનરાઈના કલશોરને! સર્વ મારાં દિલોજાન દોસ્તો બની ગયાં છે અડધી સદીથી વધુ સમયથી. હર તરુને શિખરે મુરલી બજાવતો કહાન નશીલાં નયને ઊભો છે. તરુવરો આનંદની ધ્રુજાટભરી કંપારીએ ધ્રુજારા અનુભવી રહ્યા છે. જાણે કહી રહ્યા હોય, આજે ઊજાણી થઈ જશે.

નંદલાલે મારો કેડો ક્યારેય છોડ્યો નથી. કૃષ્ણે ક્યારેય કરારભંગ કર્યો નથી.

જુઓને, નાતો તો બાળપણથી જ બંધાયો. ખેતરને શેઢે તરુવર ભલે કાંટાળુ બાવળ કે ખેર હોય, આ ભાઈ ટેસથી ત્યાં મહાલે. લલચાવે. જરાક મલક્યા કે ગયા કામથી! ઠેકડા મારતો સંગાથે ઘુમતો જ રહે.

દોસ્તારી વધી જ ગઈ. એટલે તો જે નોરતે દ્રૌપદી નાટક હોય ત્યારે મારો દ્રૌપદી

*ક્રોધને કડવા વેણ સાથે વિશેષ મેળ હોય છે.*

ભાવ ઊભરાઈ આવે ને એને સાવધ કરી દઉં. જોજે આજે ખરે ટાણે ટાણું ચૂકતો નહિ. જરાક મલકાટ સિવાય હરામ એક હરફ ઉચ્ચારે.

પણ એવી બધી વાતો ક્યાં કહી રહ્યો છું.

ઈન્ટર સાયન્સના કેમિસ્ટ્રી પ્રેક્ટીકલમાં એણે મારી ખરી પરીક્ષા લીધી. ગ્રેવીમેટ્રિક પ્રેક્ટીકલ લગભગ પૂરું કરવાની અણી પર હતો ને વજનનાં કાંટાને ફંફોસતા મને પાછળથી કોઈનો ગોદો લાગ્યો. પાવડર ઢોળાઈ ગયો. ઢોળાઈ ગયા મારા ડોક્ટર થવાના સ્વપ્ન. પણ હતપ્રભ હું હતો. હરામ બરોબર હાજર થયેલા જશોદાના જાયાને જરા પણ ફિકર હતી. જરાક મલકાટ, મારા ઘડિયાળ પર એની નજર જે કહી રહી હતી, હજી ઘણો સમય છે. એટલું જ નહિ અંગ્રેજીમાં જ ફેંક્યું, Try again.

ચૂપચાપ ફરી બધું કર્યું. સમયસર બધું પતાવી, બહાર ઉભેલા ડેમોન્સ્ટ્રેટરે પોતાના રજિસ્ટરમાં જોઈ બધું ખરું હોવાની ખાતરી આપી કે ભાઈસાહેબ નટખટ નાઝનીનની જેમ આંખો નચાવતા જોડાજોડ ઊભા રહ્યા. કહે, હવે છોડને લપ, ચાલ આજે પાંચ બગીચામાં હીંચકા ખાઈએ. હીંચકતાં એની લુચ્ચાઈભરી આંખ જોઈ આભો બન્યો. સાવધ થયો ને છેવટે કમાન છટકી. હીંચકો ઊભો રહ્યો. એનો હાથ પકડી લીધો. બોલ, ગોદો કોણે માર્યો? કૃષ્ણ જેનું નામ! હસતા હસતાં જ હા કહી ઉમેર્યું, તું જરા છકી ગયો હતો. બધું ખરું હતુંને. થયું, લાવ તને ધરતી પર લાવું!

કોલેજ, મ્યુઝિયમ, હોસ્ટેલ કે લાવલશ્કર જેવી હોસ્પિટલ, કૃષ્ણનો ભેટો ન થયો હોય એવી કોઈ જગા રહી નથી. એનેટમીના ડિસેક્શન હોલમાં લાંબી સુતેલી હર લાશને શિરે કૃષ્ણ શોભે. ડિસેક્શન કરવા હોલમાં પગ મુક્યો કે ધન્ય થઈ જવાય. અહોહો! આ કનૈયાલાલ કાળુડો કહાન હર નવી લાશના શિરે મોરપીંછ બની બેઠો હોય ને દરેકની પ્રદક્ષિણા કરવા મજબૂર કરે. સહપાઠી વેવલો કહે તો શું થયું! અમે સંત નો'તાજ. કાપકૂપ કરતાં છેડછાડ થતી જ. કૃષ્ણ કોને ખબર ક્યાંથી ફૂટી નીકળે. લાલ આંખે તીખાશભર્યા સ્વરે બોલે, મડદાંઓનો તો જરા મલાજો રાખો! એકાએક ચૂપ થઈ ગયેલા મને જોઈ સહપાઠી વિલાયેલા વદને બોલી ઊઠે, તું તારી કૃષ્ણલીલા પૂરી કર. નકામો અહીં આવી ચડ્યો. એક સીટ ફોક્ટ ગઈ.

અબ તો બાત ફૈલ ગઈ.... હવે તો વણઝાર વહી ગઈ છે. કિનારો ઢૂકળાં છે. આખા રસ્તે વણઝાર ભેગો વહેનાર વાસુદેવનો જાયો થોડા માટે શું કામ મેણું સાંભળે. કોઈ તક એણે છોડી નથી. પરીક્ષા હોય, અગ્નિ પરીક્ષા હોય કે જીવનની આંટીઘૂંટી હોય, હસતા ચહેરે હાજરાજુર રહ્યો છે. એના સહચર્યે જીવનરસ પીધો છે. એની બંસરીના સ્વર હંમેશાં હૃદયને ઝકૃત કરતા રહ્યા છે. લ્યો, એનાથી અધિક હું શું માગું? મારે ચિનગારી માગવાની જરૂર ખરી?

*૫૦-૪, રામસદન*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*



# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર



## ઍંકરવાલા અહિંસાધામ

**An ISO 9001 : 2008 Certified**

**મુંબઈ કાર્યાલય :** ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬
**કચ્છ ઓફિસ :** પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨
ઈ-મેઈલ : ahinshadham_kutch@yahoo.co.in ● વેબસાઈટ : www.ahinsadham.org

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)
- ગોપાલ સ્મૃતિ મંદિર
- ૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU
- અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ
- ઓડિટોરીયમ
- યાત્રિકો માટે ભોજનશાળા

**દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.**

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- ૩૫ એકરનું વિશાળ ઍંકરવાલા નંદી સરોવર
- પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.

**આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....**

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

- Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551
- Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006
RTGS / IFSC Code : ABHY0065024

# આસમાની આફતો... સુલતાની સીતમો... અને ઈન્સાની અરાજકતાઓ

• દિનેશ પાંચાલ •

છેલ્લા વીસેક વર્ષથી એક વખોડવાપાત્ર દૂષણ ગુજરાતમાં વકરી રહ્યું છે. તે છે જાહેરમાર્ગો પર નીકળતા વરઘોડા. ધરતીકંપથી આખુ ગુજરાત ધણધણી ઊઠ્યું હતું ત્યારે પણ લોકોએ રોડ પર રાસડા લીધા હતા. દસ હજાર ફટાકડાની લૂમો સળગાવી હતી. સમજદાર લોકોએ ભોજન સમારંભ રદ કર્યા અને સાદાઈથી પ્રસંગ આટોપ્યો. પરંતુ કઠોર કાળજાના માણસો ભૂકંપની ગોઝારી ઘડીમાં પણ રોડ પર નાચ્યા વિના ન રહી શક્યા. દક્ષિણ ગુજરાતમાં આ દૂષણ વિશેષ પાંગર્યું છે. સરકાર અને પ્રજાના સહિયારા સહકારથી નભતી એવી ગેરરીતિઓનું લિસ્ટ લાંબુ છે. થોડાંક ઉદાહરણો પર નજર કરીએ.

વર્ષોથી કેટલાંક ફિલ્મી કલાકારો પૂરો ઈન્કમટેક્ષ ભરતાં નથી. દસ વાર 'બેસ્ટ એક્ટર' નો એવોર્ડ જીતી ગયેલો કલાકાર એકાદ વર્ષે પણ 'બેસ્ટ ટેક્ષ પેયર' નથી સાબિત થતો. સમયે સમયે વર્તમાનપત્રોમાં તેમના નામે બાકી બોલતા ટેક્ષના આંકડાઓ રજૂ થાય છે. સમાજનો અદનો આદમી ટેક્ષની ગણતરીમાં સરતચૂકથી કોઈ ભૂલ કરી બેસે તો તેને આકરો દંડ કરવામાં આવે છે. પરંતુ મોટા માથાઓનો વાળ વાંકો થતો નથી. *(ન્યાયનીતિ સૌ ગરીબને, મોટાને બધું માફ. વાઘે માર્યું માનવી તેમાં શો ઈન્સાફ?)* બહુધા ફિલ્મી કલાકારો અનેક સંસદીય સવલતો મેળવવા માટે રાજકારણમાં પ્રવેશે છે. તેમને દેશસેવાનો કોઈ ઉમળકો હોતો નથી. સુલતાની સીતમોથી પીડાતી પ્રજા મતપત્રો દ્વારા પોતાનો પરચો બતાવવાનું ચૂકતી નથી. સમસ્યા એ ઉદ્ભવે છે કે રાજકારણમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને કારણે હારી ગયેલો પક્ષ થોડા જ સમયમાં રાજકારણીઓની લે વેચ કરીને પુનઃ સત્તા પર આવી જાય છે. પ્રજાના ભાષામાં વોટનું એકમાત્ર તીર હોય છે. તે પાંચ વર્ષે માત્ર એકવાર છોડી શકાય છે. ત્યારબાદ સમસમીને બેસી રહેવા સિવાય તેમની પાસે બીજો કોઈ રસ્તો રહેતો નથી. પાંચ વર્ષે ચાબૂક બદલાય છે. લોકોની પીઠ એ જ રહે છે.

આપણે અરાજક્તા વચ્ચે જીવી ખાતી પ્રજા છીએ. જાહેર માર્ગો પર વર્ષોથી ધર્મનું આક્રમણ થઈ રહ્યું છે. લગ્નોના વરઘોડા સિવાય પણ તાજિયા, પોથીયાત્રા, રથયાત્રા વગેરે નીકળે છે. નવરાત્રિ ટાણે એક આખો માર્ગ ગરબામાં રોકાઈ ગયો હોય એ ઘટના નવી નથી. દરેક મોટા શહેરોમાં ગણેશ વિસર્જન વેળા ચારે દિશામાંથી ઢોલનગારા અને અબીલગુલાલ લઈ કીડિયારુ માણસો ઉમટી પડે છે. બસ, રીક્ષાઓ વગેરે બંધ કરી દેવામાં આવે છે. ઘણા માર્ગોના વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવે છે. સમગ્ર વિસર્જન દરમિયાન પોલીસતંત્રનો જીવ તાળવે ચોંટેલો રહે છે. ગણેશભક્તો ચિક્કાર દારૂ પીને શ્રદ્ધાને નામે આખું શહેર બાનમાં લે છે. આવી ઉજવણીથી આખું શહેર મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. કોકે ટ્રેન યા બસ પકડવાની હોય, કોઈ છેલ્લા શ્વાસ ભરતા દર્દીને હોસ્પિટલે પહોંચાડવાનો હોય અથવા આગ લાગી હોય ત્યાં બંબા દોડાવવાના હોય તો ટ્રાફિક જામને કારણે તે મુશ્કેલ બની રહે છે. સરકાર આવી પ્રજાકીય પરેશાનીથી બેખબર નથી, પણ તે એને જનસમુદાયની શ્રદ્ધાની બાબત ગણી લઈ આંખ આડા કાન કરે છે. સરકારનો આવો પલાયનવાદ ઉચિત નથી. લગ્ન તો ઠીક ગણેશ વિસર્જન કે અન્ય ધાર્મિક સરઘસોમાં પણ રોડ પર ફટાકડા ફોડવામાં આવે છે. બચુભાઈ કહે છે - 'મારું ચાલે તો જાહેર માર્ગો પર ફોડવામાં આવતા ફટાકડાને ફોજદારી ગુનો ગણી તે માટે કડક સજાનું પ્રાવધાન કરું!'

હવે એ સમાજ સ્વીકૃત દૂષણ બની ચૂક્યું છે. જાહેર માર્ગો પર જ્યાં મંદિરો આવેલા હોય ત્યાં વાંસના આડા બાંબુ બાંધી યજ્ઞો તથા હોમહવન કે કથાકીર્તનો કરવામાં આવે છે. એક પ્રોફેસર મિત્ર કહે છે : 'જાહેર માર્ગો પર અવરોધરૂપ હોય એવા મંદિર, મસ્જિદ, ગીરજાઘર કે ચર્ચ વગેરેને સત્વરે દૂર કરવા જોઈએ. કોઈ પણ સરકારે ધર્મ યા કોમની આવી જાહેર ગેરરીતિને સખત હાથે દાબી દેવી જોઈએ. એક ચિંતકે કહ્યું છે : 'દેવી દેવતાઓ દિલમાં રહે ત્યાં સુધી તેમનું જોડું રોડુ લાગે, પણ રોડ પર મંદિર બને ત્યારે રસ્તાનું રોડું લાગે!' વર્ષોથી ચાલી આવેલી આવી ઘણી સમસ્યાઓને દૂર કરવાનો સમય પાકી ગયો છે. જેમકે શાળાઓમાં ભાર વિનાનું ભણતર હોવું જોઈએ. ડોનેશન ના હોવું જોઈએ. સ્કૂલની ફી આપ્યા પછી ય ત્રણ આંકડાની ટ્યૂશન ફી લોકોએ ચૂકવવી પડે તેવી શૈક્ષણિક લૂંટ ના હોવી જોઈએ. એક રીક્ષામાં દસ પંદર બાળકોને ઢોરની જેમ પૂરીને શાળાએ લઈ જવામાં આવે છે તે અંગે પણ સરકારે કડક કાયદો કરવો જોઈએ. અરે! અદાલતે ચઢનારા માણસો મૃત્યુ પામે તોય ઝટ ન્યાય નથી મળતો. આવી ઘોર અરાજકતા અંગ્રેજોના શાસનમાં ન હતી. આપણા જ રાજમાં આપણે ઘણાં શૂળ પેટ ચોળીને ઊભાં કર્યાં છે.

જાહેર માર્ગો પરના ધર્મ અને ઘોંઘાટના આતંકને કારણે શાળાના વિદ્યાર્થીઓને, હોસ્પિટલના દર્દીઓને, જન્મેલા બાળકોને અને બીમાર વૃદ્ધોને અસહ્ય પીડા થાય છે. કોઈ સ્વેચ્છાએ એ દૂષણ દૂર કરવાનું નથી. એ માટે વિદેશોની માફક આપણે ત્યાં કડક સજાની જોગવાઈ નહિં કરવામાં આવે તો બાવીસમી સદીમાંય એવા જાહેર જુલ્મોથી મનુષ્ય ત્રાહિમામ પોકારતો રહેશે. અમેરિકા સહિતના ઘણા પશ્ચિમી દેશોમાં ન તો રસ્તા પર મંદિર મસ્જિદ બાંધવાની છૂટ છે, કે ન

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)**

*ક્રોધનું તોફાન વિવેકનો નાશ કરે છે.*

સમાજની ક્ષિતિજો

# નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૯)

## લગ્ન : ભાવનાત્મક જીવનની ગાંઠ

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

નર-નારીના લગ્ન સંસ્થાના માધ્યમથી જોડાયેલા સંબંધોનો સ્વીકાર ન કરીને કેટલાક માણસો ત્રણ રીતે ગુમરાહ થતા હોય છે : (૧) આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને, (૨) લગ્ન વિના જ અથવા લગ્ન થવા છતાં પણ હોમોવૃત્તિ તરફ વળીને અને (૩) હસ્તાદિ દ્વારા આવેગોનું શમન કરીને. મૂળમાં તો આ પ્રથમ દોષમાંથી જ ઉત્પન્ન થયેલા દોષો છે.

**ભારતના મુખ્ય ત્રણ ધર્મોએ (હિન્દુ, બૌદ્ધ અને જૈન) પ્રથમથી જ બ્રહ્મચર્યનાં પ્રચુર ગુણગાન ગાયાં છે.** તેમાં હિન્દુ ધર્મના વૈદિકકાળમાં બ્રહ્મચર્યને વિદ્યાધ્યયન સાથે જોડીને પચીસમાં વર્ષે વિદ્યાધ્યયન પૂર્ણ થતાં જ સમાપ્ત કરવામાં આવ્યું છે. તે પછી અંતેવાસી વિદ્યાર્થીએ અનિવાર્ય રીતે લગ્ન કરવાનું નક્કી થયું છે. કારણે કે ધર્મનાં ચાર મુખ્ય તત્ત્વો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) માં કામ પણ એક મહત્ત્વનું અંગ મનાયું છે.

પણ પછી શ્રમણોએ બ્રહ્મચર્યને મોક્ષ સાથે જોડી દીધું. એટલે પચીસ વર્ષે તો શું જીવનભર તેનું પાલન કર્યા જ કરવાનું. કારણ કે જીવનનું એકમાત્ર લક્ષ્ય મોક્ષ નક્કી કરવામાં આવ્યું. બાકીનું બધું તો બીજા જન્મોમાં પણ પ્રાપ્ત કરી શકાય છે. મોક્ષ, મોક્ષ અને મોક્ષ જ પ્રાપ્ત કરી લેવા મનુષ્ય જન્મ છે. અને મોક્ષ પરિવ્રજ્યા વિના મળી ન શકે. પરિવ્રજ્યા એટલે ગૃહસંસાર સર્વસ્વનો ત્યાગ. જેમાં સૌથી મહત્ત્વનો ત્યાગ સ્ત્રીનો માન્યો છે. સ્ત્રી એટલે વિષયવાસના, કામવૃત્તિ, કામક્રિયા. આ ત્યાગને સિદ્ધ કરવા કઠોરાતિકઠોર નિયમો ઘડ્યા. અને પ્રચુર મહિમા ગાવામાં આવ્યો. શ્રમણોની અસર હિન્દુઓ ઉપર પણ પડી. તેમણે વૈદિક પરંપરામાં પણ પ્રતિસ્પર્ધામાં સાધુઓ બનાવવા માંડ્યા. **આ પહેલાં ધર્મનું સર્વોચ્ચ સ્થાન 'ઋષિઓ' હતા, જે ગૃહસ્થાશ્રમી અને કર્તવ્યપરાયણ હતા.** આખું માળખું અને લક્ષ્ય બદલાઈ ગયાં. ચતુર્વિધ પુરૂષાર્થની જગ્યાએ બધા મોક્ષની જ વાતો કરવા લાગ્યા.

આના કારણે પરાવલંબી અને અકુદરતી જીવન જીવતા માણસોની સંખ્યા વધવા લાગી. આ લોકો જ પૂજ્ય અને સર્વોચ્ચ માન્ય થયા, જેમણે પ્રજાને કાલ્પનિક લક્ષ્યો અને વાંઝિયાં તપ આપ્યાં. એટલું જ નહિ સાચા વૈદિક રસ્તેથી ગુમરાહ કરવામાં આવ્યા. પરિણામે રાષ્ટ્ર અને પ્રજા દરિદ્ર થઈ, ગુલામ થઈ, પરાજિત થઈ અને મહત્ત્વહીન થઈ ગઈ. **કોઈએ એવું બંડ ન પોકાર્યું કે આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય અકુદરતી છે અને શક્ય જ નથી.** જે લોકો પાછા વળીને સંસારી થયા, તેમની નિંદા થઈ અને તિરસ્કાર થવા લાગ્યો. તેમનાં સંતાનોને વ્રાત્ય ગણીને હલકાં કાર્યોમાં જોતરી દેવાયાં. પણ જે કોઈ પણ ભોગે પાછા ન વળ્યા, ન વળી શક્યા, તેઓમાંથી કેટલાક હોમો તરફ વળી ગયા.

નાનાં બાળકોને સાધુ-બ્રહ્મચારી બનાવીને સાથે રાખવા કે સાથે ફેરવવા એને ધન્યધન્યતા સમજાવવામાં આવી. **આ ગભરુ બાળકોનાં માતાપિતાને કોણ સમજાવે કે તમે તમારાં બાળકોને મોક્ષના નામે ક્યાં મોકલી રહ્યાં છો?** જે લોકો સજાતીય સંબંધોથી મુક્ત રહી શકે છે, તેઓ સ્વજાતીય એટલે કે હસ્તાદિ દોષોમાં ફસાઈ જાય છે. **લાખ લાખ વાતોની એક વાત સૌએ સમજી લેવાની છે કે કુદરતી આવેગો કોઈને પણ છોડતા નથી. જો તેને કુદરતી માર્ગથી અવરોધવામાં આવે તો તે પછી અકુદરતી માર્ગે હુમલો કરે જ છે. જ્યાં સુધી આ પરમતત્ત્વને સ્વીકારવામાં નહિ આવે ત્યાં સુધી અનર્થોથી બચી શકાવાનું નથી.**

નવાઈ એ છે કે જે સંસારીઓ આવેગોને કુદરતી માર્ગે શમન કરે છે, તે હલકા ગણાય છે, મોહ-માયામાં પડેલા મનાય છે અને જે લોકો અકુદરતી માર્ગે ખાસ કરીને હસ્તાદિ દ્વારા આવેગોનું શમન કરીને બળ-બુદ્ધિ અને ઓજનો નાશ કરે છે, તે પવિત્ર થઈને પૂજાય છે. આ અનર્થોથી પ્રજાને બચાવવી જોઈએ. તેનો રાહદારી રસ્તો છે કુદરતી વ્યવસ્થા અને માનવીય વ્યવસ્થા દ્વારા પ્રસ્થાપિત લગ્નસંસ્થાનો સ્વીકાર. બ્રહ્મચર્યને નહિ, લગ્નજીવનને મહત્ત્વ આપવું જોઈએ. માણસને નિર્દોષ, તાણ વિનાનો, નિષ્કલંક અને ઉત્તરાધિકારીની ચિંતાથી મુક્ત રાખવો હોય તો લગ્નસંસ્થાને મહત્ત્વ આપવું જોઈએ. પારકાં છોકરાંઓને ફોસલાવી - પટાવીને કે બીજી રીતે ઉઠાવીને ઉત્તરાધિકારી બનાવવાં તેના કરતાં પોતાનાં જ બાળકો ઉત્તરાધિકારી બને તે વધુ હિતાવહ છે. બધાં જ બાળકો કાંઈ શંકરાચાર્ય કે હેમચંદ્રાચાર્ય થતાં નથી. એટલે વારંવાર તેમની દુહાઈ આપીને બાળદીક્ષાને પ્રોત્સાહન આપવું ઠીક નથી.

લગ્નસંસ્થા દ્વારા નર-નારીને પતિ-પત્નીના સંબંધમાં બાંધવાથી જો તેઓ ધારે તો એક કુદરતસહજ, નિર્મલ જીવન જીવી શકશે. **પુરૂષનું ઢાંકણ સ્ત્રી છે અને સ્ત્રીનું ઢાંકણ પુરૂષ છે. બન્ને એકબીજાનાં રક્ષક થઈ શકે છે. પુરૂષ વિનાની સ્ત્રી અને સ્ત્રી વિનાનો પુરૂષ, અરક્ષિત છે.** તેમને ગમે ત્યારે કલંક લાગી શકે છે. માટે સારસ પક્ષીની માફક બન્ને હંમેશાં સાથે ને સાથે રહે, તો કુદરતી, ધાર્મિક, સામાજિક અને નૈતિક પ્રશ્નો સહજ રીતે ઉકેલાતા રહે. પુરૂષને છોડીને સ્ત્રી અને સ્ત્રીને છોડીને પુરૂષ જો લાંબા સમય સુધી એકલાં રહે કે એકલાં વિચરે તો અનિચ્છાએ પણ તેમને લપસવાની ચીકણી જગ્યાઓ મળી રહે અને ઘણી સાવધાની

*ક્રોધ આચરતી વખતે વ્યક્તિ સૌથી વધુ ક્રૂરતા પોતાની જાત પર જ આચરે છે.*

રાખ્યા પછી પણ કોઈ વાર લપસી પડવાનું બની શકે છે. એટલે બની શકે ત્યાં સુધી સહવાસ અને સહપ્રવાસી જીવનની યોજના બનાવવી જોઈએ.

જેની સાથે તમારે સતત સહવાસ કરવો હોય તેના પ્રત્યે પ્રેમ હોવો જરૂરી છે. પ્રેમ વિનાનો સહવાસ સુખરૂપ ન બની શકે. પ્રેમ વિનાના સહવાસમાં એકબીજા પ્રત્યે ધૃણા કે ઍલર્જી થઈ જવાની શક્યતા રહેલી છે. ઍલર્જી મહાદોષ છે. સમજણ દ્વારા તેને ઢાંકી તો શકાય પણ નાબૂદ ન કરી શકાય. ઉપર બરફ અને નીચે ધગધગતો લાવારસ હોય તો શાંતિ ન મળે. **બે વ્યક્તિઓના પરસ્પરના આકર્ષણથી થયેલો પ્રેમ અને તેમાંથી થયેલાં લગ્ન ચિરંજીવી થઈ જશે તેવું માની લેવું ઘણા કિસ્સાઓમાં ઠગારું પણ બની શકે છે. કેમકે જે આકર્ષણોથી પ્રેમ થયો હોય છે તે આકર્ષણો ઘટી પણ શકે છે, અરે, સમાપ્ત પણ થઈ શકે છે.** પછીનો સહવાસ દુઃખદાયી બની શકે છે. એટલે ઉત્તમ વ્યવસ્થા એ કહેવાય જેમાં પ્રેમ ઘટે નહિ, પણ વધતો જાય. આ કામ ધર્મ, સંસ્કૃતિ, સમાજ અને રાજવ્યવસ્થાથી કેટલાક અંશે થઈ શકે છે.

સર્વપ્રથમ તો ધર્મ, લગ્નને એક પવિત્ર સંબંધની ભાવના ભરી આપે છે. એક બૌદ્ધિક જીવન હોય છે અને એક ભાવનાત્મક જીવન હોય છે. માત્ર બૌદ્ધિક જીવન, સ્વાર્થપ્રધાન, નીરસ અને અલ્પજીવી થઈ શકે છે. જ્યારે ભાવનાત્મક જીવન, પ્રેમપ્રધાન, ત્યાગપ્રધાન રસભર્યું અને ચિરંજીવી થઈ શકે છે. બુદ્ધિની સંબંધગાંઠ સરકાગાંઠ હોય છે; જરાક ખેંચો તો છૂટી જાય. ભાવનાની ગાંઠ મજબૂત ગાંઠ હોય છે, જેમ જેમ ખેંચો તેમ તેમ વધુ ને વધુ દૃઢ થતી જાય. કોરા બુદ્ધિવાદીઓનાં લગ્નજીવન ભાગ્યે જ સફળ થતાં હોય છે. એટલે ધર્મના દ્વારા સંબંધમાં પવિત્રતાની ભાવના ભરાય તો પરસ્પરની ઉચ્ચ ભાવના વધુ ખીલી શકે. પતિ-પત્નીમાં પરસ્પરની ભાવના શું છે? એકબીજાં એકબીજાને એવું સમજે કે "મારો પતિ એ જ મારો ભગવાન છે. હું તેમાં સંપૂર્ણ વિલીન થઈને ઓગળી જઈ, નદીની માફક સાગરનું રૂપ ધારણ કરી લઉં એ જ મારી અપેક્ષા છે. મારે તેની પાસેથી કશું મેળવવું નથી પણ મારું સર્વસ્વ કશી શરત વિના તેને અર્પણ કરી દેવું છે. પ્રેમને કશી શરત ન હોય, શરત તો વ્યાપારને હોય. કશું મેળવવું નથી, સર્વસ્વ આપી દેવું છે. આપીને પસ્તાવું નથી પણ ધન્ય ધન્ય થઈ જવું છે." આવી સતત રહેનારી ભાવના પત્નીને મહાન બનાવી શકે છે.

બીજી તરફ પતિમાં પણ એવી પવિત્ર ભાવના રહે કે "આ જ મારું સર્વસ્વ છે. આ પત્ની સિવાય બીજી કોઈ સ્ત્રી મારા માટે નથી, મારું સર્વસ્વ આ પત્નીનું જ છે. પૂરો વિશ્વાસ અને પૂરો સંતોષ આમાં જ કરવાનો છે. એકબીજાના દોષો, ક્ષતિઓ કે અપૂર્ણતાઓ સહન કરીને પણ મારે આમાંથી જ જીવન મેળવવાનું છે." આવી પવિત્ર ભાવના પુરૂષને રહે તો ધર્મભાવના બન્નેનાં જીવનને છીછરાં થતાં અટકાવે અને સ્થાયિત્વ આપી શકે છે.

સંસ્કૃતિ સમાજને રિવાજો - પ્રથાઓ વગેરે આપે છે. ઘણા રિવાજો અને ઘણી પ્રથાઓ દાંપત્યની પોષક હોય છે તો કેટલાક રિવાજો અને કેટલીક પ્રથાઓ હાનિકારક પણ હોય છે. **બાળલગ્નો, કજોડાં, સાટાંપેટાં, કન્યાવિક્રય અથવા વરવિક્રય, વિધવાવિવાહનો નિષેધ, ત્યક્તાવિવાહનો નિષેધ, અનેક-પત્નીત્વ, દહેજ વગેરે અનેક રિવાજો હાનિકારક છે.** જેમાં સતત સુધારો કરીને સંસ્કૃતિને હિતકારી બનાવી શકાય છે. તો બીજી તરફ કેટલાય રિવાજો હિતકારી છે, જેને સાચવવા જરૂરી છે. જેમ કે **લગ્ન પહેલાંના યૌન સંબંધનો નિષેધ. માત્ર વર-કન્યાની જ નહિ તેમનાં માતા-પિતા વગેરેની પણ પસંદગી. કુળ જોવાની પ્રથા, પતિ-પત્નીમાં ખાસ કરીને પત્નીની શરમાળ વૃત્તિ જે તેને નફ્ફટ કે છીછરી થતાં રોકે છે. પરપુરૂષ કે પરપત્ની સાથેના ગાઢ સંપર્કનો નિષેધ, એકલી પત્નીને ગમે ત્યાં ગમે ત્યારે રખડવા ભટકવાનો નિષેધ. આવા બધા અનેક રિવાજોથી ઘણાં અનિષ્ટોથી બચી શકાય છે.** આ રીતે જે રક્ષણ કરનારી સંસ્કૃતિ તથા રિવાજો હોય તેનું રક્ષણ કરવું જોઈએ.

પતિ-પત્નીના સંબંધની શરૂઆતથી અંત સુધી સમાજ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારત, સમાજોનો દેશ છે. અહીં હજારો સમાજો વસે છે. સૌને પોતપોતાનાં બંધારણ છે, માળખાં છે અને રીતિરિવાજો છે. આ બધાનું ઉધારપાસું પણ છે અને જમાપાસું પણ છે. અનેક કુરિવાજો તો છે જ, પણ પ્રત્યેક સમાજનું એક જમાપાસું એ છે કે વ્યક્તિને, ખાસ કરીને સ્ત્રીઓને એક હૂંફ મળે છે, એક રક્ષણ મળે છે. સમાજબંધનના કારણે કોઈ પુરૂષ ગમે ત્યારે ગમે તે કન્યાને કાઢી મૂકી શકતો નથી. સમાજ છૂટ આપે પછી જ લગ્નવિચ્છેદ કે લગ્નસંબંધ થઈ શકતો. **જ્યાં સમાજ નથી ત્યાં સામાજિક બંધન તો નથી પણ સાથે સાથે સામાજિક રક્ષણ પણ નથી. ખાસ કરીને પશ્ચિમમાં સમાજ નથી એટલે વરકન્યા ઇચ્છા પ્રમાણે સંબંધ બાંધે છે અને ઇચ્છા પ્રમાણે ઝડપથી સંબંધ તોડે પણ છે. વચ્ચે કોઈની દખલગીરી રહેતી નથી. પણ આના કારણે લગ્નજીવનમાં સ્થિરતા કે વિશ્વસનીયતા ઓછી થઈ જાય છે. અંકુશ વિનાની વધુ પડતી સ્વતંત્રતા બધા માટે કલ્યાણકારી થઈ શકતી નથી. એટલે સમાજનું જે કલ્યાણકારી તત્ત્વ હોય તેનું રક્ષણ થવું જોઈએ.** આજે કેટલાય સમાજો પોતાનાં વરકન્યાનાં સમૂહલગ્નો દ્વારા વગર પૈસે લગ્નો કરાવી આપે છે, ભેટો આપે છે. છાત્રાલયો અને શિક્ષણ સંસ્થાઓ બાંધે છે, છાત્રવૃત્તિ આપે છે. વિધવાઓ કે ત્યકતાઓ માટે વ્યવસ્થા કરે છે. આવાં બધાં અનેક સમાજ જીવનનાં જમાપાસાં પણ છે. તેની રક્ષા થવી જોઈએ. હા, સમાજોમાં કુરૂઢિઓ કે કુરિવાજો પેસી ગયાં હોય તેને દૂર કરવાં જોઈએ. જેમકે મરણ પછીનું ફરજિયાત કૂટવું, લાજ કે બુરખો પહેરવો, બાળલગ્નો, આજીવન વૈધવ્ય પાળવું, ફરજિયાત ખર્ચા કરવા વગેરે ઘણાં અનિષ્ટો છે, તેનાથી મુક્તિ મેળવવી પણ જરૂરી છે.

એકંદરે પ્રત્યેક સમાજમાં સતત સુધારો થતો રહે અને દેશકાળ પ્રમાણે નવી વ્યવસ્થા સ્વીકારાતી રહે તે જરૂરી છે.

*ભક્તિ નિકેતન આશ્રમ*
*પો.બો.નં. ૧૯, પેટલાદ (દંતાલી)*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*ક્રોધ નિર્બળ મનની નિશાની છે.*

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૫)

• માવજી કે. સાવલા •

ફરી એકવાર આજે આ 'તું અને હું' ની દાસ્તાન એક અફસાનાની જેમ આગળ લખી રહ્યો છું. તારી છબી સામે બે ધૂપસળીઓની ધૂમ્રલહરીઓને શ્વાસોશ્વાસમાં ભરી રહ્યો છું. તું આ બધું સાંભળે તો છે ને?

સાડા પાંસઠ વર્ષનું આપણું દાંપત્યજીવન તો જાણે કે કેવી ઝડપથી ધસમસતું વીતી ગયું - ત્રણ કલાક ચાલતી એક ફિલ્મની જેમ. આજે (તા. ૪-૮-૨૦૧૪) તારી વિદાયને ૨૯૯ દિવસ થયા. સમય જાણે કે થંભી ગયો છે. દિવસો - કલાકો - વરસો આટલા બધા લાં...બા?

સને ૧૯૪૮ની ચોથી ફેબ્રુઆરીએ 'લગ્ન' નામના સંબંધથી હું તારી પાસે દીક્ષિત થયો. શાસ્ત્રોમાં ઉત્તમ ગુરૂ એ કહેવાય છે કે જે શિષ્યથી પરાજિત થાય. પણ જ્યારે જ્યારે કોઈક પ્રસંગે કે કોઈક નિર્ણય લેવાના સમયે તું જીતી છે, મારાથી સાવ જુદો એવો તારો જ નિર્ણય મેં સ્વીકાર્યો છે, ત્યારે જ મને ગુરુ તરીકેનું તારું સ્થાન બરાબર સમજાયું. આવી રીતે તેં લીધેલ નિર્ણયો અમારા સૌ માટે કેટલા સુખકારક આજ દિવસ સુધી પુરવાર થયા છે, એ તો આપણાં સંતાનો પણ જાણે છે. એની મારે વિગતે વાત નથી જ કરવી.

રાત્રે સૂતી વખતે બે જણ રમી શકે એવી પાનાં (પ્લેઈંગ કાર્ડસ્) ની રમત તો આપણે ઘણી રમતા રહ્યા. ૧૯૯૯ પછી વરસમાં બે-ત્રણ વાર ફરાદી દસ-પંદર દિવસ રહેવા જઈએ. ત્યારે તો લગભગ રોજ એ રમત (છાની માની) આપણી મંડાતી. એમાં સરવાળે તું જ વધુ વખત જીતતી. એ યાદ છે ને તને?

આઠેક વર્ષ પહેલાં તને લકવાનો પ્રથમ હુમલો આવ્યો ત્યારે તો તું પંદરેક દિવસ પછી વૉકરથી હરતી-ફરતી, સ્મિત છલકાવતી થઈ ગઈ હતી. ત્યારે રોજેરોજ હું તને આનંદઘનજી સ્તવન ચોવીસીમાંથી એક સ્તવન વાંચી સંભળાવતો. હું જમી લઉં એ પછી આપણી આ પાનાની રમત મંડાતી. એ રમત દરમિયાન ક્યારેક આવી ચડતા આપણા નીકટના સગાંસંબંધીઓ આ રમત જોઈને કેવો આનંદ અનુભવતા! એમાં પણ તારી જીતનો જ મને આનંદ. એવું પણ નહોતું કે હું ઈરાદાપૂર્વક તારી જીત માટે ખોટી ચાલ રમતો હોઉં.

ગાંધીધામ આવ્યા (૧૯૫૬) ત્યારથી છેવટ સુધી આપણે ત્યાં કોઈપણ સાધુ સાધ્વી ગોચરી માટે આવે તો તને પ્રથમ પૂછે - 'તમારા પીયરનું ગામ?' તું જેવું 'ફરાદી' કહે એટલે તેઓ ફરાદીના વંડીવાળા 'પુરીમા' નું નામ યાદ કરે; તું જ્યારે કહે કે 'હું પુરીમાની દીકરી' ત્યાએ એ મુનિજનો કહેતા 'ભક્તિ ભાવનાનો પુરીમાનો વારસો તમે બરાબર શોભાવ્યો છે!'

'ગયે વખતે મેં તને વચન આપ્યું હતું કે રેહાના તૈયબજીની જેમ હવેથી દરરોજ બપોરે જમતાં પહેલાં મારી પીરસાયેલી થાળી તારી છબી સામે તને ધરાવીશ.' મારા એ સંકલ્પનું હું ચુસ્તપણે પાલન એટલે નથી કરી શક્યો કે જમવા ટાણે જો રૂમમાં અન્ય કોઈ હાજર હોય તો મને આવું પ્રદર્શન કરતાં સહેજે સંકોચ થાય. પોતાનો પ્રેમ અને પોતાની આધ્યાત્મિક સાધનાને ગુપ્ત રાખવાનું સૂત્ર હું ભણ્યો જ છું. દિવસે દિવસે ક્ષીણ થતી મારી યાદશક્તિને કારણે પણ તને થાળી ધરાવવાનું હું ભૂલી જાઉં છું એ માટે હું તારી ક્ષમા એટલા માટે નથી માગતો કે જ્યાં પ્રેમ હોય ત્યાં 'સોરી,' 'થેંક્યુ', જેવા વિલાયતી ઠાલા પોકળ શબ્દોને અવકાશ જ ન હોય. તું તો આ બધું મારા કરતાં પણ વધુ સ્પષ્ટ સમજે છે. એક અંગ્રેજી નવલકથા (ઘણુંકરી 'ડેથ ઓફ અ સેલ્સમેન') માં છેલ્લું વાક્ય છે - 'વ્હેર ઘેર ઈઝ લવ, ઘેર ઈઝ નો પ્લેસ ફોર આઈ એમ સોરી'.

તું જવાબ આપે કે ન આપે - હોંકારો સુદ્ધાં ભલે ન આપે; તો પણ હું તને પૂછું છું અને પૂછતો રહીશ કે તારા સુધી પહોંચવાનો કોઈક માર્ગ મને બતાવ. ભલે એ માર્ગ ગમે તેવો દુર્ગમ હોય, કઠિન હોય કે જોખમી હોય તો પણ એ બધું વેઠવા હું તૈયાર છું. હવે આ દીવામાં તેલ ખૂટવા આવ્યું છે. મારૂં ધૈર્ય પણ હવે મારે વશ નથી. હવે તું મોડું ન કર. શું આ ધૂપસળીઓની ધૂમ્રલહરીઓ પર બેસાડીને તું મને ન લઈ જઈ શકે?

'તું અને હું' ની આ સનાતન રમતનાં કેટલાંક રહસ્યો તો મારા ફિલસૂફીના ઊંડા અભ્યાસથી મેં ઠીકઠીક સમજી લીધાં છે. હું સમજું છું કે આ રમતનો આરંભ નથી પણ અંત જરૂર હોઈ શકે. માટે જ આપણી આ રમત થોડીક ભલે આગળ ચાલતી રહે. એમાં મારી કોઈ આસક્તિઓ લગભગ નથી જ; પણ માનવીય સંવેદનાઓની ગરિમા હું જોઈ રહ્યો છું. ભવિષ્યના થોડાક જન્મ - જન્માંતરોમાં જ્યારે પણ તું મારા મસ્તકે હાથ મૂકીને કહેશે - 'હવે આ રમત બંધ', ત્યારે એ જ પળે મારું મસ્તક તારા ચરણે હશે એ પણ તું સમજે જ છે.

સામાન્ય રીતે સાચી વાત કોઈ માનતું જ નથી, એટલે જ તારી અને મારી આ કથા હું જાણે કે મને પોતાને જ સંભળાવી રહ્યો છું. 'જીવન શું છે' એવા તાત્વિક પ્રશ્નના જવાબો વિધવિધ હોઈ શકે. આ પળે મારા હૈયે ઉગેલો ઉત્તર છે - જીવન - મનુષ્યજીવન - એ તારી અને મારી કહાણી સિવાય અન્ય કશું જ નથી.

ભલે થોડુંક વિષયાંતર થાય, પણ ફારસી સૂફી કવિ જલાલુદ્દીન રૂમીનું આ કાવ્ય મારા અનુવાદ રૂપે અહીં નોંધું છું. આજથી ચાલીસેક વર્ષ પૂર્વે ફારસી ભાષાના વિદ્વાન

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)

*ચિંતા સજીવને બાળે છે, જ્યારે ચિતા નિર્જીવને બાળે છે.*

# થેંક્યુ ડૉ. વેણુગોપાલ

• ગિરીશ ગણાત્રા •

દાર્જીલિંગનું ભરપૂર સૌંદર્ય માણીને રજાના છેલ્લાં પાંચ-છ દિવસ કાલીમ્પોંગમાં ગાળવાનું અમે નક્કી કર્યું હતું. દાર્જીલિંગની અડધી ઊંચાઈએ કાલીમ્પોંગ આવેલું એટલે વાતાવરણ ઠંડું - ગુલાબી હતું.

એક સરસ મજાની હોટલમાં રૂમ તો મળ્યો પણ પાંચ બેડવાળો! રૂમ પણ ખાસ્સો લાંબો પહોળો. 'હમ-દો, હમારે-દો'ના સૂત્રવાળા અમારા કુટુંબ માટે આ ઓરડો ખાસ્સો મોટો હતો. બાળકો પણ નાના દસ-બાર વરસના. ભાડું ઘણું હતું. પણ ન છૂટકે આ રૂમ અમારે લેવો પડ્યો કારણકે બીજી બધી હોટલો ભરચક હતી. આમેય, દાર્જીલિંગ જેટલી હોટલો આ નાનકડા હિલ સ્ટેશન પર તો નહિ જ. બહુધા, દાર્જીલિંગની સેર કરી, બધાં આ નાનકડા હિલ સ્ટેશનને છોડી આગળ વધતા.

લાચારીથી અમારે આ મોટો રૂમ લેવો પડ્યો. પણ પછી થયું કે ના, ખોટું તો કશું જ નહોતું. ઉપર બીજે મજલે આવેલો માત્ર આ એક જ ખંડ હતો. એ ખંડની સાથે નાનકડી ઓપન ટેરેસ હતી જયાં હોટલમાલિકે ફૂલઝાડના કૂંડા મૂકી એનું સુશોભન વધાર્યું હતું. વહેલી સવારે ખુરશીઓ ઢાળી ત્યાં ચા-નાસ્તો લીધો ત્યારે રૂમનું ખરું મહત્ત્વ અમને સમજાઈ ગયું હતું. આગલી રાત્રે મોંઘું લાગેલું ભાડું હવે મોંઘું નહોતું લાગતું.

બીજા દિવસે સાંજે બજારમાં ફરી અમે કાલીમ્પોંગની અમારી માનીતી હોટલ - ધાબામાં જમવા ગયા ત્યારે ત્યાં અભૂતપૂર્વ ગીરદી જોઈ. ચાર વ્યક્તિઓનું ટેબલ મેળવતા ખાસ્સો પોણો કલાક વીતી ગયો.

બહાર ઊભેલા પ્રવાસીઓ જોડે વાતચીત કરતા જાણવા મળ્યું કે દાર્જીલિંગ જવાના રસ્તે લેંડ-સ્લાઇડીંગ (પર્વત પરથી માટી પથરાઓનું રસ્તા પર ધસી આવવું) થયું હોવાથી દાર્જીલિંગ જવાનો રસ્તો બંધ થઈ ગયો છે. ત્રણ-ચાર ઠેકાણે આવા લેન્ડ સ્લાઇડિંગને કારણે જ્યાં સુધી એ માટી - પથરાઓ ન ખસે ત્યાં લગી દાર્જીલિંગથી કોઈ આ બાજુ આવી ન શકે ને કોઈ ત્યાં જઈ ન શકે. પરિણામે, અડધી મંજિલે આવેલા પ્રવાસીઓ કાલીમ્પોંગ રોકાઈ ગયા છે. કાલીમ્પોંગની તમામ હોટલો પર 'નો-વેકેન્સી'ના પાટિયા લટકે છે. દૂર દૂરથી કુટુંબ કબીલા લઈને આવેલા પ્રવાસીઓ માટે એક જ વિકલ્પ હતો - પાછા નીચે જલપાઈગુડી કે સીલીગુરી જવાનો. પણ સાંજ પછી ત્યાં પાછા જવાની કોઈ બસ નહોતી અને ટેક્ષીવાળાઓ ખૂબ જ પૈસા માગતા હતા.

જ્યારે અમે જમતા હતાં ત્યાં સુધીમાં અન્ય ટેબલ પર જમવા બેઠેલા પ્રવાસીઓની અંદરોઅંદર થતી વાતચીતથી જાણવા મળ્યું કે આ ધાબાની બહાર સામાનનો ઢગલો કરી કુટુંબને અહીં જમવા બેસાડી, એમના મોભીઓ કોઈ હોટલમાં રહેવા જગ્યા શોધવા ગયા હતા!

જમવાનું પૂરું કરી બજારમાં એક ચક્કર લગાવી જ્યારે અમે અમારી હોટલ પર પાછા ફર્યા ત્યારે એક દક્ષિણ ભારતીય કુટુંબ આ હોટલના માલિકને ગમે તે ભાવે એક રાતની વ્યવસ્થા કરવા કાકલૂદી કરી રહ્યું હતું.

જે રીતે બીજા બધાને પાછા કાઢેલાં એ જ રીતે આ કુટુંબને પણ હોટલ માલિક ના પાડતો હતો પણ કોઈ રીતે એ કુટુંબનો પુરૂષ માત્ર એક રાત પૂરતી જ જગ્યા મેળવવા ગમે તે ભાવ આપવાની તૈયારી સાથે આજીજી કરી રહ્યો હતો.

આ તાલ જોઈ અમે અમારી રૂમમાં ચાલ્યા ગયા. ઓપન-ટેરેસમાં ખુરશીઓ નાખી, શાલ ઓઢી અમે પત્તાની રમત શરૂ કરી.

થોડીવાર પછી એ દક્ષિણ ભારતીય પુરુષ અમારી પાસે આવ્યો અને ઇંગ્લીશમાં કહ્યું : 'આ હોટલના માલિકે મને કહ્યું કે તમે માત્ર ચાર જ વ્યક્તિ છો. માત્ર એક રાત પૂરતા અમને તમારી સાથે રહેવા દેશો? અમે તમને જરા પણ ડિસ્ટર્બ નહિ કરીએ. તમારું આજના દિવસનું આ રૂમનું ભાડું હું ભરી દઈશ...'

'કોઈ દૂસરી હોટલ પર તલાશ કીજિયે, રૂમ મિલ જાયેગી' મારા બાર વર્ષના પુત્રે હિંદીમાં જવાબ આપ્યો.

'યંગમેન...' સાઉથ ઈન્ડિયને કહ્યું : 'આ નાનકડા હિલ સ્ટેશનની તમામ હોટલો ફુલ્લી બુક થઈ ગઈ છે. ઓવર કેપેસિટીમાં એ બધાંએ ઍકોમોડેશન આપ્યું છે. હું બપોરથી જ તપાસ કરું છું પણ મને જગા મળી નથી' અને પછી મારી પત્ની સામે જોઈ કહ્યું, 'બહેનજી, એક રાત માટે આટલી મહેરબાની કરશો? મારે પણ તમારા બાળકો જેટલી જ ઉંમરના બે બાળકો છે.'

પત્નીએ મારી સામે જોયું.

સાંજે હોટલમાં જમતા હતા ત્યારે ગંભીર પરિસ્થિતિનો ઉપરછલ્લો ખ્યાલ તો આવી જ ગયેલો. એટલે આ રૂમ પરની અમારી માલિકી ભાવના ખૂબ વધી ગયેલી.

Dhiren Shah - Director
M. : 98795 00916 • E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL WAVES ULTIMA voltex Winner
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

અમે સુખી હતા. અમે બે દિવસ વહેલાં અહીં આવી ગયેલા એટલે અમારે આવી કોઈ તકલીફ નહોતી વેઠવી પડી. પણ અત્યારે છટાદાર, ખાનદાન લાગતા સાઉથ ઈન્ડિયને જે અવાજમાં આજીજી કરી એમાં પેલી માલિકી ભાવનાનો છેદ ઊડી ગયો.

મેં કહ્યું : 'હોટલ માલિકને જો વાંધો ન હોય તો....'

મારા આટલા જ શબ્દો સાંભળીને એ ખુશ થતાં બોલી ઊઠ્યો : 'એઝ એ મેટર ઓફ ફેક્ટ, એમણે જ આ સૂચન કર્યું છે. જો તમે હા પાડી દો તો હું તમારી રૂમનું ભાડું....'

'એની જરૂર નથી.' મેં ખુરશીમાંથી ઊભા થતાં કહ્યું : 'આજની રાત તમે અમારા મહેમાન છો. જાઓ, તમારા કુટુંબને અહીં બોલાવી લાવો.'

એ આભારવશ થતો નીચે ગયો. જતાં પહેલાં એણે મને એનું વિઝિટિંગ કાર્ડ આપ્યું. અમે ચારેય જણાં એ કાર્ડ જોવા લાગ્યાં. એ સાઉથ ઈન્ડિયનનું નામ હતું ડૉ. વેણુગોપાલ. કોઈમ્બતુરની કોઈ સરકારી હોસ્પિટલમાં સર્વિસ કરતા હતા.

મારા બંને પુત્રોને મારી આ આતિથ્યભાવના જો કે ન ગમી. થોડા શબ્દોમાં એમણે એમની નારાજી વ્યક્ત કરી લીધી પણ જ્યારે ડૉ. વેણુગોપાલ એમનો સરસામાન લઈ અમારી રૂમમાં આવ્યા ત્યારે પંદર-વીસ મિનિટમાં અમારા સંતાનો અને એમના સંતાનોને દોસ્તી થઈ ગઈ. હવે ડૉક્ટરનો પુત્ર અને પુત્રી પત્તા રમવામાં જોડાયા. મારી પત્ની ડૉક્ટરના પત્ની રાધા સાથે વાતચીતમાં પરોવાયા અને હું તથા ડૉક્ટર બીજી વાતોએ વળગ્યા. અમારી વાતની વચ્ચે, અમે બતાવેલી આ લાગણી બદલ એ વારંવાર આભાર વ્યક્ત કરતા હતા.

અજાણ્યા માણસો ત્યાં સુધી જ અજાણ્યા લાગે છે જ્યાં સુધી તમને એમનો પરિચય ન થાય. પણ એક વખત સમભાવ વ્યક્ત થવા લાગે કે પેલી અપરિચિતતા ઓગળી જાય છે. બીજા દિવસ સુધીમાં તો અમે એટલા નજીક આવી ગયા હતા કે મારા પત્નીએ આ કુટુંબને વધુ એક-બે દિવસ રહેવાનું આમંત્રણ આપી દીધું. પણ, એ દિવસે બપોરે ડોક્ટરને માહિતી મળી કે દાર્જીલિંગ જવાનો રસ્તો ખુલ્લો થઈ ગયો છે. એટલે એણે બપોરે પ્રસ્થાન કરવાનું નક્કી કર્યું. અમે રોકાઈ જવાનો ખૂબ આગ્રહ કર્યો પણ એ ન માન્યા. દાર્જીલિંગની સરકારી ટુરિસ્ટ સેન્ટરની હોટલમાં એમણે અગાઉથી બુકિંગ મેળવી લીધેલું એટલે એ કેન્સલ થઈ જાય તે પહેલાં ત્યાં પહોંચી જવા થનગની રહ્યા હતા.

બપોરે અમે સાથે જમ્યા અને ત્રણેક વાગે તો એક જીપ ભાડે કરી દાર્જીલિંગ જતા રહ્યા. જતાં જતાં એમણે ફરી અમારો ખૂબ ખૂબ આભાર માન્યો.

અમારી રજાઓ પૂરી કરી જ્યારે અમે ઘેર પાછા ફર્યા ત્યારે બેગમાં સંગ્રહાયેલી નકામી ટિકિટો, બીલો, રિઝર્વેશનના કાગળો વગેરે સાથે ડૉ. વેણુગોપાલનું વિઝિટિંગ કાર્ડ પણ કચરાટોપલીને સ્વાધીન થઈ ગયું.

આ વાતને દસ-બાર વર્ષ વીતી ગયા.

કોલેજની ફાઈનલ પરીક્ષા આપી મારો પુત્ર ફરવા દક્ષિણ ભારતમાં ગયો. દસ-બાર મિત્રોએ મળી કોઈ ટૂર એન્ડ ટ્રાવેલિંગ એજન્સીની ટૂરિસ્ટ બસમાં આ પ્રવાસ ગોઠવ્યો હતો. અઢારેક દિવસનો ભરચક પ્રવાસ હતો.

પુત્ર ફરવા ઉપડી ગયો. પછી દસેક દિવસ બાદ ટ્રાવેલિંગ એજન્સીની ઓફિસનો એક માણસ દુઃખદ સમાચાર આપી ગયો. ત્રિવેન્દ્રમ નજીક આ એજન્સીની બસ, સામેથી આવતી ટ્રકની સાથે થનાર અકસ્માત નિવારવા બાજુના ખાડામાં ઉથલી ગઈ હતી. બસમાં બેઠેલા તમામ પ્રવાસીઓ બચી ગયા છે પણ બધાને નાની-મોટી ઈજાઓ થઈ છે. સ્થાનિક ઓફિસે સૌ પ્રવાસીઓને ઘેર આ સમાચાર આપવા માણસો દોડાવ્યા હતા.

અમે ચિંતાતુર બની ગયા.

તાત્કાલિક અમે પતિ-પત્નીએ ત્રિવેન્દ્રમ જતું પહેલું પ્લેન પકડી લીધું. સાથે નાના પુત્રને પણ લઈ લીધો.

અમે પુત્રની ચિંતા કરતાં કરતાં જ્યારે ત્રિવેન્દ્રમની હોસ્પિટલમાં પહોંચ્યાં ત્યાં વળી બીજી ચિંતા ઊભી થઈ!

હોસ્પિટલની ઈન્કવાયરી ઓફિસે અમારા પુત્રનો જે વોર્ડ નંબર અને કોટ નંબર આપ્યો હતો એ પથારીમાં તો કોઈ બીજું જ સૂતું હતું!

સિસ્ટરને પૂછ્યું તો કહે, એ પેશન્ટ તો સવારથી જ અહીં છે. આગલા પેશન્ટનો રેકોર્ડ મેટ્રન પાસે હોય.

મેટ્રને વળી ડૉ. નામ્બિયારનો હવાલો આપ્યો. ડૉ. નામ્બિયારની ડ્યુટી પૂરી થઈ ગઈ હતી.

અમે ચકરાવે ચઢી ગયા. વળી ઈન્કવાયરી ઓફિસમાં તપાસ કરી. ઈન્કવાયરી ઓફિસે ચાર-પાંચ જગ્યાએ ફોન કરી એ જ માહિતી આપી. અમારી પાસે જે માહિતી હતી તે અમે તમને આપી દીધી છે. એથી વધુ માહિતી નથી આપી શકતા. એથી વધુ જાણવું હોય તો વોર્ડ, નર્સો કે મેટ્રન અથવા મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટને મળો.

સરકારી ઈસ્પિતાલના આ ચક્કરમાં હું અટવાયો હતો ત્યાં પત્નીએ કોઈ નર્સને સાધી એટલું જાણી લીધું કે અમારા પેશન્ટ અંગે કદાચ ડૉ. વેણુગોપાલ જણાવી શકે કારણકે બસ અકસ્માતમાં ઘવાયેલાઓને જ્યારે અહીં લાવવામાં આવ્યા ત્યારે ડૉ. વેણુગોપાલ હાજર હતા. એ આ હોસ્પિટલના ચીફ સિવિલ સર્જન છે.

ડૉ. વેણુગોપાલ!

આ ડૉ. વેણુગોપાલ કાલીમ્પોંગમાં મળેલા તે જ? પણ એ અહીં ક્યાંથી હોઈ

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

શકે? એ તો કોઈમ્બતુરની કોઈ હોસ્પિટલમાં હતા. પણ અત્યારે એ બધું વિચારવાનો ક્યાં સમય હતો? તપાસ કરતાં ખબર પડી કે એ એક મેજર ઑપરેશન પતાવી હમણાં જ ઘેર ગયા હતા. એમનો બંગલો હોસ્પિટલના કમ્પાઉન્ડના છેડે હતો.

અમે ડૉ. વેણુગોપાલના ઘરની ઘંટડી રણકાવી ત્યારે એમના પત્નીએ બારણું ખોલ્યું.

ઘડીભર અમારી સામે તાકી રહ્યા અને અમે એમની સામે. પત્નીએ પોતાનો પરિચય આપ્યો કે તુરત જ એ બોલી ઊઠ્યા : 'કમ, કમ, કમ. અમે તમારી જ પ્રતીક્ષા કરીએ છીએ. અમને ઓળખ્યા તો ખરાને?'

એ જ શ્રીમતી રાધા વેણુગોપાલ હતા.

ડાઈનિંગ ટેબલ પર જમવા બેઠેલા ડૉ. વેણુગોપાલ ભોજન છોડીને અમને મળવા દોડી આવ્યા. મારો હાથ પકડીને એ બોલી ઊઠ્યા : 'ક્યારના તમારા ફોન ઘુમાવીએ છીએ, પણ રિંગ જ જાય છે. ક્યારે આવ્યા?'

'બપોરના પ્લેનમાં. પણ ડૉક્ટર સાહેબ, અમારો પુત્ર.....?' પત્નીએ ચિંતાતુર સ્વરે કહ્યું.

'ડોન્ટ વરી. એ ખૂબ જ સહીસલામત છે. હાથે પગે થોડું વાગ્યું છે, મોં પર થોડા બ્રશીસ છે, પણ એ તો બે-ચાર દિવસમાં મટી જશે...'

'પણ એ છે ક્યાં?'

'હું એને હોસ્પિટલમાંથી મારા ઘેર લઈ આવ્યો છું. એ જ્યારે બધા સાથે અહીં હોસ્પિટલમાં આવ્યો ત્યારે હું હાજર હતો. એ પછી પેશન્ટની યાદી વાંચી કે તુરત જ હું તમારા સનને મળ્યો. કાલીમ્પોંગની ઓળખાણ તાજી કરાવી. ત્યાં મેં પર્સનલી એને ટ્રીટમેન્ટ આપી છે. પણ રહી સરકારી હોસ્પિટલ! અજાણ્યા પ્રદેશમાં આવી પરિસ્થિતિમાં એ મુંઝાઈ ન જાય એટલા માટે મારે ત્યાં લઈ આવ્યો છું. મારી ડૉટર અને સનની એને કંપની મળે અને....'

અમે વાતો કરતા હતા ત્યાં ડૉરબેલ વાગી.

ડૉક્ટરની યુવાન પુત્રી કોલેજથી પાછી આવી હતી. આવતાવેંત જ એણે પૂછ્યું, 'પપ્પા, હાવ ઈઝ મિ. કાલીમ્પોંગ?'

ડૉક્ટર ખડખડાટ હસી પડ્યા અને મારી સામે જોઈને કહે : 'મારી પુત્રી એને મિ. કાલીમ્પોંગ કહીને જ બોલાવે છે.' પછી પુત્રી સામે જોઈ કહ્યું, 'આમને તું ઓળખે છે? એ તારા મિ. કાલીમ્પોંગના પપ્પા-મમ્મી થાય અને આ છોટે કાલીમ્પોંગ....'

અમે ફરી હસી પડ્યા.

ડૉક્ટર અમને એક એરકંડિશન્ડ બેડરૂમમાં લઈ ગયા કે જ્યાં અમારા પુત્રને રાખવામાં આવ્યો હતો. એ ડોક્ટરના પુત્ર જોડે શતરંજ રમતો હતો.

ડૉક્ટરને ત્યાં ત્રણ દિવસ રોકાઈ જ્યારે અમે પુત્રને લઈને ઘેર પાછા ફર્યા ત્યારે અમારા મનમાં સતત એક જ વાત ઘોળાતી હતી. વર્ષો પહેલાં એક અજાણ્યા પ્રદેશમાં એક અજાણ્યા કુટુંબને એક રાત સાથે રહેવા દેવાનો જે ઉપકાર અમે દર્શાવ્યો હતો એનો અનેકગણો બદલો આજે એમણે અમને વાળી આપ્યો હતો.

સદ્‌ભાવનાની સુવાસ વર્ષો પછીયે મહેકતી હતી. ■


## વડીલો માટે ઘેરબેઠા નેચરોપેથી સારવાર

ઉંમર વધવાની સાથે શરીરમાં રોગોનું પ્રમાણ વધતું જાય છે. શરીરમાં જુદા જુદા રોગોએ કાયમી સ્થાન જમાવી દીધું હોય છે. જુદા જુદા રોગો માટે અનેક જાતની દવાઓ લેવી પડતી હોય છે. જે સરવાળે તો નુકસાન જ કરે છે. જીવન અસહ્ય બની જાય છે, જીવનનો પંથ કપાતો નથી. વડીલોની આ બધી તકલીફોમાં સહાયભૂત થવા અમોએ નેચરોપેથી દ્વારા નવી જ સારવાર વિકસાવી છે જેનાથી શરીરના અગત્યના અવયવો જેવા કે મગજ, લીવર, હાર્ટ, કિડની, આંખો વિ.ને નવી જ શક્તિ મળે છે. લોહીનું સરક્યુલેશન સુધરતાં બ્લડ પ્રેશર નિયંત્રણમાં આવે છે. દર્દો સામે લડવા માટે ઇમ્યુન સીસ્ટમ, સેલ્ફ ડિફેન્સ સીસ્ટમ જાગૃત થાય છે. માનસિક પરિસ્થિતિમાં પણ ઘણો સુધારો આવે છે. આ સારવાર ઘેર બેઠા કોઈપણ દવા વગર લઈ શકાય છે. સારવાર લેવા માટે આપે ફક્ત પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા તકલીફની સંપૂર્ણ વિગત આપવી પડે. સારવારનો માસિક ખર્ચ રૂા. ૨૧૦૦/- આવે છે અને ઓછામાં ઓછા ૩ માસ સારવાર લેવી અનિવાર્ય છે.

***સારવાર માટે મળતી ફી ની સંપૂર્ણ રકમ જીવદયામાં વાપરવામાં આવે છે.***

**ખીવાન્દી મંગલ ભુવન, પાલીતાણા.**

*અત્રે નવ્વાણું યાત્રા અર્થે આવવાનું થયું અને તે સમયમાં ઢીંચણના દુઃખાવા વિગેરે થવાથી તપાસ કરતાં ખીમત યાત્રિક ભવનમાં અરિહંત સારવાર કેન્દ્રના ડૉ. ઉપેન્દ્રભાઈ એસ. શાહની સાત દિવસ ટ્રીટમેન્ટ લેતાં ખૂબ સારો અનુભવ રહ્યો. અનુકૂળતા આવી તે માટે ડૉ. ઉપેન્દ્રભાઈના આ સેવાકાર્યની અમો ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. આ નિઃસ્વાર્થ સેવાનો ઘણા પૂજ્યો તથા ગૃહસ્થો લાભ લે છે અને નિરોગીપણાને પ્રાપ્ત કરીને શાતા પ્રાપ્ત કરે છે તે બદલ ધન્યવાદ.*

*આચાર્ય સિંહસેન સૂરિના ધર્મલાભ, તા. ૨૯-૧-૨૦૧૪*

## અરિહંત સારવાર કેન્દ્ર

"દીપિકા", માણેકવાડી સ્ટેશન રોડ, હરીયાળા પ્લોટ નં. ૧૩૮-બી, ભાવનગર-૩૬૪ ૦૦૧.

ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ
(એન.ડી.)
મો. ૦૯૪૨૬૨૫૫૩૦૫

**સાદી સરળ ઉપચાર પધ્ધતિ દ્વારા તીવ્ર - જીર્ણ - અસાધ્ય રોગની સારવાર**

**દર સોમવારથી શનીવાર સવારે ૯.૦૦થી ૧૨.૦૦ બપોરે ૩.૦૦થી ૬.૦૦ (એપોઈન્ટમેન્ટ લઈને મળવા આવવું.)**

અર્થશાસ્ત્ર

# ભારતમાં પ્રાદેશિક ભિન્નતા અને શહેરી વસવાટ

• પ્રો. સૂર્યકાંત ભટ્ટ •

આપણા દેશમાં અનેક પ્રકારની પ્રાદેશિક અસમતુલા દૃશ્યમાન થાય છે. કોઈ પ્રદેશ નદી કિનારે, તો કોઈ સમુદ્રના કાંઠે. પહાડી પ્રદેશો કે રણ પ્રદેશોમાં આજે માનવ વસવાટ છે. આવા પ્રાદેશિક વિસ્તારો નિસર્ગદત્ત છે. અમુક પ્રદેશો એવા છે કે જ્યાં જમીનમાંથી લિગ્નાઈટ, બોક્સાઈટ, બેન્ટોનાઈટ જેવી ખનિજ સંપત્તિ સાંપડે છે તો કોઈ ઘટાટોપ વૃક્ષો ધરાવતી જંગલીય વિસ્તારો જોવા મળે છે. જ્યારે કોઈક પ્રદેશોમાંથી ગેસ તેલ સાંપડે છે. આજે એવો કોઈ પ્રદેશ જોવા મળતો નથી કે જે પ્રદેશમાંથી નૈસર્ગિક તમામ ચીજવસ્તુઓની પ્રાપ્તિ થાય.

ભારત ખેતીપ્રધાન દેશ છે. આજે પણ લગભગ બાસઠ ટકા લોકો ખેત વ્યવસાય સાથે સંલગ્નિત છે. ભૂસ્તરશાસ્ત્રીઓ અને ખગોળ વિદ્યાના સંશોધકો જણાવે છે તે પ્રમાણે આ પૃથ્વી પર ૭૧% ભાગમાં પાણી છે, માત્ર ૨૯%માં જમીન છે. ભારતને આમાંની ૨.૨% જમીન પ્રાપ્ત થયેલી છે. જે પર વિશ્વની વસતીની ૧૬% વસતિ વસી રહી છે. જો સમયસર અને પ્રમાણસર વરસાદ આવે તો ધનધાન્યના ઢગલા થઈ જવા પામે. પરંતુ ક્યારેક અતિવૃષ્ટ તો ક્યારેક અનાવૃષ્ટિનો સામનો ભારતના ખેડૂતોને અવશ્ય કરવો પડે છે. ઉપજ ઓછી થતાં કે પછી તીડ, વાવાઝોડું, ભૂકંપ, અનાવૃષ્ટિને કારણે પાકનો નાશ થતાં ખેડૂતને દેવું કરવું પડે છે. આઝાદી પહેલાં જમીનદારી પધ્ધતિના અનેક દોષો હતા. તેથી જ કહેવાતું કે "ભારતનો ખેડૂત દેવામાં જન્મે છે, દેવામાં જીવે છે અને મૃત્યુ બાદ દેવું મૂકી જાય છે." કહેવાય છે કે, "India is a rich Country but her inhabitants are poor." અમીર ભારતમાં ગરીબો વસે છે. ભારતના ખેડૂતોને ખેતવ્યવસાય છોડવા મજબૂર કર્યા હોય તો તે છે જમીનનું ખંડ વિભાજન અને ઉપવિભાજન. કોઈ ખેડૂતની જમીન બે-ત્રણ રાજ્યોના ગ્રામ્ય વિસ્તારોમાં હોય તો પોતાના વારસદારોમાંના પ્રત્યેકને જે તે રાજ્યના ગામડાંની જમીનના ભાગ પાડી વારસામાં આપતા રહે છે. મોટા ભાગે કોઈ એક ગામડાંનો ખેડૂત પણ પોતાના વારસદારોને માલિકીની જમીનના ભાગ પાડી માલિક બનાવે છે. આવું વંશપરંપરાગત ચાલતાં બે - ચાર પેઢી પછી જમીનનો નાનો ટુકડો વારસદાર પાસે રહી જાય. જેમાંથી ખેત પેદાશની પ્રાપ્તિ અલ્પ થતાં રોજગારી માટે ખેડૂતોને શહેરોમાં પ્રયાણ કરવું પડે છે. અતિ વસતિ, ગરીબી, અલ્પ આવક કે બેરોજગારી, અશિક્ષિતતાને કારણે આવા ગ્રામ્ય ખેડૂતો કે મજદૂરો શહેરો તરફ મીટ માંડે તે સ્વાભાવિક જ છે.

શહેરોમાં નાના મોટા અનેક ઉદ્યોગો, ઝડપી વાહન વ્યવહાર, મનોરંજનના સાધનો, હોટલ વ્યવસાય કે હાથલારીમાં વેચાતી ખાણીપીણીની ચીજવસ્તુઓ વેચનારા પાસે પણ મજૂરી મળી રહે છે. તેથી શહેરોમાં ગ્રામ્યપ્રજા ધસી રહી છે. આડેધડ શહેરી વિસ્તારો વધતા જાય છે, ગામડાં તૂટતા જ જાય છે. **જો આપણે માત્ર અમદાવાદનો દાખલો લઈએ તો અમદાવાદનો વિસ્તાર ૧૯૨ ચો.કિ.મી. હતો. આજે ૪૧૨ ચોરસ કિ.મી. થયો છે. અમદાવાદની સમીપના ગામડાંઓનો આમાં સમાવેશ થઈ ગયો છે.** બીજી તરફ મુંબઈમાં દહીંસરથી પાલઘર સુધી બિલ્ડિંગોનો રાફડો ફાટ્યો છે. આજે તો એક સર્વે મુજબ દેશના ૬૫૦ જિલ્લાઓમાંથી માત્ર ૧૦૦ જિલ્લામાં જ ગ્રામ્ય સંસ્કૃતિ દૃશ્યમાન થઈ રહી છે.

શહેરોમાં રોજગારી મળે પરંતુ આવાસની સગવડો ન હોવાને કારણે લોકો ઝુંપડા બાંધીને રહે છે. આ ઝુંપડપટ્ટી વિસ્તારો અતિ ગંદકીભર્યા છે. ગંદા પાણી રેલાતા હોય છે. પરિણામે માખી મચ્છરોના ઉપદ્રવથી આ વિસ્તારના લોકો ભયાનક બીમારીઓમાં સબડતા હોય છે. પેટનું પૂરું કરવા આવા લોકો દારૂની વેંચસાટ, અન્ય કેફી પીણાની વેંચસાટ, જુગાર, વેશ્યાવૃત્તિ કે લોહીના વ્યાપાર દ્વારા ગુજરાન ચલાવે છે. ગુંડાગીરી કરવી કે ચોરી લુંટફાટ કરવી એ તો બધું આ લોકો માટે સામાન્ય બની ગયું છે. ગામડાંમાંથી કેટલાક એવા લોકો શહેરમાં રોજગારી મેળવે છે કે જેઓ થોડા ઘણા ભણેલા છે. તેઓ પોતાની જમીનો ખેત મજૂરોને ખેડવા આપી દે છે. પરિણામે પ્રશ્ન ખેત પેદાશના ઉત્પાદનનો થઈ રહ્યો છે.

**ડાહ્યા અને વિદ્વાન શાસ્ત્રકારોએ તો વર્ણવીને નીતિ સૂત્રો આપ્યા છે તે મુજબ, "ખેડૂતો અનાજ, શાકભાજી અને ઘાસચારાનું ઉત્પાદન નહિં કરે તો ભવિષ્યમાં લોકોની જીવાદોરી ટૂંકી થઈ જશે. કારણ અનાજ આપણી મુળભૂત જરૂરિયાત છે. માટે જ કહેવાયું છે કે, "A Farmer is a Father of Nation." ખેડૂત જગતનો તાત છે.**

આજે તો આડેધડ શહેરીકરણે શહેરોને કદરૂપા બનાવ્યા છે. ઈ.સ. ૨૦૩૦ને લક્ષમાં રાખી શહેરી નિર્માણ પ્રક્રિયાને ઑપ અપાયો. જેનું ૭૦% કામ બાકી છે. થોડી ઘણી બિલ્ડિંગો પણ પર્યાવરણના જોખમો ઊભા કરે છે. "સેન્સર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ" સી.એ.એસ.આઈ.ના લેટેસ્ટ અહેવાલ મુજબ ચેન્નાઈ - મુંબઈ કે જ્યાં વાતાવરણમાં ભેજ વધારે છે ત્યાં કાચથી એરટાઈટ મકાનોને સ્થાને ખુલ્લા બારીબારણા જરૂરી છે. આડેધડ મકાનોના બાંધકામથી કાર્બનનું ઉત્સર્જન ખૂબ જ વધી રહ્યું છે.

"સૌનો સાથ સહુનો વિકાસ"ના સૂત્ર હેઠળ નવી સરકારે ગરીબોની રખવાળી અને

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)

*ચિંતાઓ, તનાવ, પરેશાની – આ બધા પરિસ્થિતિથી લડવાથી દૂર નથી થતાં પણ આપણી અંદરની કમજોરીને દૂર કરવાથી જ નષ્ટ થઈ શકે છે.*

કચ્છ

# પુરાતત્ત્વીય ખજાનો : ભદ્રેશ્વર

● નરેશ પી. અંતાણી ●

અનેક સંસ્કૃતિઓના સુમેળથી નિર્માયેલી નોખી કચ્છી સંસ્કૃતિના દર્શન કચ્છમાં ઠેર ઠેર રહેલા શિલ્પ, સ્થાપત્ય અને પુરાતત્ત્વીય અવશેષોમાં આપણને થાય છે. ધોળાવીરા, ખીરસરા, કુરન, શિકારપુર, કાનમેર સહિતની અનેક પુરાતત્ત્વીય વારસાથી સભર પ્રાચીન વસાહતો માટે આજે ગુજરાત અને કચ્છ ગૌરવ લઈ શકે છે. આજ રીતે એક સમયના ભદ્રાવતી અને હાલના ભદ્રેશ્વર અને તેની આસપાસના અનેક પુરાતત્ત્વીય અવશેષો સંશોધકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જાપાન સહિતના દેશો પણ આ પ્રદેશ તરફ આકર્ષાયા છે. પુરાણોમાં ભદ્રાવતી નગરી તરીકે જેનો ઉલ્લેખ કરાયો છે તેવી આ પ્રાચીન નગરીના ધ્વંસાવશેષો, મંદિરો અને મસ્જિદોના ખંડેરો અને અહીંથી મળતાં પુરાતત્ત્વીય આધારો આ નગરીની પ્રાચીનતા અને મહત્તાનો ખ્યાલ આપે છે.

સામાન્ય પ્રજામાં ભદ્રેશ્વર આજે તેના પ્રાચીન જૈન તીર્થ 'વસઈ'થી વધારે જાણીતું છે. **પરંતુ જૈનતીર્થની સાથે સાથે ભદ્રેશ્વર અને તેની આસપાસના આવેલાં એટલાં જ સ્થાનોથી નવી પેઢી ઓછી માહિતગાર હશે. આ સ્થાનોનું સંશોધન અને ઉત્ખનન આ સ્થળની પ્રાચીનતાને ઉજાગર કરવા માટે જરૂરી બન્યું છે; એ સ્થાનોની અગત્યતા તરફ અંગૂલી નિર્દેશ કરવાનો અને કાળની ગર્તામાં વિસરાઈ ગયેલા આ સ્થાનોનો પરિચય કરાવવાનો આજનો ઉપક્રમ છે.**

ભદ્રેશ્વરના પ્રાચીન જૈન દેરાસરની પ્રાચીનતા અંગે અનેક મતમતાંતરો પ્રવર્તે છે. એક ક્વિદંતી મુજબ આજથી અંદાજે ૨૫૦૦ વર્ષથી વધારે સમય અગાઉ ઈસવીસન પૂર્વે ૪૪૮માં દેવચંદ્ર નામના ગૃહસ્થે અહીં મંદિર બંધાવ્યું અને તેમાં જૈન તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. અનેક વખત જિર્ણોધ્ધાર પામેલાં આ જૈન દેરાસરનો સૌ પ્રથમ વખત જિર્ણોધ્ધાર કુમારપાળે કરાવ્યો. એ પછી સંવત ૧૩૧૫માં જગડુશાએ અને એ પછી આ તીર્થની હાલત જોઈ સંવત ૧૯૨૦માં જૈન મુનિ ખંતવિજયજીએ કચ્છના રાવ પ્રાગમલજી અને દેશળજીની સહાયથી કરાવ્યો. આ પછી બ્રિટિશરોના કચ્છના રાજદ્વારી પ્રતિનિધિ કેપ્ટન મૅકમર્ડોએ ઈસવીસન ૧૮૧૯માં તેનો જિર્ણોધ્ધાર કરાવ્યાની નોંધ મળે છે. સંવત ૧૯૩૯ના મહાસુદ ૧૦ ના દિવસે માંડવીના શેઠ મોણશી તેજશીના પત્ની મીઠાબાઈએ પણ તેનો જિર્ણોધ્ધાર કરાવ્યાની વિગતો નોંધાઈ છે.

આમ, અનેક ચઢાવ ઉતારના મૂક સાક્ષી એવા ભદ્રેશ્વર જૈન તીર્થનો છેલ્લો જિર્ણોધ્ધાર કરવાની અનિવાર્યતા ઈસવીસન ૨૦૦૧ના ધરતીકંપને કારણે આવી પડી. આ ભૂકંપમાં જિનાલયને વ્યાપક નુકસાન થતાં કચ્છ અને બૃહદ કચ્છના દાતાઓના સહયોગથી ૧૫ કરોડથી વધારેના ખર્ચથી આ કાર્ય પણ સંપન્ન થયું છે.

છેલ્લા જિર્ણોધ્ધારના કાર્ય દરમ્યાન પાયાના ખનન દરમ્યાન જૈન તીર્થંકરની અનેક પ્રતિમાઓ મળી આવી હતી. પરિણામે પ્રજામાં એ સમયે કુતૂહલ પેદા થયું હતું. પરંતુ ભદ્રેશ્વરના આ પ્રાચીન જિનાલયનો અનેક વખત જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે એટલે સ્વાભાવિક છે કે દરેક જિર્ણોધ્ધાર સમયે ખંડિત પ્રતિમાઓના સ્થાને નૂતન અખંડ પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવે. ખંડિત પ્રતિમાઓને પૂજવામાં આવતી નથી. અગાઉના સમયમાં સંગ્રહાલયોની રચના કરવા જેવી સભાનતા કદાચ નહોતી. આથી આ ખંડિત પ્રતિમાઓને દરિયામાં પધરાવી દેવામાં આવતી અથવા તો જમીનમાં દાટી દેવામાં આવતી.

આમ, ભદ્રેશ્વરના જૈન તીર્થની આ ખંડિત પ્રતિમાઓ પણ દર વખતે જિર્ણોધ્ધાર સમયે દાટી દેવામાં આવી હશે, જે પ્રાપ્ત થઈ હશે.

વર્તમાન સમયમાં સોમનાથ, લોથલ, મોઢેરા, વડનગર, ધોળાવીરા, વડનગર વગેરે સ્થળોએ આવેલા પ્રાચીન મંદિરોમાંથી પ્રાપ્ત ખંડિત પ્રતિમાઓ, શિલ્પો અને અન્ય અવશેષોને જાળવી રાખવા તથા પ્રવાસીઓ અને સંશોધકોના માર્ગદર્શન માટે સ્થળ સંગ્રહાલયોનું નિર્માણ કરાયું છે. ભદ્રેશ્વર ખાતે પણ હાલમાં પ્રાપ્ત ખંડિત પ્રતિમાઓ તથા ૨૦૦૧ના ભૂકંપમાં જિનાલયને નુકસાન થતાં જે પ્રતિમાઓ અને શિલ્પો ખંડિત થયા હોય તે તમામને જાળવી રાખવા આવું જ સ્થળ સંગ્રહાલય ભદ્રેશ્વર ખાતે જ આકાર પામે તો લોકોને ઉપયોગી થાય એમ છે. પાલિતાણા ખાતે પણ આવું સંગ્રહાલય છે.

ભદ્રેશ્વરની જાહોજલાલીમાં જગડુશાનો ફાળો સવિશેષ રહ્યો છે એ ઈતિહાસ પ્રસિદ્ધ હકીકત છે. એ સમયની ભદ્રાવતી નગરીમાં કેવા મહેલો અને મોલાતો હશે તેની તો કલ્પના જ કરવાની રહી. પરંતુ એ સમયની જગડુશાની મોલાત તરીકે જાણીતો જગડુશાનો મહેલ, જગડુશાની બેઠક તરીકે જાણીતી ઈમારતના વિશાળ ખંડેરો એ અતીતની ભવ્યતાના દર્શન કરાવે છે.

ભદ્રેશ્વરથી દોઢેક કિલોમીટર દૂર ચોખંડા ખાતે નાળેશ્વર મહાદેવનું મંદિર છે. લોકજીભે તે ચોખંડા મહાદેવ તરીકે વધારે જાણીતું છે. આ મંદિર પણ ભૂકંપમાં ધ્વસ્ત થયું હતું. તેનો પણ જિર્ણોધ્ધાર સંપન્ન થયો છે. આ મંદિરના ઓટલા પર સિધ્ધરાજ જયસિંહના શાસનકાળના પાછલાં વર્ષોનો સંવત ૧૧૯૫નો એક શિલાલેખ જડી દેવાયો હતો. આ શિલાલેખ ભૂકંપ પછી ગૂમ થઈ ગયો હતો. જો કે પાછળથી તે બે ટુકડાઓમાં મળી

*કામનાં બોજા કરતાં તેની ચિંતા તેને મારી નાખે છે.*

આવ્યો છે અને તેને સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યો છે.

ચોખંડા મહાદેવના જિર્ણોધ્ધારના કાર્ય દરમ્યાન વધુ એક શિલાલેખ મળી આવ્યો છે જેનું હજી વાંચન બાકી છે. એ વંચાયા પછી આ સ્થળના ઈતિહાસના વધુ સોનેરી પૃષ્ઠો ખોલી શકાશે.

માંડવી-ગાંધીધામના રાજમાર્ગથી ભદ્રેશ્વરના અંદરના ભાગે પ્રવેશતાં ડાબી તરફે એક આલીશાન ભગ્ન ઈમારતના અવશેષો નજરે પડે છે. આ ઈમારત અર્ધ દટાયેલી હાલતમાં છે. જેના મોટાભાગના શિલાસ્તંભો જાડા અને લાંબા છે. પ્રથમ નજરે જોતાં જ તે ભૂતકાળની કોઈ ભવ્ય ઈમારતના ભગ્નાવશેષો હોવાની સાક્ષી પૂરે છે.

આ ઈમારતને મોટાભાગના લોકો જગડુશાના મહેલ તરીકે ઓળખાવે છે, તો કેટલાક તેને 'સોળથંભી મસ્જિદ' તરીકે પણ ઓળખાવે છે. પરંતુ તે માનવા માટે તાત્કાલિક કોઈ કારણ નજરે પડતું નથી. કારણકે આ ભગ્ન ઈમારતમાં ૧૬થી વધારે સ્તંભો જોઈ શકાય છે. ૫૦થી વધારે તો આ લખનારે ગણેલા છે. તેથી તેને સોળ સ્તંભી કેવી રીતે કહી શકાય? હા, સો સ્તંભી ઈમારત કોઈ કાળે તે હોઈ શકે છે. આમાં હકીકત શું તે જાણવા આ મહેલનું પૂર્ણ ઉત્ખનન થવું જરૂરી છે. આ મહેલનું સ્થાપત્ય જો કે તે હિન્દુ શૈલીનું હોય તેવું જણાય છે. આ મહેલનું પૂર્ણ ઉત્ખનન થયા પછી જ કોઈ નિષ્કર્ષ પર આવી શકાય.

આ ઈમારતથી ભદ્રેશ્વર ગામ તરફ આગળ વધતાં ખીમલી મસ્જિદ તરીકે જાણીતી મસ્જિદ આવે છે. આ મસ્જિદ જગડુશાએ પોતાના મિત્ર ખીમલી પંજારાની યાદમાં બંધાવ્યાની નોંધ 'જગડુશાચરિત' માં છે. આ મસ્જિદમાં કુફી ભાષામાં લખાણ છે. મસ્જિદથી થોડે દૂર 'લાલશા બાઝ'નો કૂબો પણ નજરે પડે છે.

● **દૂદા હરિજનની વાવ :**

ભદ્રેશ્વર જિનાલયથી થોડે દૂર દુદા હરિજનની ૫ગ વાવ આવેલી છે. આ વાવ પાટણની રાણીની વાવ કે અડાલજની યાદ અપાવે એવી સુંદર એક સમયે હોવી જોઈએ. સાત મજલાની આ વાવના ચાર મજલા તો આજે પણ જોઈ શકાય છે. આ વાવ જગડુશાના મિત્ર દુદાની યાદમાં બંધાવાઈ હોવાની નોંધ મળે છે. જેના નિર્માણમાં જગડુશાએ ભદ્રેશ્વર જિનાલયમાં કરેલા ખર્ચ કરતાં એક દોકડો વધારે ખર્ચ કર્યો હોવાથી તેને 'દોકડા વાવ' તરીકે પણ ઓળખવામાં આવે છે. વાવની એક શિલા સત્તર ફૂટ લાંબી છે.

● **ફૂલસર તળાવ :**

'જગડુચરિત' માં કરાયેલી નોંધ મુજબ ભદ્રેશ્વરના તળાવ સાથે કુમારપાળ અને મૂળરાજ સોલંકીના નામો જોડાયેલા છે, જેનું ખોદકામ જગડુશાએ કરાવ્યું હતું. હાલનું ભદ્રેશ્વરનું ફૂલસર તળાવ એ જ એ સમયનું જ તળાવ હોવાનું કહેવાય છે.

આ ઉપરાંત ભદ્રેશ્વરની આસપાસ પિંજોરા પીર, ખંડિત દોરી, આશાબો પીર, આશાપુરાનું મંદિર, ભૂતેશ્વરનું મંદિર વગેરે પણ ખંડિત હાલતમાં જોઈ શકાય છે.

આમ, ભદ્રેશ્વર અને તેની આસપાસ આવેલાં આ તમામ પુરાતત્ત્વીય સ્થાનો અંગે સંશોધન કરવામાં આવે અને જરૂર જણાય ત્યાં ઉત્ખનન કરવામાં આવે તો આ તીર્થની પ્રાચીન જાહોજલાલીની ઘણી અપ્રગટ કથાઓને પ્રકાશમાં લાવી શકાય.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે, રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## હું અને તું – આ દાસ્તાન સનાતન (૫)

**(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

એવા મારા મિત્ર મોતીરામ મીરચંદાણીએ મને અસલ ફારસી ભાષામાં એ કાવ્ય સંભળાવ્યું હતું. સાથોસાથ પ્રત્યેક પંક્તિનો અંગ્રેજી અનુવાદ તેઓ મને કહેતા ગયા જે હું લખતો ગયો :

*"'હું' અને 'તું' ની આ રમત છે;*
*જો 'હું' બની જાઉં 'તું' અને 'તું' બને 'હું'*
*જો હું પ્રાણ અને તું પ્રાણાધાર*
*તો પછી*
*હવે કોણ કહી શકે 'હું' અને 'તું' જુદા."*

ફરીફરીને હું એકરાર કરતો રહીશ કે તેં મને ફૂલોની જેમ સદા તારા દિલમાં સાચવ્યો છે; એટલે કે મને તારામાં સમાવી લીધેલ છે. સૂફી કવિની ઉપરોક્ત રચનાના અનુવાદ પછી એકવીસ વર્ષે એ કવિતાનો મર્મ મને ઉપલબ્ધ થયો છે.

***(ક્રમશઃ)***

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

## ભારતમાં પ્રાદેશિક ભિન્નતા અને શહેરી વસવાટ

**(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**

આવાસ આપવા વચનો આપી દીધા છે. નવી આવાસ યોજનાઓમાં ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરના સેક્ટરોની જેમ આવાસ સંકુલો બંધાય કે જેમાં ગીચતા ન હોય. લાઈટ - પાણી - ગટર - સફાઈની સુચારૂ વ્યવસ્થા હોય. પ્રત્યેક સેક્ટરોના બોર્ડ રસ્તા પર હોય, સેક્ટરોમાં શાકભાજી, અનાજ - કરિયાણા આદિની દુકાનો, બાલશાળા, ક્રીડાંગણ, બાગ-બગીચા, પુસ્તકાલય, આરોગ્ય કેન્દ્રો હોય, વોકિંગ ટ્રેક અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવા દુકાનો તથા સીટીબસ, રીક્ષા, ટેક્ષીના સ્ટેન્ડ એ સમયની માંગ છે.

હવેના શહેરી નિર્માણ કે શહેરી વિકાસના કામો એક ચોક્કસ પ્રકારની વિચારસરણી માંગી લે છે. ભારતનું આગામી સો વર્ષના વિકાસનું ચિત્ર મગજ સામે રાખીને શહેરી વિકાસના નિર્માતાઓએ અવશ્ય ચાલવું પડશે.

*(લેખક ભુજની શ્રી આર.આર. લાલન કૉલેજના અર્થશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક છે.)*

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

*દુઃખની તો સીમા હોય છે, પણ ચિંતા અસીમિત હોય છે.*

પ્રજાતંત્ર

# સખાવતી નાણાંમાંથીય તંત્રની નફાખોરી?

• શશીકાંત ઠક્કર - એડવોકેટ •

ગુજરાત રાજ્યના ચેરિટી તંત્રનો વહીવટ તદ્દન અનિયંત્રિત છે તે અંગેની વિગતવાર આંકડાઓ સહિતની માહિતી સાથે અગાઉ આ કોલમમાં વિશદ્ છણાવટ કરી હતી. એનાથી અગાઉ 'જાહેર ટ્રસ્ટો - નિયંત્રણ અને પ્રશ્નો' એ વિષય પર તા. ૧૦-૧૨-૯૫, તા. ૧૭-૧૨-૯૫ અને તા. ૨૪-૧૨-૯૫ ના ત્રણ લેખો દ્વારા વિવિધ પ્રશ્નોની છણાવટ કરી હતી. સન ૧૯૯૭માં ૮મી ઓગસ્ટે ગુજરાત રાજ્યના કાયદાખાતાના સચિવ પ્રભાકરભાઈ ધોળકિયાની કચ્છની મુલાકાત સમયે કચ્છના અગ્રગણ્ય સખાવતી ટ્રસ્ટોના પ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નોની માહિતી અને મળેલા પ્રતિભાવની વિગતો તા. ૩૧-૮-૯૭ ના લેખમાં આપી હતી. આ પછી તા. ૮ મી મે ૧૯૯૮ ના ભદ્રેશ્વર મુકામે તેમના સાંનિધ્યમાં યોજાયેલી બેઠકમાં પણ વિવિધ પ્રશ્નો રજૂ થયા હતા. જેની વિગતો 'મંદિરોની જગ્યાઓ પર સરકારી હાથ' એ મથાળા હેઠળ તા. ૧૭-૫-૯૮ ના લેખમાં અપાઈ હતી જેના અનુસંધાને તા. ૯-૧૦-૦૩ ના લેખમાં સરકારી વહીવટ હેઠળ મંદિરોનો વિકાસ અવરોધાતો હોવાની વિગતો રજૂ થઈ હતી.

શ્રી ધોળકિયાના સમયમાં કેટલાક સામાન્ય પ્રશ્નોના ઉકેલો અંગે થોડી ઘણી પ્રગતિ થઈ પરંતુ ત્યારબાદ મૂળભૂત પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નહીં. તેના પરિણામે ચેરિટી તંત્રની કેવી દયનીય હાલત છે તેનો ચિતાર તંત્રના જ સન ૨૦૦૯-૧૦ના વાર્ષિક વહીવટી અહેવાલના આધારે તા. ૨૫-૧૦-૧૩ના આપ્યો હતો. અપેક્ષા એ હતી કે આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ અંગે સરકારમાં રજૂઆત કરી યોગ્ય ઉકેલ કરાવશે પરંતુ તેવી કોઈ પ્રવૃત્તિ થયાનું જાણવા મળ્યું નથી.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ આવા જાહેરહિતના પ્રશ્નો અંગે નાછૂટકે ગુજરાત હાઈકોર્ટમાં પબ્લિક લીટીગેશન પીટીશનો રજૂ કરવા પ્રાથમિક વિચારણા થઈ છે. આના અનુસંધાને તા. ૨૧-૫-૨૦૧૪ ના રાજ્યના ચેરિટીતંત્ર પાસેથી માહિતી અધિકાર કાયદા હેઠળ કેટલીક માહિતી માંગેલી. જેના સંદર્ભે મળેલી માહિતી અત્યંત ચોંકાવનારી છે અને તેથી એ સ્પષ્ટ થાય છે કે પ્રજાહિતના કાર્યો માટે લોકો પાસેથી દાન-ફાળા ઉઘરાવી સરકારે કરવાની કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરતાં ટ્રસ્ટો પાસેથી ફાળો ઉઘરાવવામાં રાજ્ય સરકાર ભયંકર નફાખોરી કરી ટ્રસ્ટોનું શોષણ કરી રહી છે અને બીજી તરફ જેના માટે આ ઉઘરાણું કરવામાં આવે છે તે સેવાઓ તદ્દન ખાડે ગઈ છે.

રાજ્યના સમગ્ર ચેરિટીતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ વગેરેના પગારભથ્થા અને સમગ્ર તંત્રનો વહીવટીખર્ચ આ ટ્રસ્ટ ફાળામાંથી ચુકવાય છે. સરકારને એક પૈસાનો પણ ખર્ચ કરવાનો હોતો નથી. કાયદા મુજબ દરેક ટ્રસ્ટ પાસેથી તેની આવકના બે ટકાનો ટ્રસ્ટ ફાળો દર વર્ષે ઉઘરાવાય છે અને તે રકમનું અલાયદુ ફંડ રાખવાની અને તેમાંથી તમામ ખર્ચ કરવાની કાયદા મુજબની જોગવાઈ છે. આમ છતાં આ તંત્રમાં મોટાભાગની જગ્યાઓ ખાલી રખાઈ છે અને આઠેક અધિકારીઓને બબ્બે ત્રણ-ત્રણ જિલ્લાઓના ચાર્જમાં રખાય છે. દા.ત. કચ્છમાં ચેરિટી તંત્રના ચેરિટી કમિશનર અન્ય જિલ્લામાંથી કચ્છમાં મહિને એકાદ બે દિવસ કેમ્પ કરે છે અને કચેરીનો સમગ્ર વહીવટી માત્ર ત્રણ જણાથી ચલાવાય છે. પરિણામે મોટાભાગની કામગીરી સમયસર થતી નથી અને વર્ષો લંબાયા કરે છે.

ચેરિટી કમિશનર કચેરી અમદાવાદથી મેળવેલા સત્તાવાર આંકડા મુજબ તા. ૨૮-૫-૧૪ ની સ્થિતિએ સરકાર પાસે ટ્રસ્ટ ફાળાની ૧૩૩ કરોડ ૧૯ લાખથી વધારે રકમ બેલેન્સમાં છે જે પૈકી ૧૨૪ કરોડ ૨૬ લાખ બેન્કોમાં થાપણ મુકાઈ છે અને ૭ કરોડ ૫૭ લાખ નર્મદા નિગમમાં રોકાણ કરવામાં આવી છે.

છેલ્લા ત્રણ વર્ષની ફાળાની આવક ૩૮ કરોડ ૧૧ લાખની છે જે સરેરાશ વાર્ષિક રૂ. ૧૨ કરોડ ૭૦ લાખ થાય છે. તે સામે સમગ્ર તંત્રનો ત્રણ વર્ષનો ખર્ચ રૂ. ૨૮ કરોડ પાંચ લાખ જેટલો છે. જે સરેરાશ ૯ કરોડ ૩૫ લાખ વાર્ષિક છે. આમ સરેરાશ વાર્ષિક ૩ કરોડ ૩૫ લાખ જેટલી રકમ બચત થતી રહે છે.

ફાળાની જે રકમ સરકાર પાસે બચત છે તેના રોકાણમાંથી મળતા વ્યાજની આવક જોઈએ તો જામીનગીરીઓના વ્યાજની ત્રણ વર્ષની આવક રૂ. ૧૭ કરોડ ૩ લાખ જેટલી છે. જે સરેરાશ વાર્ષિક રૂ. ૫ કરોડ ૬૭ લાખ થવા જાય છે. બેન્ક થાપણોનું ત્રણ વર્ષનું વ્યાજ રૂ. ૬ કરોડ ૧૮ લાખ થઈ છે. જે સરેરાશ વાર્ષિક રૂ. ૨ કરોડ ૬ લાખ થાય છે. આમ છેલ્લા ત્રણ વર્ષની વ્યાજની આવક રૂ. ૨૩ કરોડ ૨૨ લાખ થઈ છે. જે સરેરાશ વાર્ષિક રૂ. ૭ કરોડ ૭૪ લાખ થાય છે.

આમ વાર્ષિક સરેરાશ ટ્રસ્ટ ફાળાની રકમ રૂ. ૧૨ કરોડ ૭૦ લાખ અને વ્યાજની વાર્ષિક સરેરાશ આવક રૂ. ૭ કરોડ ૭૪ લાખ મળી એકંદર વાર્ષિક આવક રૂ. ૨૦ કરોડ ૪૪ લાખ થાય છે. તે સામે વાર્ષિક સરેરાશ ખર્ચ રૂ. ૯ કરોડ ૩૫ લાખ થાય છે. આમ દર વર્ષે સરકાર પાસે સરેરાશ ૧૧ કરોડ ૯ લાખ રૂ. ની બચત થાય છે. આમ સરકાર ટ્રસ્ટ ફાળામાંથી તગડો નફો કરી રહી છે.

મુંબઈ રાજ્યમાં રતિલાલ પાનાચંદ ગાંધી વિ. મુંબઈ રાજ્યના કેસમાં સુપ્રીમકોર્ટે

*જે માણસો વધુ પડતા વિચારવાની આદતવાળા હોય છે તેઓ ચિંતિત પણ વધુ રહે છે.*

એ.આઈ.આર. ૧૯૫૪ એસસી ૩૮૮ વાળા ચુકાદાથી કર અને ફીની વ્યાખ્યા કરી સ્પષ્ટ કર્યું છે કે ફી નું ધોરણ જે તે બાબતે અપાતી સેવા માટે જરૂરી હોય તે પ્રમાણમાં હોવું જોઈએ. આથી ટ્રસ્ટ ફાળાની રકમ ચેરિટીતંત્ર માટેની જરૂરી રકમ સાથે સંકળાયેલી હોવી જોઈએ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સાલ્વેશન આર્મિ એઆઈઆર ૧૯૭૫ એસસી-૮૪૬ સુપ્રીમકોર્ટની આ માર્ગદર્શિકાનો અમલ કરવા મહારાષ્ટ્ર સરકારે કાયદામાં સુધારો કરી જરૂરિયાત મુજબ ફાળાનો દર વખતોવખત નક્કી કરી શકાય તેવી જોગવાઈ કરી છે.

આ ઉપરાંત મહારાષ્ટ્ર સરકારે નીચેના ટ્રસ્ટોને ફાળો ભરવામાંથી મુક્તિ પણ આપી છે.

૧. જે ટ્રસ્ટોની એકંદર વાર્ષિક આવક રૂ. ૨૫૦૦૦ કે તેથી ઓછી હોય.
૨. જે ટ્રસ્ટો સેક્યુલર શિક્ષણના હેતુ માટે સંપૂર્ણતયા કામ કરતા હોય.
૩. જે ટ્રસ્ટો આરોગ્ય સારવાર અથવા પશુઓની સારવાર માટે સંપૂર્ણતયા કામ કરતા હોય.
૪. જે ટ્રસ્ટો, અછત, દુષ્કાળ, પૂર અને આગ કે અન્ય કુદરતી આપત્તિ માટે સંપૂર્ણ કામ કરતા હોય અથવા આવા હેતુઓ માટે દાન ફંડ મેળવી તે તમામ રકમ તે જ હેતુઓ માટે ખર્ચતા હોય.

ગુજરાત રાજયના ઉપરોક્ત આંકડાઓનું તારણ કાઢતાં એ સ્પષ્ટ થાય છે કે સરકાર પાસે હાલ જે ૧૩૩ કરોડની થાપણ છે તેનું યોગ્ય રીતે રોકાણ થાય તો તેમાંથી વાર્ષિક ૧૩ કરોડ જેટલું વ્યાજ પ્રાપ્ત થાય. જ્યારે સમગ્ર તંત્રનો વાર્ષિક સરેરાશ ખર્ચ માત્ર ૯ કરોડ ૩૫ લાખ છે. આમ ટ્રસ્ટ ફાળો સમૂળગો રદ કરી નાખવામાં આવે તો પણ ચેરિટીતંત્ર માટે સરકારને પોતાના બજેટમાંથી એક રૂપિયો પણ આપવો ન પડે.

કચ્છના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાની શિસ્તમર્યાદામાં રહીને પણ સરકારના કાયદાખાતા અને નાણાંખાતા સાથે આ બાબત ઉપાડી લઈને જરૂરી ફેરફારો કરાવે એ અપેક્ષિત છે.

મહારાષ્ટ્રના કેટલાયે વ્યક્તિગત ટ્રસ્ટોએ પણ ફાળામાંથી મુક્તિ મેળવી છે. કચ્છના કેટલાયે સેવાભાવી ટ્રસ્ટો આજ ધોરણે રાહત મેળવી શકે છે. પરંતુ બોલે તેના બોર વેચાય એ ન્યાયે કચ્છમાંથી કોઈ અવાજ ઊઠતો ન હોવાથી પરિણામ મળ્યુ નથી તે સ્વયંસિદ્ધ હકીકત છે.

## પૂરક માહિતી

મુંબઈના શ્રી વર્ધમાન પરિવારની પ્રેસ નોટ મુજબ મુંબઈની વડીઅદાલતમાં મહારાષ્ટ્રના ત્રણ જૈનસંઘો સંસ્થા દ્વારા એક જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. જેમાં મુંબઈની વડી અદાલતની ડિવિઝન બેંચમાં એક વચગાળાનો આદેશ આપવામાં આવ્યો કે જેમાં ચેરિટી કમિશનર પાસે લગભગ ૪૩૧ કરોડ રૂપિયાની ફીક્સ ડીપોઝીટ તા. ૩૦-૯-૧૨ ની સ્થિતિએ હોવાથી તેના વ્યાજની આવક અને અન્ય આવક તેમના પ્રતિવર્ષના ખર્ચ કરતાં અધિક હોવાથી હાલ મહારાષ્ટ્રના ચેરિટેબલ અને રીલીજિયસ ટ્રસ્ટો પાસેથી ૨ ટકાનો સેસ આ કેસનો નિર્ણય ન આવે ત્યાં સુધી લેવો નહીં. આ દરમ્યાન હુકમ ઉઠાવી લેવા ચેરિટી કમિશનરે ફેબ્રુઆરી ૨૦૧૩ માં અરજી કરી હતી જેનો એફીડેવીટ સ્વરૂપે જવાબ જૈન સંઘો તરફથી અપાતાં ચેરિટી કમિશનરે અરજી પાછી ખેંચી લીધી હતી. આથી તા. ૨૫-૯-૦૯ નો દરમ્યાન હુકમ અમલમાં છે તે મુજબ ૨ ટકાનો સેસ મહારાષ્ટ્રની સંસ્થાઓએ ભરવાનો રહેતો નથી.

કચ્છના જૈન સંઘો પણ આ પ્રશ્ને જાગૃત થઈ કાયદાકીય કાર્યવાહી કરે તો બે ટકા ફાળામાંથી બધા ટ્રસ્ટોનો છૂટકારો થાય. આ બાબતમાં મુંબઈના વર્ધમાન પરિવારે તેમના રોકાયેલા ઍડવોકેટો દ્વારા મફત માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે તેવું ઉપરોક્ત પ્રેસનોટમાં જણાવાયું છે.

*'જલિયાણા',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂનાવાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

## શુભ કાર્ય મહાન છે.... મુહૂર્ત નહીં

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

જો આપણે કર્મનો સિધ્ધાંત સ્વીકારતા હોઈએ તો સ્પષ્ટ છે કે આપણા તમામ સુખ-દુઃખ આપણા કર્મોને આધીન છે. બીજું કોઈ એના માટે જવાબદાર નથી.

આપણું સમગ્ર જીવન કર્માધીન છે :

*મંગળ - શનિ - રાહુ - કેતુ આધીન નથી*
*સમુરતા - કમુરતા આધીન નથી*
*દેવીઓ - દેવતાઓ આધીન નથી*
*શુકન - અપશુકન આધીન નથી*
*શુભ - અશુભ આધીન નથી.*
*અરે! ખુદ તીર્થંકર આધીન પણ નથી.*

ઉપર જણાવેલા કોઈપણ તત્ત્વ આપણા કર્મના પરિણામમાં ફેરફાર કરી શકે એમ માનવું એ મોટી ભૂલ છે. બરાબર બાર ને ઓગણચાલીસ મિનિટે પરણેલાઓમાં કેટલાક સફળ થાય છે, કેટલાકને ત્યાં કલહ - કંકાસ થાય છે, કેટલાકના છૂટાછેડા થાય છે. બરાબર દશેરા કે લાભ પાંચમે ખરીદેલી ગાડીનો પણ એક્સિડન્ટ થાય છે.

જૈનો તો જાણે જ છે કે કર્મોના પરિણામથી તો ખુદ મહાવીર પણ બચી શક્યા ન હતા.

**આ આખીયે વાત શ્રધ્ધાળુઓ માટે નથી પણ રેશનાલિસ્ટો - એટલે કે બુધ્ધિવાદીઓ - એટલે કે જેમની પાસે સ્વતંત્ર વિચારશક્તિ છે એવા લોકો માટે છે.**

આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ પોતાના ગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ'માં જ્યોતિષની આકરી ટીકા કરી છે. તેમણે તો જન્મ કુંડળીને 'શોક પત્રિકા' કહી છે. તેમણે જ્યોતિષીઓ કઈ રીતે સમાજને છેતરે છે અને લૂંટે છે તે દૃષ્ટાંતો સાથે સમજાવ્યું છે. તે ઉપરાંત મંત્ર-તંત્રનું પણ મિથ્યાપણું પણ દર્શાવેલ છે. તથા કોઈ રુદ્રાક્ષમાં કશી દિવ્ય શક્તિ હોવાનો પણ ઈન્કાર કરેલ છે.

આ બધું આપણે ક્યારે સમજીશું?

*આર.એચ./૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલ પાસે,*
*યુનિવર્સિટી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૩૦૧૭૨૯*

*જો ચિંતા જ કરવી હોય તો ચારિત્ર્યની કે ઉન્નતિની કરો.*

વાર્તા

# તો ?

• હરેશ ધોળકિયા •

ડાઘુઓ નીચે નમ્યા અને ડોલરબહેનની નનામી ઉપાડી અને 'રામ બોલો ભાઈ રામ' બોલતા ઘરની બહાર નીકળ્યા અને સ્મશાન તરફ ચાલ્યા ગયા.

ઘરનો બધો સ્ત્રી વર્ગ હળવો થયો. થોડી વાર તો પુત્રીઓ અને પુત્રવધૂઓ રડી, પણ પછી શાંત થઈ ગઈ. આવેલાં બધાં પણ ઊભાં થયાં અને છૂટાં પડ્યાં. વડીલોએ પુત્રીઓને આશ્વાસન આપ્યાં અને ધીરજ ધરવા કહ્યું. પિતાને પણ સંભાળવાની સલાહ આપી. બે-ત્રણ વડીલ બહેનો પતિ પાસે પણ ગયાં. તે તો આરામ ખુરશી પર ઢીલા થઈને બેઠા હતા. તેમના ખભા પર હાથ મૂકી આશ્વાસન આપ્યું. તેમણે ધીમેથી મસ્તક હલાવ્યું અને આકાશ તરફ આંગળી ચીંધી નિયતિ પર છોડી દીધું. બધાંએ મસ્તક હલાવ્યું અને 'ભગવાનની ઈચ્છા' કહી રજા લીધી.

ગૌરીબહેન પણ ઊભાં થયાં. તે પણ જેઠ પાસે ગયાં અને બે-ચાર મિનિટ ઊભાં. પછી "કાલે આવું છું" કહી રજા લીધી અને બહાર નીકળ્યાં. બહાર ઊભેલ શોફરને ઈશારો કર્યો અને ઊભાં રહ્યાં. બે-ત્રણ મિનિટમાં બી.એમ.ડબલ્યુ. ગાડી આવી અને તેમના પાસે ઊભી રહી. ધીમેથી તે પગથિયાં ઊતર્યા અને હળવેથી નમીને ગાડીમાં બેઠાં. શોફરે દરવાજો બંધ કર્યો અને પછી ગાડી ચાલુ કરી અને ઘર તરફ લીધી.

ગૌરીબહેન પણ લગભગ એંસી વર્ષનાં હતાં. ડોલરબહેન જેવડાં જ. તે ભલે તેમનાં જેઠાણી હતાં, પણ બન્નેની ઉંમર લગભગ સરખી જ હતી. તેથી બન્ને બહેનપણીઓની જેમ જ રહ્યાં હતાં. ડોલરબહેન થોડાં વર્ષોથી વિવિધ તકલીફોથી થાકી ગયાં હતાં અને વારંવાર માંદાં પડી જતાં હતાં. છેવટે શરીર સહન ન કરી શક્યું અને તે મૃત્યુને વશ થઈ ગયાં. તેની તુલનામાં ગૌરીબહેન હજી પૂરાં સ્વસ્થ હતાં. ટટ્ટાર ચાલતાં હતાં. હા, ચાલ ધીમી પડી ગઈ હતી, ઉંમરના કારણે, પણ શરીરમાં માંદગી ન હોવાથી સ્વસ્થ જીવતાં હતાં અને સક્રિય પણ હતાં. અત્યારે પણ ચારેક કલાક બેસવા છતાં ખાસ થાક અનુભવતાં ન હતાં.

ગૌરીબહેને ટેકો લીધો અને થોડાં લંબાઈને બેઠાં. આંખો બંધ કરી.

આંખો બંધ કરતાં જ ડોલરબહેન આંખ સામે આવ્યાં. તરત જ થોડા સમય પહેલાં બધાં બેઠાં હતાં ત્યારે એક બહેને આપેલો અભિપ્રાય તેમના કાનમાં ગુંજવા લાગ્યો : "ઓહો! ડોલરબહેન કેટલાં ભાગ્યશાળી! ભર્યુંભાદર્યું કુટુંબ છોડી ગયાં. અહાહા! મરવા ટાણે સૌભાગ્યવતી થઈને ગયાં. ચુંદડી ઓઢી ગયાં. છ સંતાનો, પુત્રવધૂઓ, જમાઈઓ, પોતરાં, દોહિત્રો બધાને છોડીને ગયાં. અદેખાઈ આવે એવું સુખી જીવન જીવી ગયાં, નહીં? અને ગૌરીબહેનને એ પણ યાદ આવ્યું કે આ બોલાયું ત્યારે બે ચારની નજર પોતા પર પણ પડી હતી. અલબત્ત, ઝડપથી ખેસવી પણ લીધી હતી.

આમ તો ખોટું નથી જ! ગૌરીબહેને વિચાર્યું. અને પોતા સામે જોયું તે પણ ખોટું ન હતું. ડોલરબહેન ભર્યાભાદર્યા કુટુંબમાં ગયાં અને પોતે એકલાં રહેતાં હતાં. આજે છ દાયકાથી વિધવા હતાં. બે જ સંતાન હતાં. એક સાથે હતો, પણ અત્યારે તો અમેરિકા હતો, તો પુત્રી તો મુંબઈમાં મોટા હોદ્દા પર કામ કરતી હતી. સંતાનો છતાં પોતે એકલાં જ રહેતાં હતાં.

સ્વાભાવિક તુલના થઈ ગઈ. ગૌરીબહેન સ્મૃતિમાં સરી ગયાં.

સત્તરમે વર્ષે ગૌરીબહેનની સગાઈ થઈ ગઈ અને થોડા જ વખતમાં રસેશ સાથે લગ્ન થઈ ગયાં. તેની બહેનપણીઓએ તો અદેખાઈ કરી કે તેનો પતિ તો સરકારમાં હતો. કાલે ઉઠીને અધિકારી થઈ જવાનો. "તું તો અલી, અમને ભૂલી જ જવાની!" કોઈ બહેનપણી કહેતી. ગૌરી શરમાતી, પણ અંદર મલકાતી. પોતે ભલે આઠ ધોરણ સુધી જ ભણી હતી, પણ તેનો વર તો કોલેજમાં ભણ્યો હતો. ફટાફટ ઈંગ્લિશ બોલતો હતો. "તું તો હિંચકામાં ઝૂલીશ અને મોટરમાં ફરીશ, હોં!" બીજી બહેનપણી કહેતી.

લગ્ન બાદ ગૌરી સાસરે ગઈ. વર પણ સરસ સ્વભાવનો હતો. ઘર પણ મોટું હતું. બે જેઠ અને બે દેર હતા. નાના દેર સિવાય બધા પરણેલા હતા. (દેર પોતા સાથે જ પરણ્યા હતા.) સાસુ હતાં. બે નણંદો હતી. તેનાં લગ્ન બાકી હતાં. સસરાનાં બહેન વિધવા હતાં. તે સાથે રહેતાં હતાં. આમ બધાં સાથે જ રહેતાં. પરિણામે સમય ક્યાં પસાર થઈ જતો હતો તેની ખબર પણ પડતી ન હતી.

બીજા વર્ષે ગૌરીને પુત્ર જન્મ્યો. બધા તો હરખમાં આવી ગયાં. વાહ! પહેલો જ પુત્ર. ગૌરીનું માન વધી ગયું. વર પણ ખુશ હતો. જો કે તે તો પોતાના કામમાં ડૂબ્યો રહેતો. માત્ર રાતે જ મળી શકતાં. પણ ખુશ હતાં. ચાર વર્ષ પછી પુત્રી જન્મી. ગૌરીનું કુટુંબ પણ વધતું જતું હતું. સમય દોડ્યો જતો હતો.

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

અચાનક વર માંદો પડ્યો. ડોક્ટરોને ખબર ન પડી કે કઈ બીમારી હતી. જાતભાતના પ્રયોગો શરૂ થયા. ડોક્ટરો બદલાતા રહ્યા. તે તો પથારીવશ થઈ ગયો. બહાર ગામ જઈ ચેક કરાવ્યું. પણ ખબર પડતી ન હતી. માંદગી વધતી જ ગઈ. બધા અસ્વસ્થ થઈ ગયા. અને એક દિવસે તે બધાને છોડીને ચાલ્યો ગયો. ત્યારે તેની ઉંમર ત્રીસ વર્ષની જ હતી. અને ગૌરીની સત્યાવીસ વર્ષ! હાહાકાર મચી ગયો. ગૌરીની અદેખાઈ કરતી બહેનપણીઓ તો રડતાં થાકતી જ ન હતી. હવે તે તેની દયા ખાવા લાગી. ગૌરી પણ અવાચક થઈ ગઈ. તે તો સમજી જ ન શકી કે અચાનક આ શું થઈ ગયું! તે પણ રડતી અટકતી ન હતી. બધાં તેને આશ્વાસન આપતાં હતાં, પણ સમજતાં હતાં કે જુવાનજોધ વર ફાટી પડે તો રડે નહીં તો શું કરે!

ગૌરી અનાથ થઈ ગઈ. થોડા દિવસ તો પસાર થઈ ગયા. પછી કુટુંબમાં ધીમે ધીમે ચર્ચા શરૂ થઈ કે ગૌરીનું શું કરવું? વર તો નાનો હતો. હજુ બચત પણ નહોતી કરી. ગૌરીને કેમ પાળવી! જેઠ-દેર ખસવા લાગ્યા. તેમણે હાથ ઊંચા કરી દીધા. સાસુ પણ લાચાર હતાં. તે ચૂપ હતાં. તે પોતે જ દીકરાઓ પર અવલંબિત હતાં.

મોટા જેઠ થોડા સ્વાર્થી હતા. તે નાના ભાઈની પ્રગતિની અદેખાઈ પણ કરતા હતા. તેમને એક પુત્ર હતો. પછી પત્નીની બીમારીના કારણે બીજું સંતાન થવાની શક્યતા ન હતી. તેથી પણ ધૂંધવાતા હતા. બીજા જેઠને ત્રણ બાળકો હતાં. મોટા જેઠે તો સ્પષ્ટ કહી દીધું કે હવે ગૌરીનું સ્થાન સાસરામાં ન હતું. તેણે પોતાની વ્યવસ્થા કરી લેવી. ગૌરીને તેનો રૂમ પણ ખાલી કરવાનું કહી દીધું. બીજા જેઠ-દેર સંમત ન હોવા છતાં ચૂપ રહ્યા. સાસુ પણ બોલી શકતાં ન હતાં.

ગૌરી માટે તો કટોકટી ઊભી થઈ ગઈ. ક્યાં જવું? કેમ જીવવું? છોકરાં કેમ ઉછેરવાં? એક આઠ વર્ષનો, બીજી ચાર વર્ષની. તેને પાળવાં કેમ? તે તો મૂંઝાઈ ગઈ. સદ્‌ભાગ્યે તેના પિતા અને મામા હાજર થઈ ગયા. મામાએ જેઠને ધમકી આપી કે જો ગૌરીને ઘરમાંથી કાઢી છે, તો તેઓ સહન નહીં કરે. લડશે. તેથી જેઠ ચૂપ થઈ ગયા અને ગૌરીનો એક રૂમ હતો, તેમાં તેને રહેવાની રજા આપી. ગૌરી હળવી થઈ ગઈ.

પણ આર્થિક સ્થિતિનું શું? તેમાં કોણ મદદ કરશે? અહીં તેના પિતા મદદે આવ્યા. તે નિવૃત્ત હતા. તેમને થોડું પેન્શન મળતું હતું. તે તેના પુત્ર સાથે રહેતા હતા. તેમણે પુત્રની રજા લઈ દર મહિને પેન્શન આપવા માંડ્યું. ભલે થોડી, પણ આર્થિક સ્થિતિ તાત્કાલિક તો હળવી થઈ ગઈ.

પણ ગૌરી સમજતી હતી કે પિતા તો વૃદ્ધ હતા. કેટલું જીવશે? અને તો પછી પેન્શન પણ બંધ થસે! લાંબાગાળાનો વિચાર કરવો જ પડશે. પણ શું કરવું? પોતે તો આઠ ધોરણ જ ભણી હતી. શું કરી શકે? મોટા કુટુંબની હતી તેથી નાનાં કામ પણ ન કરી શકે. ખાનદાનીનો સવાલ હતો. તે મૂંઝાઈ ગઈ.

ફરી પિતા મદદે આવ્યા. તે શિક્ષક હતા. તેણે ગૌરીને કહ્યું કે તેણે મેટ્રિક પાસ કરવી જોઈએ.

"પણ બાપુજી, વર્ષો વીતી ગયાં ભણ્યે. આ ઉંમરે કેમ ભણાય? અને સીધું મેટ્રિક કેમ કરાય? અને, મોટી વાત, તેમાં ગણિત છે. તે તો મને નહીં ફાવે તો?"

પિતાએ ધીરજથી જવાબ આપ્યો, "બેટા, ફાવવા ન ફાવવાનો હવે સવાલ જ નથી. ભણવું જ પડશે."

"પણ સાસરાંવાળા ભણવા દેશે?"

"તો પછી દર મહિને મદદ કરશે?"

ગૌરીએ નકારમાં માથું હલાવ્યું.

"તો તેમની ચિંતા ન કર. અને હા, હું તને બધા જ વિષયો શીખવીશ. તું જરૂર પાસ થઈ જઈશ."

અને ગૌરીએ અણગમતા મને પણ ભણવાનું શરૂ કર્યું. છોકરાંના કામમાંથી નવરી પડે કે પિતા પાસે ભણવા બેસે. વર્ષોથી ટેવ નીકળી ગઈ હતી એટલે ખૂબ તકલીફ પડતી હતી, પણ ગૌરીએ નિર્ણય કર્યો હતો કે આર્થિક રીતે સ્વાવલંબી તો થવું જ પડશે. રાત-દિવસ મહેનત કરવા માંડી અને છેવટે મેટ્રિક પાસ કર્યું.

બધા તો તેની મહેનત જોઈ જ રહ્યાં.

મેટ્રિક પાસ થતાં જ તે પ્રાથમિક શિક્ષક તરીકે જોડાઈ ગઈ. પગાર ચાલુ થઈ ગયો. હવે તે વધારે હળવી થઈ ગઈ. તેણે પિતાનું પેન્શન લેવાનું બંધ કર્યું. હવે તેનાં બાળકો પણ ભણવા માંડ્યાં હતાં. અને બન્ને હોશિયાર હતાં. હવે તે તેમનામાં રસ લેવા લાગી.

એકાદ વર્ષ પછી તેણે શિક્ષકની તાલીમ લઈ લીધી અને એસ.ટી.સી. થઈ ગઈ. હોશિયાર હતી એટલે શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓ પણ તેને માન આપતા હતા. થોડા સમય પછી તે આચાર્યા થઈ ગઈ. પગાર વધ્યો. હળવાશ વધી. સમય દોડતો હતો.

પછી તો પગાર વધતો ગયો. તે પણ આગળ વધતી ગઈ. કેળવણી નિરીક્ષક થઈ ગઈ. અધિકારી કક્ષાએ પહોંચી ગઈ. આ તરફ પુત્ર પણ સારા નંબરે પાસ થયો અને બહાર ભણવા ગયો. પુત્રી પણ આગળ વધતી હતી. તેને પણ બહાર ભણવા મોકલી. બન્ને ખૂબ સારું ભણ્યા. પુત્ર ભણીને ખૂબ મોટી જગ્યાએ નિમાયો અને વિશ્વમાં ફરવા લાગ્યો. દીકરી પણ કોલેજમાં પ્રાધ્યાપક બની. પરણી પણ ગઈ. તે પણ પોતાના જીવનમાં પડી ગઈ. દીકરો-દીકરી બન્ને ગોઠવાઈ ગયાં. ગૌરીબહેન પણ નોકરી કરતાં રહ્યાં.

હવે દીકરાએ આગ્રહ કરવા માંડ્યો કે - "બા, હવે નોકરી છોડી દો. હવે તમને

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

નોકરી કરવાની જરૂર નથી. આરામ કરો.'' પણ ગૌરીબહેન ન માન્યાં. થાય ત્યાં સુધી નોકરી કરવી તે તેમનો નિશ્ચય હતો. તે પુત્રવધૂ પાસે નવરાં બેસવા માગતાં ન હતાં. સ્વતંત્ર રહેવા માગતાં હતાં.

પુત્રનો આગ્રહ વધતો જ ગયો. તે પણ હવે દેશમાં આવીને સ્થિર થઈ ગયો હતો. મોટા શહેરમાં રહેતો હતો. હવે તેણે અને પુત્રવધૂએ પણ દબાણ કરી નોકરી છોડાવી. હવે ગૌરીબહેન પુત્ર સાથે શહેરમાં રહેવા ચાલ્યાં ગયાં.

નોકરી દરમ્યાન તે એકલાં હોવાથી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં હતાં. મહિલા મંડળ, રિટાયર્ડ લોકોનું મંડળ, વૃદ્ધાશ્રમ જેવી અનેક પ્રવૃત્તિઓમાં રસ લેતાં હતાં. બધે જ લોકપ્રિય હતાં. નિવૃત્તિ પછી પણ આ કામ ચાલુ રહ્યાં. પુત્ર સાથે શહેરમાં રહેવા ગયા પછી પણ ત્યાં પણ આવી જ પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયાં અને વ્યસ્ત રહેવા લાગ્યાં. પોતા પાસે પણ બચત હતી એટલે થોડા સમયે ફરવા પણ જતાં. આમ તેઓ ખૂબ જ સુખ અને મસ્તીથી જીવન પસાર કરતાં હતાં. અને આમ કરતાં કરતાં આઠમો દાયકો આવી ગયો હતો. તે સ્વસ્થ, સુખી અને આનંદમાં જીવતાં હતાં. બધાનું સન્માન મેળવતાં હતાં. ગાડીમાં ફરતાં હતાં.

આજે તેણે પોતાનાં જેઠાણી કહો કે બહેનપણી ગુમાવ્યાં હતાં.

પણ, તેના મનમાંથી વિચાર પસાર થતો હતો, બેમાંથી કોણ સુખી હતું? પોતે કે જેઠાણી?

આમ તો જેઠાણી જ સુખી કહી શકાય. મરવા વખતે સૌભાગ્યવતી, છ સંતાનોનું પણ કુટુંબ હાજર. ભર્યુંભાદર્યું કુટુંબ! આનાથી વધારે એક સ્ત્રીને શું જોઈએ?

પણ તે હકીકતે સુખી હતાં?

ગૌરીબહેનને યાદ આવ્યું તેમનું જીવન. પરણીને સાસરામાં આવ્યાં. આવીને ગોઠવાઈ ગયાં. એક પછી એક બાળકો આવતાં ગયાં. એકને ઉછેરે ત્યાં બીજું આવતું. નવરાં જ ન પડતાં. આમ જ જીવન પસાર થઈ ગયું. બાળકો મોટાં થયાં તો તેમને પરણાવ્યાં. વહુઓ આવી. તેમને ઘડી. તેને છોકરાં થવા લાગ્યાં. દીકરીઓને પરણાવી. તેના રિવાજોનું પાલન કરવામાં સમય ચાલ્યો જતો. તેનાં બાળકો! ક્યાં સવાર પડતી અને ક્યારે રાત પડી જતી તેની તેમને ખબર જ ન પડતી. જે સમય વધતો તેમાં વરની સેવા હોય. વર નિવૃત્ત થયા પછી માંદા રહેવા લાગ્યા. એટલે તેની સેવામાં બાકીનો સમય ચાલ્યો જતો. તેમનાં પણ આ બધામાં આઠ દાયકા વીતી ગયા. કામના બોજમાં તે ખખડી ગયાં. ઘસાતાં ગયાં અને આજે ચાલ્યાં ગયાં.

તેમનું જીવન કેવું ગયું? કેવળ સેવા. કેવળ કામ. એક મિનિટ નવરાં ન પડ્યાં. છ છ સંતાનો ઉછેરતાં જ જીવન વીતી ગયું. બીજા માટે જ જીવ્યાં. પોતા માટે એક પળ પણ ન જીવી શક્યાં. પોતાનું કોઈ જ વ્યક્તિત્વ ઊભું ન કરી શક્યાં. વર સામે એક શબ્દ પણ બોલી ન શકતાં. મૂગાં મૂંગાં કામ કર્યા કરતાં. વરને ''સંતોષ'' આપવામાં જ જીવન ખર્ચી નાખ્યું. શરીર ઘસી નાખ્યું. વરને સ્વસ્થ રાખવામાં પોતે અસ્વસ્થ થતાં ગયાં. અને છેવટે શહીદ થઈ ગયાં.

પણ સૌભાગ્યવતી!

અને આવું જ બીજાં દેરાણી જેઠાણીના જીવનમાં પણ ન હતું? બધાં આમ જ છોકરાં - છૈયામાં જ બુઢ્ઢાં ન થઈ ગયાં? અને પોતે તો વિધવાનું જીવન જ જ જીવ્યાં. સૌભાગ્યવતીનો લાભ ન મળ્યો.

ગૌરીબહેનને અચાનક વિચાર આવી ગયો કે પોતાના વર આજે હોત તો? પોતે પણ સૌભાગ્યવતી ન હોત?

એ વિચારમાં ગાબડું પડ્યું... પણ આજે જે રીતે સ્વતંત્ર જીવે છે તે જીવી શકત? તેમને પણ પાંચ - છ છોકરાં થયાં ન હોત? અને તો? તેને ઉછેરવામાં તેની જિંદગી પણ પસાર થઈ ન ગઈ હોત? ભણવાનો - નોકરીનો આનંદ, પ્રગતિનો આનંદ, કમાવવાનો આનંદ, અને મોટી વાત, સ્વતંત્રતાનો આનંદ મળત? વર હોત તો? તે આ બધું કરવા દેત? સારો હોવા છતાં?

ગૌરીબહેન અસ્વસ્થ થઈ ગયાં. પડખું ફેરવ્યું.

વર હોત તો પોતે પણ જેઠાણી જેમ જ ન જીવત? કામ... કામ... કામમાં જ લાઈફ વેડફાઈ ન જાત? પોતાનું વ્યક્તિત્વ ખીલવી શકત? જાહેરમાં આવી શકત? સ્વતંત્ર રહી શકત? ભલે કદાચ વિધવાની તકલીફો, સંઘર્ષો, અતૃપ્તિઓનો સામનો કરવો પડ્યો તેમાંથી બચી જાત, પણ બદલામાં વ્યક્તિત્વ વિકાસનો લાભ ન મળ્યો? જીવનનો આનંદ ન મળ્યો? પોતે જીવ્યાનો આનંદ ન મળ્યો?

શું સારું? સૌભાગ્યવતી રહેવું કે સ્વતંત્ર વિકાસ કરવો?

તો વિધવા થયાં તે સારી બાબત કે કમભાગ્ય?

ગૌરીબહેન પડખાં ફેરવતાં રહ્યાં.

ઘર આવી ગયું. ગાડી ઊભી રહી. શોફરે બારણું ખોલ્યું. હળવેથી ઉતરીને નીચે ઉતર્યાં. ઘરમાં ગયાં. પુત્રવધૂ સામે આવી. ગૌરીબહેન બાથરૂમમાં ગયાં અને તાજાં થયાં. પછી ટેબલ પર આવી બેઠાં. પુત્રવધૂએ ચા આપી. સાથે નાસ્તો કર્યો.


ગૌરીબહેન ઊભાં થયાં અને પોતાના બેડરૂમમાં ગયાં. સામે વિશાળ શેટી પડી હતી. તેના પર લંબાવ્યું.

તેમની નજર, સામે લટકાવેલ પતિના ફોટા પર પડી. બે-ચાર મિનિટ પ્રશ્નાર્થ નજરે તાકીને જોઈ રહ્યાં.

પછી તેના સામે જોઈ બોલ્યાં, ''સોરી''

અને આંખ મીંચી દીધી.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

"ROLEX" Brand

**Rushabh**
**STEEL CENTRE**
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 2242 7310 ● Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# ગુલમહોર

• ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી •

સાંજના સાડા સાત થવા આવ્યા, પણ રસેન્દ્ર હજી પોતાની ખુરશી પર જ બેઠેલો હતો...

ચપરાશી પ્રતીક્ષા કરી રહ્યો હતો કે રસેન્દ્ર ચેમ્બરમાંથી બહાર નીકળે કે તરત જ પોતે પણ ઘર ભણી દોટ મૂકે! એણે બે-ત્રણ વખત રસેન્દ્રની ચેમ્બરમાં નજર પણ કરી જોઈ. દરરોજ ફાઈલોના ખડકલા વચ્ચે કામમાં મશગૂલ રસેન્દ્રના ટેબલ પર એક પણ ફાઈલ દેખાતી નહોતી!...

"આ સાહેબ" લોકો તો ફેશન ખાતર પણ ચેમ્બરમાં બેસી રહે! એમને શું? ઘેર જાય તો એમનાં 'મેમ સાહેબ' ક્યાંક કોઈક ક્લબ કે પાર્ટીમાં ગયાં હોય...! એટલે ઘેર જવાની ઉતાવળ પણ એમને ક્યાંથી હોય? અમારી જેમ શાકભાજી કે રેશન લઈને ઘેર પહોંચવાનું હોય તો ખબર પડે!" ચપરાશીની બીજા ચપરાશી જોડેની વાતચીતના શબ્દો રસેન્દ્રને કાને પડ્યા હતા!

અને રસેન્દ્ર તરત જ ચેમ્બર છોડી બહાર આવ્યો હતો... કશું જ બોલ્યા વગર એ સડસડાટ પગથિયાં ઊતરી ગયો હતો... સામે દેખાતી સડક એને 'ગૃહપથ' અપનાવવાનું નોતરું આપી રહી હતી...! પણ રસેન્દ્રને આજે 'ઘેર' પહોંચવાની લેશમાત્ર ઉતાવળ નહોતી!

ઘેર વહેલા પહોંચવાના પરિણામની તેને કલ્પના હતી!

પોતે ધીમા અવાજે કહેશે : "મૈથિલી, આજે વળી પાછો!"

'અરે જહન્નમમાં જાય... તમારો વળી પાછો ઓર્ડર! બદલીના સમાચાર સિવાય બીજી કશી વાત કોઈ દહાડો તમે કરી છે મારી સાથે...? કહી કહીને થાકી ગઈ કે મોટા સાહેબોને ખુશ રાખો, થોડોક ખર્ચ કરો તો, સાહેબોની રહેમ નજર રહે, પણ તમને તો સિદ્ધાંતો અને નીતિનું ભૂત વળગ્યું છે! જેની વારંવાર બદલીઓ થાય છે, એમની પત્નીઓને પૂછી જુઓ...સતવાદી હરિશ્ચંદ્ર પણ આજના જમાનામાં કોઈક ઓફિસમાં નોકરી કરતો હોત ને તો એ પણ પોતાની પત્ની તારામતીના આગ્રહથી સત્યનું પૂંછડું પકડી રાખવાનું છોડીને 'બોસ'ની ખુશામત કરતો થઈ જાત...! પણ તમને જીવતાં જ ક્યાં આવડે છે! જીવવું હોય તો જમાનાની સાથે ચાલતાં શીખવું પડે... સમજ્યા?' લગભગ આવી જ દલીલો સાથે મૈથિલી તાડૂકશે... દાંપત્યને માથે વાદળો ઘેરાશે, ધ્રુજાવી નાખે એવા શબ્દોના કડાંકા થશે... આંધી... તોફાન! માથું ફોડી નાખે એવા કરાની વર્ષા!

મૈથિલીએ અનેક વાર એવું કહ્યું છે કે તમારા જેવા ઓફિસરની પત્ની થઈ એના કરતાં કોઈક ખેડૂત કે વેપારીની પત્ની બની હોત તો સ્થિર જીવન તો મળત! વણજારા જેવી ભટકતી જિંદગીથી હું કંટાળી ગઈ છું! નવા ઠેકાણે બદલી થાય, રસેન્દ્રનો માનપાન સાથે સત્કાર થાય, પણ મૈથિલીને લમણે તો લખાવાની ચાર દીવાલોની કેદ!

રસેન્દ્રે મૈથિલીને વારંવાર એક વાત સમજાવવાની કોશિશ કરી હતી કે એ જરૂરી નથી કે મૈથિલી આખો દિવસ ઘરમાં બેસી રહે! એણે પોતાના રસ કે રૂચિ અનુસારનાં ક્ષેત્રોમાં મન પરોવવું જોઈએ.

પણ મૈથિલી ભારપૂર્વક માનતી હતી કે પોતે કાંઈ ઑર્ડિનરી 'હસબંડ' ની વાઈફ નથી કે ગમે ત્યાં ફર્યા કરે! રસેન્દ્રે મિસિસ પાલનો દાખલો આપીને તેને બ્યુટી પાર્લર શરૂ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું...પણ મૈથિલીએ સાફ જણાવી દીધું હતું, 'હું સેવા કરવા નહીં સેવા લેવા જન્મી છું સમજ્યા? મારા દાદાજીએ એક વાત મને ભારપૂર્વક સમજાવી છે કે માન મેળવવું હોય તો લોકો સાથે વધુ 'મિક્સ' થવાનું ટાળો! અને એટલે જ હું આજ સુધી એક પણ ઠેકાણે મહિલા મંડળની સભ્ય નથી થઈ...પણ મને તમારી દયા આવે છે. તમે આટલા મોટા ઓફિસર થઈને ઉદ્‌ઘાટનો, ગોષ્ઠીઓ વગેરે પરત્વે કેમ ઉદાસીન રહો છો? તમે 'ચીફ ગેસ્ટ' તરીકે જાઓ તો મને પણ લોકો ઇનામ વિતરણ માટે બોલાવે ને! પ્રધાનોની આસપાસ સરકારી કામો માટે આંટા મારો છો, પણ એમની પાસેથી પત્નીને ખુશ રાખવાની કળા બિલકુલ શીખ્યા નહીં! પત્નીને ખુશ રાખવી હોય તો દેશ-પરદેશના કાર્યક્રમોમાં તેને સાથે રાખવી જોઈએ! પણ તમને તો વળગ્યું છે ગાંધીજીનું ભૂત! તમે કહો છો 'બાપુ' 'બા' ને દરેક કાર્યક્રમમાં થોડા જ 'સ્ટેજ' પર પાસે બેસાડતા હતા! સેવા કરવી હોય તો મૂંગે મોઢે થાય!'

અને અંતે રસેન્દ્ર રાતના નવ વાગ્યે ઘેર પહોંચ્યો હતો!

મૈથિલી તેની રાહ જોઈને બેઠી હતી...નાટકના 'સાત' વાગ્યાના શોમાં જવા માટે...! રસેન્દ્રને જોતાંવેંત એણે નાટકની ટિકિટોના ટુકડેટુકડા કરી નાખ્યા હતા...

એ રાત્રે મૈથિલીએ રસેન્દ્રને જમવાનો પણ ભાવ પૂછ્યો નહોતો.

બીજે દિવસે સવારે બદલીના સમાચાર મૈથિલીને કહ્યા વગર છૂટકો ન હતો! રસેન્દ્રે ખિસ્સામાંથી જેવો કાગળ કાઢ્યો કે તરત જ મૈથિલીએ કહ્યું...

'એમ કરો...આ પપ્પુને પાંજરાપોળમાં મૂકી આવો અને મને મારા પિયર! બેગ-બિસ્તરા બાંધી-ખોલીને હું તંગ આવી ગઈ છું! મારાથી તમારી સાથે નહીં રહેવાય.

*આપણામાં રહેલી તમામ મર્યાદાઓ ચિંતાનાં સ્વરૂપમાં આપણી સમક્ષ આવતી હોય છે.*

શાંતિથી જીવવું હોય તો મૂકી દો આ બદલીના ત્રાસવાળી નોકરી! વેપાર કરો, ધંધો કરો, નાનકડી ફેક્ટરી નાખો, પણ શહેર શહેરનાં નળનાં પાણી પીવાના આ શાપમાંથી મને બચાવી લો!'

રસેન્દ્રે અત્યંત નમ્રતાપૂર્વક પોતાની મજબૂરી મૈથિલીને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પણ મૈથિલી એકની બે થઈ નહોતી.

અને અંતે મૈથિલી તથા પપ્પુને એકલાં મૂકીને રસેન્દ્ર બદલીને સ્થળે હાજર થયો હતો... મૈથિલીને એણે હૈયાધારણ આપી હતી કે થોડાક સમયમાં જ બદલી કરાવીને પોતે પોતાની મૂળ જગ્યાએ પાછો ફરશે.

પણ નવા સ્થળે માત્ર ત્રણ જ મહિનામાં રસેન્દ્રની વિરુદ્ધ અરજીઓ થવા માંડી હતી! એનો અપરાધ માત્ર એટલો કે તે નિયમ અને સિદ્ધાંતથી વર્તતો હતો! એના હાથ નીચેના માણસો લાંચિયા અને બેઈમાન હતા. બોસ એમને દાદ દેતો નહોતો, એનું એમને દુઃખ હતું. એટલે કોઈક 'સારા' સાહેબને લાવીને તેઓ 'જનસેવા'નો પોતાનો શિરસ્તો ચાલુ રાખવા ઈચ્છતા હતા. અત્યાર સુધી 'જનસેવા' અને ઓફિસના 'પ્રભુની સેવા' બન્ને એક સાથે તેઓ સાધી શક્યા હતા, પરંતુ રસેન્દ્રે આવીને 'વાતાવરણ' બગાડી નાખ્યું હતું! વર્ષોથી સ્થપાયેલી 'પરંપરાઓ' આમ એક અણસમજુ ઓફિસર તોડી નાખે તો 'ભવિષ્ય'નું શું?

એ વાત તેઓ રસેન્દ્રના ઉપરી અધિકારીઓને ગળે ઉતારી શક્યા હતા! અને ઉપરી અધિકારીઓ નહોતા ઈચ્છતા કે ઓફિસનું 'વાતાવરણ' બગડે! પરિણામે રસેન્દ્ર જેવા પ્રામાણિક અને સમર્થ ઓફિસરની સેવાઓની અન્યત્ર અનિવાર્ય જરૂર હોવાના 'કારણસર' રસેન્દ્રની વળી પાછી બદલી કરવામાં આવી હતી.

અને મૈથિલીને જણાવ્યા વગર જ રસેન્દ્ર વળી પાછો નવી જગાએ હાજર થયો હતો.

નવી ઓફિસમાં એના આગમનથી જાણે કે 'શોક' નું વાતાવરણ સર્જાયું હતું. રિસેસમાં એના કાને કેટલાક કર્મચારીઓના શબ્દો પડ્યા હતા! 'સાલ્લા...આપણા મોટા ઓફિસરો જ 'ઈડિયટ' છે! આવી કારમી મોંઘવારીમાં 'રસેન્દ્ર' જેવા માણસને આપણી ઓફિસમાં મૂકીને આપણા પેટ પર પાટું મારવાની શી જરૂર હતી?'

અને રસેન્દ્રે ઊંડા નિસાસા સાથે બારી બહાર નજર કરી હતી! વૈશાખનો આકરો તાપ! એની પરવા કર્યા સિવાય એ આગમાં ગુલમહોરનું વૃક્ષ પૂર બહારમાં ખીલ્યું હતું! પણ એના તરફ નજર કરવાની કોઈને ફુરસદ નહોતી!

ગુલમહોરે તો એકલા જ ખીલવું પડે છે ને... 'એરકન્ડિશન્ડ' કે 'એર કુલર' ની શીતળતાના લાલચુઓને ગુલમહોરના ખમીર કે ખુમારીની કિંમત પણ ક્યાંથી હોય? અને મૈથિલીની નજર પણ એવાં તકલાદી સુખો તરફ જ હતી ને?

*૧૬, હેવન પાર્ક,*
*રામદેવનગર પાસે, સેટેલાઈટ રોડ*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૮૨૪૦ ૧૫૩૮૬*

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**
**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# મારી લાગણી એ જ મારા માટે અભિશાપ

● ડૉ. ઊર્મિલા શાહ ●

"રૂપા બેટા! જોવા દે તો તારું રિઝલ્ટ શું આવ્યું છે?"

"ના મમ્મી રહેવા દે ને!"

"કેમ ના કહે છે દીકરા! હું ન જોઉં તો મને ખબર શું પડે કે તું ક્યાં છે?" ને એમ માંડ માંડ સમજાવી મેં રૂપાના હાથમાંથી તેનું રિઝલ્ટ લીધું.

"અરે! આ શું? ગણિતમાં માત્ર આઠ જ માર્ક્સ? રૂપા દીકરા...ગઈ પરીક્ષામાં તો તારે નેવું માર્ક્સ આવ્યા હતા ને એમાંથી એકદમ જ આઠ? આ શું થયું? મને પણ એકદમ આઘાત લાગ્યો. હું સાચે જ ધ્રૂજી ઊઠી. પણ મને ધ્રૂજતી જોઈ રૂપા પણ રડવા લાગી ને ડૂસકા ભરતાં ભરતાં બોલી : 'મા...તને યાદ છે? ગણિતની પરીક્ષાને આગલે દિવસે પપ્પાને રાતે કેવું થયું હતું? હું ઘરમાં સાવ એકલી હતી. ભણવા તો બેઠી હતી પણ ખૂબ બીક લાગતી હતી. પપ્પા છેક સાડા અગિયાર વાગે આવ્યા અને ખૂબ દારૂ પીને આવ્યા હતા. અને એમને જોઈ હું કેવી ડરી ગઈ હતી? ખૂબ દારૂ પીને આવ્યા હતા. મમ્મી હું આખી રાત રડતી રહી હતી ને બીજે જ દિવસે તો પરીક્ષા હતી. ને મને બધું જ જાણે એક પછી એક નજર આગળ આવતું ગયું.

આમ જુઓ તો મારાં કંઈ પ્રેમલગ્ન ન કહેવાય. બા-બાપુજીએ જ નાતનું સારું ગણાતું ઘર માની રૂપેશને મારે માટે પસંદ કર્યા હતા. મને ય બા-બાપુજી પર સંપૂર્ણ શ્રદ્ધા હતી. અને એટલે મારે ઝાઝું વિચારવાનું હતું જ નહીં. કેટકેટલાં અરમાનો સાથે મેં પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં! અને તેમાંય અગ્નિની શાખે સપ્તપદીની સાત પ્રતિજ્ઞાઓ લેતાં તો મારા હૃદયમાંથી ભાવનાઓની ભરતી ઊભરાતી હતી. ભલે મેં પ્રેમલગ્ન નહોતાં કર્યા પણ લગ્ન થયાં તે જ દિવસથી મેં રૂપેશને મારા સાચા અંતરથી પ્રેમ કર્યો છે. પણ રૂપા જન્મી અને મારી આખીય ગ્રહદશા જ બદલાઈ ગઈ. આમેય રૂપા વખતે દિવસ હતા ત્યારથી જ રૂપેશનું વર્તન થોડું બદલાતું તો જતું હતું જ, પણ મને પણ થતું કે 'આમેય હું તબિયતને કારણે સુસ્ત રહું છું. પછી બિચારો રૂપેશ ઘરમાં એકલો કંટાળે તો ખરોને! ને એમ જ એનું બહાર રહેવાનું વધતું ગયું. એ સામે તો મને બહુ વિરોધ હતો જ નહીં. આમેય એકબીજાની સ્વતંત્રતા પર તરાપ મારવાથી કંઈ લગ્નનાં બંધન ઓછાં જ ટકી શકે છે! એકબીજાનાં સાંનિધ્ય અને સહકારથી બંનેના વ્યક્તિત્વ પાંગરે એ જ સફળ દાંપત્ય. મારૂં હૃદય આમેય નાની હતી ત્યારથી જ ઘણું ભાવનાશાળી.

નાની હતી ત્યારથી મને કાવ્યો ખૂબ ગમતાં. વર્ગમાં કોઈ સુંદર કાવ્ય ભણાવાતું હોય ત્યારે હું એટલી તો લાગણીવશ બની જાઉં કે મારા મોં પર એ લાગણી વરતાયા વિના રહે નહીં. મને બરાબર યાદ છે.

*"મા મને કોઈ દી સાંભરે નહીં.*
*કેવી હતી ને કેવી નહીં...'*

એ કાવ્ય ભણતાં ભણતાં હું એટલી ભાવુક બની ગઈ હતી કે મારી આંખમાંથી ડપક ડપક આંસુ પડવા માંડ્યાં. ચાલુ વર્ગે મને બહેને પાણી પીને સ્વસ્થ થવા મોકલવી પડી હતી. હૃદયની આ જ લાગણી આજે મારી વેરણ થઈને બેઠી છે. તમને શું કરું મારી વાત!

રૂપા જન્મી પછી બે-ત્રણ મહિના સુધી તો રૂપેશ તેનું મોં જોવા સુધ્ધાંય આવ્યો નહોતો. મારું મન અંદર અને અંદર વલોવાયા કરતું હતું. બાએ પણ બે ચાર વાર વાત કરી, "રૂપેશ કેમ દેખાતા નથી?" બાને હું શું કહું? આ ઉંમરે એમને કેટલાક ઉધામા કરાવવા? કેટલી ચિંતા કરાવવી? અને એટલે જ હું જવાબ આપતી. "બા, એમને ખૂબ કામ રહે છે." પણ હું ય મનોમન સમજતી. એ કેવું ને કયું કામ કરે છે? શામાં વ્યસ્ત રહે છે? બે ચાર વાર મેં ય ફોન કર્યો. મને થતું "પોતાનું સર્જન જોવાનું માણવાનું મન ન થાય તેવો તે કોઈ માણસ હોય! બાળક કોને ન ગમે? અરે! બીજાનાં બાળકને ય જોઈ આપણને હૃદયમાં ઉમળકો આવે છે તો આ તો પોતાનું બાળક. એનું મોં પણ જોયા વિના માણસ કેવી રીતે રહી શકે? મારે રૂપેશની લાગણીઓને ઢંઢોળવી હતી. અને એટલે જ મેં ચારેક વાર ફોન કર્યો પણ જ્યારે જ્યારે ફોન કરૂં ને માંડ ફોન ઊપડે તો રૂપેશ વાત કરવા જેટલા પણ સ્વસ્થ ન હોય. ખૂબ દારૂ પીધેલી હાલતમાં હોય અને મને છાતીમાં તિરાડો પડે. એક બાજુ રૂપા નાની. હુંય સમજતી હતી કે નાના બાળકની મા પ્રસન્ન ન રહે તો તેને પૂરું દૂધ ન આવે. બાળકના વિકાસ પર તેની વિષમ અસર થાય. પણ સંજોગો જ એવા વિપરીત ઊભા થયા હતા કે શું કરું? હું સતત અંદર ને અંદર સિઝાયા કરતી હતી. ત્રણ મહિના થયા ને બાની પાસે મેં જીદ કરી, "મારે ઘેર જવું છે" મનમાં મથામણ હતી કે ભલે અગવડ પડે પણ એક વખત હું ઘરમાં હોઉં એટલે રૂપેશ પર થોડી નજર તો રહે. એકલા એકલા એ કંટાળી જાય ને પીવાનું મન થાય એ હુંય સમજું છું. મને વિશ્વાસ હતો કે રૂપાને જોશે એટલે એનું હૃદય આપોઆપ હલશે. લોહીની સગાઈ ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા હતી. અને એટલે જ ગમે તેવી અગવડો, ગમે તેટલી મુશ્કેલીઓ સામે મેં એકલે હાથે ઝઝુમવાનું નક્કી કર્યું. બાનું મન માનતું ન હતું ને છતાંય હું માની નહીં. પણ મારી શ્રદ્ધા ઠગારી નીવડી. એક બાજુ રૂપાને ઉછેરવાની, ઘરમાં બધું જ કામ પાર પાડવાનું. 'થાક' શબ્દ તો મારી ડિક્ષનેરીમાં જ ક્યાંથી હોય! મેં ઝઝુમવાનું નક્કી કર્યું હતું. આમ ને આમ હું છેલ્લાં સાત વર્ષથી એકલે હાથે ઝઝુમી રહી છું. પણ તમે માનશો? રૂપેશે કેટકેટલા અત્યાચાર મારી પર ગુજાર્યા છે! નાની નાની વાતોમાં વાંકું પડે. રોજેરોજ પુષ્કળ પીને આવે ને પછી કંકાસ. ધીરે ધીરે કરતાં મને મારવા-પીટવાનું પણ શરૂ થયું. હું

*મોત કાયરોને વળગે છે, જ્યારે બહાદુરોને ભેટે છે.*

કકળી ઊઠતી. "હે ઈશ્વર! તને મારી તો દયા નથી આવતી પણ આ માસૂમ બાળકીની ય દયા નથી આવતી?"

અને એક દિવસ રાતે રૂપેશે મને પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂકી. મેં રૂપાને સાથે લઈ જવા એમને પગે પડીને વિનવણી કરી પણ રૂપેશે તો રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. મને ઘરમાં પેસી રૂપાની તરફ એક નજર સુધ્ધાં નાંખવા ન દીધી. પણ મારા એ હૃદયના ટુકડાને હું કેમ ભૂલી શકું? અને એટલે જ હું તેને મળવા સ્કૂલમાં રિસેસમાં જાઉં છું. રૂપાની ચિંતા મને સતત સતાવતી રહે છે. અડધી રાતેય હું ચીસ પાડી ઊઠું છું; ક્યારેક બા અને બાપુજી ય મૂંઝાય છે પણ કોને આશ્વાસન આપે!

રિસેસમાં રૂપા મને જુએ છે ને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડે છે. મને વળગી વળગીને રડે છે. 'મા તું મને તારી સાથે લઈ જાને! પપ્પા તો ખૂબ મોડા આવે છે. મને ઘરમાં ખૂબ બીક લાગે છે. હું ખાઉં શું? પપ્પા કશું રાંધતા પણ નથી. સૂકી બ્રેડ તો હવે મારે ગળેય ઊતરતી નથી.' અને એટલે જ હું વારંવાર રૂપેશને વિનવું છું 'મારી દીકરી મને સોંપી દે, હું એના વિના નહીં જીવી શકું રૂપેશ... એ મારા વિના ઝુરી ઝુરીને મરી જશે. રૂપેશ તારી દીકરીની તો દયા જાણ.' પણ આપણો પુરૂષપ્રધાન સમાજ! રૂપેશનો અહમ્ ક્યાંય જરાય પીગળતો નથી. મને એક જ વાત કહ્યા કરે છે 'તારા બાપને કહે મારા પગ પકડી મારી માફી માગે તો જ દીકરી સોંપું' બાપુજીનેય હું ક્યા મોઢે આ વાત કરું? એમનો કશો જ વાંક નથી. એક વડીલને આમ વાંક વગર માફી માંગવાનું ય હું કેમ કહી શકું? રૂપેશના હાથમાં જાણે ચાવી છે. એ જાણે છે કે મારી દીકરી માટેની મારી લાગણી એ જ મારી નિર્બળતા છે અને એટલે દીકરી સોંપતોય નથી અને સાચવી શકતો ય નથી. દીકરીને રિબાતી હેરાન થતી, દુઃખી થતી, ઝૂરતી જોઈ જોઈ હું સતત શેકાઉં છું. નથી સહન થતું હવે આ. ક્યારેક બા પણ મને કહે છે, 'બેટા! હવે ક્યાં સુધી આમ સિઝાયા કરીશ? દીકરીની માયા મૂકી દે. નસીબની દોરી આગળ આપણે શું કરી શકવાનાં! છોડ પર ઊછરતાં ને ખીલતા ગુલાબને ચૂંટીને સૂંઘવા મળે તો જરૂર આનંદ થાય પણ એમ કરતાં એ મૂરઝાય પણ ખરુંને? રૂપા ભલે એના બાપ પાસે રહે...ત્યાં રહીને પણ એ સુખી રહેતી હોય તો શું ખોટું છે?" ને ત્યારે મારું હૃદય અંદરથી આક્રંદ પોકારી ઊઠે છે. બાને હું કેવી રીતે કહું કે 'રૂપેશ દીકરીના પ્રેમથી એને તેની પાસે નથી રાખતો પણ મારી લાગણીની સાથે ચેડાં કરવા જ, મને રીબાવવા માટે જ રૂપાને સોંપતો નથી. રૂપાને એ સાચવે છે જ ક્યાં? નહીં કપડાનું ઠેકાણું, કપડાં સાવ લઘરવઘર, વાળ સાવ અસ્તવ્યસ્ત. ભૂખથી નિશ્ચેતન બની ગયેલું મોં, આટલી નાની છોકરીમાં તો કેટલો ઉત્સાહ હોય? તેને બદલે આ મૂરઝાઈ જતી રૂપાને જોઉં છું ને મારું કાળજું કપાઈ જાય છે. કસાઈની જેમ એનો બાપ એને રીબાવે છે. એ જાણે છે એને દુઃખી થતી હું નહીં જોઈ શકું અને એટલે જ મારી લાગણી જાણે મારી વેરણ બની છે. રૂપેશ મારી એ લાગણીની સાથે ચેડાં કરી એનો અહમ્ પોષી રહ્યો છે. માની મમતા મારે માટે અભિશાપ બની ગઈ છે. હું શું કરૂં??

*૨૫, પાર્શ્વ બંગલોઝ, એસ.જી. હાઈવે*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪*

**યાત્રા** **ઈન્ટરનેશનલ ટુર્સ** **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

તંદુરસ્તી

# મહિલાઓમાં બાયપાસ

• ડૉ. ધીરેન શાહ, MB, MS, MCH (CVTS) •
કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલર સર્જન

હૃદયની બાયપાસ સર્જરી એક મેજર ઑપરેશન છે. જેમાં શરીરની ધમની અને શિરાનો ઉપયોગ કરીને હૃદયની કોરોનરી ધમનીમાં અવરોધને બાયપાસ કરવામાં આવે છે.

પુરૂષોની સરખામણીએ મહિલાઓમાં બાયપાસનું પ્રમાણ ઓછું છે. અત્યાર સુધી બધા સંશોધનોમાં પુરૂષોમાં બાયપાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. હમણાં છેલ્લા ઘણા વર્ષથી મહિલાઓ ઉપર પણ અભ્યાસ થવાનું ચાલુ થયેલ છે.

દર ત્રણ મહિલાઓએ એક મહિલાનું મૃત્યું હૃદયની બીમારીને કારણે થાય છે. હૃદયની બીમારી મહિલાઓમાં નાની ઉંમરમાં પણ જોવા મળે છે અને જ્યારે આવે છે ત્યારે તે અતિ ગંભીર રૂપમાં આવે છે. $^{2}/_{3}$ મહિલાઓમાં હાર્ટ એટેક આવ્યા પછી સંપૂર્ણપણે રીકવરી આવતી નથી. ૫૪% મહિલાઓ હૃદયની બીમારીના કારણે મૃત્યુ પામે છે, જ્યારે આ પ્રમાણ પુરૂષોના ૪૬% છે.

મહિલાઓમાં મેનોપોઝ પહેલાં હાર્ટ એટેક આવવાની સંભાવના બહુ જ ઓછી હોય છે, કારણકે એમના હોરમોન્સ નળીઓમાં બ્લોક આવવાની પ્રક્રિયાને અટકાવે છે. પણ એમને ડાયાબિટીસ હોય તો હૃદયની બીમારી વહેલી પણ આવી શકે છે.

બહેનોમાં જે પરંપરાગત છાતીનો દુઃખાવો થતો હોય છે એવા ચિહ્નો અને લક્ષણ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. મોટાભાગની મહિલાઓને પેટમાં ભરાવો, છાતીમાં બળતરા, શ્વાસમાં તકલીફ, ઉબકા, ગળામાં, પીઠમાં કે જડબામાં દુઃખાવાની ફરિયાદ કરતા હોય છે.

સંશોધનોએ એવું તારણ બહાર કાઢ્યું છે કે બાયપાસ પછી હોસ્પિટલમાં સ્ત્રીઓનો મૃત્યુદર, પુરૂષોની સરખામણીમાં વધારે જોવામાં આવે છે. અને ખાસ કરીને જો ઑપરેશન નાની ઉંમરમાં કરવામાં આવે તો આ દર માટે સંશોધકોનું માનવું છે કે એના બે મુખ્ય કારણો છે : એક કે મહિલાઓમાં હૃદયની કોરોનરી ધમની પુરૂષોની સરખામણીમાં બહુ જ નાની હોય છે. અને બીજું કે એમના શરીરનું કદ પણ નાનું હોવું.

અને સાથે-સાથે શરીરની બીજી ધમની અને શિરા પણ નાની હોય છે. બહેનોમાં પણ મોટાપાનું પ્રમાણ વધારે હોવાના કારણે અને બીજી બીમારીઓનું પ્રમાણ વધારે હોવાના કારણે જોખમ વધારે હોય છે.

છતાં બધા અભ્યાસનું એક તારણ એ પણ છે કે બાયપાસ કરાયા પછી લાંબાગાળાનો લાભ પુરૂષો કરતા વધારે હોય છે.

### • મહિલાઓમાં બાયપાસના પરિણામ સુધારવાની ચાવી:

બાયપાસની અમુક સર્જીકલ ટેકનિકથી આ ઑપરેશનના પરિણામ સુધારી શકાય છે.

બાયપાસ સર્જરીમાં બીટીંગ હાર્ટ સર્જરી અથવા ધબકતા હૃદયમાં સર્જરી કરવાથી સ્ત્રીઓમાં મૃત્યુદર ઘટાવી શકાય છે. આ ઑપરેશનમાં બાયપાસનું ઑપરેશન હૃદયને બંધ કર્યા વગર એટલે હૃદય ધબકતું હોય, એની સાથે કરવામાં આવે છે. ધબકતા હૃદય પર બાયપાસ સર્જરી કરવાથી, ફેફસાની તકલીફ, લકવા થવાની શક્યતા અને હોસ્પિટલના રોકાણમાં ઘટાડો કરી શકાય છે.

બીજું કે બાયપાસ માટે વાપરવામાં આવતી ધમની અને શિરામાં પણ પસંદગીથી પરિણામોમાં બદલાવ લાવી શકાય છે. બાયપાસ માટે છાતીની ધમની અને હાથની ધમની વાપરવાથી લાંબાગાળાના પરીણામોમાં ખાસ્સો સુધાર જોવામાં આવ્યો છે અને આ ધમની લાંબા સમય સુધી ખુલ્લી અને કાર્યરત રહે છે.

### • મહિલાઓમાં બાયપાસના લાંબાગાળાના પરિણામો :

સંશોધનોમાં એક બહુ મહત્ત્વપૂર્ણ તારણ આવ્યું છે કે ભલે સ્ત્રીઓમાં બાયપાસ સર્જરી વખતનું જોખમ પુરૂષોની સરખામણીમાં વધારે હોય, પણ એક વરસ પછીથી મહિલાઓમાં લાંબાગાળાના ફાયદા પુરૂષો કરતાં વધારે હોય છે.

મહિલાઓમાં વધારે વિટામીન કે કેલ્શિયમ લેવાથી કોઈપણ પ્રકારનો ફાયદો થતો નથી. મેનોપોઝની હોર્મોન રીપ્લેસમેન્ટ થેરાપી કરવાથી બાયપાસનો દર ઘટતો નથી પણ કેન્સરનો અને લકવાનો દર વધી જાય છે. માટે એ કરાવવું હિતાવહ નથી.

### • જીવનશૈલીમાં મહત્ત્વના ફેરફાર :

બાયપાસ સર્જરી કરવાથી હૃદય તરફ રૂધિરનો પુરવઠો વધે છે અને છાતીના દુઃખાવામાં રાહત રહે છે. પણ એનાથી નળીઓમાં ચરબીનું પ્રમાણ જામવાની પ્રક્રિયા અથવા કહો કે હૃદયની ધમનીઓમાં સંકડાશ આવવાની પ્રક્રિયાને આપણે બંધ નથી કરી. બાયપાસ પછી પણ તમને આ ચરબી (કોલેસ્ટેરોલ) ની પ્રક્રિયાને કાબુમાં રાખવા માટે તમારી જીવનશૈલીને બદલવાની જરૂર છે. નિયમિત પ્રમાણે દવાઓ લેવાની જરૂર છે અને ડોક્ટરની ભલામણો અનુસરવાની જરૂર છે. જીવનશૈલીમાં ફેરફારો નીચે દર્શાવેલ પ્રમાણે કરવું જરૂરી છે.

*મૃત્યુ રૂદન કરાવે એવું જોઈએ, અફસોસ કરાવે તેવું નહિ.*

(૧) ધૂમ્રપાન છોડવું.
(૨) ઊંચા કોલેસ્ટેરોલની સારવાર કરવી.
(૩) હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસને કંટ્રોલ કરવો.
(૪) નિયમિતપણે ૪૦-૬૦ મિનિટ કસરત કરવી.
(૫) સ્વસ્થ વજન જાળવવું.
(૬) હૃદય માટે તંદુરસ્ત ખોરાક લેવો.
(૭) સ્ટ્રેસ અને ક્રોધ કાબૂમાં રાખવા.
(૮) નિયમિતપણે દવાઓ લેવી.
(૯) હશીખુશીથી જિંદગી જીવવી.

## મહિલાઓમાં હૃદયરોગ થવાની શક્યતાની ચકાસણી કરતી આકારણી

### સ્ટેપ - ૧ : ઉંમર

| વર્ષ | પોઈન્ટ | વર્ષ | પોઈન્ટ |
|---|---|---|---|
| ૨૦-૩૪ | -૭ | ૫૫-૫૯ | ૮ |
| ૩૫-૩૯ | -૩ | ૬૦-૬૪ | ૧૦ |
| ૪૦-૪૪ | ૦ | ૬૫-૬૯ | ૧૨ |
| ૪૫-૪૯ | ૩ | ૭૦-૭૪ | ૧૪ |
| ૫૦-૫૪ | ૬ | ૭૫-૭૯ | ૧૬ |

### સ્ટેપ-૨ : ટોટલ કોલેસ્ટેરોલ

| ટીસીપોઈન્ટ (mg/dL) | પોઈન્ટ ઉંમર ૨૦-૩૯ | પોઈન્ટ ઉંમર ૪૦-૪૯ | પોઈન્ટ ઉંમર ૫૦-૫૯ | પોઈન્ટ ઉંમર ૬૦-૬૯ | પોઈન્ટ ઉંમર ૭૦-૭૯ |
|---|---|---|---|---|---|
| < ૧૬૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬૦-૧૯૯ | ૪ | ૩ | ૨ | ૧ | ૧ |
| ૨૦૦-૨૩૯ | ૮ | ૬ | ૪ | ૨ | ૧ |
| ૨૪૦-૨૭૯ | ૧૧ | ૮ | ૫ | ૩ | ૨ |
| > ૨૮૦ | ૧૩ | ૧૦ | ૭ | ૪ | ૨ |

### સ્ટેપ - ૩ : એચડીએલ કોલેસ્ટેરોલ

| HDL-C (mg/dL) | પોઈન્ટ |
|---|---|
| > ૬૦ | -૧ |
| ૫૦-૫૯ | ૦ |
| ૪૦-૪૯ | ૧ |
| < ૪૦ | ૨ |

### સ્ટેપ - ૪ : સિસ્ટોલીકબ્લડ પ્રેશર

| સિસ્ટોલીકબ્લડ પ્રેશર (mm Hg) | પોઈન્ટ (સારવાર ન થઈ શકે તેવા) | પોઈન્ટ (સારવાર થઈ શકે તેવા) |
|---|---|---|
| < ૧૨૦ | ૦ | ૦ |
| ૧૨૦-૧૨૯ | ૧ | ૩ |
| ૧૩૦-૧૩૯ | ૨ | ૪ |
| ૧૪૦-૧૫૯ | ૩ | ૫ |
| > ૧૬૦ | ૪ | ૬ |

### સ્ટેપ - ૫ : ધુમ્રપાનની સ્થિતિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધુમ્રપાન નહી કરનાર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધુમ્રપાન કરનાર | ૯ | ૭ | ૪ | ૨ | ૧ |

### સ્ટેપ - ૬ : આ ટેબલમાં પોઈન્ટસ ઉમેરો

| | |
|---|---|
| ઉંમર | |
| ટોટલ કોલેસ્ટેરોલ | |
| એચડીએલ-કોલેસ્ટેરોલ | |
| સિસ્ટોલીકબ્લડ પ્રેશર | |
| ધુમ્રપાનની સ્થિતિ | |
| ટોટલ પોઈન્ટ | |

### સ્ટેપ - ૭ : સીએચડીનું જોખમ

| કુલ જોખમી પોઈન્ટ | ૧૦ વર્ષનું જોખમ | કુલ ૧૦ વર્ષના પોઈન્ટ | |
|---|---|---|---|
| ૯ | ૧% | ૨૦ | ૧૧% |
| ૧૦ | ૧% | ૨૧ | ૧૪% |
| ૧૧ | ૧% | ૨૨ | ૧૭% |
| ૧૨ | ૧% | ૨૩ | ૨૨% |
| ૧૩ | ૨% | ૨૪ | ૨૭% |
| ૧૪ | ૨% | > ૨૫ | > ૩૦% |
| ૧૫ | ૩% | | |
| ૧૬ | ૪% | | |
| ૧૭ | ૫% | | |
| ૧૮ | ૬% | | |
| ૧૯ | ૮% | | |

***નોંધ :*** ઉપર દર્શાવેલ રિસ્ક Massachusetts, USAમાં મોટા પ્રમાણમાં કાકેશિયનની વસ્તીમાં ફ્રેમિંગ્ટન હાર્ટ સ્ટડી દરમિયાન તારવેલ અંદાજ પ્રમાણે

***સીમ્સ હોસ્પિટલ, શુકન મૉલની સામે, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ***
***મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩ ● Email : dhiren.shah@cims.me***

*સંગ્રહનો અંત છે નાશ, ઊંચે ચઢવાનો અંત છે નીચે પડવાનું, સંયોગનો અંત છે વિયોગ અને જન્મનો અંત છે મરણ.*

સંસ્થા/વ્યક્તિ વિશેષ

### વટામણમાં આચાર્યા અમૃતભાઈ ચાંપાનેરીની

# નિવૃત્તિમાં ગ્રંથાલયની નિજાનંદની પ્રવૃત્તિ

● કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર ●

ગામડાંના પ્રશ્નો, ગામની સમસ્યાઓ, મુશ્કેલીઓ ગામતળે જ ઉકેલાય એ જ સાચો અને યોગ્ય ઉપાય છે. ભૂદાન યજ્ઞના પ્રણેતા વિનોબાજી તો લોકોને કહેતા કે - **"ગામનું કલ્યાણ દિલ્હીમાં આવેલા સ્વરાજયથી ન થઈ શકે. તેમનાં ગામમાં લાગેલી આગ શહેરના લોકો આવીને ન બૂઝાવી શકે. કે કોઈ એવી એક વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ એક જ જગ્યાએ બેસીને આવડા મોટા દેશની વ્યવસ્થા કરી શકે એ અસંભવિત છે..."** સાતેક દાયકા પહેલાં વિનોબાજીએ કહેલ આ વાત આજે પણ ગામડાંઓ માટે એટલી જ સાચી અને પ્રસ્તુત છે.

વિનોબાના આ વિચાર પ્રમાણે ગામતળનાં પ્રશ્ન ગામની જ કોઠાસૂઝ વ્યક્તિ દ્વારા ઉકેલાયાના અને અન્યને પ્રેરણારૂપ બને તેવા પ્રસંગ-ઘટનાની આ વાત છે. સમાજ ઘડતરમાં એક શિક્ષકની આગવી ભૂમિકા રહેલી છે. શિક્ષક તેના નોકરીના કાર્યકાળ દરમ્યાન યુવાપેઢીમાં સંસ્કાર સિંચનનું ભગીરથ કાર્ય કરતા હોય છે. અમુક વ્યક્તિઓ આજીવન શિક્ષકની ભૂમિકા અદા કરતા રહે છે. શિક્ષક નિવૃત્તિ પછી પણ પોતાના ગામ કે જ્યાં રહેતા હોય ત્યાં આસપાસના વિસ્તારના લોકોમાં વિચાર ઘડતરનું કાર્ય કરતા રહેતા હોય છે. અહીં આવા જ એક શિક્ષકની પ્રેરણાદાયી વાત છે. આ વાત ભાલ પંથકના વટામણ ગામની છે.

જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના નાકરા ગામની હાઈસ્કુલ શ્રી નાકરા વિનય મંદિરમાં આચાર્યપદે અઠ્ઠાવીસ વર્ષ સેવા આપી શ્રી અમૃતલાલ મણિલાલ ચાંપાનેરી નિવૃત્ત થયા. નિવૃત્ત થતાં તેઓ પોતાના વતનના ગામ વટામણમાં આવીને વસ્યા. ગામમાં પુસ્તકાલય ન હતું. તેમણે રૂક્ષ્મણીબેન મણિલાલ ચાંપાનેરી સાર્વજનિક ગ્રંથાલય અને વાંચનાલય શરૂ કર્યું. નિવૃત્તિકાળે તેમને મળેલ પ્રોવિડંટ ફંડમાંથી પચ્ચીસેક હજારના પુસ્તકો વસાવી ગ્રામજનોને અર્પણ કર્યા! જૈન જ્ઞાતિની વાડીમાં જ પુસ્તકાલયની પ્રવૃત્તિ ચાલે.

નિવૃત્તિમાં પુસ્તકાલયની નિજાનંદ પ્રવૃત્તિ! અમૃતભાઈની નિવૃત્તિમાં પ્રવૃત્તિ દ્વારા વટામણ ગામમાં પુસ્તકાલયના પ્રારંભથી ગ્રામજનોની તથા આસપાસના ગામનાં વાંચન રસિકોની વાંચન ભૂખ સંતોષાઈ. ઘરઆંગણે મનગમતાં પુસ્તકો મેળવી વાંચતા થયા. ગામના વિદ્યાર્થીઓને 'રોજગાર સમાચાર' દ્વારા રોજગારીની અને ભાવિ અભ્યાસક્રમ અંગે વિદ્યાર્થીઓને અમૃતભાઈ માહિતી માર્ગદર્શન આપે. વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવી પ્રસંગોચિત્ત પ્રદર્શનનું આયોજન પણ કરે. ગામની હાઈસ્કૂલમાં ધોરણ ૮, ૯ અને ૧૦ ની વાર્ષિક પરીક્ષાના આધારે પ્રથમ, બીજો અને ત્રીજો નંબર મેળવનાર વિદ્યાર્થીઓને 'ગાંધીજીની આત્મકથા : સત્યના પ્રયોગો' ભેટમાં આપે.

વટામણમાં પુસ્તકાલયના ઉપક્રમે યોજાયેલ એક કાર્યક્રમમાં નયા માર્ગના તંત્રીશ્રી ઈન્દુકુમાર જાનીએ જણાવ્યું હતું કે - "વતનના ગામમાં રહી આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે ગ્રંથાલય પ્રવૃત્તિ કરાવી એ માત્ર ભાવનાશાળી વ્યક્તિ જ કરી શકે. વતનનું ઋણ અને વતન સાથેનો લગાવ હોય તે જ આ કાર્ય કરી શકે. અમૃતભાઈ ચાંપાનેરીએ આ કાર્ય કરી ગ્રામજનોની વાંચન ભૂખ સંતોષવાનું ઉમદા કાર્ય કર્યું છે."

વટામણના ગ્રંથાલયમાં બેઠાં બેઠાં અમૃતભાઈએ અનુવાદ દ્વારા સાહિત્ય ક્ષેત્રે પણ આગવું કાર્ય કર્યું. સુરેન્દ્રનગરના બાલાશ્રમ ધ્રુવ અનાથાશ્રમના બાળકોના વાસ્તવિક કરૂણ વૃત્તાંત સંચાલક અને કેળવણીકાર શ્રી નાગજીભાઈ દેસાઈ લિખિત 'હૈયું અને હૂંફ' નો હિન્દી અનુવાદ 'માં કી તસવીર' અને તેમની ઉત્કૃષ્ટ આત્મકથા 'મારી કરમ કથની' નો હિન્દી અનુવાદ 'મેરી કરમ કથની' કર્યો છે. વ્યવસાયે તબીબ અને ગુજરાતી સાહિત્યને ઉત્તમ વાર્તા આપનાર ડો. અનિલ વ્યાસના વાર્તાસંગ્રહ 'સવ્ય અપસવ્ય' નો હિંદીમાં અનુવાદ કર્યો. ડૉ. અનિલ વ્યાસની 'ભૂખ' વાર્તાને રાષ્ટ્રીય 'કથા' ઍવોર્ડ મળેલ છે. ગુજરાતીના બીજા જાણીતા લેખક શ્રી ધરમાભાઈ શ્રીમાળીના ગુજરાતી વાર્તાસંગ્રહ 'સાંકળ' નો હિંદી અનુવાદ કર્યો. હિંદીમાંથી ભારદ્વાજજી લિખિત પુસ્તકોના ગુજરાતીમાં 'હિન્દુ ધર્મનો વૈજ્ઞાનિક આધાર' અને 'હિન્દુ ધર્મનો ધાર્મિક આધાર' અનુવાદિત કર્યા છે. આ પુસ્તકો આર.આર. શેઠે પ્રકાશિત કર્યા છે. જૈન સાંપ્રદાયના સતાવધાની સંત શ્રી રત્નચંદ્ર મહારાજ સાહેબના જીવનચરિત્રનું હિંદીમાં અનુવાદ કાર્ય ચાલી રહ્યું છે.

એક નિવૃત્ત શિક્ષક - આચાર્યએ ૧૯૯૬માં ગ્રંથાલય - વાંચનાલય પ્રવૃત્તિનો પ્રારંભ કરેલો. આજે તો આ ગ્રંથાલય વૈવિધ્યસભર પુસ્તકોથી સમૃદ્ધ બન્યું છે. નિવૃત્તિમાં અમૃતભાઈની આ પ્રવૃત્તિની જાણ થતાં ઈમેજ પબ્લિકેશન - અમદાવાદ દ્વારા ઉત્તમ પુસ્તકો ભેટ મળતાં રહે છે. 'ગુજરાત ટાઈમ્સ ન્યુયોર્ક' અને અન્ય વ્યક્તિઓ પણ સારા પુસ્તકો ભેટમાં આપતા રહે છે. ગુજરાતના મુખ્યમંત્રીએ 'વાંચે ગુજરાત અભિયાન'નો વિચાર વહેતો મુકેલ છે... એક શિક્ષક પોતાના ગામમાં અમૃતભાઈ ચાંપાનેરીની જેમ, નિવૃત્તિમાં નિજાનંદી પ્રવૃત્તિ - ગ્રંથાલયનો પ્રારંભ કરે તો!! વાંચે ગુજરાત અભિયાન સફળ... સફળ... બની રહે.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. : ૯૬૬૨૮ ૩૩૨૬૮*

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

આત્મવિશ્વાસ

# શુભ કાર્ય મહાન છે – મુહૂર્ત નહીં

## અંધશ્રધ્ધાઓમાંથી મુક્ત થાઓ, પરંપરાથી દૂર રહી આત્મવિશ્વાસ કેળવો

• શાંતિલાલ સંઘવી •

જૈન સમાજમાં કેટલાક સંપ્રદાયો છે. શ્વેતાંબર પરંપરામાં મુખ્યત્વે દેરાવાસી અને સ્થાનકવાસી એમ બે સંપ્રદાયો છે. જો કે એના પેટા સંપ્રદાયોની સંખ્યા ઘણી મોટી છે. સિધ્ધાંતની દષ્ટિએ તમામ જૈનો નિરીશ્વરવાદી છે.

આપણે બધા જ – કોઈ દેરાવાસી હોય કે સ્થાનકવાસી હોય - અમુક ચોક્કસ પેટા સંપ્રદાયના હોય - સૌ કોઈ પોતપોતાની કુટુંબ પરંપરા થકી જે-તે સંપ્રદાયના છીએ.

**જો કોઈ વ્યક્તિ અન્ય ધર્મવાળા કુટુંબમાં કે અન્ય સંપ્રદાયવાળા કુટુંબમાં જન્મ લે છે ત્યારે આપોઆપ તે વ્યક્તિ પોતાની કુટુંબ પરંપરાને સ્વીકારી લે છે.**

**તે પોતાનો ધર્મ, પોતાનો સંપ્રદાય તેમજ પેટા સંપ્રદાયના ગુણદોષ એટલે કે ખૂબી - ખામી તપાસતો નથી કે તેનો સ્વતંત્ર અભ્યાસ કરતો નથી. એથી પણ વિશેષ તે કોઈ વ્યક્તિ વિશેષને ગુરુ તરીકે સ્વીકારી લે છે.**

આ બધામાં ક્યાંય પણ ધર્મ, સંપ્રદાયના ખામી - ખૂબીના સ્વતંત્ર અભ્યાસ ઉપરાંત અન્ય ધર્મ અને સંપ્રદાયોના પણ સ્વતંત્ર અભ્યાસ કરવામાં આવતો નથી.

પોતાને દેરાવાસી ગણાવનાર સાચા અર્થમાં દેરાવાસી હોય તેમજ પોતાને સ્થાનકવાસી તરીકે ઓળખાવનાર પણ ખરા અર્થમાં સ્થાનકવાસી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. બધે જ માત્ર લોલે લોલ ચાલે છે. ક્યાં છે સાચો નિરીશ્વરવાદી જૈન?

હું એવા જૈન યુવાનની તલાશમાં છું કે જેને જણાવવામાં આવે કે તેની કુંડળીમાં મંગળ છે, તો તેના જવાબમાં તે યુવાન બોલી ઊઠે, 'મારી કુંડળીમાં મંગળ છે એમ? તો હું મંગળનો બાપ છું.'

હું એવી જૈન યુવતીની તલાશમાં છું કે જેને કહેવામાં આવે કે 'તારી કુંડળીમાં તો મંગળ છે!' તો તે યુવતી એમ કહે કે, 'મારી કુંડળીમાં મંગળ છે એમ? તો મંગળ રહે મારે ખાસડે!'

પણ આ માટે જૈન યુવાનોમાં મરદાઈ જોઈએ, બાયલાઓનું કામ નહીં.

છોકરીને પણ સાચું સમજાવનાર તેના મા-બાપ જોઈએ. એમાં આત્મવિશ્વાસ વગરના અને ડરપોક મા-બાપ ન ચાલે.

વિદ્વાન સાધુ-સાધ્વીઓએ સતત રાત-દિવસ આ વાત જૈન સમાજને સમજાવતા રહેવી જોઈએ.

આવા મર્દ અને હિંમતવાળા જૈન યુવાનો ક્યારે જોવા મળશે? ખુમારી અને આત્મવિશ્વાસથી ભરેલી જૈન યુવતીઓ ક્યારે જોવા મળશે?

જૈનો જ્યારે શનિદેવ (દેવ?)ની પૂજા કરે છે ત્યારે ભારે હસવું આવે છે. જે કામ ખુદ તીર્થંકર પણ ન કરી શકે તે કામ નિર્જીવ માટીનું ઢેફું કરી શકે એમ માનવું એ ગંભીર ભૂલ છે. (અરે! સંભાળીને લખો મિસ્ટર! ક્યાંક શનિદેવ વાંચી લેશે તો તમારું ધનોતપનોત કાઢી નાખશે!!)

કર્મથી ડરવું સમજાય એવી વાત છે. અસત્ કર્મોથી ડરવું જોઈએ. પણ તે સિવાયના કોઈ આકાશી તત્ત્વ કે દૈવી તત્ત્વથી ડરવું એ મૂર્ખાઈ છે.

**જો ખુદ મા-બાપો જ ડરપોક અને આત્મવિશ્વાસ વગરના હશે તો તેઓ પોતાના દીકરા-દીકરીને હિંમતવાળા ક્યાંથી બનાવી શકશે?** આચાર્ય રજનીશ કહે છે, 'માણસને જો ડિસ્ટર્બ કરવામાં આવે તો જ તે વિચારતો થાય, અન્યથા તે કદી વિચારે નહિ.' **પ્રાચીન શાસ્ત્રોમાં 'જ્યોતિષ'નો સ્પષ્ટ અર્થ આપેલો છે કે 'જ્યોતિષ એટલે આપણી સૂર્યમાળામાં ફરતા આકાશી પદાર્થોની ગતિ, સ્થિતિ અને અંતર જાણવાની વિદ્યા.'**

અને કોઈ અજ્ઞાત મહાજ્ઞાની પુરુષે કહેલી વાત :

*હરિજનને ગ્રહો શું કરે?*
*ગ્રહો બાપડા પરવશ ફરે.*
*રવિ ભમન્તો, શશી કલંકિત*
*રાહુ શિર વિહોણો વહે*
*કાણો શુક્ર, લૂલો શનિ*
*બૃહસ્પતિએ સ્ત્રી ખોઈ*
*ગ્રહોના ગ્રહ તે શ્રી હરિ.*

અર્થ સ્પષ્ટ છે, ખુલાસાની જરૂર નથી.

અને 'જ્યુલિઅસ સીઝર' નાટકમાં શેક્સપિયર કહે છે : 'The faults, dear Brutus, are not in our Stars, but in ourselves.'

**અને મોરારીબાપુ શું કહે છે? સાંભળો : 'કમૂરતા તો કાયરને નડે.'**

અને જો તમામ શુભ કાર્યો જેવા કે સગાઈ, લગ્ન, વાસ્તુપૂજન, શિલાન્યાસ, ભૂમિપૂજન, ઉદ્‌ઘાટન વગેરે વગેરે હિંમતપૂર્વક છાતી કાઢીને અને ઊંચી ડોકે કમૂરતામાં કરવામાં આવે તો બધી રીતે ફાયદો થાય. મનગમતો હોલ કે પાર્ટી પ્લોટ, મનગમતો કેટરર, ડેકોરેટર, વિધિ કરાવનાર મહારાજ બધા સહેલાઈથી અને કશી ખુશામત કર્યા વગર મળી શકે. એની સાથે ભાવમાં પણ બાંધછોડ (બારગેઈનિંગ) થઈ શકે. ટેન્શન પણ ઓછું રહે. રેલવે-વિમાનની ટિકિટો પણ સહેલાઈથી મળી જાય. તમામ સારા - શુભ કાર્યો કમૂરતામાં જ કરાય. બાકી ખોટાં કામ કરવા માટે તો આખું વર્ષ છે જ.

શ્રી ભગવતીકુમાર શર્માની બે પંક્તિ :

*ક્ષમા કરો મને કે મારો માર્ગ છે જરા જુદો,*
*મનસ્વી હું પતંગિયું છું, મારે કતારમાં નથી જવું.*

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)

*જીવન એ પરમાત્માનું રૂપ છે અને જીવનને પ્રેમ કરવો એ પ્રભુને પ્રેમ કરવા બરાબર છે.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં ભગુકાકા રેંતા સે પંઢજે પેટજો ઑપરેશન કરાયેલા હોસ્પિટલમેં દાખલ થ્યા વા ને અજ ઉગેજો અનીંજો ઑપરેશન વો. આંઉ બારી ગીયા ઊભો વો તેર નેર્યો ક ભગુકાકા ધોડધા ધોડધા પાછા આવ્યા તે. સે જરા તપાસ કર ક ભગુકાકા કુલા પાછા આવ્યા?

બચુડો : (તપાસ કેનેં ચે) ભગુકાકા ઑપરેશન ટેબલ તે સુતાવા તેર નર્સ બોલઈ ક આંજો પહેલો ઑપરેશન આય તડેં આંઈ હેડા મડે કુલા ધ્રુબોતા... હિંમત રખો... તડેં ભગુકાકા તેરંઈ ઑપરેશન ટેબલતા ઠેક ડે ને ભજે આવ્યા... ભગુકાકાકે પૂછ્યો ત ચ્યાં નર્સ મુંકે હિંમત રખેજો નતે ચેં પણ ડૉક્ટરજો પહેલો ઑપરેશન વો ને ડૉક્ટર ધ્રોબ્યો તે... અતરે નર્સ ડૉક્ટરકે હિંમત ડેનેતે. અતરે ભગુકાકા ભજે આવ્યા.

## ખિલજા મ ભલા

જુહારમલ : (ઈન્કમટેક્ષ ઑફિસરને) સાહેબ, તમે તો ખરા છો. આ તમે ત્રીજી નોટિસ મોકલાવીને પૈસા ભરવાનું કહ્યું છે. પૈસા તો હું ભરી દઉં છું... પણ અગાઉની બે નોટિસ તો મને મળી જ નથી.

ઈન્કમટેક્ષ ઓફિસર : અરે ભાઈ! વાત જાણે એમ છે કે અમારી ઓફિસમાં પહેલી અને બીજી નોટિસ જેના દ્વારા મોકલવામાં આવે છે તેના કાગળ જ ખલાસ થઈ ગયા છે. એટલે સીધી આ ત્રીજી નોટિસ જ મોકલી આપી છે!!

☺ ☺ ☺ ☺ ☺

કરશન : (હેલ્મેટની દુકાને જઈને) અરે ભાઈ, મને સારું હેલ્મેટ બતાવોને!

સેલ્સમેન : શું તમે નવું સ્કુટર ખરીદ્યું કે મોટર સાઈકલ?

કરશન : બેમાંથી કાંઈ નહિ. આતો મેં હમણાં જ લગ્ન કર્યા છે!

☺ ☺ ☺ ☺ ☺

ચમન : (મગન શેઠને) શેઠ સાહેબ, તમારો પોપટ ખોવાયો છે. તો તે શોધી આપનારને ૧૦૦ રૂપિયા ઈનામ આપવાના હતા, તો તે આપો.

મગન શેઠ : મારો પોપટ આપો.

ચમન : લ્યો શેઠ...

મગન શેઠ : પણ આ તો બિલાડી છે. પોપટ ક્યાં છે?

ચમન : એ તો આ બિલાડીના પેટમાં છે. તે જ તમારો પોપટ ખાઈ ગઈ છે!

☺ ☺ ☺ ☺ ☺

પંકજ : દિલીપ, તારા દાદાજીનું મગજ છેલ્લે સુધી બરાબર કામ કરતું હતું ને?

દિલીપ : એ તો કાલે ખબર પડશે.

પંકજ : કેમ કાલે?

દિલીપ : કાલે એમણે કરેલું વિલ વંચાવાનું છે.

☺ ☺ ☺ ☺ ☺

ઓફિસર : (ક્લાર્કને) તમે ઓફિસે મોડા આવો છો ને સાંજે વહેલા જતા રહો છો એનું શું કારણ?

ક્લાર્ક : હું બંને વખત મોડો પડવા નથી માંગતો.

☺ ☺ ☺ ☺ ☺

એક કલાકાર : (બીજા કલાકારને) કાલે મારું નાટક એવું જામ્યું... એવું જામ્યું કે બધા પ્રેક્ષકોના મોં ખુલ્લા જ રહી ગયા.

બીજા કલાકાર: રોગ ચેપી છે એ વાત ખરી પણ બધા જ પ્રેક્ષકોને એકી સાથે બગાસું આવે એ શક્ય નથી.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : તમે મારા બીલમાંથી ૨૦ રૂપિયા કેમ કાપી લીધા?

દર્દી : તપાસ કરતી વખતે સ્ટેથોસ્કોપ મૂકીને તમે મારી ચાર સીગારેટો તોડી નાખી હતી એટલે.

☺ ☺ ☺ ☺ ☺

કનુ : અલ્યા મનુ, અહીં આ સંભાળીને વાહન ચલાવવાનું બોર્ડ માર્યું છે પણ અહીં તો સાવ ઓછો ટ્રાફિક છે. તો બોર્ડ કેમ માર્યું છે?

મનુ : નીચે સૂચના લખી છે તે વાંચ. એમાં લખ્યું છે કે અહીં આજુબાજુ ૫૦ કિ.મી.માં એકે હોસ્પિટલ નથી.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : (નાનકડી ટીનાને) બોલ તો ટીના, તારા પપ્પાનું નામ શું છે?

ટીના : હજુ નામ નથી પાડ્યું. હમણાં તો પપ્પા કહીને જ બોલાવું છું.

☺ ☺ ☺ ☺ ☺

ફોનની ઘંટડી સાંભળી ચીન્કીએ ફોન ઉપાડ્યો અને 'હેલો' કર્યું.

સામેથી પૂછ્યું : પ્રકાશ છે?

ચીન્કી : ના, અહીં પ્રકાશ નથી.

સામેથી : તો જખ મારવા અંધારામાં બેસી રહ્યા છો. મીણબત્તી સળગાવો તો પ્રકાશ આવશે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*બધી કલામાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર.*

## બાલુડેં જ્યું ગાલિયું

### HOW THE CRAB RUNS

Have you ever seen a crab run? It runs very fast, but it runs sideways!

A mother crab was looking at her son. She did not like the way he ran.

"I wish you would not run sideways," said the mother crab. "Why do you not run straight like other people?"

"I should like to run straight," said the son, "and so I might, but for one thing."

"What is that?" said the mother crab.

"I should run straight if you would show me the way," said the son.

The mother crab started to show him how to run straight. But she ran sideways just like her son.

So the son did not learn how to run straight.

*વાતની રજૂઆત ઝઘડીને નહીં, શાંતિ અને પ્રેમથી કરો.*

### કચ્છજી ખમતીધર ધીંગી ધરા...

ખમતીધર ખમીરેંજી હી સોણી ધરા સધ્ધર ખમીરવંતી
અરે હિન કચ્છડેજી કંયાતો ગાલ, જરા જમ્ભર જશવંતી
સચો સન્યાસી ચેં દે ઉસકાભી ભલા, ન દે ઉસકાભી ભલા
તીંય કચ્છડો ચે મેઘરાજાકે અચોત વલ્લા નેકાં નડીબો ખલ્લા
વસુંધરા પાંજે વતનજી જેંજી હેળી કેતરી ઊંચી અમીરાઈ
ધુખ્ખે ધરણીને શક્તિ પ્રગટે, મુડસેંમેં સિંચે મુડસાઈ
વર્ષારાણી નમિલે તોજો પાણી, ન ચાંતો અસાંજી ધીંગી કહાણી
સુખ્ખમેં ત મિળે ખિલ્લેં, હિતે ડુખ્ખમેં ખિલ્લેં કચ્છી ભેરી કચ્છીયાણી
ધીંગી ધરાજા અસીં રાંધીકડાં, આકાશમેં નેરીયું સજો ચોમાસો
માલિકસેં મિઠ્ઠ્યું ગાલીયું કયું ન વર્ષાંત ત કડેં નડીંયું ડોભાસો
વડા અસાંજા એળા જીગર, જેળા વખત અચેં ઈ મથે સંઉ
માં ભોમકાકે ધિલસેં ચૂમીં ચાહ્યું અસાંજે જીવ સંઉ
નેણેજા મીં વર્ષાઈ હિતે મિળે ધિલસે રાજી રેતાંઅધ્ધા
'રશ્મિન્' ચેં સુકાળ વે-ક-ડુકાળ તય ધુનિયાસેં ઈ - ન - થીંધા જુધ્ધા.

*'રશ્મિન્ જો રણકાર : ભાગ-૩'માંથી સાભાર*

**શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ, મે. હેમંત સર્જીકલ, મુંબઈ-૮૦.**

*__ક્ષમાપના__ : મન માનવ માનવ સાથે મૈત્રી ભાવ ઝંખે અને સૌ સંગાથે- સુ સંબંધ ઈચ્છે, પરંતુ વાણી ઉપર કાબૂ રહી શકતો નથી, તેમજ વર્તન આઘુપાછું થઈ જાય છે અને વ્યવહાર પણ ઓછું - અધિકું થઈ જાય છે, જેનાથી સર્જાયેલા વેર-ઝેરના સ્પંદનો મારા કારણે આપ સૌને જરી પણ સ્પર્શ્યા હોય તો આપ સૌની અંતઃકરણપૂર્વક ક્ષમા યાચું છું.* **– રશ્મિન્ ખોના (મુંબઈ)**

### આ જગમાં થોડા મલે!

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*


**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**



**Dalal**
**S. Nitinkumar & Co.**
**CANVASSING AGENT**
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
*Sister Concern*
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ફંડ રેઈઝીંગ પ્રોગ્રામ

પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા શ્રી કચ્છી સમાજ-અમદાવાદે ચાલુ વર્ષ દરમ્યાન ૧૦ જેટલી વિવિધ સમિતિઓનું ગઠન કરેલ છે અને જરૂરિયાત અનુસાર હજુ પણ નવી સમિતિઓની રચના કરવાની વિચારણા ચાલુ છે.

આ સમિતિઓ દ્વારા સામાજિક ઉત્કર્ષના વિવિધ કાર્યક્રમો હાથ પર લેવાની ગણના રાખવામાં આવેલ છે. તેના અનુસંધાને સામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ સારા એવા પ્રમાણમાં વધારી શકાશે. આ કાર્યોના અમલીકરણ માટે સ્વાભાવિકપણે ફંડની આવશ્યકતા રહે. જેના અનુસંધાને તા. ૧૯-૧૦-૨૦૧૪, રવિવારના રોજ ટાઉનહોલ - અમદાવાદ ખાતે એક ફંડ રેઈઝીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો આ સાથે સામેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંતર્ગત યોજે છે.. એક અદ્ભૂત અવિસ્મરણીય, એકશનથી ભરપુર અને ભાગ્યે જ જોવા મળે તેવો રસપ્રદ અને આનંદદાયક કાર્યક્રમ જેમાં આપને મળશે જોવા અને જાણવા સાથે સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક ઢબ સાથેનો કાર્યક્રમ...

### હિપ્નોસીસ ડેમોનસ્ટ્રેશન ... (હિપ્નોટીઝમ)

### ડો. પ્રશાંત ભીમાણી (જાણીતા સાયકોલોજીસ્ટ તથા હિપ્નોથેરાપીસ્ટ)

**રવિવાર, તા. ૧૯-૧૦-૨૦૧૪ ● *સમય* : બપોરના ૩ થી ૬ ● *સ્થળ* : શેઠ મંગલદાસ ટાઉન હોલ, આશ્રમ રોડ, અમદાવાદ.**

ઉપરોક્ત કાર્યક્રમનો મુખ્ય હેતુ ફંડ રેઈઝ કરવાનો હોવાથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરો આપની સમક્ષ પ્રવેશ પાસ લઈને ઉપસ્થિત થાય ત્યારે તેઓને સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવે છે. **રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦, ૫૦૦ અને ૨૫૦ ના ડોનેશન સામે યોગ્ય પાસનું વિતરણ કરવામાં આવશે.**

અમદાવાદ-ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારોને ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી કરવામાં આવે છે. પ્રવેશ પાસ માટે નીચે જણાવેલ સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

**● પ્રવેશ પાસ માટે સંપર્ક ●**

| | | | |
|---|---|---|---|
| ★ શ્રી અશોક મહેતા | : મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ | ★ શ્રી ભરત ઓઝા | : મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩ |
| ★ શ્રી કૈલાસદાન ગઢવી | : મો. ૯૮૨૫૩ ૨૫૧૪૫ | ★ શ્રી જગદીશભાઈ ઠક્કર | : મો. ૯૮૨૫૦ ૦૫૯૦૧ |
| ★ શ્રી હિમાંશુ ઠક્કર | : મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪ | ★ શ્રી મેઘજીભાઈ ખેતાણી | : મો. ૯૯૨૫૪ ૪૮૮૮૮ |
| ★ શ્રી અમિત પટેલ (સુરાણી) | : મો. ૯૮૨૪૪ ૭૯૯૨૩ | ★ શ્રી નરેન્દ્રભાઈ શાહ | : મો. ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| ★ શ્રી દિપક ચૌહાણ | : મો. ૯૮૭૯૫ ૪૯૭૬૫ | ★ શ્રી મનુભાઈ કોટડીયા | : મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮ |

***નોંધ : આ અગાઉ ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંતર્ગત સમાજના કલાકારો દ્વારા મનોરંજન કાર્યક્રમ રજૂ કરવાનું નક્કી થયેલ હતું. જે હાલ પુરતુ મુલત્વી રાખવામાં આવેલ છે. ભવિષ્યમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.***

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વીંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

*જીવનમાં ભય પામવા જેવું કશું જ નથી, બધુંય સમજવા જેવું હોય છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ સરદાર સરોવર ડેમની મુલાકાતથી સૌ પ્રભાવિત

ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં પાછળથી વરસાદ થયો છે. છેલ્લા સપ્તાહમાં અનેક વિસ્તારોમાં મેઘરાજાની અવિરત મહેર વરસી છે અને તેના કારણે ઘણા નદી, ડેમ તેમજ સરોવર પાણીથી છલકાઈ રહ્યા છે. આ રીતે કેટલાક સમયથી સરોવરમાં નવા પાણીની આવક વધતાં નર્મદા બંધ ઑવર ફ્લો સપાટીથી થોડે નીચે એટલે કે ૧૨૦.૯૩ મીટર જેટલી થઈ હતી અને જળ સંગ્રહ ૫૦૮૬.૪૮ મિલિયન ક્યુબિક મીટર નોંધાયો હતો. આ સ્થિતિ નિહાળવાની તક પણ એક અનોખી હોય છે.

અનોખા ખુશનુમાવાળા વાતાવરણના માહોલની વચ્ચે તા. ૯-૮-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિના ૮૦ સભ્યો સરદાર સરોવર - નર્મદા ડેમની સાઈટ પર પહોંચ્યા હતા.

કેવડિયા કોલોનીમાં જ આ સાઈડનો 'મોડેલ' રાખવામાં આવેલ છે. તેનું નિરીક્ષણ કરવાથી ડેમના આયોજનનો સંપૂર્ણ ખ્યાલ મેળવી શકાય છે. જેમાં અન્ય વિગત સાથે ૪ તળાવ તથા ૦.૦ કિ.મી.થી ચાલુ થતી મેઈન કેનાલ વગેરેની ખૂબ સારી રીતે સમજ આપી છે.

- **કેનાલ હેડ પાવર હાઉસ :** આ વીજ મથકમાં ૫૦ મેગાવોટનું એક એવા પાંચ જનરેટર સેટ બેસાડવામાં આવેલ છે. આ મથક ૧૯૯૭માં તૈયાર કરવામાં આવેલ તેની મશીનરી ભારતમાં જ બનાવવામાં આવી છે. સાઈટ પર ૩ કિ.મી.ના અંતરે ઊભા કરાયેલા આ ૨૫૦ મેગાવોટ કેનાલ હાઈફો પાવર હાઉસની મુલાકાત કરીને ત્યાંની વિવિધ રસપ્રદ માહિતીથી સૌ સભ્યો વાકેફ થયા હતા.

- **નર્મદા ડેમ સાઈટ :** ડેમના મુખ્ય ચાર પોઈન્ટ્સ પૈકી ડેમ સમીપ પહોંચીને તેની ઊંચાઈ, તેના ૩૦ બેરેજ અને તેમાંથી એકધારા ધસમસતા પાણીના ફ્લો તથા રોપ-વે ને નિહાળીને સૌ પ્રભાવિત થયા હતા.

- **નર્મદા નદી :** નર્મદા નદીનું ઉદ્‌ગમ સ્થાન મધ્યપ્રદેશમાં અમરકંટક પાસે આવેલું છે અને ૧૩૧૨ કિ.મી.ની લાંબી યાત્રા કરીને ખંભાતના અખાત પાસે આવીને અરબી સમુદ્રને મળે છે. નર્મદાને ૪૧ પેટા નદીઓ મળે છે.

- **મુખ્ય ડેમ :** ગુજરાતમાં નવા ગામ પાસે આવેલ મુખ્ય ડેમની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર જેટલી છે. આ ડેમના ફાઉન્ડેશનની ઊંડાઈ ૧૬.૫ મીટર છે. આ જળાશયની લંબાઈ ૨૧૪ કિ.મી. છે. જે ગુજરાતમાં અંદાજે ૨૫ કિ.મી. અને બાકી મધ્યપ્રદેશમાં છે. આ જળાશયની મહત્તમ પહોળાઈ ૧.૭૭ કિ.મી. છે. જ્યારે તેની સંગ્રહ ક્ષમતા ૪.૭૫ એમ.એ.એફ. પાણીની છે. ૧૮ મીટરની ઊંચાઈના ૩૦ દરવાજા ચડાવવાનું કામ થતાં બંધની ઊંચાઈ ૧૩૮.૬૨ મીટર થશે.

- **વિવિધ પ્રકારના તળાવ :** ડેમમાંથી પ્રથમ તળાવ નંબર-૧ માં અને ત્યારબાદ લીંક કેનાલ દ્વારા તળાવ નંબર-૨, ૩ અને ૪માં પાણી પાસ થઈ રેડિયલ ગેઈટ દ્વારા મેઈન કેનાલમાં લઈ જવામાં આવે છે.

- **મુખ્ય કેનાલ અને શાખા નહેરો :** ડેમ સાઈટથી રાજસ્થાનની હદ સુધી મેઈન કેનાલની લંબાઈ ૪૫૮ કિ.મી.ની છે. મેઈન કેનાલમાંથી ૪૪ જેટલી શાખા નહેરો છે. સૌરાષ્ટ્ર શાખા નહેરની ક્ષમતા ૪૨૫ તથા કચ્છ શાખા નહેરની ૨૨૦ ક્યુમેક્સના આયોજન થયેલા છે.

ત્યાં પ્રાપ્ત થયેલ અન્ય માહિતી અનુસાર સરદાર સરોવર નર્મદા યોજના મુખ્યત્વે ખેતી અને પીવાના પાણી માટે તૈયાર કરવામાં આવેલ છે. વર્ષ ૧૯૮૮માં આ યોજનાનો આરંભ થયો ત્યારે તેનો અંદાજિત ખર્ચ રૂા. ૯૪૦૬.૦૪ કરોડ જેટલો હતો. જેમાં જળ વિદ્યુત ભાગનો ખર્ચ રૂા. ૧૫૫૧.૮૬ કરોડ હતો. અમુક તબક્કે યોજનામાં વિલંબના કારણે આ યોજના પાછળ અત્યાર સુધી ખર્ચ ૩૯,૫૭૧ કરોડ ઉપર થઈ ગયેલ છે. બીજી તરફ, બધા જ પ્રકારની મુખ્ય નહેર, શાખાઓ, પેટા શાખાઓ, માઈનોર શાખાઓ વગેરેની ૭૫,૦૦૦ કિ.મી. લંબાઈની નહેરની ગુંથણી સામે ૧૯૯૫થી ૨૦૧૩ સુધી માત્ર ૧૦ કિ.મી.નું કામ થયું છે. તેવી વિગતની જાણકારીએ આંચકો આપ્યો હતો. કચ્છ બ્રાંચ કેનાલ સંબંધી અભયારણ્ય અને અન્ય પ્રશ્નો તાજેતરમાં હલ થતાં હવે તેમાં પ્રગતિ થશે. આ પ્રકારની ઘણી બધી માહિતી મુલાકાત દરમ્યાન જાણવા મળી હતી.

- **કાર્યક્ષમતા અને કૌશલ્ય :** સાઈટ પર સરદાર સરોવર નર્મદા નિગમના એન્જિનિયરોની કાર્યક્ષમતા તથા કૌશલ્યતાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યા પછી તેમના ટેકનિકલ જ્ઞાન પ્રત્યે સૌને ગૌરવ થાય તેવી કામગીરી છે.

ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન રસ્તામાં શૂલપાણેશ્વર તથા કુબેરેશ્વર મહાદેવના સ્થળની પણ સૌએ મુલાકાત લીધી હતી. ત્યારબાદ ડભોઈ થઈને અમદાવાદ મોડી રાત્રે પરત ફર્યા હતા. કાર્યક્રમને સફળતા માટે સર્વશ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, પરબતભાઈ પટેલ તથા મનુભાઈ કોટડિયાએ સારી જહેમત ઉઠાવેલ હતી.

નર્મદા ડેમ સાઈટનો પ્રત્યક્ષ અનુભવ કર્યા વિના તેનો અસલ અંદાજ પ્રાપ્ત કરવો મુશ્કેલ છે. જાતે આ યોજના નિહાળ્યા બાદ આશ્ચર્ય થાય તેવી સમગ્ર કામગીરી છે. સૌ કચ્છીએ એક વખત સરદાર સરોવર બંધની તેમજ મેઈન કેનાલની મુલાકાત અવશ્ય લેવી જ જોઈએ.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

*જીવનની સાધનાનું અંતિમ દૃશ્ય તો આ છે : મેળવવું, આપવું અને છોડી દેવું.*

## ડૉ. કુમારપાળ દેસાઈને કવિ નર્મદ એવોર્ડ

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને રૂ. ૫૧ હજારના રોકડ પુરસ્કાર સહિતનો કવિ નર્મદ ઍવૉર્ડ આપવાની જાહેરાત કરાઈ છે. કવિ નર્મદના જન્મદિવસ ૨૪ ઓગસ્ટને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને તે નિમિત્તે એક ગુજરાતી અને એક મરાઠી સાહિત્યકારને ઍવૉર્ડ અપાય છે. ત્યારે ગુજરાતી વિશ્વકોશની જવાબદારી સંભાળતા પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ ગુજરાતની સૌથી જૂની સાહિત્યિક સંસ્થા ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ અને ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ છે. આ અગાઉ તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે રહી ચૂક્યા છે.


## વરિષ્ઠ ધારાશાસ્ત્રી યોગેશચંદ્ર માંકડનું નિધન

ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને મૂળ કચ્છ-ભુજના યોગેશચંદ્ર શિવલાલ માંકડનું ૯૦ વર્ષની જૈફ વયે તા. ૨૯-૭-૨૦૧૪ના રોજ અવસાન થતાં અમદાવાદના કચ્છી સમાજ તેમજ કચ્છ જિલ્લામાં શોકની લાગણી ફેલાઈ ગયેલ. ગુજરાત હાઈકોર્ટના બાર એસોસિએશન તેમજ ભુજ ખાતે બાર એસોસિએશને તેમને અંજલિ આપી હતી. ગુજરાત હાઈકોર્ટની સ્થાપના થતાં મુંબઈ હાઈકોર્ટમાંથી અમદાવાદ ખાતે હાઈકોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેઓશ્રી મુંબઈ હાઈકોર્ટ બાર એસોસિએશનના ઉપપ્રમુખ રહી ચૂક્યા હતા. ૧૯૯૩માં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. વડોદરા યુનિવર્સિટીમાં કાનૂની ક્ષેત્રના અભ્યાસક્રમમાં પેપર સેટર તથા પરીક્ષક તરીકે ઘણાં વર્ષો સુધી કામગીરી કરી હતી. તેમની પ્રાર્થના સભામાં વર્તમાન તેમજ પૂર્વ ન્યાયાધીશો, ઍડવોકેટ્સ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તેમજ કચ્છી સમાજના અગ્રણીઓ, કાર્યકર્તાઓ તેમજ અન્ય નાગરિકો ઉપસ્થિત રહેલ હતા.

### દિનેશ પાંચાલની ઈન્ટરનેટ બુક (ઈ-બુક : ૨) રજૂ થઈ

નવસારીના જાણીતા સાહિત્યકાર અને 'મંગલ મંદિર'ના લેખક પરિવારના સભ્ય એવા શ્રી દિનેશ પાંચાલને ગુજરાતી સાહિત્ય પરિષદ ઍવોર્ડ, ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી ઍવોર્ડ, વિજ્ઞાનમંચ ઍવોર્ડ તથા 'પૂર્ણેશ્વર ટાઈમ્સ' ઍવોર્ડ વગેરે પ્રાપ્ત થઈ ચૂક્યા છે. 'મંગલ મંદિર'ના તંત્રીમંડળ આયોજિત સ્પર્ધામાં પણ એમને શ્રેષ્ઠ લેખકની શ્રેણીમાં ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. તાજેતરમાં નવસારીના શ્રી ગોવિંદ મારૂના બહુચર્ચિત 'અભિવ્યક્તિ' બ્લોક પર શ્રી પાંચાલની ઈ-બુક રજૂ થઈ છે (www.govindmaru.wordpress.com). જે ખાસ તો વિદેશી વાચકોની માંગણીને માન આપીને રજૂ કરવામાં આવી છે.

## ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝ સ્ટિઅરીંગ સમિતિમાં શ્રી મહેન્દ્રભાઈ શાહની પુનઃ નિયુક્તિ



છેલ્લા ૨૮ વર્ષથી ભાવનગર કચ્છ સમાજના પ્રમુખપદે રહેલા કચ્છ - નલિયાના શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની તાજેતરમાં ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝની સ્ટિઅરીંગ સમિતિના ચેરમેનપદે આગામી બે વર્ષ માટે પુનઃ નિયુક્તિ થઈ છે. તે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓશ્રી ઘણાં વર્ષોથી કાર્યરત છે. તે ઉપરાંત સરકારી, બિનસરકારી તેમજ સામાજિક અનેક સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાયેલા છે, તેમ ચેમ્બરની એક યાદીમાં જણાવાયું છે.

## કચ્છના બે શિક્ષકોને રાષ્ટ્રપતિ એવોર્ડ જેમાં માંડવીના દિનેશભાઈ શાહની પસંદગી



સ્વાતંત્ર્ય પર્વના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રપતિ કક્ષાના બે અને રાજ્યકક્ષાનો એક એમ કચ્છના ત્રણ શિક્ષકોને તાજેતરમાં ઍવોર્ડ જાહેર થયા હતા. ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષક નીતિનભાઈ હીરજી જોબનપુત્રાને, જ્યારે પ્રાથમિક વિભાગમાં કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના મહામંત્રી માંડવી જૈન નૂતન પ્રાથમિક શાળાના શિક્ષક દિનેશભાઈ મણિલાલ શાહને રાષ્ટ્રપતિ પુરસ્કાર, જ્યારે ધોરડોના પ્રાથમિક શિક્ષક શૈલેષકુમાર હરિલાલ સિંઘલને રાજ્યકક્ષાએ ઍવોર્ડ જાહેર થયેલ હતા.

ભારત સરકારનો પ્રાથમિક શાળાના શિક્ષક માટેનો રાષ્ટ્રપતિ ઍવોર્ડ શિક્ષકની સાથે શિક્ષકોના સંગઠન માટે વર્ષોથી સેવા આપતા દિનેશભાઈ મણિલાલ શાહના ફાળે ગયેલ. તેમને આ અગાઉ રાજ્ય સરકારનો શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ મળી ચૂક્યો છે. અબડાસાના ભાનાડા ગામેથી શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત કરી ચૂકેલા શ્રી શાહ ત્રણ મહિના પહેલાં જ સેવાનિવૃત્ત થયા છે. ભૂકંપ વખતે કચ્છના પ્રાથમિક શિક્ષકો પાસેથી માહિતીનું સંકલન કરીને રાજ્યના શિક્ષકસંઘ પાસેથી કચ્છના સમાજના માધ્યમથી કચ્છના પ્રા. શિક્ષકોને રૂા. ૨૬ લાખની આર્થિક સહાય અપાવવાની તેમની કામગીરી સૌએ બિરદાવી હતી. હકારાત્મક અભિગમ ધરાવતા આ શિક્ષક માંડવીની અગ્રણી વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

રાષ્ટ્રપતિ ઍવોર્ડ પાંચમી સપ્ટેમ્બરે 'શિક્ષક દિને' દિલ્હીમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે અર્પણ કરાશે. બંને શ્રેષ્ઠ શિક્ષકોને રાષ્ટ્રપતિ દ્વારા પારિતોષિક સાથે રૂા. ૨૫-૨૫ હજાર રોકડ પુરસ્કારરૂપે અપાશે. ■

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) નેશનલ એલાયન્સ ઓફ પીપલ્સ મુવમેન્ટ (NAPM)ની અખબારી યાદીમાં જણાવેલ છે કે ઉત્તર પ્રદેશના મહેંદીગંજ ખાતે આવેલ કોકાકોલાની ફેક્ટરી સરકારે તા. ૬-૬-૨૦૧૪થી બંધ કરાવેલ છે. આ વિસ્તાર પાણીની છતવાળો હતો પણ કોકાકોલા કંપનીએ મોટા જથ્થામાં જમીનમાંથી પાણી ખેંચી લેતાં હવે એ વિસ્તાર 'CRITICAL' વિસ્તારની યાદીમાં મૂકવામાં આવેલ છે. *(ભૂમિપુત્ર, તા. ૧-૭-૧૪)*

(૨) **જગતના સૌથી ધાર્મિક દેશો જ જગતના સૌથી ગરીબ દેશો છે. આ ગરીબ દેશોમાં જ સૌથી વધુ ધાર્મિક લોકો રહે છે.** *(વિવેકપંથી, જૂન-૨૦૧૪)*

(૩) ચીનની હોસ્પિટલોમાં નર્સોને એર હોસ્ટેસ પહેરે છે એવા યુનિફોર્મ પહેરવાનું કહેવામાં આવેલ છે. આમ કરવાથી દર્દીઓ પર સારી માનસિક અસર થશે એમ માનવામાં આવેલ છે. *(વિવેકપંથી, જૂન-૨૦૧૪)*

(૪) ચીનની સરકારે ત્યાંના મુસ્લિમ બહુમતીવાળા જિનજિયાંગ પ્રાંતમાં મુસ્લિમોને રમજાનમાં રોજા રાખવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. તાજેતરમાં જ આ વિસ્તારમાં મુસ્લિમોએ મચાવેલ ઉત્પાતની સજારૂપે આ પ્રતિબંધ લગાવવામાં આવેલ છે. *(સાધના, તા. ૧૨-૭-૧૪)*

(૫) છત્તીસગઢના બસ્તર જિલ્લાના ૫૦ ગામના લોકોએ પંચાયત બોલાવીને ગામોમાં ઈસાઈ મિશનરીઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. **પંચાયતોનો આરોપ છે કે આ મિશનરીઓ લોકોનું બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવે છે.** *(સાધના, તા. ૧૨-૭-૧૪)*

(૬) મહારાષ્ટ્રના ખેડ જિલ્લાના 'સાત કસસ્પલ' નામના ગામમાં સરપંચની પસંદગી માખી કરે છે! આ ગામના મંદિરમાં ઉમેદવારોના નામની ચબરખીઓ બનાવીને મંદિરના પ્રાંગણમાં મૂકવામાં આવે છે. પછી જે ચિઠ્ઠી ઉપર કોઈ માખી પ્રથમ બેસે તેને સરપંચ બનાવવામાં આવે છે! *(સાધના, તા. ૧૨-૭-૧૪)*

(૭) **ગુજરાતની ૩૧ સરકારી પોલીટેકનિકમાંથી ૨૭માં આચાર્ય જ નથી!** *(મુંબઈ સમાચાર, તા. ૨૫-૬-૧૪)*

(૮) યુનેસ્કોના એક અંદાજ મુજબ અત્યારે જગતમાં ૭૦૦૦ જેટલી ભાષાઓ છે પરંતુ આ સદીના અંત સુધીમાં માત્ર ૩૦૦ જેટલી ભાષાઓ જ જીવતી રહેશે. *(નયા માર્ગ, તા. ૧૬-૭-૧૪)*

(૯) દિલ્હી પાસેના અસોલા તથા ફત્તેપુરબેરી નામના બે ગામમાં દરેક ઘરનો એક છોકરો અખાડામાં જઈને બાઉન્સરની ટ્રેનિંગ લે છે. આ ગામોના લગભગ ૫૦ હજાર યુવાનો બાઉન્સર તરીકે અલગ અલગ જગ્યાએ નોકરી કરે છે અને સારો પગાર મેળવે છે. *(સાધના, તા. ૧૯-૭-૧૪)*

(૧૦) વર્તમાનમાં આપણે ભ્રષ્ટાચારની ખૂબ ફરિયાદ કરીએ છીએ. છત્રપતિ શિવાજીનો રાજયાભિષેક કરવા બ્રાહ્મણ પંડિતો તૈયાર ન હતા કારણકે તેઓ શિવાજીને ક્ષત્રિય માનતા ન હતા. છેવટે કાશીથી પંડિત ગોગા ભટ્ટને બોલાવવામાં આવ્યા. તેમણે ખૂબ મોટી દક્ષિણા (લાંચ) લઈને શિવાજીના પૂર્વજ ક્ષત્રિય હતા એમ જાહેર કર્યું અને શિવાજીનો રાજયાભિષેક થયો. *(ભ્રષ્ટાચાર તો આપણા જીન્સમાં છે!)* *(દલિત અધિકાર, તા. ૧૬-૭-૧૪)*

(૧૧) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની આગાહી છે કે વર્ષ ૨૦૨૦ સુધીમાં ડિપ્રેશન એ આત્મહત્યાનું સૌથી મોટું કારણ હશે. દર વર્ષે ૧૫ લાખ જેટલાં મૃત્યુ ડિપ્રેશનના કારણે થશે. (પછી વર્ષોવર્ષ આ સંખ્યા વધતી જશે.) *(દિવ્ય ભાસ્કર, તા. ૨૮-૭-૧૪)*

(૧૨) આદિ શંકરાચાર્યજીએ તો ચાર જ દિશામાં મઠ સ્થાપી ચાર શંકરાચાર્ય નીમ્યા. પરંતુ ત્યારબાદ પોતાને શંકરાચાર્ય તરીકે જાહેર કરનારા ૪૮ મઠાધિપતિઓ છે. *(સાધના, તા. ૨૬-૭-૧૪)*

(૧૩) ભારતમાંથી દર વર્ષે સરેરાશ ૪૫,૦૦૦ બાળકો ગૂમ થઈ જાય છે. *(સાધના, તા. ૨૬-૭-૧૪)*

(૧૪) 'અક્ષયપાત્ર' નામથી જાણીતું જયપુરનું એક રસોડું જોવા અમેરિકાના પૂર્વપ્રમુખ ક્લિન્ટન આવ્યા હતા. આ રસોડામાં એક લાખ ને ચાર હજાર વિદ્યાર્થીઓ માટેની ૪૯૩ શાખાઓ માટે ભોજન બને છે. રોટલી - ભાત મશીનથી બને છે. એક કલાકમાં ૪૦ હજાર રોટલી બને છે. ત્રણ કલાકમાં બે લાખ રોટલી, છ ટન દાળ અને પાંચ ટન ભાત બની જાય છે. આ રસોડું દેશપાંડે ફાઉન્ડેશન સાથે જોડાયેલું છે. *(સાધના, તા. ૨૬-૭-૧૪)*

(૧૫) હાલમાં સુરતમાં રોલ્સ રોયસ ગાડીના શો રૂમમાં જેની કિંમત ૪.૫ કરોડ રૂપિયા હતી તેવી ગાડી વેચાણ માટે આવી. સિને એક્ટ્રેસ મલ્લિકા શેરાવતે તે ગાડી લેવા ઈચ્છા કરી. પરંતુ તેના ટૂંકા અને અશ્લીલ વેષને કારણે રોલ્સ જેવી વિખ્યાત કંપનીની પ્રતિષ્ઠા ખરડાશે એમ વિચારીને મલ્લિકાને તે કાર વેચવાની ના પાડવામાં આવી. *(સાધના, તા. ૨૬-૭-૧૪)*

*જીવન એક બાજી છે. જેમાં હાર-જીત આપણા હાથમાં નથી પણ બાજી રમવી આપણા હાથમાં છે.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**ઓગસ્ટ - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- લક્ષ્મીચંદ કોરશી વોરા — સમાઘોઘા (કચ્છ)
- હરેશ નવનીતરાય મહેતા — ભુજ, કચ્છ

**આજીવન**

- જીજ્ઞાબેન એચ. દોશી — ઝરિયા (ધનબાદ - ઝારખંડ)
- મહેતા એન્ટરપ્રાઈઝ — ગાંધીધામ, કચ્છ
  C/o. વિશનજી ગોપાલજી મહેતા
- હિતેશ બાબુલાલ શાહ — ભુજ, કચ્છ

### રીન્યુ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- ઋષિલ સવાઈલાલ શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- તારક રશ્મિકાંત શાહ — આંબાવાડી, અમદાવાદ
  કુંવરજી જેઠાભાઈ ખોના — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

**૫ વર્ષનું લવાજમ**

- શાંતિલાલ સાકરચંદ શાહ — ભુજ, કચ્છ
- રમણિકલાલ મેઘજી દેઢિયા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

**આજીવન**

- જુગલ કિશોર વીરા — બેંગાલુરુ

## આવી ભૂલ હંમેશાં હોજો....

જૂના ખાનગી રખાયેલા દસ્તાવેજો અને કાગળો અમુક સમય પછી ખુલ્લા મૂકવામાં આવે છે. આવા દસ્તાવેજો ખૂલે ત્યારે આશ્ચર્યજનક હકીકતો બહાર આવે છે.

હમણાં અમેરિકાના નેશનલ સીક્યુરીટી આર્કાઈવ્ઝ તરફથી ખુલ્લા મૂકાયેલા દસ્તાવેજોમાંથી આ હકીકત જાણવા મળેલ છે.

જાપાનના બે શહેરો હિરોશિમા અને નાગાસાકી પર બે બોમ્બ નાખવામાં આવેલા. એ બોમ્બની વિસ્ફોટક શક્તિ એક મેઘા ટનના એક હજારમા ભાગની હતી. છતાં તે બોમ્બ પડવાની સાથે મિનિટોમાં જ ત્રણ લાખ માણસો મરી ગયા અને એનાથી અનેકગણા માણસો રીબાઈ રીબાઈને પાછળથી મર્યા. હજુ એવા અનેકગણા લોકો રીબાય છે. એ બંને બોમ્બની કુલ ભેગી વિસ્ફોટક શક્તિ એક મેઘા ટનના ૧૦મા ભાગમાંથી ત્રીજા ભાગ જેટલી હતી.

હવે આગળ વાંચો. હમણાં ખુલ્લા મૂકાયેલ દસ્તાવેજોમાંથી ખબર પડી છે કે ૧૯૬૧ના વર્ષના જાન્યુઆરીની ૨૪મી તારીખે એક અમેરિકન બોમ્બર નોર્થે કેરોલીના રાજ્ય પરથી ઉડતું હતું ત્યારે અચાનક જ એના પેટ જેવો વચલો ભાગ ફાટ્યો અને એમાં રાખેલા બે અણુબોમ્બ ગોલુસબરો શહેર ઉપર પછડાયા. આ બે બોમ્બની વિસ્ફોટક શક્તિ જાણો છો? જાપાન પર નંખાયેલા બે બોમ્બની કુલ શક્તિથી તેર ઘણી હતી. આ બંને બોમ્બ ફાટવા માટે જરૂર પડે ત્યારે ફાટવા માટે તૈયાર રાખવામાં આવેલા. અમેરિકાના સંરક્ષણ ખાતાના સચિવના જણાવ્યા મુજબ બોમ્બમાં માત્ર બે વાયર ગોઠવવામાં રહી ગયેલી ભૂલના કારણે એ બંને બોમ્બ ફાટ્યા નહીં. એ બોમ્બ ના ફાટ્યા એને કારણે એકાદ કરોડ અથવા વધારે અમેરિકન નાગરિકો (ભગવાનની દયાથી) બચી ગયા.

*'લોક સ્વરાજ' ઓગસ્ટ-૨૦૧૪માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

ઘર ઘરની મીઠાઈ..

હાથી છાપ ગોળ
શાહ હાથીભાઈ અજરામલદાસ
જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪

કચ્છજો માડુ...
કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
– રશ્મિન્ ખોના (મુંબઈ)

MAYUR PEER

NATIONAL ENTERPRISES
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

**★ ૩૩ વરસે નશો છોડ્યો ૪૦ વરસે કોમનવેલ્થમાં:**

ઈંગ્લેન્ડના સ્ટીવ વે ૨૦ વરસનો હતો ત્યારથી જ દારૂ અને સિગારેટની લતે ચડી ગયો હતો. વજન વધીને ૧૦૨ કિલો થઈ ગયું. ૩૩મા જન્મ દિવસે સવારે અરીસામાં પોતાના ફેલાયેલા શરીરથી નફરત થઈ અને બધી કુટેવો છોડવાનો સંકલ્પ કર્યો. પ્રથમ દિવસે માત્ર ૧૦૦ મીટર દોડીને થાકી ગયો પણ હિંમત ન હાર્યો. અવિરત પ્રયાસથી સ્ટેમિના વધતો ગયો. કમર ૩૮ની થઈ ગઈ અને ૨૦૦૬માં લંડન મેરેથોનમાં ભાગ લીધો. ત્યારબાદ એથ્લીટ બની ૨૦૧૪માં લંડન મેરેથોનમાં ત્રીજા નંબરે આવી કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કરી લીધું.

**★ દુનિયાની સૌથી ઝડપી કાર :**

પોર્ટ એલિઝાબેથથી મિકેનિકલ એન્જિનિયરીંગ કરનારી ૩૦ વર્ષીય બેવર્લીસિંહ યુ.કે. માં વિશ્વની સૌથી તેજ કાર બનાવી રહી છે. આ કારનું નામ બ્લડ હોન્ડ સુપર સોનિક રાખવામાં આવ્યું છે. **આ રોકેટ પાવર્ડ કાર ૨૦૧૫માં સૌથી પહેલાં દક્ષિણ આફ્રિકામાં લોન્ચ થશે. તેની ઝડપ ૧૨૨૫ કિ.મી. પ્રતિ કલાકથી વધુ હશે.**

**★ દરિયા અને રણનું મિલન :**

દરિયાકાંઠાની વાત આવતાં જ મગજમાં સુંદર બીચની છબી ઉપસી આવે છે. પરંતુ દુનિયામાં એક એવી જગ્યા એવી છે જ્યાં એટલાન્ટિક મહાસાગર અને નામિબિયાના વેસ્ટ કોસ્ટ રણનું મિલન થાય છે. આ કોસ્ટલ ડેઝર્ટને નામિબ સેન્ડ સી પણ કહેવામાં આવે છે. યુનેસ્કોએ તેને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન આપ્યું છે. તેના ઉત્તરમાં ક્યૂનેન નદી અને દક્ષિણમાં ઓરેન્જ નદી છે. દુનિયાનું સૌથી જૂનું રણ હોવાથી પણ તે ખ્યાતનામ છે. આ રણ ૫.૫ કરોડ વરસ કરતાં પણ જૂનું છે. તેની રેતી સેન્ડ ડ્યૂન્સ આખી દુનિયામાં સૌથી વધુ વયની છે. આ જગ્યાએ રણ, પહાડ અને સમુદ્ર હોવાથી તેની સુંદરતા અલગ જ છે.

**★ ઠંડક આપતી હેલ્મેટ :**

ઈન્ડોનેશિયાના ૧૩ વરસના લિનિયસ નારા નામના ટાબરિયાએ ધોમધખતા તાપમાં વાહન ચાલકના માથાને ઠંડક આપતા હેલમેટની શોધ કરી છે. આ હેલમેટ બનાવવા માટે સોડિયમ પાલીઓકલેટ નામના પદાર્થનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બહાર ૩૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન હોય ત્યારે હેલ્મેટની અંદર માત્ર ૨૧ ડિગ્રી તાપમાન હોય છે.

**★ વિશ્વનો સૌથી મોટો પૂલ :**

ફ્રાન્સના એફિલ ટાવર કરતાં પણ ઊંચો, ચીનની બેઈપાન જિયાંગ નદી પર આવેલા ૨૭૫ મીટરથી પણ ઊંચો રેલવે બ્રિજ હિમાલયની ગોદમાં બનાવી ભારતીય એન્જિનિયરીંગના કૌશલ્યનો અજોડ નમૂનો ૨૦૧૬ સુધીમાં આ દેશને ભેટ મળશે. આ બ્રિજના કામકાજની શરૂઆત ૨૦૦૨માં થઈ હતી પણ ૨૦૦૮માં આ કામ અટકાવવામાં આવ્યું. ત્યારપછી બે વરસ બાદ આ પ્રોજેક્ટ ફરીથી શરૂ કરવામાં આવ્યો છે. વિશ્વનો સૌથી ઊંચા આ પૂલની ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે કે જેથી તે ભૂકંપ અને ખૂબજ ઝડપી પવનનો સામનો કરી શકે.

**★ અનોખો બ્રિજ :**

દુનિયામાં જ્યાં સૌથી વધારે વરસાદ પડે છે તેવા મેઘાલયના ચેરાપુંજી પાસે ઝાડની ડાળીઓમાંથી બનાવેલો બ્રિજ છે. ચેરાપુંજીથી નોનગ્રીએટ ગામ જવા માટે ગીરનારની જેમ સીડી ઉતરીને નોન ગ્રીએટ ડબલ ડેકર લિવિંગ બ્રિજ સુધી પહોંચી શકાય છે. આ ઝાડની ડાળીથી બનેલા બ્રિજને જોવા માટે દુનિયાભરથી લોકો આવે છે.

**★ સૌથી બુદ્ધિશાળી બાળકો :**

ગત વરસ દરમ્યાન 'ચેનલ ફોર' ટીવી ચેનલની ચાઈલ્ડ જિનિયસ કાર્યક્રમમાં વિજેતા જાહેર થયેલ. આ વખતે પણ સ્પેલિંગ બી ચેમ્પિયનશીપમાં વિજેતા જાહેર થઈ છે. સ્પેલિંગ યાદ રાખવામાં તેની માસ્તરી એવી છે કે કોઈપણ ગોઠવણમાં સ્ક્રેબલની લગભગ આખી સ્ટ્રીપનો ઉપયોગ કરીને સ્પેલિંગ બનાવી શકે છે. આ ઉપરાંત તે ગંજીફાની બરોબર ચીપેલી જોડને માત્ર એક જ વાર જોઈને તેના બધાં જ બાવન પત્તાનો ક્રમ કહી આપી શકે છે. આ બાળકી છે અગિયાર જ વરસની શ્રીનિધિ પ્રકાશ જે ત્રણ વરસ પહેલાં જ ભારતમાંથી ઈંગ્લેન્ડમાં ટ્રાન્સફર થયા છે.

**★ અયનાન્ત ઉત્સવા :**

૨૧મી જૂને કર્ક રાશિમાં સૂર્ય પ્રવેશે છે તે દિવસે ન્યુયોર્ક મહાનગરના મહાચિક્કાર અને ચકચાર ભરેલા દુનિયાના ગીચતમ વિસ્તાર ટાઈમ્સ સ્ક્વેરની ચાર શેરીઓ રોકીને સ્થાનિક સાથે આર્જેન્ટીના, સ્વિટ્ઝરલેન્ડ, જાપાન અને દુનિયાના ખૂણેખૂણેથી આવેલા ૧૫૦૦૦થી પણ વધારે લોકોએ આખો દિવસ યોગાસનો કરી આ ઉત્સવ ઉજવ્યો હતો. ■

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

## શબ્દ રમત-૯૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | | | | ■ | ૧૦ | | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | |
| | ■ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | | ૧૯ | ■ | |
| ૨૦ | ૨૧ | | | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | ૨૪ | |
| ■ | ૨૫ | | | ૨૬ | ■ | ■ | ૨૭ | | ■ | ૨૮ | |
| ૨૯ | | ■ | ૩૦ | | ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | ■ | ■ |
| | ■ | ■ | ૩૪ | | | | | | ■ | ૩૫ | ૩૬ |
| ૩૭ | ૩૮ | ૩૯ | | ■ | ૪૦ | | ■ | ૪૧ | ૪૨ | | |
| ૪૩ | | | ■ | ૪૪ | | | ■ | ૪૫ | | ■ | |
| | ■ | ૪૬ | | | ■ | ■ | ૪૭ | | ■ | ૪૮ | ■ |
| ■ | ૪૯ | ■ | ■ | ૫૦ | | | | ■ | ૫૧ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૯-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. ભાર (૩)
૩. કેરી (૨)
૫. પાછું આપવું તે (૩)
૮. અર્જ, વિનંતી, નિવેદન (૩)
૯. સવડ, સોઈ (૪)
૧૦. દુઃખ, પીડા (૩)
૧૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૧૪. _____ ખાના ગમ ખાના, નમ જાના (૨)
૧૬. તરડ, ફાંટ (૨)
૧૭. ઈચ્છા, ખુશી (૩)
૧૮. ફૂલ (૩)
૨૦. _____ કી દુનિયા કો છોડ દે, પ્યાર કી દુનિયા મેં _____ (૪)
૨૨. લાભ, કમાણી, ફાયદો (૨)
૨૩. સમુદાય, મંડળી, સભા (૩)
૨૫. જે રીતે, દાખલા તરીકે (૨)
૨૭. નકાર, નિષેધ (૧)
૨૮. પળ, ક્ષણ, ઘડીનો આઠમો ભાગ (૨)
૨૯. પતિવ્રતા (૨)
૩૦. વ્યાયામ, અભ્યાસ (૪)
૩૩. ઘસાઈ ગયેલું, સૂકાયેલું, નબળું (૨)
૩૪. સર્જનહાર, ઉત્પત્તિકર્તા, વિભુ (૬)
૩૫. રામની પત્ની (૨)
૩૭. દક્ષિણ ભારતનું એક તીર્થધામ (૪)
૪૦. નિયમ, નેમ (૨)
૪૧. દક્ષિણ ગુજરાતમાં આવેલું ગિરિમથક (૪)
૪૩. એક માદક પદાર્થ, ચડસ (૩)
૪૪. ઉત્સવ, જલસો, હર્ષ (ફા) (૩)
૪૫. સમુદાય, જથ્થો, ગાછ (૨)
૪૬. નાચ, નૃત્ય (૩)
૪૭. પરોણી, કાંજી, આહાર (લોઢાની) અણી (૨)
૪૯. ચોથા ભાગનું, બાજુ (૧)
૫૦. સુંદર, મનોહર, ચાહવા, ઈચ્છવા યોગ્ય (૪)
૫૧. દરકાર, ગરજ (૩)

### ઊભી ચાવીઓ

૧. બાર મહિનાનો સમય (૩)
૨. ન્યાયાધીશ (૨)
૩. કમાણી, આવવું તે (૩)
૪. ગુમડા પર લગાડાતો પદાર્થ (૩)
૬. નકામું, બાતલ કરેલું (૨)
૭. એકદમ, ઝટ (૩)
૮. અભિલાષા, ઉમેદ (૪)
૧૧. કોઈપણ જગ્યાએ અટક્યા વગરની મજલ(૫)
૧૩. કરાર, હોડ (૩)
૧૫. સીતાના પતિ (૨)
૧૭. મર્મ, રહસ્ય, ભેદ (૩)
૧૯. રગ, રસવાહિની, રેસો (૨)
૨૧. ભવાડો, બદનામી, અપકીર્તિ (૩)
૨૪. ગજુ, લંબાઈ પહોળાઈ વગેરેનું પ્રમાણ (૨)
૨૬. વસ્તુની છાપ, પરિણામ, લાગણી (૩)
૨૯. સ્થાવર, જંગમ બધું સર્વત્ર (૫)
૩૦. ઘટ, ખોટ, નુકસાન (૩)
૩૧. ચંદ્ર (૪)
૩૨. _____ ધનથી સેવા કરો (૪)
૩૩. દૂધનો સમુદ્ર (પુરાણ પ્રસિધ્ધ) (૫)
૩૪. સરોવર, જીતાયેલું, આધીન (૨)
૩૫. રામની પત્ની (૨)
૩૬. ખેદાનમેદાન, જમીનદોસ્ત (૩)
૩૮. શિરોમણિ, મુગટ, બાજુ, દિશા (૨)
૩૯. શ્વાસ લેવો તે, પવન (૩)
૪૧. સમુદ્ર, દરિયો (૩)
૪૨. પૂંછડી (૨)
૪૩. ચંચળ, અસ્થિર, ફરતું, જાસુસ (૨)
૪૪. સીતાના પિતા (૩)
૪૫. ઝેરી અઘાર, ગલ (૨)
૪૭. આવરદા, આયુષ્ય (૨)
૪૮. સરોવર, તાબે, આધીન, જીતાયેલું (૨ગ

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

(CHA No. 11/374)

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

## શબ્દ રમત-૯૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | ડ | મિ | ન્ટ | ન | ■ | વિ | લા | ય | ત | ■ | અં |
| રો | ઝ | ■ | ■ | હિ | મા | લ | ય | ■ | ■ | જા | ગ |
| મી | ન | ■ | સા | ત | મ | ■ | ક | ■ | આ | મ | ■ |
| ટ | ■ | ક | વ | ર | લ | ■ | ■ | મ | ગ | ફ | ળી |
| ર | ■ | ■ | ર | ■ | ત | ક | સા | ધુ | ■ | ળ | ■ |
| ■ | ઓ | ઢ | ણી | ■ | દા | સ | ■ | ર | ■ | ■ | અ |
| અ | ડ | ગ | ■ | ચા | ર | પા | ઈ | ■ | અ | ■ | સ્તિ |
| ર | કા | ■ | ■ | ડિ | ■ | ■ | ■ | દો | હ | રો | ■ |
| મા | ર | ફ | તિ | યો | ■ | દ | રા | જ | ■ | જ | ■ |
| ન | ■ | ના | ક | ■ | ન | ખ | શિ | ખ | ■ | ની | ક |
| ■ | મ | ■ | ડ | ■ | વા | ■ | ■ | ■ | મ | શી | ન |
| ■ | હા | તિ | મ | તા | ઈ | ■ | ભ | જ | ન | ■ | ક |

*માસ જુલાઈ-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૫ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૩. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૫. | કિશોર જે. શાહ | - ભુજ | ૧ ભૂલ |
| ૬. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | ૩ ભૂલ |
| ૭. | અજીત મ. મહેતા | - અમદાવાદ | ૩ ભૂલ |

## બળવાન નહીં, કરુણાવાન બચશે

સમગ્ર વિશ્વના ચિંતકોને અસ્વસ્થ કરનારી ત્રણ મહત્ત્વની સમસ્યા અંગે ગાંધીજીએ નીચે પ્રમાણે જણાવેલું. પ્રથમ, શું માનવી જન્મથી જ હિંસક છે? જો માનવ સ્વભાવમાં જ હિંસા હોય તો અહિંસા એક સ્વપ્ન જ રહેશે. ગાંધીજીનું માનવું હતું કે માનવી સ્વભાવથી હિંસક નથી. તો પછી પ્રશ્ન એ ઊઠે છે કે વ્યક્તિ-સમાજ કે રાષ્ટ્ર શાંતિને માર્ગે કઈ રીતે આગળ વધે? વિશ્વયુધ્ધોથી અને વિનાશક શસ્ત્રોથી મુક્ત કઈ રીતે બને? જે વિજ્ઞાન યંત્રવિદ્યા અન્યને મારી નાખવામાં સહાય કરે છે તે શું જીવતા રાખવામાં મદદ ન કરી શકે? શું વિશ્વ અણુશસ્ત્રોથી મુક્ત બની શકે? દરેક યુગના શાંતિચાહકોએ ઈચ્છયું છે કે તલવારને બદલે હળ બને. આ સ્વપ્નને સાકાર કરવા લશ્કર પરનો ખર્ચ ઘટાડવો રહ્યો. તે ખર્ચનો ઉપયોગ ગરીબાઈ - ભૂખમરો - રોગચાળો વગેરે અટકાવવા કરવો જોઈએ. જેથી વિશ્વ સુંદર બને. બીજું, માનવી પર્યાવરણનો જ એક ભાગ છે. આપણે આપણા પર્યાવરણને સાચવીશું? માનવી કુદરત પ્રતિ અહિંસક વલણ દાખવશે? માનવી અન્ય પ્રજાતિઓનો ટ્રસ્ટી બનશે? ત્રીજું, શું પુરુષો કરતાં સ્ત્રીઓ વિશ્વને વધુ સલામત અને સુંદર બનાવશે? શું તેઓ શાંતિ અને અન્યોની કાળજી લેવામાં પુરુષો કરતાં વધુ સક્ષમ છે? ગાંધીજી સ્ત્રીઓની તરફેણમાં હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે તાજેતરની શોધ જણાવે છે કે Survival of Fittest (બળવાન બચશે)ને બદલે Survival of Kindnest (કરુણાવાન બચશે) સાચું ઠરી રહ્યું છે. તેથી તે બાબત પણ સ્ત્રીના પક્ષે જાય છે.

*– મહાત્મા ગાંધી (સાભાર : "ભૂમિપુત્ર")*

Ramesh Savla
Manish Savla
M. 94260 77479

AI
**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948

*Isha Shah*
+91-9638414481

*I Creative*
**Trousseau Packing**

- Home Decor
- Trousseau Packing
- Sparking Wax / Gel Candles
- Chocolates
- Events Managements of Party's
- Classes of Creative Creation

*Marriage and rajwada theme packing. Heavy decorated Trays, ring ceremony trays, Saree & Suit Packing, Flowers (related to the packing and event), Bunch making, Origato floers, Pooja Thalis, Bandarwal, Shubh-labh, Ready Rangolis, Envelopes and many more exciting things.*

E-mail Id : ishashahcreation@gmail.com

## Nano 9 Sudoku

<u>શરતો</u> :

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**જુલાઈ-૨૦૧૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૫૧ના ઉકેલ મોકલનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ધારા નાગડા | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | કલ્પના નીતિન પાલાણી | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | નિમિષ ચમનલાલ વોરા | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | પ્રશીલ ભાવેશ પારેખ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | રમેશ ઉમરશી સાવલા | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૮. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૯. | પ્રતિમા ગિરીશ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૦. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | બધા સાચા |
| ૧૨. | અરવિંદ રતનશી દેઢિયા | - ભુજપુર | બધા સાચા |
| ૧૩. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૧૪. | ઉષા ભરત સંઘવી | - રાઉરકેલા | ૧ ભૂલ |

ઉપર્યુક્ત પૈકી ૧૩ સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

### ★ વિજેતાઓ ★

- કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
- નિમિષ ચમનલાલ વોરા - અમદાવાદ
- પ્રશીલ ભાવેશ પારેખ - અમદાવાદ

*સ્નાનથી શરીરની શુદ્ધિ કરવી, સત્યથી મનને શુદ્ધ કરવું, વિદ્યાથી આત્માની શુદ્ધિ કરવી અને જ્ઞાનથી બુદ્ધિને દિનરાત પ્રકાશિત કરવી.*

## Nano 9 Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૫૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૯-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓક્ટોબર-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૫૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૯ | | | | ૮ | | ૧ |
| | | | ૪ | ૯ | ૧ | | | |
| ૩ | | | ૮ | | ૬ | | | ૪ |
| | | ૬ | ૧ | | ૫ | ૪ | | |
| | ૧ | | | | | | ૬ | |
| | | ૫ | ૩ | | ૭ | ૧ | | |
| ૧ | | | ૭ | | ૮ | | | ૫ |
| | | | ૨ | ૧ | ૯ | | | |
| ૭ | | ૩ | | | | ૯ | | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૧ | ૬ | | | | ૯ | |
| | | ૯ | ૪ | | | | ૮ | |
| ૭ | ૪ | | ૯ | | | ૧ | | |
| ૪ | | | ૫ | | | ૬ | | |
| | | | ૭ | | ૧ | | | |
| | | ૬ | | | ૪ | | | ૯ |
| | | ૪ | | | ૭ | | ૨ | ૧ |
| | ૨ | | | | ૫ | ૯ | | |
| | ૩ | | | | ૬ | ૮ | | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | | | ૮ | ૪ | |
| | ૭ | ૮ | | ૩ | | ૬ | | |
| | | | ૮ | | | | | ૫ |
| | | ૪ | ૧ | | | | ૯ | |
| | ૨ | | | ૫ | | | ૬ | |
| | ૬ | | | | ૨ | ૪ | | |
| ૨ | | | | | ૬ | | | |
| | | ૬ | | ૮ | | ૯ | ૩ | |
| | ૧ | ૯ | | | ૪ | | | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | | | ૧ | ૨ |
| | | ૭ | ૮ | | | ૩ | | |
| ૬ | ૫ | | ૨ | ૧ | | | | |
| ૪ | ૨ | ૩ | | | ૮ | | | |
| | | | ૩ | | ૧ | | | |
| | | | ૬ | | | ૪ | ૯ | ૩ |
| | | | | ૩ | ૫ | | ૨ | ૬ |
| | | ૬ | | | ૯ | ૧ | | |
| ૫ | ૭ | | | | | ૯ | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૫૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૯ | ૨ | ૭ | ૧ | ૩ | ૬ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ |
| ૭ | ૪ | ૨ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ | ૨ |
| ૭ | ૪ | ૨ | ૩ | ૧ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૧ | ૫ | ૬ | ૪ | ૮ | ૭ | ૯ | ૨ | ૩ |
| ૯ | ૩ | ૮ | ૬ | ૫ | ૨ | ૪ | ૭ | ૧ |
| ૮ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૨ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૮ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૨ | ૪ | ૮ | ૩ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૨ |
| ૬ | ૨ | ૧ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ | ૮ |
| ૭ | ૫ | ૮ | ૧ | ૩ | ૨ | ૯ | ૪ | ૬ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૭ | ૫ | ૮ | ૬ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૮ | ૧ | ૪ | ૭ | ૩ |
| ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૯ | ૩ | ૨ | ૭ | ૪ | ૮ | ૬ | ૫ | ૧ |
| ૫ | ૭ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ | ૮ | ૪ |
| ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૩ | ૯ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૮ | ૯ | ૭ | ૪ | ૫ | ૬ | ૨ |
| ૭ | ૨ | ૫ | ૧ | ૬ | ૩ | ૪ | ૯ | ૮ |
| ૯ | ૪ | ૬ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૩ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૨ | ૪ |
| ૩ | ૭ | ૪ | ૬ | ૮ | ૨ | ૯ | ૧ | ૫ |
| ૫ | ૧ | ૨ | ૭ | ૪ | ૯ | ૮ | ૩ | ૬ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૭ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૯ | ૭ | ૬ | ૮ | ૧ |
| ૪ | ૬ | ૭ | ૩ | ૧ | ૮ | ૨ | ૫ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૨ | ૯ | ૮ | ૫ |
| ૨ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૧ | ૬ | ૪ |
| ૫ | ૪ | ૮ | ૬ | ૧ | ૯ | ૩ | ૭ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૬ |
| ૮ | ૫ | ૭ | ૨ | ૯ | ૬ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૩ | ૭ | ૫ | ૨ | ૮ |
| ૯ | ૧ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૭ | ૮ | ૫ | ૯ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ |
| ૬ | ૩ | ૨ | ૭ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)

રજિ. નંબર : એ-૧૬૪ ● સ્થાપના : ૧૯૨૨

કાર્યાલય : જિલ્લા પેઠ, બી.એસ.એન.એલ. ઓફિસની પાસે, જલગાંવ, મહારાષ્ટ્ર-૪૨૫ ૦૦૧.

**અધ્યક્ષ : શ્રી દલિચંદજી હસ્તીમલજી ચોરડિયા**
**ઉપાધ્યક્ષ : શ્રી વિજયરાજજી કપૂરચંદજી કોટેચા**
**શ્રી અનિલકુમાર કેવલચંદજી દેસડા**

**સચિવ : શ્રી પ્રદીપભાઈ જ્ઞાનચંદજી રાયસોની**
**પ્રબંધક સમિતિ અધ્યક્ષ તથા સહસચિવ :**
**શ્રી દિલીપ હસ્તીમલજી ચોપડા**

જલગાંવ (મહારાષ્ટ્ર)માં જ્યારે એક પણ કોલેજ અસ્તિત્વમાં ન હતી ત્યારે સમગ્ર જૈન જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિને પોષકરૂપ અને સંવર્ધક કહી શકાય તેવી આ અગ્રિમ હરોળની સંસ્થા શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)ની સ્થાપના આજથી ૯૨ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૧૯૨૨માં થઈ હતી. જે એક દંતકથારૂપ કહી શકાય. દાનવીર શ્રી કાનજીભાઈ શિવજી ગામ બારોઈ - કચ્છનાં છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની વાત છે.

હાલે જલગાંવમાં વિદ્યા મેળવવા ક્ષેત્રે જુદા જુદા વિષયોની લગભગ ૧૬ જેટલી કોલેજો કાર્યરત છે અને તેનો લાભ લેનાર છાત્રોની સંખ્યા મોટા પ્રમાણમાં છે.

ઉપરોક્ત કોલેજોમાં અભ્યાસ માટે દાખલ થનારને રહેવા માટે આ સંસ્થા બોર્ડિંગની સગવડ આપે છે.

- ધોરણ-૧૧થી ઉપરના છાત્રોને આ બોર્ડિંગમાં પ્રવેશ મળશે.
- જલગાંવ સ્થિત ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ પણ ચાલુ છે.
- ભારતભરના જૈન છાત્રો માટે ઉપરોક્ત સગવડતા ઉપલબ્ધ છે.

***પ્રવેશપાત્ર છાત્રો નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરી શકે છે.***

**મેનેજર : શ્રી રમેશચંદ્ર જૈન**
**(૦૨૫૭) ૨૨૩૯૪૫૩**
**મો. ૦૯૯૭૦૦ ૩૯૮૦૮**

**કાર્યકારી સભ્ય : શ્રી રાઘવજી લાલજી સતરા**
**(૦૨૫૭) ૨૨૨૧૨૪૫**
**મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦**

## 'દસમું અને બારમું' - મોજૂદ શિક્ષણ વ્યવસ્થાનું

શિક્ષણને સરકારના ભરોસે ન છોડતાં સમાજ તરીકે શિક્ષણનો વિચાર કરવાની જરૂર છે.

હાલની શિક્ષણ વ્યવસ્થાના 'ભારવાળા (ભાન વગરના) ભણતર'ની નીચે જ્ઞાન, ગણતર, બાળકો અને તેમના આખા કુટુંબોના કુટુંબો દબાઈ ગયા છે. આ દબાઈ ગયેલા લોકો એકલા એકલા કોઈક વાર બોલે છે, ક્યારેક આક્રોશ પણ વ્યક્ત કરે છે પરંતુ કદાચ તેમને એમ લાગે છે કે આને જ મોડર્ન શિક્ષણ કહેવાતું હશે અને આના સિવાયનો કોઈ બીજો વિકલ્પ જ નહિ હોય.

શરૂઆતમાં શિક્ષણના ખાનગીકરણ અને ત્યારબાદ સંપૂર્ણ વેપારીકરણે સામાન્ય માણસની કમર જ તોડી નાખી છે. સરકારોએ તો શિક્ષણની જવાબદારીઓમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને શિક્ષણને વેપારીઓના હવાલે કરી દીધું છે.

બાળક જન્મે ત્યારથી જ તેના સ્કૂલના એડમિશનની ચિંતા. પછી સ્કૂલની સાથે સાથે ટ્યુશનના એડમિશનની ચિંતા. સ્કૂલની મોંઘી ચોપડીઓ, મસમોટી ફી, અધધ... ટ્યુશન ફીએ તો સામાન્ય માણસની કમર જ તોડી નાખી છે.

બાળકોની તો જોવા જેવી થાય છે. ઘરના લોકો બાળકોને રીક્ષા-વાન-સ્કૂલ બસમાં નાખે, રીક્ષા-વાન-સ્કૂલ બસ બાળકોને સ્કૂલમાં નાંખે, સ્કૂલ ફરી રીક્ષા-વાન-સ્કૂલ બસમાં નાખે, રીક્ષા-વાન- સ્કૂલ બસ બાળકોને ઘરમાં નાખે. ફરીથી ઘરના લોકો ટ્યુશનમાં નાખે. ટ્યુશન ક્લાસ ફરી ઘરમાં નાંખે! પાછું શાળા અને ટ્યુશનનું લેશન તો ખરું જ અને આ આખું ચક્કર બેરોકટોક ચાલ્યા જ કરે છે.

એક કુરિવાજ સમાજમાં છે કે 'મા-બાપ'ના મરણ પછી તેમના વારસદારો તેમનું 'દસમું અને બારમું' કરતા હોય છે. હાલની દુનિયાએ હવે એક નવો કુરિવાજ સમાજમાં શરૂ કર્યો છે. મા-બાપે મરણ પહેલાં જ બાળકોનું 'દસમું અને બારમું' કરવું પડે છે અને આ માહોલ એક દિવસ નહીં પરંતુ આખું વર્ષ ચાલે છે.

જે ઘરોમાં બાળકો દસમા કે બારમામાં આવ્યા હોય, તેમનાં ઘરોનું તો જાણે આખા ઘરનું જ 'દસમું કે બારમું' હોય તેવું તંગ વાતાવરણ આખું વર્ષ ઘૂમરાયા કરે છે. આ ઘરોમાં આખું વર્ષ વારંવાર 'દસમું છે - બારમું છે' તેમ તમને સાંભળવા મળે. આખા ઘરની પરીક્ષા હોય તેમ તમને લાગે. 'દસમા અને બારમા'ની પરીક્ષાના દિવસોમાં તો જે શાળાઓમાં તેમનાં બાળકોની બેઠક વ્યવસ્થા હોય તેની બહાર બાળકોની પરીક્ષા દરમ્યાન શાળાઓના ગેટ પાસે બહાર બેઠેલા મા-બાપો જાણે મંદિર કે મસ્જિદની બહાર બેઠેલા મજબૂર લોકો જેવા જ તમને લાગે. જે દિવસે પરિણામ હોય તે દિવસે આખા ઘરનું પરિણામ હોય તેમ લાગે.

મોજૂદ મૂડીવાદી વ્યવસ્થાએ બે પ્રકારના બાળમજૂરો નિર્માણ કર્યા છે — શાળાએ નહીં જઈ શકતાં, પેટનો ખાડો પૂરવા મજૂરીએ જતાં અને શાળાએ જતાં પૈસા ખર્ચી માર્ક માટે મજૂરી કરતાં. એક, જેના કુટુંબના બે હાથ પાસે કામ નથી અને કામ છે તેમને તે કામનું પૂરતું વેતન નથી મળતું અને તેથી તેમનાં બાળકોએ શાળાને બદલે કામે જવું પડે છે. અને બીજા એવા કુટુંબો છે કે જેનાં બાળકોને તેઓ શાળાએ મોકલી શકે છે પરંતુ આ બાળકોની જિંદગી નજીકથી જોઈએ તો આ બાળકોને પણ શાળા અને ટ્યુશને જતાં બાળમજૂરો જ કહેવા પડે.

જાણે આટલું ઓછું હતું તે હવે મોં-માથા વગરની સેમિસ્ટર પ્રથા શરૂ કરી દેવામાં આવી છે. આ બાળકોને જોઈએ તો ઘાણીએ બાંધેલા બળદને પણ આ બાળકો અને એના ઘરના લોકોની દયા આવે.

મા-બાપ નોકરી કરતાં હોય તો તેમના કામના કલાકો મુસાફરી સાથે ગણીએ તો ૧૦-૧૪-૧૬ અને બાળકના ભણવાના કલાકો પણ હવે તો મુસાફરી અને ટ્યુશન સાથે ૭-૧૦-૧૨ કલાક થઈ ગયા છે. જેને આપણે તાજાં શાકભાજી અને ફળો કહીએ છીએ તે પણ અનેક કિલોમીટરો દૂરથી મુસાફરી કરીને ઘર સુધી પહોંચતાં થાકીને ઠુસ થઈ ગયેલાં હોય છે. ઘરમાં થાકેલાં મા-બાપ, થાકેલાં બાળકો અને થાકી ગયેલાં શાકભાજી અને ફળો ભેગાં થાય છે. આ થાકેલાં ભેગાં થયેલાં પોતાને મજામાં છે તેમ કેમ સમજતા હશે તે પ્રશ્ન થાય.

આમ તો શાળા અને કોલેજોનો રાફડો ફાટ્યો છે, પણ તે શિક્ષણ આપવા માટે નહીં, 'ઓનલી ઈફ યુ કેન પેન ધેન ઓન્લી યુ કેન યુઝ' જેવો છે. આઈ.પી.એલ.માં જેમ ખેલાડી વેચાય છે તેમ તમે જો પૈસાદાર હો, તો તમારા બાળક માટે મનગમતી કોલેજમાં મનગમતી શાખામાં એડમિશન ખરીદી શકો.

લાખો રૂપિયા ખર્ચ્યા પછી પણ નોકરીનું શું? તો આપણે એમ જ કહેવું પડે કે તમારી ઓળખાણ હોય તો ઠીક, નોકરી માટે રૂપિયા આપી શકો તેમ હોય તો ઠીક, નહીં તો ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ પર ૧૦-૧૨-૧૪-૧૬ કલાકની સામાજિક સુરક્ષા વગરની ઓછા પગારની નોકરી તથા ભણતર મુજબની નોકરી ના પણ મળે અથવા બેકારી.

જો ભાવિ નાગરિકોને દિશા વગરનું ટોળું અને ભીડ ન બનવા દેવા હોય તો આ પરિસ્થિતિ બદલવી જ રહી. ચાલો, સૌ ભેગા મળીને 'દસમા અને બારમા'નો કુરિવાજ બંધ કરવા કામે લાગીએ. આ મુદ્દે અમો તમામ કુટુંબોને પોતાનાં ઘરોમાં ગંભીર ચર્ચા કરવાની અપીલ કરીએ છીએ.

*સાભાર : "ભૂમિપુત્ર"*

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# વલોવતન

**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **જેલીફિશ તળાવ :** કચ્છના અખાતમાં આવેલા અર્માબડા વિસ્તારની મુલાકાત દરમ્યાન વન્યજીવન વૈજ્ઞાનિક બી.સી. ચૌધરીના નેતૃત્વવાળી વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના સંશોધકોની એક ટીમે આ જેલીફિશ તળાવની શોધ તાજેતરમાં કરી હતી. સમગ્ર ભારતમાં આ પ્રકારનું પહેલું જેલીફિશ તળાવ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. અંદાજે ૫ થી ૬ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા તળાવમાં જેલીફિશનો નયનરમ્ય નજારો માણવાલાયક હોય છે.

★ **કચ્છના વીજતંત્ર માટે અલગ પોલીસ મથક :** પ્રાપ્ત થયેલી માહિતીના આધારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. કચ્છ ખાતેના વડા કે.સી. પંડ્યાને પૂછતાં તેમણે સમર્થન આપી કહ્યું હતું કે ભુજ ખાતે અલાયદું પોલીસ મથક એક બટાલિયન સાથેનું રાજ્યના ગૃહવિભાગ દ્વારા મંજૂર કરાયું છે. અત્યાર સુધી પાવર ચોરી, માલ-સામાનની ચોરી સહિતના કિસ્સામાં જો પોલીસ કાર્યવાહી થાય તો રાજકોટ જવું પડતું હતું અને કોર્ટ કિસ્સામાં પણ ત્યાં જવું પડતું હતું.

★ **કચ્છી કસબી માટે વૈશ્વિક બજાર :** તાજેતરમાં કચ્છની મુલાકાતે આવેલા વરિષ્ઠ આઈ.એફ.એસ. અધિકારીએ જણાવ્યું હતું કે કસબીઓ માટે એમ્પોરિયમ, ખાસ વેબસાઈટ, કસબીઓની ડિરેક્ટરી, બ્રાન્ડ પ્રમોશન, કચ્છી કારીગરો માટે દેશના અન્ય કલા ક્ષેત્રોમાં પ્રેરણા પ્રવાસ તેમજ આંતરરાષ્ટ્રીય ગ્રાહક વિક્રેતા મિલન દ્વારા વિદેશી બજાર સાથે કારીગરોના જોડાણ સહિત અનેક મહત્ત્વની પ્રવૃત્તિઓથી કચ્છીઓની ઓળખ સમાન હસ્તકલાને વધુ ધબકતી કરવાની ઘોષણા કરી હતી.

★ **કચ્છના બે શિક્ષકોના રાષ્ટ્રપતિ એવૉર્ડ :** સ્વાતંત્ર્ય પર્વના અવસરે રાષ્ટ્રપતિ કક્ષાના બે અને રાજ્ય કક્ષાનો એક એમ કચ્છના ત્રણ શિક્ષકોને એવોર્ડ જાહેર થયા હતા. ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષક નીતિનભાઈ હીરજી જોબનપુત્રાને, જ્યારે પ્રાથમિક વિભાગમાં કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના મહામંત્રી અને માંડવી જૈન નૂતન પ્રાથમિક શાળાના શિક્ષક દિનેશભાઈ મણિલાલ શાહને રાષ્ટ્રપતિ પુરસ્કાર, જ્યારે ધોરડોના પ્રાથમિક શિક્ષક શૈલેષકુમાર એચ. સિંઘલને રાજ્યકક્ષાએ એવોર્ડ જાહેર કરાયા હતા.

★ **નર્મદાના નીર કાયાપલટ કરશે :** ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે તાજેતરમાં સાંતલપુર તાલુકાના ઝઝામ ગામે કચ્છ શાખા નહેરમાં નર્મદાના પવિત્ર નીર વહેવડાવી નર્મદા યોજનાની કચ્છ નહેરનું લોકાર્પણ કરતા બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લાના છેવાડાના તાલુકાઓની તૃષાતુર ધરતીની તૃષાના સંતોષની દિશા ખૂલી હતી. કચ્છ શાખા નહેરમાં નર્મદાના નીરને વહેવડાવવાની સાથે જ કચ્છના નાના રણ અને સાંતલપુર તાલુકાનો સૂકો વિસ્તાર નર્મદાના ધસમસતા પાણીના પ્રવાહથી આગામી દિવસોમાં હરિયાળો બનશે.

★ **નખત્રાણામાં વિમાન તૂટ્યું :** નખત્રાણા તાલુકાના બિબ્બર અને ખારડિયા ગામ વચ્ચે તાજેતરમાં વાયુદળનું લડાકુ વિમાન તૂટી પડવાની ઘટના ઘટી હતી. જગુઆર ફાઈટર પ્લેન ક્રેશ થતા જ પાઈલોટ પેરાશૂટની મદદથી કૂદી પડતાં આબાદ બચાવ થયો હતો. સીમાડામાં પ્લેન દુર્ઘટનાની જાણ થતાં જ નજીકમાં આવેલા ગામના લોકો મોટી સંખ્યામાં દોડી ગયા હતા. ભુજથી ઉડાન ભરેલા આ વિમાનમાં કોઈ ક્ષતિ સર્જાતા અકસ્માત થયો હોવાનું પ્રારંભિક તબક્કે જાણવા મળ્યું હતું.

★ **કચ્છ શાખા નહેર :** કચ્છ શાખા નહેર કચ્છના વન્ય વિસ્તારમાંથી પસાર થવાની છે તે વિસ્તાર ભારત સરકારના પર્યાવરણ વિભાગની પણ તાજેતરમાં મંજૂરી મળતાં કચ્છ શાખા નહેરની ૨૩ કિ.મી. લંબાઈનું બાંધકામ પણ હવે આગળ ધપશે.

★ **મુંબઈમાં ઉષા ઈન્ટરનેશનલ લિ. દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રિયંકા ચોપરાએ કચ્છી યુવતીને સન્માનિત કરી :** પાંચ વખત બોક્સિંગમાં વિશ્વ ચેમ્પિયન બનેલી મેરીકોમના જીવન આધારીત ફિલ્મ 'મેરીકોમ'ના મ્યુઝિક લોંચ પ્રસંગે આઈ.ટી.સી. મરાઠા હોલમાં ભારતભરમાંથી પાંચ રાજ્યની જે પાંચ મહિલાઓને ઉષા ઈન્ટરનેશનલ લિ. કંપની દ્વારા મહિલા સશક્તિકરણ બલ તાજેતરમાં સન્માનિત કરાઈ

**JNK Lifters Pvt. Ltd.**

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747

302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

હતી તેમાં કચ્છમાંથી સુમરાસર શેખની લક્ષ્મીબેન મહેશ્વરીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તેમના નામની ભલામણ અંધજન મંડળ - વસ્ત્રાપુર અને કે.સી.આર.સી. દ્વારા કરવામાં આવી હતી. આ સમારોહમાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ ઍવોર્ડ આપીને સન્માનિત કરી હતી.

આ પ્રસંગે ઉપરોક્ત ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવતી અભિનેત્રી પ્રિયંકા ચોપરા, ફિલ્મ દિગ્દર્શક ઉમંગકુમાર, સંજય લીલા ભણશાલી, અન્ય સ્ટારકાસ્ટ, ગાયકો તેમજ ઉષા ઈન્ટરનેશનલ લિ. કંપનીના ક્રિષ્ના શ્રીરામ, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. પ્રિયા સોમૈયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા.

*(કચ્છમિત્ર, તા. ૧૫-૮-૨૦૧૪)*

★ **૨૦૦ વર્ષ જૂનું વૃક્ષ ધ્વસ્ત :** ભુજ ગેરવાળી વંડી વિસ્તારમાં ખેતરપાળના મંદિર પાસે લગભગ ૨૦૦ વર્ષ જૂનું લીમડાનું ઝાડ તાજેતરમાં મૂળસોતું ધ્વસ્ત થતાં રહીશોમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. જોકે, સદ્‌ભાગ્યે જાનહાનિ થઈ ન હતી. ભરચક રહેણાંક વિસ્તારમાં આવેલું આ ઝાડ ભયંકર ધડાકા સાથે પડતાં નજીકના બે જર્જરિત બંધ મકાન તેમજ અન્ય એક મકાનની અગાસીને નુકસાન થયું હતું.

★ **ભુજમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર માટે રજૂઆત :** કચ્છના લોકોને પડતી હાલાકી દૂર કરવા ભુજ ખાતે પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ કરવા ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન દ્વારા વડાપ્રધાનને તાજેતરમાં પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ વિદેશ ખાતા દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્માર્ટ ગવર્નમેન્ટને સર્વે કરવાની જવાબદારી સોંપાઈ છે.

★ **દોઢ ફૂટ લાંબી ચાંચવાળા ઢોંક :** અંજાર તાલુકાના નિંગાળ તળાવ ઉપર થોડી અમીદૃષ્ટિ થવાથી અહીં સારું પાણી આવવાના કારણે દોઢ ફૂટ લાંબી પીળી ચાંચવાળા ઢોંક જેની ગુલાબી કાળા સફેદ રંગની ભભકના કારણે આ પક્ષીને અંગ્રેજીમાં પેઈન્ટેડ સ્ટોર્કના નામથી ઓળખાય છે તે વિહંગોએ પોતાનો બસેરો તાજેતરમાં બનાવ્યો છે.

★ **સુથરી શહીદ સ્મારકની અવગણના :** વર્ષ ૧૯૬૫ દરમ્યાન પડોશી રાષ્ટ્રના હવાઈ હુમલામાં માર્યા ગયેલા રાજયના પૂર્વ મુખ્યમંત્રી બળવંતભાઈ મહેતાના સુથરી પાસે આવેલા રાજ્યકક્ષાના શહીદ સ્મારકની દેખભાળ અને યોગ્ય રખેવાળીના અભાવે રખડુ અને આવારા તત્ત્વો માટે આ શહીદ સ્મારક આશ્રય સ્થાન બની ગયો છે. રાષ્ટ્રને પંચાયતી રાજયની રાહ ચીંધનાર સ્વ. બળવંતભાઈની સાથે તેમના પત્ની સરોજબેન સહિત સોળેક જણાએ રાષ્ટ્ર માટે ૧૯૬૫માં પોતાના જાન ન્યોચ્છાવર કર્યા હતા. સુથરી ગામના સરપંચ અબ્દુલ કરીમ સુમરાએ શહીદ સ્મારકની બદતર હાલત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જૈન મોટી પંચતીર્થી પૈકી એક એવા સુથરી ગામે વર્ષે ૨૦થી ૨૨ હજાર જેટલા જૈન યાત્રિકો આવે છે પરંતુ ઉપરોક્ત સ્મારક માટે માર્ગ પર બોર્ડ ન હોવાના કારણે આ શહીદભૂમિની જાણકારીથી વંચિત રહે છે.

★ **જી.કે. જનરલમાં તબીબી સેવા પૂરતી મળતી નથી :** કચ્છની સિવિલ હોસ્પિટલ જી.કે. જનરલમાં જરૂરિયાતમંદ દર્દીઓને તબીબી સેવા પૂરતી ન મળતી હોવાની ફરિયાદોના પગલે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સમિતિ દ્વારા અદાણી ઈન્સ્ટિટ્યૂટને નિઃસ્વાર્થભાવે પૂરતી સેવા પૂરી પાડવા આવેદનપત્ર દ્વારા તાજેતરમાં રજૂઆત કરાઈ હતી. તેના પ્રત્યુત્તરમાં ગેઈમ્સ દ્વારા લેવાઈ રહેલા પગલાની વિગતો તાજેતરમાં પૂરી પડાઈ હતી.

★ **કે.ડી.સી.સી. બેંકમાં બે કરોડનું કૌભાંડ :** કચ્છ જિલ્લાની સૌથી મોટી સહકારી બેંક એવી કે.ડી.સી.સી. બેંકની માંડવી શાખા મારફતે રાયણ અને રતાડિયાની મંડળીની જાણ બહાર આ મંડળીઓના નામે રૂા. ૧.૯૨ કરોડનું ધીરાણ મંજૂર થઈ ચૂક્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જ ઉભરી આવ્યું છે. બંને મંડળીઓના નામે ધીરાણની દરખાસ્ત મૂકી તેને પાસ કરાવી વાઉચર બનાવીને મંડળીઓની જાણ બહાર બારોબાર આ મસમોટી રકમ ઉપાડી લેવાઈ હોવાનું બહાર આવ્યું છે. આ આર્થિક ગોલમાલના મામલામાં આવનાર દિવસોમાં ધડાકાભરી વિગતો બહાર આવી શકે છે.

★ **માંડવી - મુંદ્રામાં રવાડીનું આકર્ષણ :** ખારવા સમાજ દ્વારા શ્રાવણ સુદ-૧૦ નિમિત્તે વર્ષોની પરંપરા અનુસાર બંને બંદરીય શહેરોની આગવી ઓળખ સમી રવાડી પરંપરા મુજબ ખારવા સમાજ આયોજિત ‘મોટી રવાડી’નું આયોજન થયું હતું. સમાજના અગ્રણીઓના કથન મુજબ કૃષ્ણ ભગવાનના જન્મોત્સવની યાદમાં માંડવી ખારવા સમાજે ૨૮૪મો નંદ મહોત્સવ રંગેચંગે ઉજવ્યો હતો.

★ **‘વૃક્ષ લગાવો, ભૂમિ બચાવો’ :** ‘મેરી ભૂમિ મેરા કર્તવ્ય, વૃક્ષ લગાવો, ભૂમિ બચાવો’ એવા સૂત્ર સાથે તાજેતરમાં સીમા સુરક્ષાદળે દેશભરમાં માત્ર અડધા જ કલાકમાં એક સાથે લાખો

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
Prakash®
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

વૃક્ષોનું વાવેતર કર્યું હતું. મા ભારતીની રક્ષા કરતાં જવાનોએ હવે ધરતીમાંની સુરક્ષાનું બીડું ઝડપ્યું છે. જે લીમ્કા બુક ઑફ રેકોર્ડઝમાં સ્થાન મેળવશે. દેશની સાથે સાથે કચ્છ સીમાએ તથા તમામ બટાલિયનોના બેઝ કેમ્પ ખાતે પણ તાજેતરમાં સેંકડો વૃક્ષો વવાયા હતા. તમામ બોર્ડર આઉટ પોસ્ટ દીઠ, જવાનોએ ૫૦-૫૦ વૃક્ષો સીમાડે લગાડ્યા હતા. જો આ સેંકડો વૃક્ષો ઉગી નીકળશે તો કચ્છની સીકલ જ બદલાઈ જશે.

★ **નવરચિત જિલ્લા તાલુકા :** ઔદ્યોગિકીકરણને પગલે પગલે પોતાના પેટાળમાં અનેકવિધ કિંમતી ખનીજો ધરાવતા પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાનું મહત્ત્વ દિન-બ-દિન વધી રહ્યું છે, ત્યારે જ એક ચૂપચાપ હાથ ધરાયેલી ગતિવિધિ અનુસાર આખે આખા અબડાસાના બે ટુકડા કરી કોઠારાને સ્વતંત્ર તાલુકો જાહેર કરવાની તૈયારી ચાલી રહી છે. અને એ જ દિશામાં ગાંધીનગરમાં એક મહત્ત્વની બેઠક પણ મળવાની હતી. કોઠારાને તાલુકાપદ મળે કે ન મળે પણ ભુજ - ગાંધીધામને અંજાર સાથે ભેળવીને શહેરી તથા ગ્રામ્ય તાલુકાનું સ્થાન આપવા રજૂઆત કરાય તેવી પણ સંભાવના છે.

★ **નર્મદા નહેર ફરી પાણીચોરોના હાથમાં :** તાજેતરમાં સૂરજબારી પાસે કચ્છને પીવાનું પાણી પૂરું પાડતી લાઈનમાં સર્જાયેલાં ભંગાણથી ત્રણ દિવસ સુધી નર્મદાના નીર બંધ રહ્યા બાદ તાજેતરમાં ચાર પમ્પિંગ સ્ટેશન પાણીના અભાવે ઠપ્પ થઈ જતાં કચ્છને નર્મદાના નીર નહીં મળે, તે પાછળ બેફામપણે ચાલતી પાણીની ચોરી જવાબદાર હોવાનું વધુ એક વખત સપાટી પર આવી ગયું છે. આ અંગે સત્તાવાર સાધનો પાસેથી મળતી વિગતો મુજબ માળિયા કેનાલ ખાતે પાંચ પમ્પિંગ સ્ટેશનોમાંથી એક જ પમ્પિંગ સ્ટેશન ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લાની માનવ વસતિ અને તેની સાથે પશુધનની સંખ્યાએ દૈનિક ૩૫૦ એમ.એલ.ડી. જેટલો પાણીનો જથ્થો પીવા માટેની જરૂરિયાત છે.

★ **નર્મદા સાયફનમાં ફરી પાણી વહેતું થયું :** કચ્છને કેનાલ વાટે નર્મદાના સિંચાઈના નીર પહોંચાડવા માટે કચ્છ બ્રાંચ કેનાલ પર કરોડોના ખર્ચે અદ્યતન ઈજનેરી કૌશલ્ય સાથે બનાવાયેલા વિશ્વના સૌથી મોટા સાયફનમાં સર્જાયેલા ગાબડાનું આધુનિક ઢબે તાજેતરમાં સમારકામ પૂર્ણ કરી સાયફન કેનાલમાં રાબેતા મુજબ પાણી વહેતું કરાયું છે.

ગત તા. ૧૪ના રાજ્યના મુખ્યમંત્રીએ અઢી કિ.મી. લાંબી કેનાલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ તા. ૧૭ના સાયફનના ૮૫ બ્લોક પૈકી બ્લોક નં.-૧૨, ૨૦, ૬૪ અને ૬૫ – એમ ચાર સ્થળે પાણી લીકેજ થયું હતું.

★ **સિયોતમાં ૧૫૫ લાખના ખર્ચે મંદિરનું નિર્માણ :** ડુંગરોની હારમાળા વચ્ચે રણ પાસે આવેલા સરહદી સિયોત ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને ૮૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા ઉમાભવન (સમાજવાડી)નું લોકાર્પણ જેવા વિવિધ કાર્યક્રમોને લઈને તાજેતરમાં ત્યાં મોટો ધમધમાટ દેખાયો હતો. ધંધાર્થે અન્યત્ર વસતાં પાટીદાર પરિવારો મોટી સંખ્યામાં માદરે વતન પહોંચી આવ્યા હતા.

★ **કચ્છથી પંજાબની સીધી ટ્રેન :** ગુરુનાનક સિંઘ સભા ગાંધીધામ અને લખપત ગુરુદ્વારા કમિટી કચ્છ દ્વારા કચ્છથી સીધી પંજાબની ટ્રેનની માંગણી સંદર્ભે કેન્દ્રિય રેલવે મંત્રી સમક્ષ તાજેતરમાં રૂબરૂમાં રજૂઆત કરાઈ હતી. કેન્દ્રીય મંત્રીએ આગામી રેલવે બજેટમાં કચ્છથી પંજાબની સીધી ટ્રેન શરૂ કરાવવા હૈયાધારણ આપી હતી.

★ **'કલમ કાંતે કચ્છ' :** કચ્છમિત્રના પૂર્વતંત્રી અને હાલ સલાહકાર તંત્રી તરીકે સેવા આપતા કીર્તિભાઈ ખત્રી લિખિત પુસ્તક શ્રેણી 'કલમ કાંતે કચ્છ'નો આસ્વાદ કરાવવા માટે અમદાવાદ ખાતે સાહિત્ય પરિષદના હોલમાં તાજેતરમાં યોજાયેલા સમારંભમાં અધ્યક્ષ સ્થાનેથી બોલતાં ગુજરાતના સુપ્રસિધ્ધ સર્જક રઘુવીરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, કચ્છ જેવા વિશિષ્ટ પ્રદેશમાં ગ્રામીણ પત્રકારત્વક્ષેત્રે એક અનોખી છાપ ઊભી કરનાર 'કચ્છમિત્ર'માં પ્રસિધ્ધ થતા લખાણોનાં પુસ્તક પત્રકારિત્વના વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના છે.

*(સમાચારપત્રો પર આધારિત)*

## "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ"

**"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ"ના સંકલનકર્તા લેખક અન્ય કામકાજના દબાણના કારણે તેમજ પર્યુષણ પર્વ નિમિત્તે બહારગામ ગયેલ હોવાથી પ્રકરણ-૩૨ તૈયાર કરી શકેલ નથી. જે આવતા અંકથી નિયમિત રીતે પ્રકાશિત કરવામાં આવશે. જેની વાચકવર્ગે નોંધ લેવી.**

***– તંત્રી મંડળ***

Aristo™ STAINLESS STEEL


**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ આયોજીત
# હાલે બંધાઈ રહેલ કચ્છ બ્રાંચ કેનાલનું નિરીક્ષણ કરવાનો કાર્યક્રમ

રવિવાર, તા. ૭-૮-૨૦૧૪













## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિના સભ્યો તાજેતરમાં યુરોપના પ્રવાસે ગયા હતા
તે દરમ્યાન ઇંગ્લેન્ડના જ્વેલ હાઉસની મુલાકાત વેળાની તસવીર


Nano 9™
Insulated Stainless Steelware

આદર્શ ગૃહિણીની
સર્વશ્રેષ્ઠ પસંદગી

Fruit & Salad
Insulock Lunch Pack
MODEL KIWI



Retains warmth & freshness

દરેક ઘરમા
ખુશીઓનો ઉપહાર !!


Chapati Pot



DOUBLE WALL
HOT COLD
FEATHER LITE
GO FRESH
STACKABLE
CAUTION DO NOT KEEP ON FIRE

Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com

Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501, K K Associates - 9323404736



## સગાઈ

- **સોમવાર, તા. ૧૪-૭-૨૦૧૪**
  **ચિ. ધારિણી રમેશચંદ્ર ભવાનજી મૈશેરી (કુવાપધ્ધર - અમદાવાદ)**
  **ચિ. ચેતન વિષ્ણુભાઈ શંકરભાઈ પટેલ (ઉવારસદ - અમદાવાદ)**

## અભિનંદન



### કુ. દ્રષ્ટિ અનિલભાઈ શાહ

દ્રષ્ટિ શાહે મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક કર્યા બાદ તે પ્રવાહમાં ડલ્લાસ (અમેરિકા) ખાતેની યુનિવર્સિટી ઑફ ટેક્ષાસમાં અનુસ્નાતક (માસ્ટર્સ)ની ડિગ્રી હાંસલ કરવા અર્થે તાજેતરમાં યુ.એસ.એ. જવા પ્રયાણ કરેલ છે.

ઉલ્લેખનીય છે કે, દ્રષ્ટિએ એન્જિનિયર (ડીઝાઈન)ની ટ્રેનિંગ અર્થે અમદાવાદની પ્રખ્યાત કંપની મેસર્સ હર્ષા એન્જિનિયર્સમાં થોડા સમય માટે કામગીરી બજાવેલ હતી.

દ્રષ્ટિના માતુશ્રી શ્રીમતી નૂતનબેન ડિરેક્ટોરેટ ઑફ ફોરેન્સિક સાયન્સ - ગાંધીનગરમાં સાયન્ટીફિક ઓફિસર છે અને પિતાશ્રી શ્રી અનિલભાઈ પ્રાગજી શાહ (ભુજ) અમદાવાદ ખાતે આકાશવાણી કેન્દ્રમાં એકાઉન્ટન્ટ છે તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છે.

દ્રષ્ટિ શાહને ખૂબ ખૂબ અભિનંદન અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે કીર્તિમાન સ્થાપતા રહો તેવી શુભેચ્છા. ■

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | કોકીલાબેન ભોગીલાલ શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૧,૦૦૦/- | હીરેન ભોગીલાલ શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૧,૦૦૦/- | જશ્મિ હીરેનકુમાર શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૧,૦૦૦/- | પૃથ્વી હીરેનકુમાર શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૧,૦૦૦/- | ધરતી હેમેન્દ્રકુમાર શાહ - અમદાવાદ |

### તબીબી સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | શ્રી મુકુંદભાઈ જાની - અમદાવાદ |
| રૂા. | ૫૦૧/- | શ્રી ઉત્તમચંદ ચુનીલાલ છેડા - સોલાપુર |
| રૂા. | ૫૦૧/- | શ્રી જમનાદાસ લાલજી |

### શૈક્ષણિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૦૦૦/- | શ્રી રમેશચંદ્ર ભવાનજી શાહ - લોનાવાલા |

### વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | શ્રી નીલેશ આર. શાહ - વાપી |
| રૂા. | ૫૦૧/- | શ્રી અરવિંદ કુબડિયા - મુંબઈ |

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૫૦૦/- | ડૉ. ઉપેન્દ્રકુમાર સુધાકરભાઈ શાહ - ભાવનગર |
| રૂા. | ૧,૦૦૧/- | શ્રી જયદીપભાઈ ગોહિલ - ભાવનગર |
| રૂા. | ૫૦૧/- | શ્રી અનિલભાઈ સથવારા - અમદાવાદ |

### 'મંગલ મંદિર'ને ભેટ

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | શ્રી જયેશ ભવાનજી નાગડા - અમદાવાદ |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

### • ભૂલ સુધાર •

ગયા માસના અંકમાં ડાયાલિસિસ સેન્ટર ખાતે રૂા. ૧૧,૦૦૦/- નું દાન આપનાર દાતાશ્રીનું નામ શ્રી મેઘજી ભાણજી શાહ - મુંબઈના બદલે **શ્રી મેઘજી ભાણજી પોલડિયા - નાગપુર** એમ સુધારીને વાંચવું.

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસ-ઉમંગપૂર્ણ ઉજવણી

૧૫મી ઓગસ્ટના દિને સમગ્ર ભારતમાં ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસભેર ઉજવણી સાથે હંમેશની જેમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પાલડી ખાતેના ભવનના પટાંગણમાં રાષ્ટ્રીય પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના સિનિયર ડૉક્ટરો પૈકીના ફિઝિશિયન ડૉ. દેવાંગ શાહ, એમ.ડી.ના વરદ્ હસ્તે સવારે ૯ વાગે શૌર્ય, શાંતિ અને સમૃધ્ધિના પ્રતીક રાષ્ટ્રધ્વજ ત્રિરંગાને લહેરાવીને સન્માનપૂર્વક સલામી આપવામાં આવી હતી. ધ્વજવંદન બાદ એકત્રિત જનસમુદાયને સંબોધતા ડૉ. દેવાંગ શાહે પોતાના ટૂંકા પ્રવચનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્ર નિર્માણ કાર્યમાં સૌએ સહભાગી થવું જોઈએ તથા રાષ્ટ્ર દ્વારા સ્થાપિત થયેલ વિકાસની પ્રગતિ, વૈશ્વિક પરિણામોને વધુ ઊંચાઈએ પહોંચાડવા દરેક નાગરિકોએ પ્રામાણિકપણે પોતાનું યોગદાન આપવું જોઈએ. દેશ માટે હંમેશાં બલિદાનની જરૂર રહેતી નથી. દેશની વિકાસયાત્રાને ગતિશીલ અને સાતત્યપૂર્ણ બનાવવામાં સૌનો સહયોગ અનિવાર્ય હોવા પર તેમણે ખાસ ભાર મૂક્યો હતો. જેને ઉપસ્થિત જનસમુદાયે તાળીઓના ગડગડાટથી વધાવીને દેશ પ્રત્યે પોતાની વફાદારી અને જવાબદારી વ્યક્ત કરી હતી. ત્યારબાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે ૬૮માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સૌને આવકારીને અભિનંદન આપ્યા હતા. તેમણે સમાજ અને રાષ્ટ્રની પ્રગતિની ધરોહરને બરકરાર રાખવા સમાજના સૌ પરિવારજનોને આગ્રહભરી અપીલ કરી હતી. આ પ્રસંગે અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ડૉક્ટર્સ, અગ્રણીઓ, મહાનુભાવો, સ્ટાફ વર્ગ સહિત સમાજના પરિવારજનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રી શ્રી કે.આર. શાહે દરેક મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

આ અવસરે 'સંકલ્પ' દ્વારા ફેન્સી ડ્રેસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશની આઝાદી માટે શહીદ થયેલ તેમજ તે માટે દેશને દોરવણી આપનાર નેતાઓની વેશભૂષા ધારણ કરીને સમાજના ભૂલકાઓએ પોતાની આગવી શૈલીથી રજૂઆતો કરીને દેશભક્તિની અનોખી ભાવના પ્રદર્શિત કરી હતી.

*"યહાં ડાલ ડાલ પે સોને કી, ચિડિયાં કરતી બસેરા...*
*વો ભારત દેશ હૈ મેરા.....*
*વો ભારત દેશ હૈ મેરા."*

*વંદે માતરમ્.*

## કચ્છ બ્રાંચ કેનાલની મુલાકાત

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ આયોજિત હાલે બંધાઈ રહેલ કચ્છ બ્રાંચ કેનાલનું નિરીક્ષણ કરવાનો એક કાર્યક્રમ રવિવાર તા. ૭-૮-૨૦૧૪ ના રોજ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરીની ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવેલ હતો. સવારમાં ૮.૩૦ વાગ્યે રાધનપુરથી શરૂ કરેલ આ પ્રવાસ કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૦૦ થી શરૂ કરી, સાંજના ૭.૦૦ વાગ્યે સાંકળ ૧૦૦ કિ.મી. પરના પ્રથમ પમ્પિંગ સ્ટેશનના નિરીક્ષણ બાદ સંપન્ન થયેલ હતો.

સવારમાં ૬.૦૦ વાગ્યે અલગ અલગ ગાડીઓ દ્વારા અમદાવાદ સ્થિત કચ્છી મિત્રો શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી ભરત ઓઝા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી વી.આર. ગોપાણી, શ્રી ગિરીશ હીરજી દેઢિયા, શ્રી હેમંત શહાનંદ, શ્રી મનુભાઈ શાહ, શ્રી જયેશ કોરડિયા, શ્રી દક્ષેશ સંઘવી, શ્રી ચંદ્રકાંત મહેતા, શ્રી આશિષ વારૈયા તથા શ્રી આશિષ મહેતા આ કાર્યક્રમમાં સામેલ રહેલ હતા. રાધનપુર જૈન દેરાસરમાં તેઓને સત્કારવા શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી કમલેશ પ્રેમચંદ સંઘવી (ભુજ), શ્રી શ્રીનિવાસન (સરદાર સરોવર નર્મદા નિગમના સાંકળ ૦૦ થી સાંકળ ૮૨.૦૦ ના સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર) તથા નર્મદા નિગમના અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. ચા-પાણી નાસ્તાને ન્યાય આપી સવારમાં ૯.૩૦ વાગ્યે સાંકળ ૦૦ એટલે કે કાંકરેજ તાલુકાના હમીરગઢ ગામ પાસે કે જ્યાંથી નર્મદા નદીની મેઈન કેનાલમાંથી કચ્છ બ્રાંચ કેનાલની શરૂઆત થાય છે ત્યાં પહોંચી એ જંક્શનનું નિરીક્ષણ કર્યું. રેડિયલ ગેઈટ દ્વારા મેઈન કેનાલમાંથી કચ્છ બ્રાંચ કેનાલ તરફ વાળવામાં આવતા નર્મદાના સિંચાઈ માટેના પાણીનું આયોજન નિહાળી તાજ્જુબ થઈ જવાયું. શ્રી શ્રીનિવાસન તથા નર્મદા નિગમના અન્ય અધિકારીશ્રીઓ દ્વારા આ જંક્શનની તથા કચ્છ બ્રાંચ કેનાલની વિશિષ્ટતાઓ સમજાવવામાં આવી.

ત્યાંથી સાંકળ ૨૯.૦૦ કિ.મી. તરફ પ્રયાણ કરી વચ્ચેના વિવિધ સ્ટ્રક્ચર્સ, પાસ ઓવર બ્રિજ તથા રેડિયલ ગેઈટની કામગીરી નિહાળી. ત્યાંથી સાંકળ ૩૯.૦૦ કિ.મી. પર આવતા પ્રથમ ફોલ્સનું નિરીક્ષણ કર્યું. અહીં કેનાલમાં લગભગ ૧૦ મીટરનો ફોલ આવે છે. સિવિલ એન્જિનિયરિંગ વિભાગની ડીઝાઈન કામગીરીની પ્રશંસા કર્યા વગર ના રહેવાયું. ત્યાંથી ૪૫ કિ.મી. ના સાયફન પર આવતા

*ખરાબ કામો કરવાની તક તો દિવસમાં સો વાર મળે છે પણ સારું કામ કરવાની તક તો વર્ષે એકાદ વાર જ મળે છે.*

બપોરના ૧.૩૦ વાગી ગયેલ હોવાથી નર્મદા નિગમના અધિકારીશ્રીઓ દ્વારા ઉપસ્થિત સહુના માનમાં યોજવામાં આવેલ ભોજનના સેશનને ન્યાય આપી તરત જ આગળના પ્રવાસના કાર્યક્રમની શરૂઆત કરી દેવામાં આવી.

અહીં ૨.૫ કિ.મી. લાંબા સાયફનનું નિરીક્ષણ કર્યું. સાયફન એટલે નીચાણવાળી જમીનમાં ખૂબજ ઊંચા પાળા બાંધવાના બદલે એ નીચાણવાળા ભાગમાંથી કેનાલને પસાર કરી, આગળ પાણી લઈ જવાની યોજના. આ કેનાલ (સાયફન) સંપૂર્ણપણે જમીનની અંદરથી પસાર કરાવી, આગળ ફરી જમીનના લેવલે લઈ જવામાં આવે છે.

વિજ્ઞાનના સિદ્ધાંતનો ઉપયોગ કરી આ સાયફનની રચના કરવામાં આવેલ છે. આ કેનાલ પર સાંકળ ૪૫.૦૦ કિ.મી.થી સાંકળ ૪૭.૫ કિ.મી. એટલે કે લગભગ ૨.૫ કિ.મી. આ લાંબા સાયફન ઉપરાંત સાંકળ ૧૦૦.૦૦ કિ.મી. સુધી અંદાજિત દસેક જેટલા બીજા નાના-મોટા સાયફન આવેલ છે.

ત્યારબાદ અમે સાંકળ ૮૨.૦૦ કિ.મી. સુધી પહોંચ્યા કે જ્યાં સુધી કેનાલનું બાંધકામ લગભગ સંપૂર્ણપણે પૂરું કરવામાં આવેલ છે. આ કેનાલમાં હાલે સાંકળ ૩૦.૦૦ કિ.મી. સુધી પાણી વહાવવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ અઢી કિ.મી. લાંબા સાયફનનું ઉદઘાટન કરી આ પાણી સાંકળ ૮૨.૦૦ કિ.મી. સુધી વહાવવામાં આવશે.

સાંકળ ૮૨.૦૦ કિ.મી. સુધી ઉત્તર ગુજરાત એટલે કે બનાસકાંઠા જિલ્લા તથા પાટણ જિલ્લાની હદ પૂરી થાય છે અને અહીંથી કચ્છ જિલ્લાની હદ શરૂ થાય છે. ત્યારબાદ કેનાલના માર્ગે પસાર થતા અમે સાંકળ ૧૦૦.૦૦ કિ.મી. પર પહોંચ્યા કે જ્યાં પમ્પિંગ સ્ટેશન નંબર-૧ આવેલ છે. અહીં પમ્પિંગ સ્ટેશનના મકાનનું સિવિલ કામ લગભગ પૂરું કરી દેવામાં આવેલ છે. અને હાલે મશીનરી, હેવી મોટર્સ, ઈલેક્ટ્રીક પેનલ્સ વગેરેને તેમના સ્થળે ગોઠવવાનું આયોજન ચાલું છે. આ કાર્ય ડિસેમ્બર-૨૦૧૪ સુધી પૂર્ણ કરવાની નિગમ દ્વારા ગણના રાખવામાં આવેલ છે. એટલે ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં નર્મદા કેનાલના આ પાણી કચ્છ સુધી પહોંચી આવે તેવી ધારણા છે.

એ પણ નોંધ લેવામાં આવી કે હાલે જ્યાં સાંકળ ૩૦.૦૦ કિ.મી. સુધી નર્મદાના પાણી વહાવવામાં આવે છે ત્યાં કેનાલ પર આજુબાજુના વિસ્તારના ખેડૂતો દ્વારા ડીઝલ પંપ મૂકી, પાઈપ લાઈન દ્વારા આ પાણી પોતાના ખેતરોમાં લઈ જવામાં આવે છે અને કેટલેક સ્થળે ખેડૂતો દ્વારા વર્ષમાં ૩-૩ પાક પણ લેવામાં આવે છે. જ્યાં સુધી સબસીડિયરી, માઈનોર અને સબ-માઈનોર કેનાલ બનાવવામાં નહીં આવે, ત્યાં સુધી આ પાણીનો વપરાશ આજ રીતે કરવામાં આવશે કે જે કોઈના પણ માટે સૈદ્ધાંતિક રીતે હિતાવહ નથી. તેથી નર્મદા નિગમ દ્વારા આ કાર્યો હાથ પર લેવામાં આવે તે હકીકત અત્યંતપણે આવશ્યક બની રહે છે. સાથે સાથે આ પાણીના વપરાશના આયોજન માટે ખેડૂત મંડળીઓની રચના કરવાનું પણ તેટલું જ આવશ્યક છે.

નર્મદા યોજનાના ભગીરથ કાર્યો ગુજરાત સરકારશ્રી દ્વારા તથા સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા જે હાથ પર લેવાયેલ છે તેની આપણે મુક્તભાવે પ્રશંસા કરીએ પરંતુ એ હકીકતને પણ નજર અંદાજ ના કરીએ કે આ યોજનાના ૩૯ વર્ષ બાદ પણ ગુજરાતને ફાળવવામાં આવેલ ૯ એમ.એ.એફ. પાણી દ્વારા જે ૧૮ લાખ હેક્ટર એટલે કે ૪૫ લાખ એકર જમીન પર સિંચાઈના આયોજન કરવામાં આવેલ છે, ત્યાં અત્યાર સુધી માત્ર ૨ લાખ હેક્ટર જમીન પર વિવિધ નાની-મોટી કેનાલો દ્વારા પાણી પહોંચાડવામાં આવી શકેલ છે. હજુ પણ બાકી રહેતી ૧૬ લાખ હેક્ટરની જમીન પર સિંચાઈના પાણી પહોંચાડવાના બાકી રહેલ છે. જ્યાં લગી આ કાર્યો પૂર્ણ કરવામાં નહીં આવે ત્યાં લગી આ યોજનાના પાણીનો લાભ પૂરેપૂરો મેળવી શકાશે નહીં.

ઉપરોક્ત ૯.૦૦ એમ.એ.એફ. નિયમિત પાણી ઉપરાંત વધારાના ૩.૦૦ એમ.એ.એફ. પાણીના આયોજનોના અમલીકરણનો તબક્કો પણ પૂર્ણ કરવાનો બાકી રહે છે.

જ્યાં લગી કચ્છનો સવાલ છે, ત્યાં લગી ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી તથા ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી એટલે કે લગભગ ૩ લાખ એકર + ૧૦ લાખ એકરની જમીન પર આ પાણી પહોંચાડવાના બાકી રહે છે કે જે આવતા વર્ષોમાં શક્ય જલદી પૂર્ણ કરવામાં આવે તેવી આશા આપણે રાખી શકીએ. ■


## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.


*સાધારણ બુદ્ધિ અને અસાધારણ ઉત્સાહથી કોઈ પણ કાર્ય ઉત્તમ રીતે સફળ થાય છે.*

# કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદનો વૃક્ષારોપણ સાથેનો વૃક્ષ ઉછેર કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૪ સભ્યોની એક ટીમ તેની પર્યાવરણ સમિતિના નેજા હેઠળ વૃક્ષારોપણ કરવાના હેતુ સાથે ગત તા. ૮-૮-૨૦૧૪ તથા ૯-૮-૨૦૧૪ ના રોજ કચ્છના વિવિધ ગામોની મુલાકાતે ગયેલ હતી. આ સમિતિમાં પર્યાવરણ સમિતિના કન્વીનર શ્રી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, માનદ્ મંત્રી શ્રી કે. આર. શાહ તથા અન્ય એક ટ્રસ્ટી શ્રી અશોક મહેતાનો સમાવેશ થયેલ હતો.

વૃક્ષારોપણ કર્યા બાદ તે વૃક્ષોની સતત ૫ વર્ષ લગી માવજત કરી તેના ઉછેર સાથેની જવાબદારી સ્વીકારી, તે દ્વારા પર્યાવરણમાં સુધારો કરવાનો હેતુ પર્યાવરણ સમિતિનો રહેવા પામેલ છે.

આ પ્રક્રિયાના અનુસંધાને જે ગામની ગ્રામપંચાયત પોતાની જમીન ફાળવે અથવા જે ગામનું મહાજન પોતાની જમીન ફાળવે અથવા જે ગામની પાંજરાપોળ પોતાની જમીન ફાળવે અથવા કોઈ પ્રાઈવેટ પાર્ટી પોતાની જમીન વૃક્ષ ઉછેર માટે ફાળવે, તેઓએ પોતાની જમીનમાં જાનવર ના પેસે તે માટે કમ્પાઉન્ડ વોલ બાંધી આપવાની રહે અથવા તો વાયર ફેન્સિંગ કરી આપવાની રહે છે. તદ્ઉપરાંત તે જમીન પર એક સ્થળે જરૂરી પાણીની વ્યવસ્થા કરી આપવાની રહે છે. ત્યારબાદ તે જમીન પર ખાડા ખોદી, રોપા લાવી, રોપાની વાવણી કરી તેને સતત ૫ વર્ષ લગી પાણી પાઈ અને જરૂરી ખાતરનો ઉપયોગ કરી આ વૃક્ષોનો ઉછેર કરવાની જવાબદારી આ સમાજ સ્વીકારે છે. તે માટે જરૂરી ડ્રીપની વ્યવસ્થા અથવા અન્ય રીતે આ રોપાને સતતપણે પાણી પાવાની વ્યવસ્થા અને તે માટે જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવાના સતત ૫ વર્ષ સુધીના ખર્ચની જવાબદારી આ સમાજ સ્વીકારે છે. વૃક્ષોના સંપૂર્ણ ઉછેર બાદ એ વૃક્ષો જે તે જમીન માલિકને સુપરત કરી દેવામાં આવનાર છે.

શુક્રવાર તા. ૮-૮-૨૦૧૪ ના રોજ સહુ પ્રથમ સામખિયાળી ગામની મુલાકાત લેવામાં આવી. અહીં ૧૧ એકર પર પથરાયેલ એક જૈન સોસાયટીમાં તેની બાઉન્ડ્રીની ફરતે અને અન્ય કોમન પ્લોટમાં વૃક્ષારોપણ કરવા આ સોસાયટીના એક આગેવાન શ્રી રાજેશભાઈ શાહે વિગત સમજાવેલ હતી. અહીં ટોટલ ૫૨૦ વૃક્ષો વાવવાના આયોજનની ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ શ્રી રાજેશભાઈની ફેક્ટરીની પણ મુલાકાત લેવામાં આવી કે જ્યાં વિવિધ પ્રકારની ૪૦ જેટલી હર્બલ પ્રોડક્ટ બનાવવામાં આવે છે.

સામખિયાળીથી ગાંધીધામ આવી, પ્રકૃતિ પરિચય કેન્દ્રમાં ત્યાંના ફોરેસ્ટ ઓફિસર શ્રી વિજયસિંહ ઝાલાની મુલાકાત લેવામાં આવી કે જેમની પાસેથી કચ્છના વિવિધ વિભાગના ફોરેસ્ટ ઓફિસરો અંગેની માહિતી મેળવી.

ગાંધીધામથી ભુજપુર પાંજરાપોળની મુલાકાત લીધેલ. અહીં ભુજપુર ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ પાંજરાપોળમાં દેખરેખ રાખતા બાપુ સાથે રહી અહીંના વૃક્ષારોપણ વિષે ચર્ચા કરવામાં આવી. લગભગ ૨૫૦ રોપાનું વાવેતર અહીં થઈ શકે તેમ છે કે જે અંગેના આયોજનો વિચારવામાં આવ્યા.

શ્રી મહેન્દ્રભાઈ ગાંધીના મત અનુસાર અહીંના મુસ્લિમ કબ્રસ્તાનની પંદર એકર જમીન પર પણ લગભગ ૩૦૦૦ વૃક્ષોનું વાવેતર થઈ શકે તેમ છે કે જેના આયોજનો પણ વિચારવામાં આવ્યા.

ત્યારબાદ મોટી ખાખરની મુલાકાત લેવામાં આવી. અહીંના સરપંચ શ્રી મેઘજીભાઈ સાંચોડ તથા અન્ય સભ્યો અમારી સાથે જોડાયા. તેઓએ ચારે તરફ કમ્પાઉન્ડ વોલ બંધાયેલ હોય અને પાણીની પણ પૂરતી વ્યવસ્થા હોય તેવા (૧) હિંદુ સ્મશાનભૂમિની ૫ એકર જમીન પર ૧૦૦૦ વૃક્ષોના વાવેતરની યોજના, (૨) મહેશ્વરી સમાજના સ્મશાનગૃહની ૫ એકર જમીન પર પણ ૧૦૦૦ વૃક્ષોના વાવેતરની વિગત તથા (૩) મુસ્લિમ કબ્રસ્તાનની લગભગ ૭ એકર જમીન પર લગભગ ૧૪૦૦ વૃક્ષોના વાવેતર અંગેની ચર્ચા કરવામાં આવી.

મોટી ખાખરથી રામાણિયાના શ્રી કે.આર. શાહના ૧૦ એકરના ખેતરની મુલાકાત લેવામાં આવી કે જ્યાં ૨૦૧૫ના વર્ષ દરમ્યાનના વૃક્ષારોપણની વિગતની ચર્ચા કરવામાં આવી.

મોટી ખાખરથી તુંબડી આવી ત્યાંના પૂર્વ સરપંચ શ્રી ચંદુભા તથા ઉપસરપંચ શ્રી અબ્દુલને મળ્યા. તેઓએ ચારે તરફ બાઉન્ડ્રી બાંધેલ ૨૨ એકરની ગૌચરની જમીન બતાવી કે જ્યાં ચારે તરફ વૃક્ષારોપણ કરવાની વિગત સમજાવી. તદ્ઉપરાંત એજ જમીનની ૩ એકર જમીન પર ૧૫' x ૧૫' ના અંતરે વૃક્ષો વાવવાની વિગત સમજાવી. અહીં દેશી બાવળ, પીપડા, વડ તથા લીંબડાના લગભગ બધા મળીને ૧૦૦૦ વૃક્ષો વાવવાના આયોજનો વિચારવામાં આવ્યા. અહીંથી શ્રી મહેન્દ્રભાઈ ગઢવી છૂટા પડ્યા અને અમે લોકોએ નાની ખાખર ગામની મુલાકાત લીધેલ હતી.

નાની ખાખરમાં ત્યાંના મહાજનના પ્રમુખશ્રી પ્રવીણભાઈ શાહ (ડૉ. ચંદ્રકાંત દેઢિયાના લઘુબંધુ) તથા અન્ય આગેવાનો મળ્યા. તેઓએ મહાજનની અંદાજિત ૧૦ એકર જમીન બતાવી કે જેમાં ૫ એકર જમીન બાઉન્ડ્રી સાથે તથા પાણી સાથે તૈયાર હોવાથી અહીં ફળાઉ ઝાડોના (રાયણ, મીઠી આંબલી, જાંબુ વગેરે) લગભગ ૧૦૦૦ વૃક્ષો વાવવાની યોજના વિચારવામાં આવી. બાકી રહેતી ૫ એકર જમીન પર બાઉન્ડ્રીનું કામ બાકી હોવાથી તે જમીન પર બીજા વર્ષ દરમ્યાન વૃક્ષારોપણ થઈ શકે કે જે અંગેની ચર્ચા કરવામાં આવી.

*દરેક કામમાં જોખમ હોય છે પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે.*

નાની ખાખરથી બિદડા શ્રી કોમલભાઈ સાવલાના માતૃવંદના ખાતે પહોંચી રાત્રિ રોકાણ કરવામાં આવ્યું.

શનિવાર, તા. ૯-૮-૨૦૧૪ના સહુ પ્રથમ કોટિવૃક્ષ અભિયાનવાળા શ્રી એલ.ડી. શાહને મળી તેમની સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ચાલતા જલારામ અન્નક્ષેત્ર અંગે ચર્ચા કરવામાં આવી.

અચલગચ્છના આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરીજી મહારાજ સાહેબનું ચાતુર્માસ બિદડા ખાતે હોવાથી તેમને મળી, તેઓ સાથે પણ વૃક્ષારોપણ કાર્યક્રમનું જે અભિયાન સમાજ દ્વારા હાથ પર લેવાયેલ છે તે અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવી. બિદડા મહાજનના અગ્રણી શ્રી વલ્લભજીભાઈ પણ અત્રે મળી ગયેલ હોતાં તેઓએ ફરાદી ગામમાં લગભગ ૨૦,૦૦૦ વૃક્ષોનો ઉછેર કરેલ છે તે અંગે તથા સમાજના વૃક્ષારોપણ કાર્યક્રમ અંગે પણ અનેકવિધ ચર્ચા કરેલ હતી.

બિદડાથી ગોધરા જઈ અંબેધામ નિહાળી શ્રી મણિલાલ કુંવરજી ગોસરની ૪.૫ એકર જમીનની મુલાકાત ત્યાંના કાર્યકર શ્રી મહમ્મદભાઈ તથા શ્રી દાઉદભાઈ સાથે રહીને લેવામાં આવી. આ જમીન પર પણ વિવિધ પ્રકારના ૧૦૦૦ વૃક્ષોનું વાવેતર થઈ શકે તેમ છે કે જે અંગેના વિગતવાર આયોજનો વિચારવામાં આવ્યા.

ગોધરાથી મેરાઉ આવી પૂજ્ય મહોદયસાગરજીનું ચાતુર્માસ અહીં હોવાથી તેઓશ્રીની મુલાકાત લેવામાં આવી. તેઓશ્રીએ તરતમાં મહાજનના અગ્રણીશ્રીઓ શ્રી કલ્યાણજીભાઈ, શ્રી ભવાનજીભાઈ વગેરેને બોલાવી વૃક્ષારોપણ બાબતે વિગતવાર આયોજનોની ચર્ચા કરેલ હતી. મેરાઉની જમીન પર પણ વૃક્ષારોપણ અંગેની ચર્ચા કરવામાં આવી.

મેરાઉથી વી.આર.ટી.આઈ. ના માંડવી કેમ્પસની મુલાકાત લઈ ત્યાંના અગ્રણી શ્રી માવજીભાઈને મળી વિવિધ કાર્યક્રમો અંગે ચર્ચા કરી. બહુંતેર જિનાલય પર શ્રી શાંતિલાલભાઈ વીરા સાથે ભોજન લઈ ધૂણઈ નર્સરીની મુલાકાત લીધી. ત્યાંથી ભુજ આવી ડિસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઓફીસર (D.F.O.) શ્રી ગુજ્જરની મુલાકાત લીધી. તેઓએ જે તે સ્થળે જરૂરિયાત અનુસારના લગભગ ૧૦,૦૦૦ રોપા વિનામૂલ્યે પહોંચતા કરવા, સમાજના આ અભિયાનમાં સાથે રહેવા પોતાનો સૂર પણ પૂરાવ્યો. જેથી ટીમના દરેક સભ્યોને આનંદ થયો.

ભુજમાં છેલ્લે રાપર વિભાગના ધારાસભ્ય તથા કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી પંકજ મહેતા સાથે શ્રી મહેન્દ્રભાઈ ગઢવીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ, નર્મદા નદીના નિયમિત પાણી, નર્મદા નદીના વધારાના પાણી વગેરે અંગે નિખાલસભર્યા વાતાવરણમાં ચર્ચા કરવામાં આવી.

ત્યાંથી સમાજની પર્યાવરણ સમિતિના સભ્યશ્રીઓએ અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

**વૃક્ષારોપણના આયોજન અંગે ટૂંકમાં નીચે મુજબ વિચારી શકાય.**

★ સામખિયાળી ........................... ૫૨૦ વૃક્ષ

★ ભુજપુર પાંજરાપોળ ..................... ૨૫૦ વૃક્ષ

★ મુસ્લિમ કબ્રસ્તાન - ભુજપુર ............ ૩૦૦૦ વૃક્ષ

★ હિંદુ સ્મશાનભૂમિ - મોટી ખાખર ... ..... ૧૦૦૦ વૃક્ષ

★ મહેશ્વરી સ્મશાનભૂમિ - મોટી ખાખર .... ૧૦૦૦ વૃક્ષ

★ મુસ્લિમ કબ્રસ્તાન - મોટી ખાખર ........ ૧૪૦૦ વૃક્ષ

★ ગૌચર જમીન - નાની તુંબડી ... ......... ૧૦૦૦ વૃક્ષ

★ મહાજનની જમીન - નાની ખાખર ... .... ૧૦૦૦ વૃક્ષ

★ મ.કું.ની જમીન - ગોધરા ... ............. ૧૦૦૦ વૃક્ષ

*૧૦,૧૭૦ વૃક્ષ*

અગર ઉપરોક્ત આયોજનને અમલમાં મૂકી શકાય તો લગભગ ૧૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર અને તેના જતનની વ્યવસ્થા એક ભગીરથ કાર્ય તરીકે સિદ્ધ થઈ શકશે. ■

# યુવા વિકાસ સમિતિ

## નવરાત્રિ રાસ-ગરબા તથા શરદપૂનમ દાંડિયા રાસ કાર્યક્રમ અને સ્પર્ધા

★ સમિતિ દ્વારા નવરાત્રિના ચોથે નોરતે એટલે કે રવિવાર, તા. ૨૮-૯-૨૦૧૪ના રાત્રે ૮ કલાકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે.

★ તેવી જ રીતે શરદ પૂનમના દિવસે એટલે કે બુધવાર, તા. ૮-૧૦-૨૦૧૪ના રોજ રાત્રે ૮ કલાકે ગૂર્જર પરિવાર દાંડિયા રાસ સ્પર્ધાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે.

★ ચાલુ વર્ષે સમાજના યુવક-યુવતીઓને ફ્રી ગરબા શીખવવા માટેની વ્યવસ્થા તા. ૧૦-૯-૨૦૧૪ પછી થશે. તે માટે શ્રી પીયૂષ સાવલા (મો. ૯૮૭૯૪ ૯૬૧૩૯)નો સંપર્ક કરવા અનુરોધ છે.

*ઉપરોક્ત બંને રાસ-ગરબાની હરીફાઈઓના નીતિ નિયમો નીચે મુજબ છે :*

૧. વિવિધ વયજૂથ મુજબ ઈનામો આપવામાં આવશે.

૨. બંને હરીફાઈમાં ભાગ લેવા ટ્રેડિશનલ ડ્રેસમાં આવવાનું સ્પર્ધકો માટે ફરજિયાત રહેશે.

૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

*કન્વીનર : હીરેન પોલડિયા*

*જ્યારે તમને શું કરવું અને શું ન કરવું એવી દ્વિધા સતાવતી હોય ત્યારે જે હાથ લાગે તે કામ શરૂ કરી દેવું.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# પર્યાવરણ સમિતિ : રોપા રોપવા અને વૃક્ષ ઉછેર અભિયાન

પર્યાવરણ સમિતિની યોજના હેઠળ નવા રોપાઓ રોપવા તેમજ રોપેલા વૃક્ષોની સ્થિતિ અને તેના વિકાસ અંગે જાત માહિતી મેળવવાના ઉદ્દેશથી સમિતિના કન્વીનર ડૉ. શ્રી ચંદ્રકાંત દેઢિયા અને અન્ય સભ્યો દ્વારા અમદાવાદ મ્યુનિસિપાલિટી હેઠળ નીચે મુજબની કેટલીક શાળાઓમાં રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

★ સ્કાઉટ ભવન, પાલડી ખાતે કુલ રોપેલા ૫૦ જેટલા વૃક્ષો ૩' થી ૫' વૃધ્ધિ પામ્યા છે.

★ વાસણા, સોરાઈનગર ખાતે શાળા નંબર-૮ માં રોપેલા ૧૫ જેટલા વૃક્ષોનો હાલમાં ૪'થી ૬' સુધી વિકાસ થયેલ છે.

★ રાજીવનગર ખાતેની શાળા નંબર-૩૦માં રોપેલા ૧૫ જેટલા વૃક્ષો ૫'થી ૮' સાથે સારી રીતે ઉછેર થયેલ છે.

★ વાસણા ખાતેની શાળા નંબર-૧ અને ૨માં રોપેલા ૧૩ જેટલા વૃક્ષોનો વિકાસ મંદ જણાયો હતો.

★ આંબાવાડી ખાતેની શાળા નં.-૨૬માં કુલ ૧૨ રોપાઓ રોપવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

★ એન.આઈ.ડી. - પાલડી પાસે આવેલ શાળા નં.-૨૮માં પાંચ રોપાઓ રોપવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

રાજીવનગર અને વાસણા ખાતેની શાળાઓમાં વૃક્ષારોપણ અને ઉછેરની કામગીરી શ્રી પીયૂષ પારેખ હસ્તક હોતાં, સદરહુ બાબતે જરૂરી સૂચના આપવાનું નક્કી થયું હતું. જ્યારે શાળા નં.-૨૬ અને ૨૮ ખાતેની કામગીરી તેમની હાજરીમાં કરવામાં આવી હતી. તે ઉપરાંત સમાજ દ્વારા વૃક્ષોના રક્ષણ અર્થે બંને શાળાઓમાં ટ્રીગાર્ડ પણ લગાવી દેવામાં આવ્યા હતા.

ઉપરોક્ત મુલાકાત અને કામગીરી તા. ૩૧મી જુલાઈ તેમજ ઓગસ્ટ માસની ૨ અને ૬ તારીખ દરમ્યાન કરવામાં આવી હતી. મુલાકાતના સમયે ઉપસ્થિત રહેલ શાળાઓના સ્ટાફવર્ગ, માળી, પગી વગેરે સાથે રોપા રોપણ, વૃક્ષોના ઉછેર તેમજ તેની યોગ્ય રીતે માવજત અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ. તે ઉપરાંત વૃક્ષોની દેખરેખ અર્થે કામગીરી કરનાર માળીનું માસિક મહેનતાણું તેમજ વૃક્ષોના વિકાસ અર્થે જરૂરી માલસામાન શાળાઓમાં પહોંચાડવાનું નક્કી થયેલ હતું.

દરેકે એક સૂત્ર અપનાવવું જોઈએ.... 'વૃક્ષ હી તન-મન, વૃક્ષ હી જીવન.' કારણકે વૃક્ષ એટલે પર્યાવરણનું મૂળ અને જીવન છે એમ કહેવું યોગ્ય થશે. જીવન માટે જરૂરી પ્રાણવાયુ વૃક્ષો થકી જ પૂરો પાડવામાં આવે છે. ઉપરાંત, વૈજ્ઞાનિક રીતે પણ સાબિત થયું છે કે વૃક્ષોની હાજરીની આપણા જીવન પર માત્ર ભૌતિક નહીં, માનસિક અસર પણ થાય છે. આ કારણથી એક વાત સમજી લેવી પડશે કે માત્ર સંસ્થાઓ જ વૃક્ષારોપણ કે ઉછેરની કામગીરી કરશે તો નહીં ચાલે, દરેક માનવે આ કાર્ય કરવું પડશે. આ માટે સામાજિક સંસ્થાઓ, સરકાર, વેપારી વર્ગ, શાળાઓ, સ્મશાનગૃહો, ઉદ્યોગગૃહો, વગેરેએ સાથે મળીને કામગીરી કરવી જોઈએ. લોક ભાગીદારવાળા વૃક્ષારોપણ અભિયાનમાં આવો, આપણે સૌ સાથે મળીને કામગીરી કરીએ. પંથક અને જીવનને હરિયાળો બનાવવા મોટા પાયે સૌએ વૃક્ષ વાવેતર અને તેનું ઉછેર - જતન કરવું જરૂરી છે.

*કન્વીનર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા*

## વયસ્ક સમિતિ

### જગાણા યાત્રાનો અહેવાલ



*નવકાર ધામ તીર્થની મુલાકાતે વડીલો*

કુદરતના કેકારવ અને ભક્તિની ભરતીમાં ભક્તિની ભરતીની જીત થઈ અને ૨૯ જુલાઈએ પડેલા ૧૨-૧૨ ઇંચ વરસાદ અને ઠેરઠેર ભરાયેલા પાણી વચ્ચે પણ તા. ૩૦ જુલાઈના જગાણા યાત્રાનો પ્રારંભ થયો. નવકાર ધામની મુલાકાત લઈને જગાણા આવ્યા. ખૂબ જ ભવ્ય દેરાસર અને ત્યાંનું સુંદર વાતાવરણ જોઈને અનેરો ભક્તિભાવ જાગ્યો. પૂજા, દર્શન અને ભોજન બાદ અલૌકિક ધામ મગરવાડા આવ્યા. માણિભદ્રવીરના દર્શન અને સુખડીનો પ્રસાદ આરોગી નેમિનાથ ભગવાનના તીર્થ વાલમ અને પછી મહેસાણા આવ્યા. ત્યાંના મંદિરમાં આરતી, મંગળ દીવાનો લાભ લઈ પરત ફર્યા. કુદરતની કસોટી શરૂ થઈ. કલોલ પાસે સમુદ્ર હિલોળા લેતો હોય તેમ અફાટ પાણી રસ્તા પર ભરેલું હતું.

રસ્તામાં કેટલાક વાહનો બંધ પડેલા જોયા. ક્ષણવાર માટે બધા સ્તબ્ધ થઈ ગયા અને કહેવા લાગ્યા, હવે શું થશે? પણ સચોટ ડ્રાઇવિંગના પ્રતાપે અમારા વાહનમાં 'મહાસાગર'માંથી બહાર આવી, રાત્રે ૧૨ વાગે અમદાવાદ પરત ફર્યા હતા.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

*મોટામાં મોટી કળા એટલે જીવન જીવવાની કળા.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ દ્વારા આયોજિત યુરોપ પ્રવાસનો અહેવાલ

વયસ્ક સમિતિના ૯ સભ્યો તા. ૬ જૂન, ૨૦૧૪થી ૧૯ જૂન, ૨૦૧૪ સુધી યુરોપ પ્રવાસ માટે ટ્રાવેલ્સ - ટૂરમાં જોડાયા હતા. તા. ૭મી જૂનની વહેલી સવારે ૩.૩૦ વાગે અમિરાત એરલાઈન્સની ફ્લાઈટ દ્વારા લંડન (વાયા દુબઈ) જવા અમદાવાદથી પ્રસ્થાન કર્યું હતું. ૬.૩૦ વાગે દુબઈ પહોંચીને અન્ય એક ફ્લાઈટમાં બપોરે ૧૨ વાગે લંડન પહોંચ્યા હતા. ત્યાં હોટલ હોલી-ડે ઈન એક્ષપ્રેસમાં રોકાણ કર્યું હતું. લંડનમાં નીચેના સ્થળોની મુલાકાત લીધી હતી.

- **તા. ૭/૮-૬-૨૦૧૪**

★ માઉન્ટ આબુ ખાતેના દેલવાડા જૈન દેરાસરની કલા કારીગરી જેવા સ્વામિનારાયણ મંદિરની મુલાકાત કરી. જેનું ઉદ્‌ઘાટન પ્રિન્સ ફિલીપે કર્યું હતું.

